" જ્ઞાનવર્ધક પુસ્તકમાળા " પુ. ૧ લું.

હાસ્યમંદિર.

લખનાર

રમણભાઈ મહીપતરામ નીલકંઠ,

બી. એ., એલએલ. બી

તથા

સૌ. વિદ્યા રમણભાઈ નીલકંઠ,

બી. એ.

અમદાવાદ.

પ્રકાશક

જીવનલાલ અમરશી મહેતા,

મેનેજર—" જ્ઞાનવર્ધક પુસ્તકમાળા"; અમદાવાદ.

આવૃત્તિ ૧ લી. પ્રત ૨૦૦૦.

સંવત્ ૧૯૭૧. સને ૧૯૧૫.

કિંમત રૂ. ૧-૮-૦

જ્ઞાનવર્ધક પુસ્તકમાળાના ગ્રાહકો માટે અર્ધી કિંમત.

શ્રી "રામકૃષ્ણ" પ્રિન્ટીંગ પ્રેસમાં શા. મગનલાલ હરીવલ્લભદાસે
છાપ્યું. ઠે. કાળુપુર ટંકશાળની પોળ—અમદાવાદ.

ઉપહાર.

હાસ્યનો પ્રસંગ આવતાં જેમની શિકલ

ઘુવડ જેવી થઈ જાય છે, અને,

જેઓ હસી શકતા નથી કે

હસાવી શકતા નથી

તેમને આ પુસ્તક

વગર રજાએ

અર્પણ

કર્યું છે.

પ્રસ્તાવના.

હાસ્યનું પણ મંદિર હોય છે. બીજાં મંદિર પેઠે એ મંદિરમાં પણ ભક્તિના, આનન્દના, ઉત્સાહના, અભ્યાસના પ્રસંગ હોય છે. એ મંદિરમાં પણ એકાન્તમનન કરવાના, આત્મપરીક્ષા કરવાના, તેમ જ, બીજા ભકતોના સંગમાં તેમના સરખી લાગણીઓ અનુભવવાના અવસર મળે છે. વિશુદ્ધિના અને ઉત્કર્ષના પ્રયાસ પણ એ મંદિરમાં થઈ શકે છે. એવા મંદિરની સ્થાપના કરવા અમે કેટલાક પ્રયત્ન કરેલા તેનો સંગ્રહ આ પુસ્તકમાં કર્યો છે.

કયો લેખ કોનો લખેલો છે તે અનુક્રમણિકામાં દર્શાવ્યું છે.

અમદાવાદ, તા. ૨૩ માર્ચ ૧૯૧૫.	રમણભાઈ મહીપતરામ નીલકંઠ. સૌ. વિદ્યા રમણભાઈ નીલકંઠ.

ઘણીજ સસ્તી—અર્ધ કરતાં પણ ઓછી કિંમતે સુરસ પુસ્તકો જોઇતાં હોય તો ગ્રાહક થઇ તરત લાભા લો.

જ્ઞાનવર્ધક પુસ્તકમાળા.

ગ્રાહકો માટેના મુખ્ય નિયમો.

૧. **પ્રવેશફીના આઠ આના** મેનેજરને મળેથી ગ્રાહક તરીકે નામ નોંધાશે.

૨. ગ્રાહકને આ માળાનાં તે ગ્રાહક થયા પછીનાં **તમામ પુસ્તકો અર્ધી કિંમતે** આપવામાં આવશે, ને તે લેવા તે બંધાયેલા ગણાશે.

૩. વર્ષની અધવચ થનારા ગ્રાહકને વર્ષની શરૂઆતથી ગ્રાહક તરીકે નોંધવામાં આવશે, ને તે વર્ષનાં બહાર પડેલાં પુસ્તકોમાંનાં જે સિલક હશે તે બધાં તેને વિ. પી. થી મોકલવામાં આવશે. ગ્રાહકને પુસ્તકોની કિંમત બદલ **એક વર્ષમાં વધારેમાં વધારે રૂપીઆ બેથી** વધારે આપવું ન પડે તે માટે એક વર્ષમાં આ માળાનાં ચાર રૂપીઆથી વધારે કિંમતનાં પુસ્તકો કાઢવામાં આવશે નહિ.

૪. આ માળાનુ દરેક પુસ્તક ત્રણથી ચાર ચાર મહીનાને અંતરે બહાર પડશે. નવું પુસ્તક તૈયાર થયેથી **ગ્રાહકોને વિ૰ પી૰ પોસ્ટથી મોકલવામાં આવશે.** વિ. પી. પોસ્ટેજ ગ્રાહકને શીર.

૫. કોઈ ગ્રાહક પુસ્તકનું વિ૰ પી૰ ન રાખતાં પાછું વાળશે તો તેની પ્રવેશફીના આઠ આના ઉપર તેનો હક રહેશે નહિ, ને તેની ફી " ફૉરફીટ " કરી તેનું નામ ગ્રાહકમાંથી કમી કરવામાં આવશે.

૬. કોઈ ગ્રાહકને ગ્રાહકમાંથી કમી થવું હશે તો ગ્રાહક થયાને એક વર્ષ પુરૂં થયા પછી કમી થઈ શકશે. આ પ્રમાણે **કમી થયેલા ગ્રાહકની પ્રવેશફીના આઠ આના તેમના ખર્ચે પાછા મોકલવામાં આવશે,** યા છેલ્લા પુસ્તકની કિંમતમાં મજરે અપાશે.

૭. આ માળાના પાંચ વર્ષ સુધી કાયમ ગ્રાહક ચાલુ રહેનારને દર પાંચ વર્ષે **એક રૂપીઆ બોનસ તરીકે** મજરે આપવામાં આવશે.

જીવનલાલ અમરશી મહેતા

મેનેજર; પીરમશાહ રોડ-અમદાવાદ.

" જ્ઞાનવર્ધક પુસ્તકમાળા " વિશે પ્રકાશકની પ્રસ્તાવના.

ખીલતું ગુર્જર સાહિત્યક્ષેત્ર.

પરમ કૃપાળુ પરમેશ્વરની કૃપાથી " જ્ઞાનવર્ધક પુસ્તકમાળા " નું પહેલું પુસ્તક " હાસ્યમંદિર " ગુર્જર વાચકોના હાથમાં મૂકતાં મને અત્યંત સંતોષ સાથે હર્ષ થાય છે. ગુર્જર સાહિત્યક્ષેત્ર બીજી ભાષાઓના પ્રમાણમાં હજી આર્થિક દૃષ્ટિએ જોનારને ફળદ્રૂપ લાગતું નથી; તોપણ તે ક્ષેત્રના ક્ષેત્રકારો-સાહિત્યસેવકોની સંખ્યામાં દિવસો દિવસ સારો વધારો થતો રહ્યો છે એ તેના ઝળકતા ભવિષ્યની નિશાની છે. આપણા સાહિત્યક્ષેત્રને ફળદ્રૂપ કરવા ગઈ વીશીમાં જુદી જુદી પદ્ધતિએ જે જે પ્રયત્નો થયા છે, તે જ પ્રમાણે તેની પ્રગતિ ચાલુ રહેશે તો હાલ શુષ્કવત્ દીસતું સાહિત્યક્ષેત્ર રસકસથી ભરપૂર થઈ આપણને આવશ્યક સર્વ પ્રકારનો પોષક પાક આપતું થશે એ નિઃસંદેહ છે. તેવા જ હેતુથી આ " જ્ઞાનવર્ધક પુસ્તકમાળા " નો ઉપક્રમ થાય છે.

પહેલું પુસ્તક—હાસ્યમંદિર.

૨. " જ્ઞાનવર્ધક પુસ્તકમાળા " ના નિયમો અને હેતુ અન્યત્ર સવિસ્તર પ્રસિદ્ધ કરેલા છે તે ઉપરથી સર્વે વાચકોને જણાયું હશે અથવા તે વાંચતાં જણાશે કે આ પુસ્તકમાળાની રચના બીજી કોઈ પણ સંસ્થાના કરતા તદન જુદા-નવા જ ધોરણ ઉપર રચાઈ છે; અને તેથી આ યોજના જાહેરમાં મૂકતાં જ ગુજરાતના ઘણા વિદ્વાનો તેમજ વિચારશીલ ગૃહસ્થો તરફથી તેના ઉત્તેજન સારૂ બનતી મદદ આપવાના અભિવચનો મળ્યાં છે. તેમાં પણ ગુજરાતના માનવંત સાક્ષરશ્રી ઑન. રાવબહાદુર રમણભાઈ મહીપતરામ નીલકંઠ તથા તેમનાં સુશિક્ષિત પત્ની અ૦ સૌ૦ વિદ્યાગૌરી બી. એ. એ પોતાના 'હાસ્યરસ'ના લેખોનો આનંદોત્પાદક અવનવો સંગ્રહ—" હાસ્યમંદિર " આ પુસ્તકમાળાના પ્રથમ પુસ્તક સારૂ આપવાની કૃપા કરી છે એ એક શુભ શુકન સૂચક છે. ગુજરાતી ગ્રન્થસમૃદ્ધિમાં આવો ગ્રન્થ આ પુસ્તકમાળાના પ્રથમ પુસ્તક રૂપે આ પહેલો જ બહાર પડે છે તે પોતાના નામ પ્રમાણે સર્વેને હસતા-હસમુખા—આનંદી બનાવશે એવી ખાત્રી છે.

પુસ્તકની કિંમત રાખવાનું ધોરણ.

૩. આ પુસ્તકમાળાના પુસ્તકોની કિંમત કયા ધોરણે રખાશે તે વિષે જાહેરાતમાં સ્પષ્ટીકરણ કરવાની સૂચના મારા કેટલાક મિત્રોએ કરી હતી. એકાદ પુસ્તક બહાર પાડીને જ તેમ કરવાની મારી ધારણા હતી તેથી અત્ર જણાવવાનું કે, આ પુસ્તકના ડેમી આઠપેજી ૩૩ ફર્મા થયા છે, તેની ૨૦૦૦ નકલ છપાવવા વગેરેના ખર્ચનો અડસટો નીચે પ્રમાણેઃ—

૪૫૦ છપામણી તથા કાગળ, વળામણી વગેરે.
૪૦ ચિત્રો તૈયાર કરાવવાનુ તથા છપામણીનુ ખર્ચ.
૨૬૦ બંધામણી—૨૦૦૦ નકલની.
૧૦૦ ભેટ આપવામાં પુસ્તકો જવાનાં તેના.
૬૫૦ લેખકનો હિસ્સો, બુકસેલરોનું કમીશન, હેંડબીલો, જાહેર ખબરનું ખર્ચ, તથા પોસ્ટેજ વગેરે વ્યવસ્થાને લગતું બીજું ખર્ચ.

૧૫૦૦

આ પ્રમાણે ૨૦૦૦ પ્રતની લાગત રૂ. ૧૫૦૦ લગભગ આવી. હવે આ બધી નકલો આ પુસ્તકમાળાના ગ્રાહકોને ૦–૧૨–૦ થી અપાય તો કુલ રૂ. ૧૫૦૦ આવે. એટલે પડતરના કરતાં રૂ. ૧૦૦ ખૂટતા રહે. આ ખોટ કેટલીક નકલો ગ્રાહક ન હોય તેવાને વધારે કિંમતે વેચાય તો તેમાંથી વળી આવે, અગર તો બીજા ખર્ચમાં કસર કરીને વાળવી પડે. પરતુ આ પુસ્તકમાળાના ગ્રાહકને તો આ પુસ્તક પડતરના કરતાં પણ સહેજ ઓછેથી જ મળે છે, એની ખાત્રી આ ઉપરથી થશે.

કિંમત માટે કાયમનું ધોરણ.

૪. આ પુસ્તકમાળાનાં હવે પછી નીકળનારાં પુસ્તકોની કિંમતનું ધોરણ ઉપર પ્રમાણે રહેશે. કાગળ, બંધામણી, ચિત્રો વગેરે માટે વધારે કે ઓછું ખર્ચ કરવું પડે તેનાપ્રમાણમાં કિંમત વધારે કે ઓછી રહે એ સ્પષ્ટ છે. વિશેષે કરીને દરેક પુસ્તકનો દેખાવ ‘ પુસ્તકાલય આવૃત્તિ ’ના જેવો જ રાખવાનું ધોરણ અમે જાહેરાતમાં નિવેદન કરેલું છે, તે જ પ્રમાણે રહેશે.

ગ્રાહકો વધે તો આનાથી પણ વધારે સસ્તુ અપાય.

૫. બે હજારને બદલે ચાર કે પાંચ હજાર કે તેથી વધારે નકલ સામટી છપાવવાની થાય તો ખર્ચની લાગતમાં ઘણો ઘટાડો થાય; અને તેમ થતાં આના કરતાં પણ ઓછી કિંમત રાખી શકાય. આ પુસ્તકમાળાના દરેક ગ્રાહક પોતપોતાના લાભની ખાતર પણ એકેક બબે નવા ગ્રાહકો મેળવી આપવાની તસ્દી લેશે તો તેનો લાભ તેમને પુસ્તકની કિંમત ઘટવાના રૂપે મળશે.

વિ. પી. નું ખર્ચ બચાવવા વિશે.

૬. આ પુસ્તકમાળાનું દરેક પુસ્તક વિ. પી. થી મોકલવાનું ઠરાવેલું હોવાથી વર્ષમાં ત્રણ ચાર આના દરેક ગ્રાહક દીઠ વિ. પી. ખર્ચના થવાનો સંભવ છે. આ ખર્ચ ગ્રાહકોને માથેથી કમી કરવા કેટલાક ગૃહસ્થોએ સૂચના કરી છે. તે વિશે જણાવવાનું કે પુરતાં ગ્રાહકો થતાં બીજા ખર્ચમાંથી બચત થાય તો વિ. પી. નુ ખર્ચ ગ્રાહકોને માથેથી કમી કરવાનુ બની શકે. પરંતુ તેનો આધાર ગ્રાહકોના પ્રયાસ અને વધારા ઉપર જ રહે છે. હાલ તો એટલું કરી શકાશે કે નાનું એકેક પુસ્તક વિ. પી. થી ન મોકલતાં તેવાં બબે પુસ્તક ભેગાં થયેથી સાથે મોકલાશે એટલે તેટલો બચાવ થશે; **અને ત્રણ હજાર ઉપરાંત કાયમના ગ્રાહકો થયા પછી વિ૦ પી૦ નુ ખર્ચ ગ્રાહકો ઉપરથી તદ્દન કાઢી નાખવામાં આવશે.**

ચિત્રો બાબત.

૭. આ પુસ્તક માટે ખાસ બે ચિત્ર તૈયાર કરવામાં આવ્યાં છે. વધારે ચિત્ર મુકવાનો વિચાર હતો, પરંતુ મનપસંદ નવાં ચિત્રો ઉપજાવી તયાર કરતાં ખર્ચ વધારે આવવાથી—અને આ પહેલું જ પુસ્તક હોવાથી ખર્ચ ન વધે તે સારૂ—હાલ તો બેથી જ સંતોષ માન્યો છે. આ ચિત્રનાં ડીઝાઇન ભાવનગરના રહીશ મી. આર. એમ. રાવજી તૈયાર કરી આપ્યાં છે. આ ઉમંગી યુવાન બંધુના સંબંધમાં આવવા ગુજરાતી લેખકો તથા પ્રકાશકોને અમારી ભલામણ છે.

મદદ કરનાર ગૃહસ્થો.

૮. વિનામૂલ્યે હસ્તપત્રો વહેંચી કિંવા જા. ખ. છાપી નીચેના માસિકો વગેરેના વ્યવસ્થાપકોએ આ પુસ્તકમાળાને શરૂઆતમાં ઉત્તેજન આપ્યું છેઃ—

(૧) સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય; અમદાવાદ.

(૨) સસ્તી વાર્તામાળા;	,,	(૬) વડોદરા ઉદય	રાજકોટ.
(૩) બુદ્ધિપ્રકાશ	,,	(૭) માસિકમિત્ર	મુંબઇ.
		(૮) દેશી વેપારી ચેંબરનું માસિક	
(૪) સુન્દરીસુબોધ	,,	(૯) સ્વાબોધ	,,
(૫) ભાગ્યોદય	,,	(૧૦) પટેલબન્ધુ	સુરત.

આ સર્વે ગૃહસ્થોનો આભાર થયો છે. બીજાં માસિક તેમજ સાપ્તાહિક પત્રોના વ્યવસ્થાપકો પણ આ પ્રકારની વગરખર્ચી મદદ કરી આ કાર્યને પ્રોત્સાહન આપશે એવી આશા છે.

નવા પુસ્તક વિશે ગ્રાહકોને સૂચન.

૯. આ પુસ્તકમાળાનાં એક વર્ષમાં અમુક પૃષ્ઠનાં પુસ્તકો નીકળવાં જોઈએ એવી હદ બાંધેલી નથી; અને તેથી જ વાર્ષિક લવાજમ ન રાખતા દરેક પુસ્તકની અર્ધી કિંમત લેવાનું રાખેલું છે. નવું પુસ્તક બહાર પડવાનું હશે તેની ખબર છેલ્લા પુસ્તકમાં અપાશે. અને અમદાવાદના કોઇ પણ એક પત્રદ્વારા પંદરેક દિવસ અગાઉ ખબર આપવામાં આવશે. માટે ગ્રાહકોએ નવા પુસ્તક માટે લખાણ કરવાની નાહક તસ્દી લેવી નહિ.

નમુનાની નકલ વિ. પી. થી મગાવવી.

૧૦. કેટલાક ગૃહસ્થો માસિકોની પેઠે નમુનાની નકલ પુસ્તક વગર કિંમતે મોકલવા જણાવે છે. તેમને ખબર નહિ હોય કે આ પુસ્તકમાળાનું આખું પુસ્તક નમુના તરીકે મફત મોકલી શકાય નહિ. આ પુસ્તકમાળાનું પહેલું પુસ્તક જોયા પછી ગ્રાહક થવાની જેમની ઇચ્છા હોય તેમણે પોસ્ટેજ સાથે રૂ એક મોકલવો અથવા રૂ. ૧) ના વિ. પી. થી પુસ્તક મંગાવવું એટલે **"હાસ્યમંદિર"** મોકલવામાં આવશે.

આફ્રિકાના ગ્રાહકોને સૂચના.

૧૧. દક્ષિણ આફ્રિકામાંના ગ્રાહકોને જણાવવાનું કે, દ. આફ્રિકામાં વિ. પી. થી પુસ્તકો મોકલાતાં નથી માટે **તેમણે દરેક ગ્રાહક દીઠ રૂ. ૩ (૪ શિલીંગ)નો પોસ્ટલ ઑરડર મોકલવો.** તેમાંથી પ્રવેશફીના ૦–૮–૦ જતાં રૂ ૨–૮–૦ ગ્રાહકના નામે જમા રાખી પુસ્તક બહાર પડતાં બુકપોસ્ટથી મોકલીશું; અને વર્ષ આખરે હીસાબ જણાવતા રહીશું.

ગ્રાહકો તથા વાચકોને વિનંતિ.

૧૨. પ્રિય ગ્રાહકો અને વાચકો ! આટલા સ્પષ્ટીકરણથી આપને આ પુસ્તકમાળા ઉપયોગી લાગે, તેનો લાભ લેવાની અંતરમાંથી ઉર્મી થાય, ને તેનો વધારે ફેલાવો કરવામાં સહાયભૂત થવાનું યોગ્ય લાગે, તો જે ગ્રાહક ન હોય તે ગ્રાહક થઇને, અને ગ્રાહક હોય તે નવા ગ્રાહકો મેળવી આપીને આ કાર્યમાં સહાયક થશો એવી છેવટની નમ્ર વિનંતિ છે. નવા ગ્રાહકે ભરવા સારૂ બબ્બે ઓરડર કાર્ડો આ પુસ્તક સાથે મુકેલાં છે.

આ કાર્ય સારૂં છે, તો તેમાં સહાયક થવાની પરમ કૃપાળુ પરમેશ્વર આપ સૌને પ્રેરણા કરશે એવી પૂર્ણ આસ્થા સાથે આ પ્રસ્તાવના પુરી થાય છે.

રામનવમી, સં. ૧૯૭૧.
તા. ૨૫–૩–૧૫.

જીવનલાલ અમરશી મહેતા
મેનેજર, "જ્ઞાનવર્ધક પુસ્તકમાળા"
અમદાવાદ.

અનુક્રમણિકા.

હાસ્યમંદિર.

૧.

હાસ્યરસ.*

હસવાની શક્તિ એ માણસજાતનો એવો વિશેષ ધર્મ છે કે તે વડે મનુષ્યના લક્ષણની વ્યાખ્યા થઇ શકે તેમ છે એમ કેટલાકનું કહેવું છે. આ ઉપરથી, 'man is a laughing animal,' 'હસતું પ્રાણી તે મનુષ્ય,' એવી પણ માણસની વ્યાખ્યા કરવામાં આવી છે. પરંતુ, પૃથ્વીના એક ભાગમાં હસતાં વાંદરાં મળી આવ્યાં છે, અને તેથી 'હસતાં પ્રાણી' એ પદમાં તે વાંદરાંનો પણ સમાવેશ થાય તેમ છે, અને તે માટે એ વ્યાખ્યા અતિવ્યાપ્તિના દોષવાળી હોઈ નિરર્થક જાય છે. પરંતુ, માણસ સિવાય બીજાં પણ કોઇ હસનારાં પ્રાણી હોય§ અને તેથી હાસ એ મનુષ્યનો અસાધારણ

* "જ્ઞાનસુધા" માસિક પત્રના નવેંબર ૧૯૧૧ થી ઑગસ્ટ ૧૯૧૩ સુધીના અંકોમા છપાયેલો નિબંધ.

§ હાથીમા હાસ્યવૃત્તિ છે એનું ઉદાહરણ થોડા વખત ઉપર મળી આવ્યું છે. એક નાહાની છોકરી પોતાના ગામમા આવેલા 'સરકસ' ના પશુઓ જોવા ગઈ પશુઓને ખવડાવવા સારૂ થોડાં ફળ તે સાથે લેતી ગઈ. પરંતુ, 'સરકસ'માના હાથીઓ આગળ આવતા તે એટલી બીધી કે તે પોતે તેમને ફળ આપી શકી નહિં. આ ઉપરથી 'સરકસ'ના વ્યવસ્થાપકે ફળની ટોપલી પોતાના હાથમાં લીધી અને ટોપલીમા નારંગીઓ હતી તેમાંની એક એક હાથીને એક પછી એક આપવા માંડી. છ હાથીઓ હતા તેમને એ રીતે છ નારંગીઓ આપી તે પછી ટોપલીમાં બીજી વધી. છઠ્ઠા હાથીથી નારંગીઓ ફરી આપવાનું તે શરૂ કરે તો બીજા હાથીઓને પ્રથમ એમ લાગે કે છઠ્ઠાને એકલાને બે આપી. આવી ઈર્ષ્યા અટકાવવા વ્યવસ્થાપકે ફરીથી પહેલા હાથી પાસે જઈ ત્યાંથી એક પછી એક નારંગીઓ આપવાનું શરૂ કર્યું. આમ બીજી વાર છ નારંગીઓ આપી રહ્યા પછી પણ ટોપલીમાં એક વધી. બીજો કાંઇ ઉપાય ના રહ્યો તેથી વ્યવસ્થાપકે તે નારંગી

ધર્મ તર્કશાસ્ત્ર પ્રમાણે ન ગણાય, તોપણ પ્રધાનપણે એ માણસનો જ વિશેષ ગુણ છે અને માણસના સ્વભાવમાં તેનું મૂળ રહેલું છે એ નક્કી છે. એ ગુણ આગન્તુક નથી. હસવાની ટેવ કોઈ કોઈ મનુષ્યોને બંધાય છે એમ બનતું નથી, પણ, માણસ જાતની એ કુદરતી ખાસીએત છે. આ કારણથી, રસ-શાસ્ત્રના સંસ્કૃત ગ્રન્થોમાં હાસ્યને રસ ગણ્યો છે અને હાસને તેનો સ્થાયી ભાવ ગણ્યો છે. મનુષ્યચિત્તમાં હાસના જે સ્થાયી સંસ્કાર રહેલા છે તેનો જ્યારે સાક્ષાત્કાર થાય છે ત્યારે હાસ્યરસ નિષ્પન્ન થાય છે એમ કહ્યું છે. આ રીતે, હાસ તે કોઈ પ્રકારે મનુષ્યત્વની ખામીનુ ફળ નથી, જેનામાં મનુષ્યત્વ પરિપૂર્ણપણે વિકાસ ન પામ્યુ હોય તે લઘુતાને લીધે હાસવૃત્તિનો અનુભવ કરે એમ નથી, પણ, એ વૃત્તિ તે મનુષ્યચિત્તનો એક કાયમનો અંશ છે, અને જે તેનો અનુભવ યથાર્થ રીતે કરી શકે નહિં તેનામાં એટલી મનુષ્યસ્વભાવની ન્યૂનતા હોય છે. કેટલાક હાસવૃત્તિને મનુષ્યચિત્તની નિર્બલતા માને છે તેમની ભૂલ દૂર કરવા પ્રથમ સ્થાયી ભાવના સ્વરૂપ પર દૃષ્ટિ કરીશું, અને, સાહિત્યદર્પણકાર વિશ્વનાથે દર્શાવેલી સ્થાયી ભાવનાં લક્ષણની વ્યાખ્યા લક્ષમાં લઈશુ. તે કહે છે, 'વિરુદ્ધ હોય કે અવિરુદ્ધ હોય એવા સહુ મનુષ્યો જે ભાવનુ તિરોધાન કરવાને-જે ભાવને ઢાંકી દેવાને કે કહાડી નાખવાને અસમર્થ છે, અને જે ભાવ આસ્વાદના અંકુરનુ મૂળ છે તે સ્થાયી ભાવ છે.' હાસ પણ આ પ્રકારનો સ્થાયી ભાવ છે. એ ભાવ તે ચિત્તની અવિકસિતતાનું ચિહ્ન નથી, પણ, જે ભાવનાઓથી ચિત્તનું સુસંસ્કારમય સ્વરૂપ બંધાય છે અને જે ભાવના ખાસ મનુષ્યત્વમાંથી બાતલ કરી શકાતી નથી, તેમાંની એ એક ભાવના છે. તે જ માટે વિશ્વનાથ એવી વ્યાખ્યા કરે છે કે 'વાચા વગેરેના વૈકૃત (કઢંગાપણા)થી જે ચિત્તનો વિકાસ થાય તે હાસ છે.'

હાસવૃત્તિ આમ સ્વાભાવિક છે, મનુષ્યચિત્તના બધારણમાં ગુંથાયેલી છે, તેથી જ તેનુ પૃથક્કરણ કરવુ બહુ અઘરૂં પડે છે મનુષ્યના ચિત્તમાં સ્મૃતિ શી રીતે થાય છે, શોક શી રીતે થાય છે, વિસ્મય શી રીતે થાય છે, એ પ્રશ્નો જેવા કઠણ છે તેવો જ હાસ શી રીતે થાય છે એ પ્રશ્ન પણ કઠણ છે. આ મનોવ્યાપારો અને મનોવૃત્તિઓ શા કારણથી થાય છે,

હાથમા લઇ હાથ ઉંચો કરી બધા હાથીઓને બતાવ્યું કે હવે એક જ નારંગી રહી છે; પછી, હાથ નીચો લઈ નારંગી ધીમે રહીને ફોલી વ્યવસ્થાપક પોતે તે ખાઈ ગયો. આ જોઈ હાથીઓને રમુજ પડી હોય તેમ સહુ પોતાના ખભા ખુબ હલાવીને ડોલ્યા.

અર્થાત્ મનુષ્યના મનનું બંધારણ અમુક પ્રકારનું શા કારણથી છે, એ ગહન પ્રશ્ન રસશાસ્ત્રમાં અસ્થાને છે; પરંતુ, ચિત્તના બીજા વ્યાપાર અને બીજી વૃત્તિઓના ઉદ્‌ભવથી હાસનો ઉદ્‌ભવ શી રીતે જુદો પડે છે, એ પ્રશ્નનું અન્વેષણ રસ સંબંધે થઈ શકે એવુ છે અને જરૂરનુ છે.

હસવાની શારીરિક ક્રિયાનો હાસ્યરસ સાથે સમવાયસંબંધ* કલ્પી શકાતા નથી. રસની નિષ્પત્તિ વેળાએ ઉદ્‌ભવતા શારીરિક વિકાર, જેને સંસ્કૃત રસશાસ્ત્રમાં અનુભાવ કહે છે તે, રસ સાથે જોડાયેલા તો હોય છે જ, પણ, એ વિકારોમાંથી કોઈ અમુક વિકાર એવો નથી કે તે તો અમુક રસના સાક્ષાત્કાર વખતે દેખાવો જ જોઇએ, અને, તે ન દેખાય તો તે રસ નિષ્પન્ન થયેલો ન ગણાય એમ બનતું નથી. તેથી, હસવાની ક્રિયા જે અનુભાવ છે તે હાસ્યરસના અનુભવ વખતે થવી જ જોઇએ એવો નિયમ નથી. પરંતુ, હાસ્યરસના મીમાંસકો એ રસ પરત્વે હસવાની ક્રિયાનું ઘણું મહત્ત્વ કલ્પે છે, અને બીજા કોઈ અનુભાવનુ કોઇ રસ પરત્વે એટલું મહત્ત્વ તેઓ કલ્પતા નથી. આંસુ પણ અનુભાવ છે, પરતુ, કરુણરસના નિરૂપણમાં આંસુનુ ઝાઝું વિવેચન થતું નથી. આંસુના પ્રવાહીપણાથી હૃદય 'આર્દ્ર' થવાની અને 'પિગળવાની' કલ્પના કદાચ ઉદ્‌ભવ થઇ હશે, પણ, એ શબ્દોના ઉપયોગ સિવાય બીજી કોઈ રીતે શોકવૃત્તિના કે કરુણરસના પૃથક્કરણમા આંસુને સામેલ કરવામા આવતા નથી. હાસ્યરસના પૃથક્કરણમાં અને નિરૂપણમાં, હસવાની ક્રિયા કેવી રીતે ઉદ્‌ભૂત થાય છે અને તેના કેવા કેવા પ્રકાર છે તેનું સૂક્ષ્મતાથી વિવેચન કરવામાં આવે છે. હસવાના જુદા જુદા પ્રકારનો અને હાસ્યરસનો સંબંધ હવે પછી વિચારીશું, પણ, હસવાની ક્રિયાના ઉદ્‌ભવ પૃથક્કરણના આરંભમાં જ લક્ષમાં લેવા જેવો છે.

હસવાની ક્રિયા વખતે પેટ અને છાતી વચ્ચેના પડદા (diaphragm) ઉપરનું શરીર ઉપડીને ઉંચું તેમ જ આડું ઉભું હાલે છે, ચહેરાના તથા ખાસ કરીને હોઠના સ્નાયુઓ વિશેષ પ્રકારે ગતિમાન થાય છે, આંખોમાં એક જાતનો ચળકાટ આવે છે, ફેફસામાંથી થડકાતો થડકાતો ઉચ્છ્‌વાસ નિકળે છે, અને કંઠમાંથી રસ ગળતો, કાંઇક રણકાદાર અને કાંઇક ખખડાટવાળો અવાજ નિકળે છે. આ સર્વ ક્રિયા વખતે શરીરનાં એ અંગોમાં રમુજ, વિનોદ, ખુશાલી વ્યાપી રહેલા અને પ્રદીપ્ત થતાં દેખાય છે; સ્થાયી ભાવ રૂપે રહેલો હાસ સાક્ષાત્કારથી પ્રગટ થઇને હાસ્ય રસરૂપે નિષ્પન્ન થતાં

* એકબીજાથી કદી જુદી ન પડે એવો બે વસ્તુઓનો હમેશનો ગાઢ અને નિકટ સંબંધ તે 'સમવાયસંબંધ.'

અંગોઅંગમાં બળ પ્રસારી રહ્યો છે તથા વિકાસ ફેલાવી રહ્યા છે, એવું દર્શન થાય છે. રસનું આ વાવાઝોડું કોઇક પ્રકારના સંઘટ્ટન (collision)થી એકાએક ઉત્પન્ન થયેલુ જણાય છે, કોઇક વસ્તુસ્થિતિઓ અકસ્માત્ સામસામી આવી અથડાવાથી ગુપ્ત રહેલાં બળો ઉપડી આવ્યાં છે એમ જણાય છે. એ અવસ્થા સંઘટ્ટનની છતાં તેમાં કાંઇક સુયોગ રહેલો છે, સામસામી આવેલી સ્થિતિઓ એકબીજાથી વિષમ છતાં તે એવી રીતે ગોઠવાવાથી થતું આશ્ચર્ય સંતોષકારક લાગે છે, તેથી ગમ્મત થાય છે, અને પરિણામે હાસના સંસ્કાર જાગૃત થાય છે. સંસ્કારની આ જાગૃતિને સમયે ઉપજતા વિચારના વિવિધ સ્વરૂપ પ્રમાણે હસવાની ક્રિયા ઓછી વધતી થાય, મુખ પર માત્ર સ્મિત થાય, કે એવી કાંઈ પણ શારીરિક ક્રિયા ન થાય, તોપણ, સંઘટ્ટન વિના સંસ્કારની જાગૃતિ થતી નથી, તેથી, એ સંઘટ્ટનથી થતા માનસિક અનુભવનું શારીરિક અનુકરણ કરી વિશેષતાથી સંઘટ્ટન દર્શાવનારી હસવાની ક્રિયાને હાસ્યરસના વિવરણમાં મહત્ત્વ પ્રાપ્ત થાય છે. આ કારણથી હસવાની શારીરિક ક્રિયા અને હાસ્યરસના અનુભવની માનસિક ક્રિયાને એકઠી કરી લી હન્ટ વ્યાખ્યા કરે છે કે, '(આ સ્થિતિનુ) કારણ થોડું શારીરિક છે અને થોડું માનસિક છે. આશ્ચર્યથી થતા ઉલ્લાસના પ્રમાણમાં શ્વાસનું કાંઇક રોકાણ થાય છે; રસ્તે જતાં મહેલ્લાને ખુણે વળવાનું આવે ત્યાં સામેથી આવતા મનગમતા મિત્ર સાથે આપણે એકાએક અજાણ્યે અથડાઇએ તેવી જ જાતનું એ રોકાણ હોય છે, પણ, એટલા ધક્કાવાળું હોતું નથી. એ રીતે રોકાયેલો શ્વાસ પાછો હઠે છે, પણ, તરત જ બમણા જોરથી પાછો ઉપડે છે અને એ ક્રિયામાં જે સુદૈવથી પ્રાપ્ત થયેલો દિલપસંદ ભાણુ જેવો ક્ષોભ થાય છે તે હાસ્ય (હસવાની ક્રિયા, laughter) છે.' (વિટ એન્ડ હ્યુમર.)

કેટલાકનું માનવું એવું છે કે હસતી વખતે હસનાર હાસ્યપાત્ર કરતાં પોતાને ચઢીઆતો ગણે છે, અને એ રીતે ફતેહ અને કીર્તિની વૃત્તિઓ હાસ્યરસના મૂળમાં રહેલી છે. હૉબ્સ કહે છે, 'હાસ્યનો આનંદ વાક્ચાતુર્યથી થાય છે અને જે મશ્કરી કહેવાય છે તેનાથી થાય છે એ વાત અનુભવથી ખોટી પડે છે, કારણ કે માણસો અકસ્માત્ હાનિઓ અને અશ્લીલ દેખાવોથી હસે છે અને તેમાં કાંઈ પણ વાક્ચાતુર્ય કે મશ્કરી હોતાં નથી. વળી, હાસ્ય ઉત્પન્ન કરનારી વસ્તુ ગમે તેવી હોય, પણ, એનીએ વસ્તુ સાધારણ કે જુની થઇ જાય ત્યારે તે હસવા સરખી લાગતી નથી, તેથી તે નવી અને અણધારેલી હોવી જોઇએ. માણસો (ખાસ કરીને પોતે સારી

રીતે કરેલા દરેક કામ માટે પ્રશંસા મેળવવાના લોભી માણસો) ઘણી વાર પોતાનાં જ કાર્યો પોતાની ધારણા કરતાં સહેજ પણ વધારે સારાં કરાયાં હોય તો હસે છે, પોતે કરેલી મશ્કરીઓથી હસે છે; અને આવી સ્થિતિમાં એ ખુલ્લું છે કે હસનારને પોતાનામાં કાંઇ શક્તિ હોવાનું એકાએક ભાન થવાથી તે હસી પડે છે. તેમ જ મનુષ્યો બીજાઓની નિર્બળતા જોઈ હસે છે, અને તેની સાથે સરખામણીમા પોતાની વધારે ઉંચી શક્તિ તેમના મન આગળ તે વખતે પ્રકટ થયેલી હોય છે. વળી, મનુષ્યો મશ્કરીઓમાં હસે છે ત્યારે બીજાની બેવકુફી ખુબીદાર રીતે જણાઈ આવી હોય છે અને મન આગળ પ્રત્યક્ષ થયેલી હોય છે તે સ્થિતિમાં હાસ્યનું હાર્દ રહેલું હોય છે, અને આ વખતે પણ હસનારને પોતાની સરસાઇ તથા ચઢીઆતાપણાની કલ્પના થયેલી હોય છે; કારણ કે, બીજા માણસની નિર્બળતા અને બેવકુફી સાથે સરખામણીમાં પોતાને માટે સારો મત બાંધવા તરફ વળણ થાય એ પોતાની ઉત્કૃષ્ટતાની કલ્પના નહિં તો બીજું શુ ? તેથી જ, જ્યારે આપણી મશ્કરી થઇ હોય છે અથવા જે મિત્રની અપકીર્તિથી થતી હાનિમાં આપણે સામેલ થઇએ છીએ તે મિત્રની મશ્કરી થાય છે, ત્યારે આપણે કદી હસતા નથી. તે માટે હુ એ અનુમાન કરૂ છુ કે હસવાની બુદ્ધિ તે બીજું કાંઇ નહિં પણ આપણામાં ચઢીઆતાપણુ હોવાનુ એકાએક ભાન થવાથી ઉપજતી તાત્કાલિક કીર્તિ (મહોટાઇ, વડાઇ) નો ભભુકો છે, એ ભાન બીજાઓની નિર્બળતા સાથે અથવા આપણી પોતાની પ્રથમની નિર્બળતા સાથે સરખામણી કરવાથી થાય છે, કારણ કે માણસોને પોતે ભૂતકાળમાં કરેલી મૂર્ખાઈઓ એકાએક યાદ આવે છે ત્યારે પણ તેઓ હસે છે, ફક્ત એ મૂર્ખાઇથી હાલ અપકીર્તિ થતી હોય તો તેથી નથી હસતા તેથી, માણસોને પોતાની મશ્કરી થાય કે હાંસી થાય, એટલે કે પોતાપર કોઇની સરસાઇ થાય ત્યારે ઘણુ ખોટું લાગે છે.' (ટ્રીટિઝ ઑન હ્યુમન નેચર.) લી હન્ટને આ મત સર્વથા સ્વીકાર્ય લાગતો નથી. તે કહે છે કે 'આપણું બંધારણ એવું છે કે જેથી વાસ્તવિક રીતે દુઃખ ન થાય એવી સ્થિતિમાં મન ખુશીથી આવે છે, અને તેનું કારણ એ હશે કે તે વેળા આપણા અસ્તિત્વમાં રહેલી શક્તિનું આપણને ભાન થાય છે, અને ધરેલું બીડુ ઝડપી લેવા આપણે તૈયાર છીએ એમ આપણે માનીએ છીએ. પણ હૉબ્સ કહે છે તેવો તિરસ્કાર એ વૃત્તિમાં રહેલો નથી. માણસ ડંડો થઈ પોતાની મહોટાઇ માને છે એવું હાસ્યનું કારણ હૉબ્સ બતાવે છે. આપણે પોતાને બીજાથી ચઢીઆતા ગણી તેનો તિરસ્કાર કરીએ અથવા એમ કરીએ છીએ એવું ધારીએ ત્યારે હસી-

એ છીએ એવા ઘણા પ્રસંગ આવે છે એ ખરૂં છે. પણ, માત્ર વિનોદ અને રમુજના પ્રસંગ હોય ત્યારે તો ફક્ત આપણી બુદ્ધિ તથા ગ્રહણશક્તિની સામે ગમ્મતભર્યો અનાદર ખડો થાય છે તે ઉપર જ આપણું ચઢીઆતાપણું આપણને લાગે છે. આપણે ઉદ્ધત થઇને પોતાની ફતેહ માનતા નથી પણ માત્ર ખુશાલીમાં આવીને આપણી ફતેહ માનીએ છીએ. કોઇ નીચો પડયો છે એમ માનતા નથી પણ આનન્દમાં આવ્યા છીએ અને સંતોષની પ્રતીતિ થઇ છે તેથી આપણે ફતેહ થયેલી માનીએ છીએ.' મિત્ર સાથે અથડાવાનું ઉપર કહેલું ઉદાહરણ આપી લી હન્ટ કહે છે, 'એવે પ્રસંગે શું આપણે મિત્ર ઉપર ફતેહ થયેલી માનીએ છીએ? બેશક નહિં જ. ફક્ત અણધારી અને એકાએક વિષમ અથડાઅથડી થઇ અને તત્ક્ષણે આપણે પ્રતિપક્ષીઓની સ્થિતિમાં આવી ગયા એમ લાગ્યું તેથી ફતેહ થયાનું આપણને લાગે છે.'

હાસ્યરસને પ્રસંગે ચઢીઆતાપણાનો અનુભવ થાય છે, એ ખરૂં છે, પણ, 'હું ફલાણાથી ચઢીઆતો છું, અને તે મારાથી ઉતરતો છે' એવું અભિમાન એ અનુભવમાં હોતું નથી. જ્યાં અભિમાન હોય છે ત્યાં હાસ્યરસ હોતો નથી. અભિમાની મનુષ્યો પણ અભિમાનનું ભારેખમપણું અને અનડપણું મુકી દઇ બરોબરીઆપણાની અને મિલનસારપણાની વૃત્તિમાં આવે છે ત્યારે હાસ્યરસનો અનુભવ કરી શકે છે. હાસ્યરસના અનુભવમાં રહેલું ચઢીઆતાપણું અભિમાનથી નહિ પણ ઉપર કહી તેવી વિષમતાથી ઉત્પન્ન થાય છે. સામસામી આવેલી બે સ્થિતિઓ સરખી નથી હોતી, પણ, તેમાંની એક સ્વાભાવિક તથા યથાયોગ્ય હોય છે અને બીજી વિલક્ષણ તથા તરેહવાર હોય છે ત્યારે તે સ્થિતિઓ એક બીજાથી વિષમ થાય છે; પણ, તે વિષમતા એનાએ વિષયની હોય છે. જે લક્ષણ એકમાં સ્વાભાવિક રીતે હોય છે તે જ લક્ષણ બીજીમાં હોવાં જોઇએ છતાં નથી હોતાં અગર મરડાઇ ગયેલાં અને વાંકાં થઇ ગયેલાં હોય છે. આ રીતે, સમાનતાનો પ્રસંગ હોવા છતાં જ્યાં અસમાનતા હોય છે, જ્યાં સરખામણી થઇ શકે તેવું હોય છે અને એવી સરખામણીમાં બે સ્થિતિઓ એક બીજાને અનુકૂળ જણાવી જોઇએ છતાં વિચિત્ર રીતે પ્રતિકૂળ જણાય છે, ત્યાં વિષમતા ઉત્પન્ન થાય છે. આ વિષમતાના અનુભવને પ્રસંગે આપણે સ્વાભાવિક અને યથાયોગ્ય સ્થિતિ પારખી શકીએ અને સાચવી શકીએ તેવા છીએ, આપણે સરખામણીમાં અનુકૂળતા પ્રકટ કરી શકીએ તેમ છે, અને એથી જે ઉલટી સ્થિતિ છે તેમાં આપણે નથી,—એવું ભાન હાસ્યરસ અનુભવનારને થાય છે,

અને એ ભાનથી તેને પોતાનુ ચઢીઆતાપણું લાગે છે. થોડાં ઉદાહરણ તરફ દૃષ્ટિ કરીશું.

રસ્તે ચાલતાં કોઇ માણસને ઠોકર વાગે અને તેની પાઘડી પડી જાય, ત્યારે આપણે સંભાળીને ચાલીએ એવા છીએ અને આપણે એવી દશામાં આવીએ એવા નથી એવું ચઢીઆતાપણાનુ ભાન જેમને થાય તેમને રમુજ પડે છે. જેમને એ અકસ્માતથી તે માણસ તરફ દિલસોજી થાય તેમને ચઢીઆતાપણું લાગતું નથી અને રમુજ પડતી નથી. તે માણસને પડી જવાથી વાગ્યુ હોય તો જેઓ દયાહીન હોય તેમને જ પોતાનુ ચઢીઆતાપણુ લાગે અને રમુજ પડે. આવે પ્રસગે જે વિષમતા ઉપસ્થિત થાય છે તે રસ્તે ચાલતાં સંભાળથી બચવાની સુસ્થતાની અને ગફલતથી આવી પડતી દુર્દશાની વચ્ચેની હોય છે. રસ્તે ઉચુ જોઈ ચાલતા બે માણસો અથડાઈ પડે ત્યારે પણ જે વિષમતા થાય છે તે તેમના બેની વચ્ચેની નહિ, (એ બે તો સમાન જ હોય છે,) પણ, સામુ જોઈ ચાલવાની ટેવ અને ઉચુ જોઈ ચાલવાના પ્રસંગ વચ્ચેની વિષમતા થાય છે. અને હાસ્યરસ અનુભવનાર પોતે પોતાનામાં સામુ જોઇ ચાલવાની ટેવ માની પોતાનુ ચઢીઆતાપણુ ધારે છે. ‘રાત પડે ત્યાં વાસો કરજે’ એ શિખામણ ઘેરથી સાંભળી મુસાફરીએ નિકળનાર ‘અડવો’ ખેતરની વાડના બાકોરામાં એક પગ મુકતાં સૂર્યને આથમતો જોઈ અટકીને ઉભો રહે અને એક પગ બાકોરાની અંદર અને એક બહાર એમ આખી રાત ‘વાસો કરે,’ એવી વાત સાંભળતા શિખામણના ખરા અર્થ અને વગર સમજ્યા અર્થ વચ્ચેની વિષમતા ઉદ્ભૂત થાય છે, અને આપણે ખરો અર્થ કરી શકીએ એવા છીએ એવુ આપણું ચઢીઆતાપણું આપણને લાગે છે. ‘મુસાફરી કરતો કરતો તે હિમાલય પર્વત આગળ જઇ પહોંચ્યો ત્યારે હિમાલયની સામે જોઇ રહ્યો, અને હિમાલયની સાથે પોતાની નાનમની સરખામણી વિશે મનન કરી બોલી ઉઠ્યો, “તું ધતિંગ લેઈ એટલો છે,” (ઇંગ્રેજી પરથી),’ એ વૃત્તાન્તમાં હિમાલયની ઉત્તુંગતા અને માણસની અલ્પતા વચ્ચેની વિષમતાથી હાસ્યપ્રસંગ થતો નથી (કેમકે એમ હોય તો ‘હિમાલયની તળેટીમાં માણસ ઉભો હતો’ એટલું સાંભળતાં જ હાસ્ય ઉત્પન્ન થાય), પરંતુ હિમાલયની વાસ્તવિક વિશાળતા અને મનુષ્ય સાથેની તુલાનામાં કલ્પેલી તેની અલ્પતા, એ બે વચ્ચેની વિષમતાથી હાસ્ય થાય છે, અને હાસ્ય અનુભવતાં આપણને આપણું ચઢીઆતાપણું એ લાગે છે કે આપણે તો તેની વિશાળતાનો સ્વીકાર કરીએ. અલબત્ત, સૂર્યના કદ સાથેની સરખામણીમાં હિમાલયને ક્ષુદ્ર કહ્યો હોય તો હાસ્ય ઉત્પન્ન ન થાય.

પરંતુ, હાસ્યરસમાં વિષમતા અને ચઢીઆતાપણા સિવાય બીજા અંશ પણ રહેલા છે. પ્રથમ તો, ઉપર કહ્યું તેમ એ પ્રસંગની વિષમ સ્થિતિઓ એનાએ વિષયની હોવી જોઇએ. એનાંએ લક્ષણ વિરોધી સ્વરૂપે—સ્વાભાવિક અને અસ્વાભાવિક સ્વરૂપે સામસામાં આવવાં જોઇએ, સરખામણીની શક્યતા હોવી જોઇએ. બુદ્ધિવિવેક (judgment) અને બુદ્ધિચાતુર્ય (wit)-નો ભેદ દર્શાવતાં લૉક કહે છે, ' વિચારોનો સમુદાય કરી તેમાંથી જેમાં મળતાપણું કે અનુરૂપતા માલમ પડે તે વિચારોને ઝડપથી અને વિવિધ રૂપે પાસે પાસે ગોઠવવા અને એ રીતે મનોરંજક ચિત્રો તથા રુચિકર કલ્પનાતરંગો ઉત્પન્ન કરવા, એ બુદ્ધિચાતુર્યનો વ્યાપાર છે, એથી ઉલટું, બુદ્ધિવિવેકનો વ્યાપાર એથી તદ્દન સામી દિશાનો છે, જે વિચારોમાં જરા પણ ભેદ માલમ પડે તેમને સૂક્ષ્મતાથી જુદા પાડવા એ બુદ્ધિવિવેક-નો વ્યાપાર છે, અને એ પૃથક્કરણ સરખામણીથી થતી ભુલ અટકાવે છે અને જ્યાં મળતાપણું હોય ત્યાં એક વસ્તુને બીજી વસ્તુ માનવાનો ભ્રમ અટકાવે છે.' (એસે કનસર્નિંગ હ્યુમન અન્ડરસ્ટૅન્ડિંગ) આ બુદ્ધિચાતુર્ય હાસવૃત્તિના બંધારણમાં અંગભૂત રહેલું છે, અને એ ચાતુર્યનો વ્યાપાર થઇ શકે તે સારૂ વિષય એક જ હોવાની જરૂર છે, સમતા હોવાની જરૂર છે, કેમકે સમતામાંથી વિષમતા એ વ્યાપારવડે ઉપજાવવાની હોય છે. 'આંધળો કહે કે જોવા જઇએ, પાંગળો કહે કે દોડતા જઇએ,' એ વાક્યોમાં અંધત્વ અને દર્શનેચ્છા એક જ વિષયનાં છે, તેમ જ લંગડાપણું અને દોડવાની ઇચ્છા એક જ વિષયનાં છે, અને તેથી સામસામાં મુકાયેલી એ સ્થિતિઓની વિષમતા વિનોદ ઉત્પન્ન કરે છે. પરંતુ, 'આંધળો કહે કે દોડતા જઇએ, પાંગળો કહે કે જોવા જઇએ ' એવાં વાક્યો હોય તો વિષય એકના એક ન હોતાં બદલાઇ જાય છે, સમતા જતી રહે છે, અને વિષમતામાં કાંઇ ખુબી રહેતી નથી. તેમ જ વળી, 'આગીઆ આગળ સૂરજ શી વિસાતમાં !' એવી ઉક્તિમાં આગીઆ કીડાનું તેજ અને સૂર્યનું તેજ એ બન્નેનો વિષય એક જ હોવાથી સમતા અને વિષમતાના પ્રસંગ બને છે, અને વિષમતાથી વિનોદ થાય છે. પરંતુ, ' આગીઆ આગળ મહાસાગર શી વિસાતમાં ! ' એવી ઉક્તિ હોય તો આગીઆનું તેજ અને મહાસાગરનો જલવિસ્તાર એ બે વિષય જુદા પડી જાય છે અને વિષમતા ખુબીદાર લાગતી નથી.

આ સમતા સાથે બીજા અંશોની પણ આવશ્યકતા છે. લૉકની વ્યાખ્યા વિશે વિવેચન કરતાં એડિસન કહે છે, ' વિચારોના દરેક જાતના સરખાપણામાં બુદ્ધિચાતુર્ય હોતું નથી; સરખાપણાની સાથે વાંચનારને

વિનોદ અને આશ્ચર્ય થાય ત્યારે ચાતુર્યનો વ્યાપાર હોય છે. બુદ્ધિચાતુર્ય માટે આ બે અંશ આવશ્યક છે, ખાસ કરીને આશ્ચર્યનો અંશ આવશ્યક છે, તેથી, વિચારોના સરખાપણામાં બુદ્ધિચાતુર્ય હોવા માટે એ જરૂરનું છે કે વિચારો સ્વાભાવિક રીતે એક બીજાની બહુ પાસે પાસે હોવા ન જોઇએ; કારણ કે જ્યાં સરખાપણું દેખાઇતું હોય ત્યાં કાંઇ આશ્ચર્ય થતું નથી. કોઈ અમુક માણસનુ ગાયન બીજા અમુક માણસના ગાયન જેવુ છે એમ કહેવાથી આશ્ચર્ય થતું નથી. ' (સ્પેક્ટેટર.)

વિનોદ એ આનન્દનો એક પ્રકાર છે, અને, બીજા રસ પેઠે હાસ્યરસમાં પણ આનન્દ આવશ્યક છે, અને, એ કારણથી હાસ્યપાત્ર મનુષ્યના શરીરને જ્યાં પીડા થતી હોય ત્યાં હાસ્યમાં ઔચિત્ય રહેતું નથી. દુઃખને અને કાવ્યાનન્દને વિરોધ નથી, કરુણરસમાં દુઃખનો અનુભવ શોકનો સાક્ષાત્કાર કરાવી આનન્દ આપે છે. પરંતુ, રસ હૃદયની ઉન્નતિ સાથે જોડાયેલો છે, અને તેથી જ્યાં દયાહીનતા હોય ત્યાં રસ હોઈ શકતો નથી. કરુણરસમાં દયાહીનતા હોતી નથી પણ દુઃખ તરફ દયામય સમભાવ હોય છે. પરંતુ, કોઇ મનુષ્યને થતી પીડા જોઇ હસવું એ દયાહીનતા છે અને એવા પ્રસંગમાં રસોત્પત્તિ થતી નથી. અલબત્ત, પીડા ક્ષણિક છે અથવા કલ્પિત છે અને થોડી વારમાં પીડાનું દર્શન દૂર થઇ જવાનું છે એ હકીકત હાસ્યપાત્ર મનુષ્યના જાણવામાં ન હોય ત્યાં તેનો ભ્રમ હાસ્યરસ ઉત્પન્ન કરી શકે છે.

એડીસને કહેલો બીજો અંશ—આશ્ચર્ય—હાસ્યરસમાં બહુ વિશેષતાવાળો છે. બે સ્થિતિઓ સામસામી આવી એકાએક અણધારી રીતે અથડાય એ હાસ્યરસ માટે પરમ આવશ્યક છે. 'મેરે સાહેબને તમકુ સુરત શહેર દીયા ઓર મેને સારા મુલુક દીઆ.' 'ઉસકુ કયા કરે ? ' 'ભીખ મંગ ખાઓ': આ સંભાષણમાં દાન કરેલી ભૂમિનું માલકીપણું તે માત્ર ભીખ માગી ખાવાના હકમાં છે એ ઉક્તિ એકાએક આશ્ચર્ય ઉત્પન્ન કરે છે, ભૂમિના પટ ઉપર માલકીપણાને અને ભીખારીપણાને અણધારી રીતે અદલબદલ કરી અથડાવે છે, તેથી હાસ્યનો પ્રસંગ થાય છે. વિષમતામાં કાંઈ અચંબો ન હોય, કંઈ નવીનપણું ન હોય તો હાસ્યનું કારણ લાગતું નથી. આ માટે જ, હાસ્યમય ઉક્તિઓ જુની થઇ જાય ત્યારે તેની પુનરુક્તિ રુચિકર થતી નથી અને હાસ્ય ઉપજાવતી નથી.

હાસ્યરસનું આશ્ચર્ય તે અદ્ભુતરસના વિસ્મયથી જુદી જ વૃત્તિ છે.

સંસ્કૃત અલંકારશાસ્ત્રમાં આપેલી વિસ્મયની કેટલીક વ્યાખ્યાઓ તરફ દૃષ્ટિ કરીશું તો આ હકીકત સ્પષ્ટ થશે. 'ચિત્તનો વિસ્તાર (ફરકવું) તે વિસ્મય કહેવાય છે.' (સાહિત્યદર્પણ.) 'વસ્તુના માહાત્મ્યનું દર્શન થવાથી ચિત્તનો જે વિસ્તાર થાય તે વિસ્મય છે.' (કાવ્યપ્રદીપ.) 'લોકસીમાની પાર રહેલા વિવિધ પદાર્થો પ્રતિ ચિત્તનો જે વિસ્તાર તે વિસ્મય કહેવાય છે.' આ વ્યાખ્યાઓનું તાત્પર્ય એ છે કે વિશ્વમાં વસતા મહત્ત્વનું, વિશ્વમાં રહેલી વિશાલતાનું દર્શન, કોઇ પદાર્થદ્વારા મનુષ્યને જ્યારે થાય છે ત્યારે તેનું ચિત્ત ઉલ્લાસ પામે છે અને ફરકે છે તે વૃત્તિ તે વિસ્મય છે. વિસ્મયમાં જે ઉચ્ચ મનન આ રીતે સમાયેલું છે તે આશ્ચર્યમાં હોતું નથી. જગન્નાથ એવી વ્યાખ્યા કરે છે કે "અલૌકિક વસ્તુના દર્શન વગેરેથી જન્મ પામતી જે વિશેષ વૃત્તિ આશ્ચર્ય દર્શાવે છે તે વિસ્મય છે.' (રસગંગાધર.)અહીં વિસ્મયનું લક્ષણ આપવા 'આશ્ચર્ય' શબ્દ વાપર્યો છે, પરંતુ, વધારે યોગ્ય શબ્દને અભાવે જ તે શબ્દ વાપર્યો જણાય છે. તથાપિ, બધી આશ્ચર્યની વૃત્તિ તે વિસ્મય નહિં પણ અલૌકિક વસ્તુના દર્શનથી ઉદ્ભવ પામતી આશ્ચર્યની વૃત્તિ તે વિસ્મય છે,—એવો અર્થ ધ્વનિત કરનારી વ્યાખ્યા અપાઇ હોત તો તે વધારે વાસ્તવિક થાત. અલૌકિકતાનું ભાન કરાવનારી વસ્તુ, સાધારણ લોકવ્યવહારમાં જોવામાં નથી આવતું એવા મહત્ત્વની પ્રતીતિ કરાવનારી વસ્તુ વિસ્મયના અનુભવ માટે આવશ્યક છે. આશ્ચર્ય માટે એવી આવશ્યકતા નથી. તત્કાલ નવાઇ પમાડે, સારી કે ખોટી વિચિત્રતાથી ચિત્તને વિશેષ દિશામાં ગતિ આપે તે આશ્ચર્ય છે. એ રીતે આશ્ચર્ય પમાડનારી વસ્તુમાં અલૌકિકપણું હોય, મહત્ત્વનું દર્શન હોય તેની વિચિત્રતા સારા પ્રકારની અને ઉચ્ચતાવાળી હોય તો આશ્ચર્યને પરિણામે વિસ્મય થાય અને તેથી અદ્ભુત રસ થાય. પરંતુ, એવા અંશ વિનાનું કેવળ તરેહવારપણાનું આશ્ચર્ય હોય ત્યાં હાસ્યરસ થાય.

આ આશ્ચર્ય વિચિત્રતાના દર્શનથી તત્કાલ ઉત્પન્ન થાય છે અને વિચિત્રતાની પાછળ કંઇ રહેલું છે એવો ખ્યાલ આવતો નથી ત્યારે હાસ્યરસનો પ્રસંગ આવે છે. વિચિત્રતામાં ગંભીરતાનું કે શોકનું કારણ રહેલું છે એવો વિચાર ન આવે અને એવો વિચાર કરવાનો વખત ન રહે એવી સ્થિતિ હોય ત્યારે આશ્ચર્ય સાથે રમુજ અને વિનોદનો અનુભવ થાય છે. વિલિયમ હેઝલિટ કહે છે, 'એકાએક આવી પડેલી વિપત્તિના પ્રસંગની વિલક્ષણતા તત્કાલ દૃષ્ટિએ પડવાથી વિપત્તિનાં પરિણામની અનિષ્ટતા જ્યાં

સુધી ધ્યાનમાં નથી આવતી, અને બેવકુફી ભરેલી કૃતિની અયોગ્યતા અથવા સમજાય નહિં એવી વિચિત્રતા સહુથી વધારે પ્રબલતાથી મન ઉપર અસર કરે છે ત્યાં સુધી હાસ્યની વૃત્તિ શોકની વૃત્તિ કરતાં પ્રધાન થઇ પ્રવર્તે છે.' (લેક્ચર્સ ઑન ધિ ઇંગ્લિશ કૉમિક રાઇટર્સ.) આ રીતે જે વિનોદ અને આશ્ચર્ય હાસ્યરસ માટે આવશ્યક છે તે બન્નેનો આધાર તાત્કાલિકતા ઉપર છે. હકીકત બનતાં તત્કાલ થયેલી અસરથી એ વૃત્તિઓ ઉત્પન્ન થાય છે. જીવરામ ભટ્ટ રતાંધળા હોવાથી અંધારે તેમને માર્ગ સુઝતો નહોતો પણ મિથ્યાભિમાનને લીધે કોઇની મદદ ન લેતાં સાસરાની પાડીનું પુચ્છ ઝાલી તેની પુઠે પુઠે ચાલ્યા જતા હતા, એવામાં ખાડો આવતાં પાડી તેમાં ઉતરી અને જીવરામ ભટ્ટ પછડાઇને નીચે પડયા તથા તેમની પાઘડી, લાકડી, તુંબડી, ગાંસડી, સહુ ગબડીને આઘાં જઇને પડયાં, એ વૃત્તાન્ત વાંચતાં તત્કાળ જીવરામ ભટ્ટની બેવકુફીથી થયેલી કઢંગી સ્થિતિનો ખ્યાલ આવે છે અને તેથી હાસ્ય થાય છે. જીવરામ ભટ્ટને વાગ્યાથી થયેલી ઇજાનો વિચાર તે પછીથી આવે છે અને તે વેળા પણ ઇજા ભયકર નથી એ જ્ઞાન હાસ્યરસની ક્ષતિને અટકાવે છે. મિથ્યાભિમાનથી થયેલી ઘણી બેવકુફીઓને પરિણામે બહુ ઇજાઓ ખમી જીવરામ ભટ્ટ મરણની પથારીને વશ થાય છે ત્યારે હાસ્યરસ લુપ્ત થાય છે અને કરુણરસ પ્રવર્તે છે. (મિથ્યાભિમાન નાટક.) એ જ પ્રમાણે, ચોરોની સાથે ડોશીના ઘરમાં ચોરી કરવા પેસનાર મૂર્ખાનું ઉદાહરણ લઇએ. ચોરોએ ડોશીને ઉંઘતી જોઇ તેના ઘરમાંથી દુધ ચોખા અને ખાંડ એકઠાં કરી ચુલો સળગાવી દુધપાક કર્યો, તેવામાં ડોશીએ ઉંઘમાં હાથ લાંબો કર્યો તેથી મૂર્ખાએ જાણ્યું કે ડોશી દુધપાક માગે છે અને કડછી ભરીને ઉનો ઉનો દુધપાક ડોશીની હથેળી પર રેડયો તેથી ડોશી ચમકીને જાગી ઉઠી; એ હકીકત તત્કાળ આશ્ચર્ય અને રમુજ ઉત્પન્ન કરે છે. બેવકુફીથી થયેલી અયોગ્યતા જ પ્રથમ ચિત્ત આગળ પ્રત્યક્ષ થાય છે. ડોશી દાઝી અને મૂર્ખો પકડાયો એ અનિષ્ટ પરિણામનો ખ્યાલ પાછળથી આવે છે અને તે પહેલાં તો હાસ્યરસ જામી ગયો હોય છે.

આશ્ચર્યની આ તાત્કાલિકતાને પ્રધાનતાથી લક્ષ્ય કરી વિલિયમ હેઝલિટ હાસ્યની એવી વ્યાખ્યા કરે છે કે, 'હાસ્ય તે ઇચ્છા વગર તાણ સરખી થતી ક્રિયા છે. તે માત્ર આશ્ચર્યથી કે વિરોધથી ઉત્પન્ન થાય છે, તે વેળા વધારે ગંભીર મનોવૃત્તિ થયેલી હોતી નથી અને વિરોધમય દેખાતા સંબંધે વિચાર કરી સમાધાન પામવાનો ચિત્તને વખત મળે તે પહેલાં એ ક્રિયા ઉદ્‌ભૂત થાય છે. કલ્પના ઘડીમાં ઉશ્કેરાય છે અને ઘડીમાં મન્દ થાય છે

અને એ પ્રમાણે વારાફરતી થવાથી સ્નાયુઓમાં અને જ્ઞાનતંતુઓમાં અનિયમિત તાણ થાય છે તે શારીરિક ક્રિયા હાસ્ય કહેવાય છે. ગંભીરતાની વૃત્તિ એવી હોય છે કે બીનાઓ અમુક સ્થાપિત ક્રમમાં એક પછી એક નિયમિત પ્રકારે બનશે એ ધારણા ઉપર ભાર મુકવાની ચિત્તને ટેવ બંધાય છે અને એવી બીનાઓના જ્ઞાનમાં પરોવાઇ ચિત્ત તે જ્ઞાનને વજનદાર ગણે છે. ચિત્તની ધારણાનો આ ભાર જ્યારે અણધારી રીતે શિથિલ થાય છે કે છુટો થાય છે અને તેની હમેશાની ઉંડાઈ રહેતી નથી ત્યારે હાસ્યની વૃત્તિ થાય છે. આ વેળા વિચારોનો ક્રમ એવો એકાએક અદલબદલ થાય છે કે ચિત્ત ઓચિંતું ઝલાઇ જાય છે, સાવધાનપણાથી ખસી જાય છે, અને ચમકીને ઉલ્લાસભર્યા આનંદની સ્થિતિમાં આવે છે. ખેદભર્યા વિચારો માટે તે વેળા અવકાશ પણ નથી હોતો અને વૃત્તિ પણ નથી હોતી. આ રીતે, હાસ્યનું તત્ત્વ અસંગતતામાં રહેલું છે; એક વિચાર સાથેનો બીજા વિચારનો સંબંધ તુટી જાય અથવા એક લાગણી પર બીજી લાગણી ધક્કો ખાઇને અથડાય, એમાં હાસ્યનું તત્ત્વ રહેલું છે.'

આ અસંગતતા, સંબંધભંગ અને સંઘટ્ટનની અસર મન ઉપર અણધારી અને તાત્કાલિક થાય તેમાં જ હાસ્યની ખુબી હોય છે અને એ કારણથી, હાસ્યપ્રસંગના વર્ણન પછી જે માણસને તેમાં રહેલી હસવાની વાત સમજાવવી પડે અથવા તે વર્ણન સાંભળ્યા પછી ઘણી વાર વિચાર કરીને જે માણસ હસે તેની હાસ્યરસપરીક્ષા બહુ મંદ છે એમ આપણને લાગે છે.

સંસ્કૃત અલંકારશાસ્ત્રમાં કોઇક પ્રકારની વિકૃતિના (કઢંગાપણાના) દર્શનને હાસ્યરસનું કારણ ગણ્યું છે. 'વિકૃત (કઢંગા) આકાર, વાચા, વેશ, ચેષ્ટા વગેરેના છલથી હાસ્ય થાય છે.' (સાહિત્યદર્પણ.) 'વાચા અંગ વગેરેના વિકારના દર્શનથી ઉત્પન્ન થતી વિકાસ દર્શાવતી ચિત્તવૃત્તિ તે હાસ છે.' (રસગંગાધર.) 'ન્યંગ (વિકૃતિ) અને વ્રીડા (ખોટું અણછાજતું શરમાળપણું) વગેરેના દર્શનથી ચિત્તવિકાસ થાય તે હાસ છે.' (કાવ્યપ્રદીપ.) આ વ્યાખ્યાઓમાં માત્ર દેખાવની અને શબ્દની વિકૃતિઓને હાસની કારણભૂત કહી છે. પરંતુ, બુદ્ધિની અને વિચારની વિકૃતિ પણ એ જ રીતે હાસની કારણભૂત થાય છે. મનુષ્યોની મૂર્ખાઇઓનાં ઉપર જે ઉદાહરણ આપ્યાંછે તેમાં બુદ્ધિની અને વિચારની જ વિકૃતિઓ રહેલી છે. કદાચ 'વાચાની વિકૃતિ' માં કેવળ શબ્દોચ્ચારણનું કઢંગાપણું નહિં પણ વાચાથી પ્રકટ થતા વિચારોનું કઢંગાપણું આવી જાય છે એમ કહી શકાશે, અને

'વ્રીડા' માં બુદ્ધિની ન્યૂનતા રહેલી જ છે. માત્ર બેડોળ દેખાવ કે વૈકલ્યવાળા ઉચ્ચાર પ્રદર્શિત કરવાના હેતુથી જ્યાં દેખાવની કે શબ્દની વિકૃતિ રચવામાં આવે ત્યાં હાસ્ય બહુ ઉતરતા પ્રકારનું હોય છે. પણ એવા બેડોળપણાથી કે વૈકલ્યથી કોઇક જાતની મૂર્ખતા કે હીનતા દર્શાવવાનો હેતુ હોય ત્યાં હાસ્ય ચઢીઆતા પ્રકારનુ હોય છે. કોઇ માણસ માત્ર કાણો દેખાવા સારૂ પોતાની એક આંખ મીંચી કાણાનો ચહેરો કરે તેના કરતાં કોઈ અમુક કાણાની ખદાઇ પ્રદર્શિત કરવા સારૂ તેના જેવી કાણી આંખ અને તેના જેવો ચહેરો કરે તો હાસ્યરસ ઉપજાવવામાં તે વધારે સફલ થાય એ સ્પષ્ટ છે. તેમ જ, (જાણી જોઈ) લચકાતી જીભે તોતડુ બોલવાના કરતાં કોઈ અમુક તોતડાના ભાષણનુ અનુકરણ કરી તેની મૂર્ખતા પ્રદર્શિત કરવી એમાં હાસ્યરસની વધારે સફલતા છે એ પણ સ્પષ્ટ છે.

અલબત્ત, આ રીતે અંગની વિકૃતિથી હાસ્ય ઉપજાવનારે એ પ્રયત્નમાં પોતે તિરસ્કારપાત્ર થવુ ન જોઇએ. વિકૃતિ તેને વશ છે અને તે વિકૃતિને વશ નથી એ સૂચન કાયમ રહેવું જોઇએ. તેમ જ વિકૃતિ કેવળ અર્થ વગરની હોવી ન જોઇએ. કોઈ માણસ ગંભીર સભા વચ્ચે જીભ બહાર કાઢી, કાખલીઓ કુટી કે ગુલાંટ ખાઈ હાસ્ય ઉપજાવવા પ્રયાસ કરે તો તે તિરસ્કારપાત્ર થાય, અને એવે સમયે જે હાસ્ય થાય તે દેખાવની વિકૃતિના દર્શનથી નહિ (બીજો કોઈ માણસ આવો બેડોળ હશે એવા સૂચનથી નહિં) પણ બુદ્ધિની વિકૃતિના દર્શનથી (આ ચેષ્ટા કરનાર મૂર્ખ હોઈ કેવી રીતે હાસ્ય ઉપજાવવું તે નથી જાણતો એવા સૂચનથી) થાય છે.

એ જ પ્રમાણે, ખુબી વગરની અસ્થાને રચાતી વિષમતાનાં ઉપર જે ઉદાહરણ આપ્યાં છે તે બુદ્ધિની વિકૃતિના દર્શનથી હાસ્ય ઉપજાવી શકે. 'આંધળો કહે કે દોડતા જઇએ,' 'પાંગળો કહે કે જોવા જઇએ,' 'આગીઆ આગળ મહાસાગર શી વિસાતમાં'. એવાં વિષમતાના સ્વરૂપના અજ્ઞાનથી રચાયેલાં વાક્ય કોઇ મનુષ્ય હાસ્યરસ ઉપજાવવા વાપરે તો તેની બુદ્ધિહીનતા જે વિકૃતિ દર્શાવે તેથી હાસ્ય થાય. પરંતુ, તેણે વર્ણવેલી સ્થિતિઓ હાસ્યરસ માટે જોઇતી વિષમતા ઉપજાવી શકે નહિં. ભાટ અને ચારણની સુપ્રસિદ્ધ વાર્તા પણ આ જ અંશ દર્શાવે છે. ચારણે ભાટની મશ્કરી કરી કે 'ભાટ ભાટ ભાટુડી, કોટે બાંધી ચાટુડી;' તે વાક્યવડે પ્રાસના સામર્થ્યથી ભાટની કોટે ચાટુડી બાંધવાની વાસ્તવિકતા દર્શાવી અને એ રીતે કોટ અને ચાટુડીનો સંબંધ નહિં છતાં સંબંધ બેસાડી તેણે

વિષમતાનું દર્શન કરાવ્યું. ભાટે ઉત્તરમાં કહ્યું કે 'ચારણ ચારણ ચારણીઓ, કોટે બાંધ્યું ઘટીનું પડ.' પ્રાસ એવો નહિં એમ તેને કહેવામાં આવ્યું ત્યારે તેણે કહ્યું કે 'ઘટીને ભારે તો મરશે.' આ રીતે હાસ્યવૃત્તિની ખામીને લીધે ભાટ હાસ્ય ઉપજાવી શક્યો નહિં અને તેનો ઉત્તર હાસ્યરસ માટે જોઇતી વિષમતા વિનાનો થઇ પડયો, પરંતુ, તેની હાસહીનતા, તેની બુદ્ધિહીનતા ચારણની હાસકુશલતા સાથે સરખામણીમાં આવતાં હાસ્યમય વિષમતા ઉત્પન્ન થઇ. ભાટથી હાસ્યરસ ઉત્પન્ન થઇ ન શક્યો, પરંતુ આખી વાર્તાના કહેનારથી હાસ્યરસ ઉત્પન્ન થઇ શક્યો. હાસ્યરસ ઉપજાવવામાં નિષ્ફળ જનાર પોતે હાસ્યપાત્ર થાય છે, અને, એવું હાસ્યપાત્ર ચિત્ર આપવાથી હાસ્ય ઉપજાવી શકાય છે. નાટકોમાં હાસ્યરસને ઠેકાણે થતી ઠઠ્ઠામશ્કરી અને ધપ્પાબાજી એ પ્રસંગો રચનાર ગ્રન્થકર્તાને આ રીતે હાસ્યપાત્ર બનાવી હાસ્ય ઉપજાવે છે. વર્તમાનપત્રોમાં અને માસિકોમાં જુદાં જુદાં મથાળાં નીચે પ્રકટ થતા હાસ્યહીન નિષ્ફળ 'ટુચકા' પણ આ જ પરિણામ ઉપજાવે છે.

આ ઉપરથી એક બીજા અંશની આવશ્યકતા સમજાશે. તે અંશ તે કલ્પનાશક્તિ છે. બીજા રસોમાં કલ્પનાશક્તિ રસમય ચિત્ર શોભાવવામાં સહાયભૂત થાય છે, પણ, હાસ્યરસમાં તો હાસ્યના પ્રસંગો ઉદ્‌ભૂત કરવા સારૂ કલ્પનાની જરૂર પડે છે. ઉદ્દીપનોનું હાસ્યરસમાં એટલા પ્રાધાન્યથી દર્શન થાય છે કે તે ઉદ્દીપનોને લાવીને હાજર કરનાર કલ્પના બહુ આગળ પડતી જણાય છે. આ કારણથી, કલ્પનાને મહત્ત્વના અંશ ગણી ફ્રેડરિક હેરિસન એવી વ્યાખ્યા કરે છે કે 'હાસ તે સેમ્યુઅલ જોનસનના કહેવા પ્રમાણે "કઢંગીકલ્પના" છે. કઢંગી એટલે વિકૃત આકૃતિની, અસ્વાભાવિક. અર્થાત્ હાસ તે કલ્પનાનો વ્યાપાર છે. તે વ્યાપાર મનુષ્યસ્વભાવને કંઇક વિકૃત અંશ સાથે અથવા યોગ્ય પ્રમાણથી ઉલટાઇ ગયેલા અંશ સાથે દર્શાવે છે. અને એવા દર્શનથી તત્કાલ રમુજ ઉપજે છે. એ વૃત્તિ કલ્પનાશીલ હોવી જોઇએ, એ વૃત્તિ મનુષ્યસ્વભાવના દઢ પાયાએ જઇ અડકવી જોઇએ, તેનાથી વિનોદની ઉત્પત્તિ થવી જોઇએ, ક્રોધની કે તિરસ્કારની ઉત્પત્તિ થવી ન જોઇએ.' (સ્ટડીઝ ઇન અર્લી વિક્ટોરીઅન લિટરેચર.)

કલ્પનાના આ પ્રાધાન્યથી હાસ્યપ્રસંગોની નવીનતા જળવાય છે, અને, હાસ્યરસ અનેક પ્રકારે ઉત્પન્ન થઇ શકે છે. જુની મશ્કરીઓ વાસી અને લુખી લાગે છે તે હકીકત નવીનતાની જરૂર બતાવે છે.

રસમાત્રમાં રમણીયતા માટે જે નવીનતાની આવશ્યકતા છે તેને હાસ્યરસમાં વિશેષે કરી આગળ પડતી કરવાનું સામર્થ્ય કલ્પનાથી સાધ્ય થાય છે. હાસ્યપ્રસગોના આ બાહુલ્યને લીધે હાસ્યરસની વ્યાખ્યા કરવી મુશ્કેલ થઇ પડે છે એમ દા. બૅરો ધારે છે, અને તે કહે છે, 'વકતવ્ય વસ્તુ તે શી છે અને આ વિનોદમયત્વનો અર્થ શો છે એમ પ્રશ્ન કરવામાં આવે તો માણસની વ્યાખ્યા પુછનારને ડીમોક્રિટસે કહ્યું હતું તેમ હુ કહું કે "આપણે સહુ જોઇએ છીએ અને જાણીએ છીએ તે એ છે." હું વ્યાખ્યા કરૂં તેના કરતાં પરિચયથી એ વસ્તુ વધારે સારી રીતે સમજાય તેવી છે. ખરેખર, એ વસ્તુ એવી પરિવર્તન પામનારી અને અનેક રૂપની છે, તે એવા વિવિધ આકારે, એવા વિવિધ ડોળે, એવા વિવિધ વેષે દેખા દે છે, જુદી જુદી નજરે અને જુદી જુદી બુદ્ધિએ ને એવી એવી જુદી જુદી જાતની માલમ પડે છે કે તેનુ સ્પષ્ટ અને ચોકસ સ્વરૂપ નક્કી કરવુ તે ઘડી ઘડી આકૃતિ બદલતા પ્રોટીઅસની છબી કહાડવા જેવુ કે ઝડપથી વહી જતા વાયુની આકૃતિની વ્યાખ્યા કરવા જેવુ કઠિન છે. કોઈ વેળા ખરા જોગ વખતે જાણીતી વાર્તાના ઉલ્લેખમાં એ વસ્તુ (હાસ્ય) રહેલી હોય છે, અથવા નજીવી ઉક્તિ પ્રસગાનુસાર લાગુ પાડવાથી ને (વસ્તુ) થાય છે, અથવા નવી વાત સમયોચિત જોડી કહાડવાથી થાય છે, કોઈ વેળા દ્વિઅર્થીપણાનો કે અવાજના સરખાપણાનો લાભ લઇ તે શબ્દોના અને પદાવલીઓના ખેલ કરે છે, કોઈ વેળા સુપ્રકાશિત વાક્યનો પોશાક તેને વિંટલાયેલો હોય છે, કોઈ વેળા વિચિત્ર ઉપમા પાછળ તે સતાયેલી હોય છે. કોઈ વેળા તે વચનાવાળા પ્રશ્નમાં ગોઠવાયેલી હોય છે. કોઈ વેળા ચતુર માર્મિક ઉત્તરમા કે ઉડાઉ કારણમા કે સૂક્ષ્મમતિવાળા ઇશારામાં કે પેચથી વાંધો કહાડી નાખવામા કે ખબરદારીથી વાંધો પાછો ઉપસ્થિત કરવામાં તે સમાયેલી હોય છે, કોઈ વેળા બોલી જવાનાં વચન હિમ્મતથી ઘડી કહાડવાની યોજનામાં તેનો નિવાસ હોય છે, કોઇ વેળા તીવ્ર કરડાકીમાં, કે આડંબરભરેલી અતિશયોક્તિમાં કે અજાયબીથી ચમકાવે એવા રૂપકમાં, કે વિરોધના સમાધાન માટે રજુ કરેલા ઉપર ઉપરથી ખરા દેખાય એવા ખુલાસામાં કે કેવળ અર્થહીન પ્રલાપમાં તેનુ સ્થાન હોય છે. કોઇ વેળા માણસોનો કે પદાર્થોનો દેખાવ કરી બતાવવાથી તેનો પ્રસગ આવે છે, કે તરકટી બોલીથી કે નકલી શિકલથી અથવા ચેષ્ટાથી તેનો અવસર આવે છે. કોઇ વેળા સાદાઇના ઢોંગથી, કોઈ વેળા ગુમાનીભરેલી તોછડાઈથી તેનો ઉદ્ભવ થાય છે. કોઇ વેળા ફક્ત વિલક્ષણ વાત ઉપર સુભાગ્યે

ચોટ લાગી જવાથી તેની ઉત્પત્તિ થાય છે; કોઈ વળા ચોખ્ખી બાબતને પ્રસ્તુત પ્રયોજન સારૂ કુટિલતાથી મરડવાથી તેનો ઉદય થાય છે. ઘણી વેળા તો તેનો સમાવેશ શેમાં થયો છે તેની ખબર નથી પડતી અને તે શી રીતે ઉત્પન્ન થાય છે તે કહી શકાતું નથી. તેના પ્રકાર અચિન્ત્ય અને અકથ્ય છે, કલ્પનાતરંગનાં અસંખ્ય ભ્રમણ અને વાણીનાં અસંખ્ય ચક્રને અનુસાર એ પ્રસંગ હોય છે.' (સર્મન્સ.) દા. બૅરોએ કહેલા આ અનેક પ્રકાર તે હાસ્યના જુદા જુદા અંશ નથી, કલ્પનાના અંશમાં તે સર્વનો સમાવેશ થાય છે, અને કલ્પના કેવા ભિન્ન ભિન્ન માર્ગે પ્રકટ થઈ નવીનતાની સિદ્ધિ કરે છે તેનું એ વર્ણનથી દર્શન થાય છે.

ઉપર ગણાવેલા પ્રકારમાંથી થોડાનાં ઉદાહરણ શોધી કહાડી તે ઉપર દૃષ્ટિ કરીશું તો હાસ્યરસમા કલ્પના કેવી સહાયભૂત થાય છે તે વધારે પ્રત્યક્ષ થશે.

'(દુષ્ટરાય–) "ઠીક છે ત્યારે. જોજો આજ બંદાનાં પરાક્રમ. પણ તમે યાદ રાખજો હો!"

"હા હા:" કરી નરભેરામ મનમાં બોલ્યો: 'અડચણ પડે તો મને કહેજો. હું હાથીને શિયાળવે કહ્યું હતું તેમ કહીશ,–**भगवन् मम पुच्छकावलंबनं कुरु**—બાપ, પૂછડું પકડો મ્હારૂં.''

સરસ્વતીચંદ્ર, ભાગ ૧.

અહીં હાથીને છેતરી કાદવમાં નાખનાર શિયાળની વાતનો પ્રસંગોપાત્ત ઉલ્લેખ કરી દુષ્ટરાય ફસાયા પછી તેની હાથી સરખી અસહાયતા નરભેરામ પોતાના મનમાં કલ્પે છે અને તેની એવી દશાના દર્શનથી વિનોદ પ્રાપ્ત કરે છે.

'લેઉઆ કુળ ઊજળાં, કંકુવર્ણાં ગાત્ર;
જેની ફુંકે ઉંટ ઉડે, માનવિ કોણ જ માત્ર.'

પટેલપેથી.૧

લેઉઆ પાટીદારોની ફુંકથી ઉંટ ઉડી જાય એમ કહેવામાં તેમની કાંઈ સ્તુતિ નથી, અને આ ઉટંગ અલંકારની કલ્પના અજાયબીથી ચમકાવી હાસ્ય ઉત્પન્ન કરે છે.

'ભોળાભટ–(માર વાગતાં) ઓ મારા બાપલારે! અરરર! ઓ

આસ દાદા ! ખોદાને માટે જવાદોરે ! એ રે ! મિયાં સાહેબ, હું વૈદ છું,—જોસ્હી છું—ગાંધી છું—ગવંડર છું—હજામ છું—કલેક્ટર છું—મોચી છું—કહો તે છું.'

ભટનું ભોપાળું.

ભોળાભટ વૈદ નહિં છતાં વૈદ હોવાનું કબુલ કરે તે સારૂ તેને માર પડે છે ત્યારે 'ખોટું કહેવડાવવું હોય તો તો જે કહો તે છું' એમ સૂચવી એવી કબુલતની હાસ્યપાત્રતા દર્શાવવા માટે 'ગાંધી,' 'ગવંડર,' 'હજામ' વગેરે જાતજાતની પાયરીઓ બોલી જવાની હિમ્મતથી ઘડી કહાડેલી યોજના કલ્પનાનો પ્રભાવ બતાવે છે.

'સિદ્ધરાજ—પ્રધાનજી, સેના સજ કરો, મોરડ જઇએ.

રંગલો—કુંભારની ઝુંપડીમાં તારી સેના કેમ માશે ! ઘોડાનો ત્યાં ખપ નથી.

સિદ્ધરાજ— કેમ ઘોડાનો ખપ નથી, અલ્યા રંગલા ?

રંગલો—કુંભારને ઘેર ગધેડાં ઘણાં છે, તે પર સ્વારી કરજે; તારી એ નવી રાણી તો બેસતાં શીખી હશે.'

ભવાઇસંગ્રહ.

રાણકદેવીને પોતાની રાણી બનાવવા આતુર થયેલા સિદ્ધરાજને, કુંભારને ઘેર જતાં, ગધેડાંનો ઉપયોગ કરનાર કુટુંબનો પરિચય થશે એવી તીવ્ર કરડાકી ગધેડા પર બેસતી રાણકદેવીની કલ્પના કરી રંગલો પ્રકટ કરે છે અને એ રીતે હાસ્ય ઉત્પન્ન કરે છે.

'બાદશાહ—(ગુસ્સે થઇને) લડિઆ ! તારા અને ગધેડા વચ્ચે કેટલું છેટું !

લડિઓ—(પોતાની અને બાદશાહની વચ્ચેનું અન્તર વેંતથી માપીને) જહાંપનાહ ! ચાર વેંતનું.'

અહીં સ્પષ્ટ રીતે ઉદ્દિષ્ટ કરેલા બુદ્ધિના અન્તરને દિશાના અન્તરના અર્થમાં કુટિલતાથી મરડવાની કલ્પનાથી અને અન્તર માપવાની નકલી ચેષ્ટા કરવાની કલ્પનાથી હાસ્યનો ઉદ્ભવ થાય છે.

'સરસમાં સરસ જમણમાં છે વેઢમી,
ઇઝ ઇટ ધિસ ડૉગ ઑર ધૅટ કૅટ ટેલ મી.'

દલપતરામ.

'વેઢમી' સાથે 'ટેલ મી' નો પ્રાસ મેળવવા સારૂ વેઢમીની વાનીના વખાણ સાથે હાવર્ડકૃત પ્રાઇમરમાંનું 'Is it this dog or that

eat tell me ' એ વાક્ય ગોઠવ્યાથી કેવળ અર્થહીન પ્રલાપ થાય છે અને એવી અર્થહીનતા આણવાની કલ્પના હાસ્યને પ્રદીપ્ત કરે છે.

'द्रष्टुं चित्रविचित्रितां तरुलतां बन्दा गया बागमें.'

'अल्लातालाप्रसादेन सर्वकार्यं फतेहवत्.'

આવી ભાષાઓની ભેળસેળ વાણીનાં ચક્ર ફેરવવાની કલ્પનાથી રચાય છે, અને, એ ચક્ર ફરવાની સાથે હાસ્ય ઉત્પન્ન થાય છે.

કલ્પનાના પ્રભાવને સીમા નથી, અને, કલ્પના કેવા કેવા હાસ્યપ્રસંગો રચી શકે તેમ છે તેની સંપૂર્ણ ગણના થઇ શકે તેમ નથી. પરંતુ, આ નમુના ઉપરથી આ વિષયના કલ્પનાવ્યાપારનુ સ્વરૂપ કળી શકાશે. અલબત્ત, એ નમુનામાં હાસ્યના બીજા અંશો પણ વિદ્યમાન છે, કેમકે, એકલા કલ્પનાવ્યાપારથી હાસ્યનો ઉદ્ભવ થતો નથી, પણ, તેની સાથે વિષમતા, આશ્ચર્ય વગેરે ઉપર કહેલા અંશની પ્રવૃત્તિ હોય છે ત્યારે તેનો ઉદ્ભવ થાય છે.

પ્રો. હેન્રિ બર્ગસને "લાફ્ટર: એન એસે ઑન ધ મિનિંગ ઑફ ધ કૉમિક" (ફ્રેન્ચ ઉપરથી ઇંગ્રેજી ભાષાન્તર કરનાર ક્લાઉડ્સલી બ્રેરટન અને ફ્રેડ રૉથવેલ, સને ૧૯૧૧,) નામના પુસ્તકમાં દર્શાવેલા કેટલાક વિચાર ઉપરના નિરૂપણથી કેટલીક રીતે જુદા પડે છે, અને, આગળ વધતા પહેલાં તે વિશે અહીં કેટલુંક વિવેચન કરીશુ. પ્રથમ તો, પ્રો બર્ગસન કહે છે કે જ્યાં માનવ અંશ ન હોય ત્યાં હાસ્યરસ હોઇ શકતો નથી, અર્થાત્, માણુસ સિવાય બીજા કોઈ વિશે હાસ્ય ઉત્પન્ન થઇ શકતું નથી. કુદરતનો કોઈ દેખાવ સુન્દર હોય, ઉન્નત હોય, કદરૂપો હોય, પણ હસવા સરખો હોઈ શકે નહિ. કોઈ પશુને જોઇ આપણુને હસવું આવે તો આણુસના સરખી કાંઈ અંગસ્થિતિ કે મુખમુદ્રા તે પશુમાં દેખાઇ હોવી જોઇએ. કોઈ પાઘડી જોઇ હસવું આવે તો તેમાંના વસ્ત્રથી રમુજ થતી નથી, પણ, માણસે તેની કેવી આકૃતિ કરી છે અને માણસનો કેવો તુરંગ તે આકૃતિથી પ્રકટ થાય છે એ જોઇ રમુજ થાય છે. આ કારણથી, પ્રો. બર્ગસન કહે છે કે જેમ 'હસતું પ્રાણી તે મનુષ્ય' એવી વ્યાખ્યા થાય છે તેમ 'હાસ્યપાત્ર પ્રાણી તે મનુષ્ય' ('man is an animal which is laughed at') એવી વ્યાખ્યા પણ થઇ શકે. હાસ્યરસમાં માનવ અંશ જોઇએ એ ખરૂં છે, પરંતુ, પ્રો. બર્ગસનના મતનું તાત્પર્ય એમ હોય કે એકલા હાસ્યરસમાં જ માનવ અંશ આવશ્યક

છે તો તે ખરૂ નથી. શૃંગારરસમાં પણ માનવ અંશ એવી જ રીતે આવશ્યક છે. સ્ત્રી પુરુષ સિવાય શૃંગારરસ હોઈ શકતો નથી. સારસ, મોર, કબુતર વગેરે પક્ષીઓના વૃત્તાન્તમાં શૃંગારરસ હોવાની કલ્પના થાય છે તે માત્ર મનુષ્યના ભાવનું આરોપણ હોય છે. એ પક્ષીઓમાં નરમાદા વચ્ચે પ્રેમ હોવો જોઇએ એમ અનુમાન થઈ શકે છે; તેમનાં મન કે લાગણીઓ ખરેખરી રીતે જાણવાનાં સાધન મનુષ્યને હાથ લાગ્યાં નથી, તોપણ એ અનુમાન ખરૂ લાગે છે. તથાપિ, તેમનાં ચિત્તમાં રતિ સરખા સ્થાયીભાવ છે અને તેઓ કવિત્વમય શૃંગારરસનો સાક્ષાત્કાર કરે છે એમ માનવાનું કાંઈ કારણ નથી. તેમના પ્રસંગમાં કલ્પાતો શૃંગારરસ તે માત્ર તેમના પ્રેમ ઉપર રચાયેલા મનુષ્યભાવનુ ચિત્ર હોય છે. સમુદ્ર અને નદી વચ્ચે કાન્ત-કાન્તાનો સંબન્ધ કલ્પાય છે તે તો પ્રેમના અસ્તિત્વ રૂપી પાયા વગરનુ માત્ર રૂપક જ હોય છે. એ જ પ્રમાણે કરુણરસ, વીરરસ, રૌદ્રરસ વગેરેનું અધિષ્ઠાન પણ મનુષ્યમાં જ હોઇ શકે છે, માણસો જ શોક કરતા, ઉત્સાહથી પરાક્રમ કરતા કે ક્રોધ કરતા હોઈ શકે છે. કદાચ એમ કહેવામાં આવશે કે અદ્‌ભુતરસ તથા ભયાનકરસ માનવ અંશ વિના ઉદ્‌ભૂત થઇ શકે છે કેમકે જડ પ્રકૃતિમાં પણ એ રસના સ્થાયીભાવ વિસ્મય અને ભયનાં સ્થાન જોવામાં આવે છે. સાગરનો વિસ્તાર કે પર્વતની ઉંચાઇ જોઈ વિસ્મય લાગે છે, અને, પર્વતનાં કોતર કે જંગલનો દવ જોઇ ભય લાગે છે, એ ખરૂ છે પરંતુ, વિસ્મય અને ભય માણસને જ હોઈ શકે છે, સાગરને કે પર્વતને કે જંગલને એ ચિત્તવૃત્તિઓ હોઇ શકતી નથી. વૃત્તિઓ અનુભવનાર માણસ ન હોય તો પ્રકૃતિના એ પદાર્થોમાં પોતાનામાં વિસ્મય કે ભય વસેલા છે એમ કલ્પી શકાતું નથી. તેથી, માનવતાનો આ અંશ હાસ્યરસની વ્યાખ્યા કરવામાં સહાયભૂત થતો નથી.

પ્રો. બર્ગસન બીજો અંશ એ દર્શાવે છે કે હાસ્યને પ્રસંગે લાગણીનો અભાવ હોવો જોઇએ. તેઓ કહે છે કે માણસનુ ચિત્ત જ્યારે સર્વશઃ શાન્ત અને અક્ષુબ્ધ હોય ત્યારે જ હાસ્યરૂપી વિકૃતિ થઇ શકે છે. તેમના મતનો ભાવાર્થ એ છે કે હાસ્યપાત્ર મનુષ્ય તરફ આપણને સમભાવ ન હોય, તેની લાગણી સરખી આપણી લાગણી ન હોય અને તેના તરફ આપણે બેદરકાર હોઇએ ત્યારે જ આપણને તેને સંબંધે હાસ્યની વૃત્તિ થઇ શકે.

લાગણીના અભાવનુ ઉદાહરણ પ્રો. બર્ગસન આ પ્રમાણે દર્શાવે છેઃ જનસમાજના અમુક મંડળમાં જે જે વચનો બોલાતાં હોય અને જે જે કૃતિઓ થતી હોય તેમાં આપણું મન આપણે પરોવીએ. તે મંડળમાંના

જે મનુષ્યો કૃતિઓ (કાર્યો) કરતા હોય તેમની સાથે પ્રવૃત્તિ કરી આપણે પણ તે કૃતિઓ કરીએ છીએ એમ આપણા મનમાં કલ્પીએ; અને તે મંડળમાંના જે મનુષ્યોને લાગણીઓ થતી હોય તેમની સાથે દિલસોજી ધરાવી આપણે પણ તે લાગણીઓ અનુભવીએ. આવી સ્થિતિમાં આવતાં, તે મંડળમાંની દરેક વાત આપણને મહત્ત્વની લાગશે, છેક નજીવી વાત પણ ધ્યાન આપવા લાયક જણાશે, બધે ખેદભરેલી ચિંતાનુ આવરણ પસરેલુ લાગશે, અને એ મંડળમાંનું કાંઈ પણ હસવા સરખુ નહિં લાગે. ત્યારબાદ, હવે આપણી કલ્પના બદલી એ સમભાવની વૃત્તિમાંથી આપણે ખસી જઈએ. લાગણીઓ અનુભવ્યા વિના માત્ર આઘા ઉભા ઉભા આપણે એ મંડળના વૃત્તાન્તનું નિરીક્ષણ કરીએ. એવી સ્થિતિમા આવતાં, એ મંડળમાંના ઘણા બનાવો આપણને ક્ષુલ્લક અને હસવા સરખા લાગશે. લાગણી હતી ત્યારે એનીએ વસ્તુઓ આપણે ગંભીર વૃત્તિથી જોતા હતા, અને લાગણીને અભાવે આપણને એ વસ્તુઓ તરફ હાસ્યવૃત્તિ થાય છે.

બીજુ ઉદાહરણ તેઓ નૃત્યનુ આપે છે સંગીત થતું હોય અને તેના તાલ પ્રમાણે સ્ત્રીપુરુષો નૃત્ય કરતાં હોય તેવે પ્રસંગ કાન બંધ કરી આપણે પોતાને સંગીતનુ શ્રવણ થવા ન દઈએ તો નૃત્ય કરનાર સર્વ જનો આપણને હાસ્યપાત્ર ભાસશે એમ તેઓ કહે છે.

આ ઉપરથી પ્રો. બર્ગસન એ અનુમાન ફલિત કરે છે કે હૃદય ક્ષણભર બહેર મારી ગયુ હોય એવી સ્થિતિ (anesthesia) થઇ હોય ત્યારે જ હાસ્યનો ઉદ્ભવ થઇ શકે છે, અને હાસ્ય તે કેવળ બુદ્ધિનો વિષય છે, લાગણીનો વિષય નથી.

અહીં પ્રો. બર્ગસન ભાવ અને સમભાવ વચ્ચેના–લાગણી અને દિલસોજીની લાગણી વચ્ચેના–ભેદની અવગણના કરે છે અને તેથી આવું ભૂલભરેલું અનુમાન બાંધે છે. આપણા હૃદયમાં હાસ્યપાત્ર મનુષ્ય તરફ સમભાવ ન હોય ત્યારે બીજા ભાવ હૃદયમાં હોઇ શકે છે, તેના તરફ દિલસોજીની લાગણી ન હોય ત્યારે બીજી લાગણી હોઇ શકે છે. સમભાવનો અભાવ તે ભાવમાત્રનો અભાવ નથી. દિલસોજીની લાગણી તે ઘણી લાગણીઓમાંની એક લાગણી છે. પરંતુ, પ્રો. બર્ગસન એમ કલ્પે છે કે જેને વિશે હસવું આવે તેના તરફ આપણને સમભાવ ન હોય ત્યારે આપણું હૃદય ભાવશૂન્ય હોવું જોઇએ, તેની લાગણીની આપણને કદર ન હોય ત્યારે આપણું હૃદય લાગણી વગરનું અને બહેર મારી ગયેલું હોવું જોઇએ. આ કલ્પના નિરાધાર છે. હસવા સરખી સ્થિતિમાં આવી જનાર માણસ

તરફ આપણને સમભાવ હોય, દિલસોજી હોય, તો આપણને હાસ્યની વૃત્તિ ન થાય એ ઉપર પ્રથમ કહ્યું છે તેથી, હાસ્યની વૃત્તિ થવા સારૂ સમભાવનો દિલસોજીનો—અભાવ આવશ્યક છે એ ખરૂ છે. પરંતુ, હાસ્યની વૃત્તિ એ જાતે જ એક ભાવ છે. સ્થાયી ભાવરૂપે ચિત્તમાં વસેલી હાસવૃત્તિને અનુકૂળ પ્રસંગ મળતા તે વડે હાસ્યરસની નિષ્પત્તિ થાય છે એ વિશે પ્રથમ વિવેચન કર્યું છે તે પરથી સમજાશે કે એ સમયની સ્થિતિ ભાવહીન નહિં પણ ભાવમય હોય છે હાસ્યનું પૃથક્કરણ કરતાં અમુક પ્રકારના ભાવનું સંચલન એ જ કારણભૂત જણાય છે બીજી કોઈ રીતે હાસ્યનો ખુલાસો થતો નથી. હાસ્ય જો રસ છે તો તેમાં ભાવ હોવા જ જોઇએ. લાગણી વગર રસની નિષ્પત્તિ થઈ શકતી નથી સંવેદન, ચકિયાતાપણું, આશ્ચર્ય, તાત્કાલિકતા, એ વગેરે અંશો ઉપર વર્ણવ્યા તે સર્વ ભાવના અસ્તિત્વની સાક્ષી પુરે છે, એ સહુ હૃદયમાં થઈ આવેલી લાગણીની હકીકત બતાવે છે. હાસ્ય જો લાગણીનો વિષય ન હોય અને બુદ્ધિનો વિષય હોય તો કયારે હસવું અને કયારે ન હસવુ તેનો આધાર આપણી ખુશી પર હોય, હસવું કે ન હસવુ એ આપણે વિચાર કરીને નક્કી કરી શકીએ, અને હાસ્ય તે ગભીર મનનને પરિણામે ઉત્પન્ન થાય. પરંતુ, માણસ માત્રનો અનુભવ તેથી ઉલટો છે. આપણે જાણીએ છીએ કે હસવુ ન હસવું એ આપણી ખુશીની વાત નથી. આપણે હસીએ છીએ ત્યારે હાસ્યરસને વશ હોઇએ છીએ, લાગણી થતાં ચિત્તક્ષોભ થાય છે તે દાબી રાખી શકાતો નથી અને તેને પરિણામે આપણે હસીએ છીએ. આ હસવા જેવું છે કે નહિ એવો વિચાર કરીને હસી શકાતું નથી, અને જે વિચારમાં પડી જાય છે તે હાસ્યવિમુખ થઈ જાય છે. જેના હૃદય ઉપર અસર થાય, જેને લાગણી થાય, તે જ હાસ્યનો અનુભવ કરી શકે છે.

પ્રો. બર્ગસને આપેલાં ઉદાહરણોની પરીક્ષા કરીશું તોપણ આ જ અનુમાન નિકળશે. અમુક જનમંડળમાની લાગણીઓ અને કૃતિઓ સાથે આપણી દિલસોજી હોય ત્યાં સુધી તેમાં રહેલી હાસ્યતા આપણને ન સમજાય એ ખરૂ છે. ઘોડીઆમાં સુતેલી છોકરીઓને ફુલના દડા સાથે પરણાવીને પછી તે દડાને કુવામા નાંખી એવી છોકરીઓને વિધવા થયેલી ગણવાનો કડવા કણબીઓનો રીવાજ હસવા સરખો છે એમ જેઓ કડવા કણબી ન હોય તેમને જ લાગે છે, અથવા જે કડવા કણબીઓનું દિલ એ રીવાજ ઉપરથી ઉઠી ગયુ હોય તેમને જ લાગે છે. બાકીના કડવા કણબીઓને એ રીવાજ અભિમાનથી સાચવી રાખવા જેવો લાગે છે. 'પોમલી જણે ને

પોમલો સુવાવડ ખાય' એ રીવાજની હાસ્યતા એ મંડળ બહારનાને જ સમજાય છે. માથા પરની ચોટલીઓ દોરડા પેઠે વળ દઈને લાંબી ગુથવામાં આબરૂ છે એમ ચીનાઓને લાગતું હતું. એ વિચાર અને દેખાવ હસવા સરખા છે એમ બીજી પ્રજાઓને લાગતું હતું, તેમ તેમને લાગતું નહોતું. પણ, મંચુ રાજકુટુંબ તરફનો પૂજ્યભાવ ઉડી જતાં ચીનાઓએ પોતે જ એવી ગુથેલી ચોટલીઓ કાપી નાખવા માંડી છે. આ રૂઢિઓ આપણને હસવા સરખી લાગે ત્યારે આપણું હૃદય બહેર મારી ગયેલુ હોય એમ આપણે કદી કબુલ કરી શકીશું નહિં. હૃદયને ખુશાલીની મઝા સમજાય એવી સ્થિતિમાં આપણે છીએ, હૃદય લાગણીથી પિગળે અને રમુજ મેળવી શકે એવી વૃત્તિમાં આપણે છીએ, તેથી આપણને હાસ્યની કદર થાય છે, એમ આપણને લાગે છે. કદાચ એમ કહેવામાં આવશે કે બુદ્ધિથી વિચાર કરતાં એ રૂઢિઓને આપણે અનિષ્ટ ગણીએ છીએ માટે તેને હસીએ છીએ, પરંતુ, વાસ્તવિક રીતે હાસ્યતાનો આધાર અનિષ્ટતા પર રહેલો નથી. ચીનાઓની ચોટલીઓમાં અનિષ્ટતા કંઈ નથી, એથી માથાને નુકસાન થાય છે એવું આપણે જાણતા નથી કે માનતા નથી. માત્ર એવી ચોટલીઓના આકારની વિલક્ષણતા અને એવી ચોટલીઓ માટના આદરની વિચિત્રતા હાસ્ય ઉત્પન્ન કરે છે. પોમલા સુવાવડ ખાય તેથી તેમને કાંઈ હાનિ થતી નથી. અને પ્રસુતિ પછી તરત બહાર ફરી શકે અને કામ કરી શકે એવા શરીરબળવાળી પોમલીઓને કાંઈ હાનિ થતી હોય એમ લાગતું નથી. માત્ર જન્મેલાં બાળકની માવજત માને બદલે બાપ કરે અને સુવાવડમા શરીરરક્ષણ માટે ઘેર સુધ રહેવાનો મા માટેનો નિયમ વિના કારણ બાપ પાળે એ ઉલટસુલટપણુ હાસ્યજનક થાય છે. બાર વર્ષે એક વાર લગ્ન કરવાનો કડવા કણબીઓનો રીવાજ ઘણો અનિષ્ટ છે અને એ રીવાજને લીધે ફુલના દડા સાથે લગ્ન કરવાની રીત નિકળી છે એ ખરું છે, પરંતુ, હાસ્યતા ફુલના દડાને વર ગણવામાં અને તેનું મરણ થયેલુ માનવામાં રહેલી છે. આવાં લગ્નથી પરિણામે સંસારમાં ઉપજતી અનિષ્ટતા વિશેના વિચારથી તો ખેદ થાય છે, હાસ્ય થતું નથી.

નૃત્યનુ પ્રો. બર્ગસને જે ઉદાહરણ આપ્યું છે તેના સરખું બીજું ઉદાહરણ કલ્પીશું. ઇનસાફની અદાલતમાં કે મહત્ત્વના વિષયપર વિચાર કરવા મળેલી જાહેર સભામાં સાનસામાં ભાષણ થતાં હોય અને મનુષ્યોને થતી જુદી જુદી વૃત્તિઓ અને લાગણીઓ પ્રમાણે તેમની મુખમુદ્રા અને ચેષ્ટા બદલાતી હોય, તે વેળા અદાલતના કે સભાનાં બારીબારણાં બધી

તરફથી બંધ હોય અને કાંઈ પણ અવાજ બહાર સભળાતો ન હોય, તેવે પ્રસંગે આ બધો વ્યવહાર શાનો છે તે ન જાણનાર કોઈ અજાણ્યો માણસ એકાએક આવી ચઢે અને બહારથી બારીબારણાંના કાચમાંથી એ દેખાવ જુએ તો અંદરના માણસો મૂર્ખાઇ ભરેલા ચાળા કરે છે એમ તેને લાગે અને એ મૂક અભિનય જોઇ તેને હસવું આવે. અંદરના માણસોની લાગણીઓ તે નથી અનુભવતો તેથી તેને હસવું આવે છે એ ખરૂં છે. તેમ જ, નૃત્યના ઉદાહરણમાં વર્ણવેલી સ્થિતિમાં સંગીતથી સૂચવાતા ભાવના અનુભવથી રહિત હોવાથી આપણે એ નૃત્ય કારણ વિનાનું અને હાસ્યપાત્ર ધારીએ છીએ એ ખરૂં છે. એ ઉદાહરણોમાં વર્ણવેલા માણસોની લાગણીઓ જેઓ જાણતા હોય, તેમની સાથે તેમના જેવી લાગણીઓ જેઓ અનુભવતા હોય અને તેમની પેઠે એ લાગણીઓથી જેઓ ઉશ્કેરાયેલા હોય, તેમને હસવાનું કારણ ન જણાય એ પણ ખરૂં છે. પરંતુ, એ લાગણીઓથી અજાણ્યા હોઇ જેઓ અર્થહીન ચેષ્ટાને હસે છે તેઓ યોગી સરખી અક્ષુબ્ધ ભાવહીન સ્થિતિમાં હોતા નથી. આશ્ચર્યથી એકાએક ચકિત થઈ તેઓ ક્ષુબ્ધ થયેલા હોય છે, હાસ્યની લાગણીથી તેઓ ઉશ્કેરાયેલા હોય છે. એ મનુષ્યો આવી ચેષ્ટા શા માટે કરતા હશે એવો વિચાર જે કરવા માંડે તેનું ચિત્ત એ ચેષ્ટાનું કારણ ખોળવામાં ગુંથાય અને તેવી સ્થિતિમાં હાસ્યની લાગણી લુપ્ત થઇ જાય ખરેખરી રીતે જોતાં, આવે પ્રસંગે વિચારવંત સ્થિતિ હોય તો હસવું આવે જ નહિં, કેમકે માણસો નિષ્પ્રયોજન ચેષ્ટા કરે નહિ એવો ખ્યાલ એવી સ્થિતિમાં આવે. જેમણે કોઇવાર સંગીત સાથે થતું નૃત્ય જોયેલું હોય અથવા ઇનસાફની અદાલતમાં કે જાહેર સભામાં જઈ ત્યાંનાં સભાપણ સાંભળેલાં હોય અને હકીકત જોયેલી હોય તેમને તો મૂક ચેષ્ટા જોઈ તરત તે બનાવોનું સ્મરણ થાય અને હાસ્યની લાગણી થાય નહિ. જેઓ આમાંના કોઇ પ્રકારે વિચારપરાયણ ન થાય તેમને જ હાસ્યની વૃત્તિ થાય. આમ સર્વ રીતે હાસ્ય બુદ્ધિનો વિષય નથી, પણ, લાગણીનો વિષય છે. વિચાર (thought)-ને પરિણામે હાસ્ય થતું નથી, પણ વિકાર (emotion) ને પરિણામે હાસ્ય થાય છે.

પ્રો. બર્ગસન ત્રીજો અંશ એ બતાવે છે કે હાસ્યવૃત્તિમાં સામાજિક સંબંધ આવશ્યક છે, અર્થાત્, જેને હાસ્ય થાય તે પોતાને અમુક જનસમાજમાંનો કે મંડળમાંનો માનતો હોય એ જરૂરનું છે. તેની એવી માન્યતા હોય ત્યારે જ તેને હાસ્ય થાય છે. 'હું અને મારા સમાજ કે

મંડળમાંના બીજાઓ અમુક વૃત્તિવાળા છીએ અને અમને બધાને આ પ્રસંગે હસવું આવે કે હાસ્યતા લાગે એમ છે,' એવી ચિત્તાવસ્થા એ પ્રસંગે હમેશ હોય છે. બીજાઓથી જુદા પડી ગયેલા માણસને હાસ્યની વૃત્તિ થતી નથી. આનું કારણ પ્રો. બર્ગસન એ દર્શાવે છે કે મનુષ્યસ્વભાવ એવો છે કે હાસ્ય વખતે પડઘાની જરૂર લાગે છે, હસનારને હાસ્યના પ્રસારની અપેક્ષા રહે છે, બીજાઓ પણ આ વેળા હસી રહ્યા છે એવી ધારણા પોતાના હાસ્યના આધાર માટે તેનુ ચિત્ત સ્વીકારી લે છે. ઉદાહરણાર્થ તેઓ કહે છે કે કોઈ માણસો આગગાડીમાં મુસાફરી કરતાં વાતો કરી હસતા હોય તે વેળા તેમનાથી દૂર બેઠેલા મુસાફરને હસવું ન આવે, પણ, તેમનામાં જઈને તે ભળે તો તેને એ વાતોથી હસવું આવે. તેમ જ, નાટકશાળામાં જેમ શ્રોતામંડળનો જમાવ વધારે હોય તેમ હાસ્ય વધારે નિરંકુશ થઈ પ્રવર્તે છે.

હાસ્યપ્રસંગમાં આવો સામાજિક સંબંધ હોય છે એ પ્રો. બર્ગસનનો મત સ્વીકારવા યોગ્ય છે. એવે પ્રસંગ સામસામી આવેલી સ્થિતિઓની વિષમતા વિશે ઉપર જે વિવેચન કર્યું છે તેથી એ સામાજિક સંબંધનુ કારણ સમજાશે. સામસામી આવેલી સ્થિતિઓ એનાએ વિષયની છતાં તેમાંની એક સ્વાભાવિક તથા યથાયોગ્ય છે અને બીજી વિલક્ષણ તથા તરેહવાર છે એમ હસનારને લાગે છે, અને, તે સાથે પોતે એમાંની સ્વાભાવિક તથા યથાયોગ્ય સ્થિતિ પારખી શકે તથા સાચવી શકે તેમ છે અને તે કારણથી સામી સ્થિતિવાળા કરતાં પોતાનામાં એટલું ચઢિયાતાપણું છે એમ તેને લાગે છે. આ સ્વાભાવિકતાની તથા યથાયોગ્યતાની પુષ્ટિ માટે, આ ચઢિયાતાપણાની પુષ્ટિ માટે, તેને બીજાઓની જરૂર લાગે છે. બે સ્થિતિઓમાંની પોતાની સ્થિતિ સ્વાભાવિક અને યથાયોગ્ય છે એ અનુભવ પાકો કરવા માટે તેને એવી કલ્પના કરવી પડે છે કે બીજાઓ પણ એ જ સ્થિતિમાં છે અને હાસ્યપાત્ર માણસ એકલો જ વિલક્ષણ તથા તરેહવાર સ્થિતિમાં છે. એવી મદદની કલ્પના વિના તેને ચઢિયાતાપણું પાકા પાયાનું લાગતું નથી. હાસ્યપાત્ર માણસની પેઠે તે પોતે પણ પોતાની સ્થિતિમાં એકલો હોય તો તેની પોતાની સ્થિતિ જ વખતે વિષમ હોય એવો સંશય તેને ગમતો નથી, અને તેથી, તેના મનને બીજાઓની સામેલગીરી જરૂરની લાગે છે. તેથી, સાથે હસનાર મંડળ વધારે હોય તેમ હાસ્ય વધારે જોરથી પ્રવર્તે છે અને વધારે લાંબા વખત સુધી ચાલે છે તે આવી સામેલગીરીને લીધે થાય છે. પરંતુ, એ લક્ષમાં રાખવું જોઈએ કે એવી સામેલગીરી

વાસ્તવિક હોય તેમ કલ્પિત પણ હોઇ શકે; અર્થાત્, માણસ એકલો હોય ત્યારે પણ હાસ્યપ્રસંગ જોઈ હસી શકે, અને મારા સરખા બીજાઓ હાજર હોય તો તેઓ પણ હસે એમ કલ્પના કરી તે સામેલગીરીનો ટેકો મેળવી શકે. પ્રો. બર્ગસને દર્શાવેલુ આગગાડીની મુસાફરીનું ઉદાહરણ લેતાં એમ બની શકે કે હસનાર મંડળથી દૂર બેઠેલો મુસાફર પણ તે મંડળની વાતો સાંભળી તેમની વૃત્તિ સાથે એકદિલ થાય તો તે દૂર બેઠો બેઠો પણ હસી શકે. અલબત્ત, એકલા બેસી હસનારને બીજાઓ વિના કારણે અથવા ખોટા કારણે હસતો ધારી મૂર્ખ ગણે એવો સંભવ છે, અને તેથી તે મ્હોં નીચું અથવા આડું કરી હસે છે, અને, કોઈ તેને જુએ છે ત્યારે તે હસવું બંધ કરવાનો પ્રયત્ન કરે છે અથવા તો જોનારને પોતાનું હાસ્યકારણ કહી બતાવી તેને હાસ્યમાં સામેલ કરવા પ્રયત્ન કરે છે. આ હકીકત પણ સામેલગીરીની આવશ્યકતા બતાવે છે.

હાસ્યપાત્ર મનુષ્યનુ જે લક્ષણ હાસ્ય ઉપજાવે છે તેનું સ્વરૂપ શું છે એ વિશે વિવેચન કરી પ્રો. બર્ગસન એ સિદ્ધાંત બાંધે છે કે એ લક્ષણ તે mechanical inelasticity (જડ યંત્ર સરખી વિશેષ પ્રસંગને અનુકૂળ થવાની અશક્તિ) છે. ઉદાહરણાર્થે તેઓ કહે છે કે રસ્તામાં દોડતો માણસ પથ્થરની ઠોકર વાગવાથી ગબડી પડે છે ત્યારે તે જોઈ બીજાઓને હસવું આવે છે, તેનુ કારણ એ છે કે તે ધ્યાન વગર દોડયો ગયો અને વચમાં પથ્થર આવ્યો તે વિશેષ પ્રસંગાનુસાર પોતાની ગતિ ન બદલતાં તેણે એકધારી ગતિથી દોડવુ ચાલુ રાખ્યું. કુચી દીધાથી ચાલતા જડ પુતળા પેઠે તે વર્ત્યો, તેના શરીરમાં જડ વસ્તુ સરખી હઠીલાઇ માલમ પડી, સચેતન પ્રાણી એવે પ્રસગે સાવધ થઈ પોતાની ગતિ બદલે તેમ તેણે કર્યું નહિં, એ ધ્યાન વગરની સ્થિતિ (absont-mindedness) નું કઢંગાપણું હાસ્યનુ કારણ બને છે. તેમ જ, કોઈ માણસને રોજના કામકાજની ઝીણી ઝીણી બાબતો ગોઠવી મુકેલી ગણતરી પ્રમાણે કરવાની ટેવ હોય, તેના ઉપયોગની વસ્તુઓ કોઈ તોફાન ખાતર ફેરવી નાખે, તે ખડીઆમાં કલમ બોળે ત્યાં કલમ કાદવવાળી થઇ બહાર આવે, તે ખુરશી પર બેસવા જાય ત્યાં ખાલી જગાએ બેસવા જતાં ભોંય પર પડી જાય: એવા વૃત્તાંતમા ટેવને વશ થઇ ગયેલા માણસની અસાવધતા હાસ્ય ઉત્પન્ન કરે છે. રોજ વર્તતો હોય તે જ પ્રમાણે તે વર્તવા જાય છે, જડ યંત્ર પેઠે ગોઠવેલી જ કૃતિઓ કરી શકે છે, પણ, આવી પડેલા અવસર પ્રમાણે તે નવું વર્તન કરી શકતો નથી.

આ સિદ્ધાંત હાસ્યના સર્વ વિષયોમાં પ્રો. બર્ગસન લાગુ પાડે છે. ઉચિતતા પ્રમાણે બદલાવાની શરીરની અશક્તિ જેમ ઉપર કહ્યા પ્રમાણે હાસ્ય ઉત્પન્ન કરે છે તેમ મનની અને નીતિલક્ષણની એવી અશક્તિ પણ હાસ્ય ઉત્પન્ન કરે છે એમ તેઓ કહે છે. આ મત તેઓ આ પ્રકારે પ્રતિપાદન કરે છેઃ અમુક એક વિષયના વિચારોમાં ગરક થઈ જઈ કોઈ માણસ અસંભવિત કલ્પનાઓમાં ઉતરી પડે છે ત્યારે તેનું મન ધ્યાન વગરનું થઇ જાય છે. જાદુથી મ્હોટા મ્હોટા વૈભવ મેળવવાના સ્વપ્નમય વિચાર કરનાર પોતાની આસપાસ પરીઓ, ઉડતા મ્હેલો અને સોનાના ડુંગરો જુએ છે, ચારે તરફની ખરી દુનિયાને તે જોઇ શકતો નથી, અને એ તેનું બેભાનપણું તેના મનની જડતા તથા યથાયોગ્ય ઘટનામાં ગોઠવાવાની અશક્તિ સુચવી હાસ્ય ઉત્પન્ન કરે છે. નીતિલક્ષણની ન્હાની ખામીઓનું પણ આ જ સ્વરૂપ છે. મ્હોટી ખામીઓથી દુર્ગુણ ઉદ્ભવે છે; અને તે કરુણરસનો વિષય બને છે. પરંતુ, ન્હાની ખામીઓ હાસ્ય ઉપજાવે છે; તેનું કારણ એ છે કે એ ખામીવાળો માણસ બેભાન હોય છે, પોતાની હાસ્યમય ખામીઓની તેને ખબર નથી હોતી, જડ યંત્ર પેઠે પોતાના બંધાયેલા લક્ષણને માર્ગે વર્ત્યો જાય છે અને પોતાનું ચારિત્ર્ય યોગ્યતા પ્રમાણે બદલી શકતો નથી.

મનુષ્યોની આકૃતિઓને અને ચેષ્ટાઓને પણ તેઓ આ જ સિદ્ધાન્ત લાગુ પાડે છે. કદરૂપા માણસની આકૃતિમાં જડતા ભરેલી હઠીલાઇ જણાય ત્યારે તે હાસ્યપાત્ર થાય છે એમ તેઓ કહે છે તેમને મતે ખુંધા માણસને જોઈ હસવું આવે છે તેનું કારણ એ છે કે તેના દર્શનથી એવો આભાસ થાય છે કે તેને ખુંધા રહેવાની કુટેવ પડી ગઈ છે, એ કુટેવ પ્રમાણે જ તે વર્ત્યો જાય છે, અને જોઇએ ત્યારે સીધા થવાની તેનામાં અશક્તિ છે. આ અશક્તિના મૂળમાં બેભાનપણું રહેલું જણાય છે. અને તેથી, જે કદરૂપાપણું હાસ્યપાત્ર થાય તે નકલ થઈ શકે એવું હોવું જોઈએ, સાવધ માણસથી સાધ્ય હોવું જોઇએ, એમ તેઓ કહે છે. જાહેર ભાષણો કરનાર વક્તાને બોલતી વખત હાથના કે ડોકાના ચાળા કરવાની ટેવ પડી ગઈ હોય છે તેથી હાસ્ય થાય છે, તેનું કારણ પણ તેમને મતે એ છે કે ભાષણ દરમ્યાન ભાવ અને કલ્પના પ્રતિક્ષણ રૂપાન્તર પામતાં જાય છે, ઉલ્લાસ પામતાં જાય છે, પ્રફુલ્લિત થતાં જાય છે, પરંતુ, ચાળાઓ તો એના એ જ રહે છે અને એના એ જ રૂપે ઘડી ઘડી પ્રકટ થયાં કરે છે; આથી વક્તામાં બેભાનપણું જણાય છે, જડ યંત્રની ગતિ પેઠે તે-

ના ચાળા થતા હોય એમ લાગે છે અને વિવિધ પ્રસંગ પ્રમાણે જુદી જુદી ચેષ્ટા કરવાની તેની અશક્તિ હાસ્ય ઉત્પન્ન કરે છે.

આમ બધા હાસ્યપ્રસંગોમાં બેભાનપણું (absent-mindedness) રહેલું હોય છે, અને તેને લીધે અવસરનું અનુસરણ કરવાની અશક્તિ (inelasticity) દેખા દે છે તથા હાસ્ય ઉપજાવે છે; એવું પૃથક્કરણ કરી પ્રો. બર્ગસન એ અનુમાન કરે છે કે આશ્ચર્ય, વિષમતા, સરખા અંશો- થી હાસ્યનો ખુલાસો કરવો એ ભૂલ છે. એ અંશોની આવશ્યકતા તેઓ એટલી જ સ્વીકારે છે કે જ્યાં હાસ્યરસ વાસ્તવિક રીતે હોવા છતાં કોઈ રૂઢિના આચ્છાદનને લીધે હાસ્યરસનુ દર્શન થતું નથી ત્યાં એ અંશો રૂઢિના આચ્છાદનને દૂર કરે છે. ઉદાહરણાર્થ, અમુક જાતનાં વસ્ત્ર પહેરવાની રૂઢિ પ્રચલિત હોય ત્યારે એ વસ્ત્રો પહેરનારા હસવા સરખા જણાતા નથી, પણ, એ રૂઢિ બંધ પડી જાય તે પછી એ વસ્ત્રોના આકારનું હસવાસરખાપણું ધ્યાનમાં આવે છે. અને એ રીતે ભૂતકાળના પહેરવેશથી હાસ્ય થાય છે. પહેરવેશની રૂઢિ વર્તમાન હોય ત્યારે પણ તે રૂઢિથી જે પોતાનુ ચિત્ત આઘું ખસેડી શકે તેને તેમાં રહેલી હાસ્યતા સમજાય છે. આ રીતે, આશ્ચર્ય અને વિષમતા તે માત્ર હાસ્યકારણના દર્શનમાં અવરોધ કરનાર રૂઢિના સાતત્ય- નો ભંગ કરે છે, અને એ પ્રકારે હાસ્યકારણને પ્રકટ કરવામાં સહાયભૂત થાય છે, એમ તેઓ કહે છે.

પરંતુ, આશ્ચર્ય અને વિષમતા પ્રો. બર્ગસન કહે છે તેવા ગૌણ અંશ નથી. પ્રસંગાનુસરણની આવી અશક્તિ (inelasticity) તે આખરે વિષમતા જ છે. જ્યાં એવી શક્તિ સ્વાભાવિક રીતે હોવી જોઇએ ત્યાં એવી અશક્તિનું દર્શન તે વિષમતા સિવાય બીજું કાંઈ નથી. Inelasticity એ મૂળ જડ પદાર્થનું લક્ષણ છે, જેની આકૃતિ તાણીને બદલી શકાય નહિં એવા જડ પદાર્થનું તે વિશેષણ છે. માત્ર રૂપક વડે એ વિશેષણ ચેતનભાવને લગાડી શકાય છે, અને એ વિશેષણ બહુ ખેંચી ખેંચીને જ પ્રો. બર્ગસન મન, નીતિલક્ષણ વગેરેને લગાડી શકે છે, અને એ પ્ર- યોગ અસંતોષકારક લાગે છે; inelastic કહેવાય એવુ ઉપરનાં ઉદાહરણો- માં વાસ્તવિક રીતે કશું નથી એમ સરવાળે આપણો અભિપ્રાય થાય છે. વળી, elasticity (બદલાવાની શક્તિ) નો મુખ્ય અર્થ લક્ષમાં રાખીશું તો જણાશે કે elasticity હોય-પ્રસંગે બદલાવાની શકિત હોય-ત્યાં પણ હાસ્યકારણ હોઈ શકે છે. ઉદાહરણાર્થ, ખુંધાની નકલ કરનાર માણસ

ઘડીમાં ખુંધો અને ઘડીમાં ખુંધ વગરનો સીધો દેખાવાનો ડોળ કરતો હોય તો એ elasticity જ એ સ્થિતિઓને પાસે પાસે આણી તેમની વિષમતા દર્શાવી હાસ્ય ઉત્પન્ન કરે છે. રંગભૂમિ ઉપર ઘડીમાં મૂર્ખાઈ ભરેલું અને ઘડીમાં ડહાપણ ભરેલું આચરણ કરનાર, ઘડીમાં જુઠું બોલનાર અને ઘડીમાં સાચું બોલનાર પાત્ર પણ એ જ પ્રમાણે elasticityથી વિષમતા ઉત્પન્ન કરી હાસ્યકારણ ઉપજાવી શકે છે.

આશ્ચર્ય પણ ગૌણ અંશ નથી. enelasticity આશ્ચર્ય આગળ ગૌણ છે. enelasticity ના દર્શનથી આશ્ચર્ય થતું ન હોય તો એ દર્શન હાસ્યરસ માટે નકામું છે. છોકરો નિશાળમાં હીસાબ ગણતાં સરવાળામાં એક આંકડો ભૂલી જાય, તે પ્રો. બર્ગસનની વ્યાખ્યા પ્રમાણે મનની inelasticity છે, પણ, તેથી હાસ્ય થતું નથી. પરંતુ પોતાની મંડળીની કુલ સંખ્યા ગણવામાં કોઇ માણસ પોતાને ગણવો ભુલી જાય તો એ inelasticity હાસ્ય ઉત્પન્ન કરે છે. બન્ને પ્રસંગમાં સરવાળાની ભૂલ હોય છે, બન્ને પ્રસંગમાં મનનું બેભાનપણું હોય છે, બન્ને પ્રસંગમાં મનની જડતા હોય છે, બન્ને પ્રસંગમાં મનની યથાયોગ્ય ગોઠવાવાની અશક્તિ હોય છે, બન્ને પ્રસંગમાં inelasticity હોય છે, પણ, પહેલા પ્રસંગમાં આશ્ચર્યનો અંશ નથી અને બીજા પ્રસંગમાં આશ્ચર્યનો અંશ છે તેથી ફેર પડે છે. તેથી, આશ્ચર્ય એ આવશ્યક અંશ છે અને તેનો આધાર inelasticity ઉપર નથી.

આટલું પર્યાલોચન કરી હાસ્યરસના વિવેચનમાં હવે આગળ વધીશું. “હાસ્ય” શબ્દ હસવાની શારીરિક ક્રિયા માટે તેમ જ હાસ્યરસ માટે વપરાય છે, અને વળી, હાસ્યરસના નિરૂપણમાં હસવાની શારીરિક ક્રિયા ક્યારે થાય છે એ ઘણી વેળા દર્શાવવામાં આવે છે. આ બે હકીકત પરથી કદી કદી એવો ખ્યાલ થાય છે કે હસવાની શારીરિક ક્રિયા ન હોય ત્યાં હાસ્યરસ હોય નહિં. પરતુ, આ વિવેચનના આરંભમાં કહ્યું છે તેમ એ શારીરિક ક્રિયાનો અને હાસ્યરસનો સમવાયસંબંધ નથી. એ શારીરિક ક્રિયા ન થતી હોય ત્યાં પણ હાસ્યરસ હોય છે અને તે ઉંચા પ્રકારનો હોય છે. આ વસ્તુસ્થિતિ સમજવા સારૂ હાસ્યરસના પ્રદેશો ઉપર દૃષ્ટિ કરીશું.*

ઇંગ્રેજ વિવેચકો હાસ્યરસના Wit અને Humour એવા બે ભાગ

* આ લેખક ગુજરાત સાહિત્ય સભા સમક્ષ તા. ૧૨ નવેમ્બર ૧૯૦૪ ના રોજ ‘ ગુજરાતી સાહિત્યમાંનો હાસ્યરસ ’ એ વિષય ઉપર ભાષણ કરેલું તેનો સુધારા વધારા સાથે આ પછીના વિવેચનમાં સમાવેશ કર્યો છે.

પાડે છે. સ્વ. નવલરામે Wit નો અર્થ 'મર્માળાં કટાક્ષવચન ' એ પદથી કર્યો છે અને Humour નો અર્થ ' ઠાવકું હાસ્ય ' એ પદથી કર્યો છે. ' નર્મયુક્તવાક્ચાતુર્ય ' અને ' સમર્મ હાસ્યરસ ' એવી શબ્દયોજના અનુક્રમે કરીશું તો તે કદાચ વધારે યોગ્ય થશે. Wit માં નર્મ હોય છે, Humour માં મર્મ હોય છે. નર્મ એટલે મજાક, મશ્કરીનું છુટું વચન. મર્મ એટલે રહસ્ય, ઉંડો હાસ્યાનુભવ. નર્મ હોય છે ત્યાં વિલક્ષણ વાક્યરચનાથી હાસ્યરસ થાય છે, અને મર્મ હોય છે ત્યાં વિલક્ષણ વસ્તુસ્થિતિ ખુલ્લી પાડવાથી હાસ્યરસ થાય છે.

Wit ('વિટ') અને Humour ('હ્યુમર')માં, નર્મના અને મર્મના હાસ્યરસમાં, પ્રાણપ્રદ અંશ એનો એ જ હોય છે. બન્નેનું સ્વરૂપ એ હોય છે કે તેમાં બે વિચારો કે બે ભાવો કે બે સ્વભાવો કે બે વૃત્તિઓ કે બે વલણો કે બે પ્રસંગો વિરોધી છતાં એકાએક એવા સંયોગમાં આવી જઇ અથડાય છે કે તેમનો યોગ વિચિત્ર લાગે છે તોપણ કોઈ રીતે સંતોષકારક લાગે છે અને તેથી રમુજ થાય છે. પરંતુ, એ વિરોધી સંયોગવાળી વિચિત્રતા દર્શાવવાના તે બન્નેના પ્રકાર જુદા હોય છે. તેમ જ, તે બેમાં હાસ્યરસનું ઉંડાણ સરખું હોતું નથી. જ્યાં બે ઉક્તિઓ કે વચનો એવી વાક્યરચનામાં ગોઠવવામાં આવે કે તેમની વચ્ચે રહેલો વિરોધ પ્રથમ દર્શને જ પ્રકટ થાય અને બેમાંથી એકને નીચે ઉતારી પાડવામાં વિનોદમય વિચિત્રતા જણાય ત્યાં નર્મયુક્ત વાક્ચાતુર્ય ('વિટ') હોય છે. જ્યાં અમુક સ્થિતિ કે પ્રસંગ એવી રીતે વર્ણવવામાં આવે કે એ જ વિષયના સાધારણ સુવ્યવસ્થિત સ્વરૂપ સાથે સરખામણી સૂચિત થાય, અને, એ સરખામણીને પરિણામે જણાતા વિરોધને લીધે વર્ણવેલી સ્થિતિ કે પ્રસંગમાં વિચિત્રપણામી વસેલી અને હસેલી લાગે, તથા તેથી વિનોદ થાય, ત્યાં સમર્મ હાસ્યરસ ('હ્યુમર') હોય છે. બન્નેમાં ઉત્કર્ષ—અપકર્ષના દર્શનથી વિનોદ થાય છે, પણ 'વિટ'માંનો અપકર્ષ કોઇ વાતને તે ઘડીએ ઉતારી પાડયાથી થયેલો લાગે છે, અને, 'હ્યુમર'માંનો અપકર્ષ ઘણા વખતથી ચાલ્યો આવેલો હોઇ તે વખતે ખુલ્લો પાડેલો લાગે છે. 'વિટ'માં અમુક વિશેષ બિનાની વિલક્ષણતા ઉદ્દિષ્ટ કરેલી હોય છે, અને, 'હ્યુમર'માં અમુક સામાન્ય સ્થિતિની વિલક્ષણતા ઉદ્દિષ્ટ કરેલી હોય છે. 'વિટ'નો હાસ્યરસ પ્રથમ દર્શનનો અને ઉપરની સપાટીનો હોય છે, અને ' હ્યુમર 'નો હાસ્યરસ ઉંડા અને અન્તરમાં ઉતરેલા અનુભવનો હોય છે. રમુજી ટુચકા, હાજરજવાબ, સભાચાતુર્ય, રંગલા—લઉઆ—વિદૂષકનાં વચનો: એ સહુમાં 'વિટ'નો પ્રદેશ

હોય છે. ઈસપનીતિ, પચતંત્ર, અમુક સ્વભાવનાં માણસોની કે અમુક જાત-ના રીવાજોની મૂર્ખાઈ ચિતરનાર વાર્તાઓ, અમુક પ્રકારના વિલક્ષણ પ્રસંગોનું પૃથક્કરણ કરી તેમાંની અયુક્તતા (absurdity) સૂચવનાર વર્ણનોઃ એ સહુમાં 'હ્યુમર' નો પ્રદેશ હોય છે. 'વિટ'થી થતું, હાસ્ય (હસવા-ની ક્રિયા) ઉછળતું અને ખળભળતું હોય છે. ' હ્યુમર ' થી થતું હાસ્ય 'હાવકું' હોય છે, સહેજ સ્મિતથી મ્હોં મલકાય, એથી વધારે હાસ્યનું તેમાં દર્શન થતું નથી; અને ઘણી વેળા એટલું હાસ્ય પણ તેમાં બહાર પડતું નથી; પરંતુ, તેનો હાસ્યરસ ઉંડો અને ઉંચા પ્રકારનો હોય છે, વસ્તુ-સ્થિતિનું પૃથક્કરણ કરી તેની અન્દર રહેલી હાસ્યમયતાનુ તે કુશલ દર્શન કરાવે છે. 'વિટ'નું હાસ્ય અમુક વચનથી કે વાક્યથી ઉદ્દીપ્ત થાય છે, પણ, 'હ્યુમર'નુ હાસ્ય તેવું ન હોતાં આખી વાર્તાના કે આખા વર્ણનના ભાવાર્થથી ફલિત થાય છે.

ઇંગ્રેજી ભાષામાં Witનો મૂળ અર્થ 'બુદ્ધિ' છે અને Humour નો મૂળ અર્થ ' શરીરમાંનો પિત્તાદિ રસ' છે. આ વ્યુત્પત્તિને પરિણામે બુદ્ધિ ની ચતુરાઈથી ઉત્પન્ન થતા હાસ્યરસને Witનુ નામ અપાયુ છે, અને, (શરીરમાંના રસથી બનતી) સ્વભાવની ખાસીઅતથી ઉત્પન્ન થતા હાસ્ય-રસને Humour નું નામ અપાયું છે. એ બે શબ્દોના ઉપર કહ્યા તેવા અર્થ હવે રૂઢ થયા છે, પરંતુ, ઇંગ્રેજ વિવેચકો એ શબ્દોની જે વ્યાખ્યા-ઓ કરે છે તેમાં આ વ્યુત્પત્તિની રેખાઓ નજરે પડે છે. લી હન્ટની વ્યાખ્યા આ પ્રમાણે છેઃ ' અણસરખા વિચારોને ચાલાકીથી અને ઉલ્લાસથી ભેળી દેવાના હેતુથી કે જુદા પાડવાના હેતુથી કે ઘણું ખરૂ બન્ને હેતુથી એવા વિચારોને સ્વચ્છંદી રીતે પાસે પાસે મુકવા તે "વિટ" છે' 'વિચાર અને લાગણીના જે પ્રકારોનો બહુ ખુલાસો થઇ શકતો નથી પણ જે વિનોદમય છે એમ સમજાય છે તે પ્રકારો તરફ ગતિ કરવાનુ મનનું વલણ તે "હ્યુમર" છે.****"વિટ"માં સ્વચ્છંદી વિચારોના વિરોધનો સમાવેશ થાય છે; "હ્યુમર"માં ચારિત્ર્ય અને પ્રસગના વિરોધનો સમાવેશ થાય છે.' (ઇમેજીનેશન ઍન્ડ ફેન્સિ.) આ વ્યાખ્યાઓમાં કહેલી વિચારોને પાસે પાસે મુકવાની ચાલાકી તે વાક્યરચના ગોઠવવાની બુદ્ધિની ચતુરાઇ છે, અને, મનનું વિનોદમય વલણ તે સ્વભાવની એવી ખાસીઅત છે કે જે સ્થિતિ-ઓની અને પ્રસગોની વિચિત્રતા શોધી કહાડે છે.

આ બેનો ભેદ વિલિયમ હેઝલિટ આ પ્રમાણે દર્શાવે છેઃ 'હાસ્યજનક

વસ્તુ જાતે જેવી હોય તેવી વર્ણવવી તે "હ્યુમર" છે. બીજા કશા સાથે તેની સરખામણી કરી કે તેનો વિરોધ દર્શાવી તે વસ્તુને પ્રકટ કરવી તે "વિટ" છે. "હ્યુમર" તે જાણે કે કુદરત અને અકસ્માતથી ઉપજે છે. "વિટ" તે કલા અને તરંગમય કલ્પનાથી ઉપજે છે. પુસ્તકોમાં "હ્યુમર"નું જે દર્શન થાય છે તે માણસજાતમાં કુદરતી રીતે આવેલી કે ટેવ બંધાયાથી આવેલી મૂર્ખાઇઓનું અનુકરણ હોય છે, અથવા તો, અમુક આકસ્મિક પ્રસંગમાં, અમુક સ્થિતિમાં કે અમુક ચારિત્ર્યમાં જે હાસ્યજનક હોય તેનું એ અનુકરણ હોય છે. બે વસ્તુઓ વચ્ચેની અણધારી સરખામણીથી કે વિરોધથી એ મૂર્ખાઇનો ભાવ વધારે પ્રબળ કરી દર્શાવવો તે "વિટ" છે, અને તેથી જે ગુણની આપણે મશ્કરી કરીએ છીએ કે જે ગુણને આપણે ધિક્કારીએ છીએ તે વિશેષ તિરસ્કારપાત્ર અથવા વિશેષ સ્પષ્ટ રેખાવાળો થઇ પ્રાદુર્ભૂત થાય છે. * * * * વિનોદ કે પીડાના વિષયોમાં "વિટ" હલકા અને નજીવા ભાવની સીમા આસપાસ ફર્યા કરે છે; ગંભીર વસ્તુનું ગંભીર વર્ણન થાય ત્યાંથી "વિટ" લુપ્ત થાય છે અને તેની બીજા રૂપમાં સંક્રાન્તિ થાય છે. *** ઈસપ કદરૂપો ગુલામ હતો પણ તેણે મનુષ્યસ્વભાવ તરફ તિરછી દૃષ્ટિ નાખી હતી. તેણે માણસ જાતની નબળાઇઓ અને ભૂલોનુ નિરીક્ષણ કર્યું, અને, તે બીજી જાતને નામે ચઢાવી. દુર્ગુણ અને સદ્ગુણ તે તેને ઇન્દ્રિયગમ્ય પદાર્થો જેવા સ્પષ્ટ દેખાતા હતા. માણસ તે બોલબોલ કરતું, મૂર્ખાઈ ભરેલું, હઠીલુ, મગરૂર અને ક્રોધી પ્રાણી છે એમ તેને જણાયુ, અને, તેણે આ ગુણો જુદા પાડી તે સાથે પાંખો કે ચાંચ કે પુછડી કે પંજા કે લાંબા કાનવાળું શરીર જોડ્યું, અને એ રીતે પશુઓના એ અંગમાં ચિત્રરૂપ અક્ષરોએ લખાયેલી ભાષા ઉકેલી. તેનું નીતિશાસ્ત્ર તે પ્રાણિવિજ્ઞાન છે. તે ગધેડા પાસે ડહાપણ ભુલાવે છે અને દેડકા પાસે દયાળુતા આરડાવે છે. તેની રચનામાં નીતિવિષયના સત્યનો જે ખજાનો છે અને એ સત્ય સદાકાળ ટકનારા રૂપમાં દર્શાવવાની કલ્પનાશક્તિનો જે ભંડાર છે, એ રૂપનો જે સુગ્રાહ્ય અને સુગમ પ્રકાર છે, એ રૂપ આબાલવૃદ્ધ સર્વને બધા જમાનામાં અને બધી પ્રજાઓમાં જે પ્રકારે આનંદ આપે છે, તે અદ્‌ભુત ચમત્કારમય છે. નીતિમય સાર દર્શાવવા સારુ પશુપક્ષીઓની અસંભવિત ત (Fable) જોડી કહાડવી એ મનુષ્યના બુદ્ધિપ્રભાવની એવી અનુપમ શક્તિ છે કે તે મેળવવાની આપણને બહુ આકાંક્ષા થાય એમ હું ધારૂં છું. જે સત્યની કુંચી બીજી કોઈ રીતે હાથમાં આવતી નથી તે એ માર્ગે જડી આવે છે, અને, એ સત્ય એક વાર એ રીતે જડ્યા પછી

કદી ભુલાતું નથી. યુક્લિડની ભૂમિતિનો કર્તા થવાને બદલે ઈસપની વાર્તાઓનો કર્તા થવાનું હું વધારે પસંદ કરૂં.' (લેકચર્સ ઑન ધિ ઇંગ્લિશ કૉમિક રાઇટર્સ.) હાસ્યજનક વસ્તુઓનું મૂળ સ્વરૂપ આકસ્મિક પ્રસંગો દ્વારા બહાર પાડવાની 'હ્યુમર' ની શક્તિને અહીં કુદરતથી કે બંધાયેલી ટેવથી ઉત્પન્ન થતી કહી છે તે સ્વભાવની ખાસીઅત છે, અને, એ સ્વરૂપને લઘુભાર સરખામણી કે વિરોધથી પ્રકટ કરવાની શક્તિને 'વિટ' કહી છે તે વાક્ચાતુર્ય છે.

મનુષ્યસ્વભાવમાં રહેલી નિર્બળતા અને વિલક્ષણતાને પ્રકાશિત કરી એ રીતે નીતિતત્ત્વ સ્થાપિત કરવાની 'હ્યુમર'માં રહેલી અવનવી શક્તિનું દર્શન ઈસપનીતિ સરખા ગ્રન્થો દ્વારા કેવી રીતે થાય છે તે હેઝલિટે યથાર્થ રીતે વર્ણવ્યું છે. મનુષ્યસ્વભાવમાંની વિલક્ષણતાઓમાં સત્યનું દ્વાર રહેલું છે, અને, હાસ્યરસના મર્મની પરીક્ષા વિના તે દ્વાર દેખાતું નથી; એ પરીક્ષા સાધારણ દૃષ્ટિબિન્દુથી થતી નથી, પણ, સામા ઉભા રહેવાને બદલે આડા ઉભા રહી વસ્તુના અન્તરમાં દૃષ્ટિ નાખ્યાથી થાય છે. એ દર્શન જેને થાય છે તેના ચિત્તમાં વિશેષ સામર્થ્ય રહેલું હોય છે. બીજાને ગુચવાવી નાખે, મૂર્ખાઈમાં નાખે, તેવે વખતે જેનું મન એ મુશ્કેલીથી ચઢતી પદવીમાં રહી પરાજય ન પામે અને વસ્તુસ્થિતિનો ચતુરાઈથી અનુભવ કરી શકે તેને હાસ્યરસનો આસ્વાદ થાય છે.

હેઝલિટની ઉપરની વ્યાખ્યાને ડેવિડ હેને ખામી ભરેલી ગણે છે. તે કહે છેઃ સરખામણીથી 'વિટ' થાય છે એમ હેઝલિટ કહે છે, પણ, 'હ્યુમર' અને 'વિટ' બન્ને માટે સરખામણીની જરૂર છે. પરંતુ, એ બે શબ્દોના અર્થમાં કેવો વિકાસ થયો તે હેઝલિટની વ્યાખ્યા દર્શાવે છે. ગોલ્ડસ્મિથે એવી વ્યાખ્યા કરી હતી કે '"વિટ" મનુષ્યસ્વભાવને તેની સાધારણ સપાટી કરતાં ઉંચે લઈ જાય છે, "હ્યુમર" તેથી ઉલટું કાર્ય કરે છે, અને મનુષ્યસ્વભાવને નીચે લઇ જાય છે. "હ્યુમર"માં ઉન્નતિની ધારણા કરવી એ શબ્દવિરોધ છે. "હ્યુમર" નો વિષય અપકૃષ્ટ હોવો જોઇએ.' (ધ પ્રેઝન્ટ સ્ટેટ ઓફ પોલાઇટ લર્નિંગ.) ગોલ્ડસ્મિથે કરેલી વ્યાખ્યા પ્રમાણે 'હ્યુમર'માં માણસને પોતાના ઉત્કર્ષથી ખુશી થાય છે; પણ, હેઝલિટ એ લક્ષણ 'વિટ' નું છે એમ કહે છે. વળી, 'હ્યુમર' માં સમભાવ હોવો જોઇએ એ હેઝલિટે કહ્યું નથી. 'હ્યુમર' તે નિરીક્ષકના મનમાં નહિં પણ વસ્તુમાં કે ક્રિયામાં રહેલો ગુણ છે એ મતની હેઝલિટ અવગણના કરે છે. ક્રિયાઓનો

અને માણસોનો પ્રકાર હલકો જ હોવો જોઇએ એવું 'હ્યુમર' માં આવશ્યક નથી. હેઝલિટે કર્યો છે તેવો ભેદ ઍડિસને cheerfulness (ખુશમિજાજ) અને mirth (મશ્કરી) વચ્ચે કર્યો છે. તે કહે છે, 'હું મશ્કરી કરતાં ખુશમિજાજને હમેશ વધારે પસંદ કરૂં છું; મશ્કરી તે ક્રિયા છે, અને ખુશમિજાજ તે મનની ટેવ છે એમ હું ગણું છું. મશ્કરી અલ્પ અને ક્ષણિક હોય છે. ખુશમિજાજ દઢ અને કાયમ હોય છે.' (સ્પેક્ટેટર, અંક ૩૮૧.) આ વ્યાખ્યામાં 'ખુશમિજાજ'ને ઠેકાણે 'હ્યુમર' શબ્દ મુકીએ અને 'મશ્કરી'ને ઠેકાણે 'વિટ' શબ્દ મુકીએ તો એ બેની વ્યાખ્યા બરોબર થઈ રહે. હાસ્યજનક વસ્તુની દઢ અને કાયમ રહેનારી પરીક્ષા તે 'હ્યુમર' છે અને તે ટુંકા તથા ક્ષણિક વચનમાં પ્રકટ કરવામાં આવે તે 'વિટ' છે. જ્યોર્જ મેરેડિથ 'હ્યુમર'ની વ્યાખ્યા કરતાં કહે છેઃ 'હાસ્યપાત્ર માણસની ચારે તરફ ફરીને તમે હસો, તેને ઢોળી પાડો, તેને ગબડાવો, તેને તમાચો મારો, તેના પર આંસુ પાડો, તે તમારા જેવો છે અને તમે તમારા પડોશી જેવા છો એમ કહો, તમે તેનાથી આઘા પણ ન રહો અને તેનો કેડો પણ ન મુકો, તેને બનાવો એટલી જ તેની દયા ખાઓ તો તમે હાસ્યરસથી પ્રવૃત્ત થાઓ છો......ઉતરતી પંક્તિનો હાસ્યરસવેત્તા કલમવિનોદ થાય એવી રીતે હસનાર હોય છે, તે લાગણીઓમાં સુસ્થતા આણે છે અને કેટલીક વખતે લાગણીઓના જોરથી પરાભવ પામી જાય છે. પરંતુ, ઉંચી પંક્તિનો હાસ્યરસવેત્તા વિરોધોને પોતાની કોટીમાં લે છે, અને માત્ર મશ્કરીઓનાં કાવ્ય રચનારમાં એ અંશ હોતો નથી.' (એસે ઑન કૉમેડી એન્ડ ધિ યુસિસ ઑફ ધ કૉમિક સ્પિરિટ.) અહીં મેરેડિથે કહેલી પહેલી વાતમાં આ વિરોધનો અંશ ઉમેરવાની જરૂર છે. 'હ્યુમર' જ્યાં પરિપૂર્ણ સ્વરૂપે હોય છે ત્યાં ઢોળી પાડવાનું, ગબડાવવાનું, તમાચા મારવાનું અને બનાવવાનુ, એ બધું અપ્રાસંગિક હોય છે. કેવળ 'વિટ' થી અને જાડી મશ્કરીઓથી 'હ્યુમર' ના જે અંશને લીધે ભેદ પડે છે તેનુ પ્રાધાન્ય મેરેડિથે દર્શાવ્યુ છે. ડૉન કિવશૉટની બેવકુફીઓ, સેન્કો પાન્ઝાની ઉચ્ચતત્વહીન મૂર્ખાઈઓ, અને ફૉલસ્ટાફની મોજીલી ચંચળતા, એ સર્વને વિરોધોની કોટીમાં સમભાવથી, ગુણજ્ઞતાથી અને સ્નેહથી દાખલ કરવામાં આવે છે, અને મશ્કરીઓનાં કાવ્ય રચનાર કવિઓથી એ કાર્ય થઈ શકતું નથી. (એનસાઇક્લોપીડિઆ બ્રિટાનિકા, ૧૧ મી આવૃત્તિ, હ્યુમર વિશે લેખ, લેખક ડેવિડ હેને.)

આ વિવેચનમાં ડેવિડ હેને 'વિટ' અને 'હ્યુમર' ની ઉપર પ્રથમ કહેલી

વ્યાખ્યાઓ જ આખરે સ્વીકારે છે અને એ વ્યાખ્યાઓમાં કહેલો તે બે વચ્ચેનો ભેદ કબુલ રાખે છે. પરંતુ, હેઝલિટની વ્યાખ્યા વિશે તેણે જે ટીકા કરી છે તેની કાંઇક પરીક્ષા કરવાની જરૂર છે. એ કાર્ય યથાર્થ રીતે થઇ શકે તે માટે તે પ્રથમ 'વિટ' અને 'હ્યુમર'નાં કેટલાંક ઉદાહરણ તરફ નજર કરીશું. બન્નેનાં ઉદાહરણ જુદાં જુદાં આપીશું, પરંતુ, 'હ્યુમર'ની સમર્થ હાસ્યરસવાળી રચનામાં પણ 'વિટ'નાં ચતુરાઇભરેલાં નર્મ વાક્યો કોઇકિ કોઇકિ હોય છે તેથી આ બે પ્રકારનાં જુદાં જુદાં ઉદાહરણો આપવાની કાંઇક મુશ્કેલી છે, તોપણ, ઉદાહરણ આપી એ બેનો ભેદ સ્પષ્ટ કરવાનો પ્રયત્ન કરીશું.

૧. નર્મયુક્ત વાક્ચાતુર્ય ('વિટ') નાં ઉદાહરણઃ—

(૧) 'રાસભધર્મપત્ની.' (રસગંગાધર.)

(૨) 'મીર—(સારંગી કહાડીને ગાય છે):

"બાલમ રેન થોડી રે,
સુતી મને કયું ન જગાઈ રે. બાલમ૦"

* * * *

'દોડીઆ—વા ભા વા! વા વા બાવા' ગાય; તીઆરે અમને સંભળાવજે.

મીર—તો આ શું કરૂં છું?

મોટાજી—મેં તો જાણ્યું પટલાંનું પાડું રેકે છે.'

રાજા દેધમ—ભવાઇસંગ્રહ.

(૩) હજામના છોકરાને પુછ્યું કે તું રાજા થાય તો શું કરે? ત્યારે તે બોલ્યો,

'સોનાનો સજાયો ને શલાડીએ સોનાની કરૂં,
ચાંદીનો તો ચીપિયો કરાવીને વતાં કરૂં.'

દલપતકાવ્ય.

(૪) અજાણ્યો ગામડીઓ—(મહોટા શહેરમાં તાર લખી આપનારની ઓફીસમાં બેઠેલા માણસને પુછે છે.)
આ દુકાને શું વેચાય છે?

તાર લખી આપનાર—અનાડીઓ વેચાય છે.

ગામડીઓ—તમે એકલા જ વેચવાના બાકી છો?

(૫) છોકરો—(વાંકી વળીને ચાલતી ડોશીને) ડોશીમા ! શું પડી ગયું તે ખોળો છો ?

ડોશી—તારૂં કાળજું.

૨. સમર્મ હાસ્યરસ ('હ્યુમર') નાં ઉદાહરણ:—

'હ્યુમર' છુટક વચનો વડે કે ફકરાઓ વડે પ્રકટ થતો નથી. આખી વાર્તાઓમાં કે આખાં વર્ણનોમાં તેનો સમાવેશ થાય છે. અને, એકંદર તાત્પર્ય રૂપે તે પ્રકટ થાય છે. અહીં ફક્ત એવા લેખનાં નામ અને વિષય કહી બતાવીશું.

(૧) પંચતંત્રમાંની વાંદરા અને સુધરીની વાત. વરસાદમાં વાંદરાને ધ્રુજતો જોઇ સુધરીએ શિખામણ દીધી કે તારે હાથપગ છે અને તું ઘર કેમ બાંધતો નથી ? વાંદરાએ કહ્યું કે મને ઘર બાંધતાં તો નથી આવડતું, પણ, ઘર ભાંગતાં આવડે છે. એમ કહી વાંદરાએ સુધરીનો માળો પીંખીને તોડી નાખ્યો.

(૨) ઇસિપનીતિમાંની વહેળે પાણી પીતા વરૂ અને ઘેટાના બચ્ચાની વાત. વરૂએ કહ્યું કે ' મારા તરફ આવતું પાણી તું કેમ બગાડે છે ? ' એ વાત ખોટી પડી ત્યારે વરૂએ કહ્યું કે ' છ મહિના પર તેં મને ગાળ કેમ દીધેલી ? ' એ વાત ખોટી પડી ત્યારે વરૂએ કહ્યું કે ' તેં નહિ તો તારા બાપે ગાળ દીધેલી. ' એમ કહી વરૂએ ઘેટાના બચ્ચાને ફાડી ખાધું.

(૩) ડૉન ક્વિક્ઝૉટની કથા. ' શિવલ્રી 'ના આવેશથી ઉશ્કેરાઇ, જ્યાં કોઈ જુલમથી પીડાતું નજરે પડે ત્યાં તેને મદદ કરવાના ઉદ્દેશથી ડૉન ક્વિક્ઝૉટ ભમતો 'નાઇટ' થઇ નિકળી પડે છે.. રસ્તામાં પવનચક્કી જોઇ એ રાક્ષસ છે એમ ધારી તેની સામે લડવા જાય છે. ઘેટાંનાં ટોળાં આવતાં જોઈ લશ્કર સામુ આવે છે એમ ધારી યુદ્ધ માટે સજ્જ થાય છે. વીસી ('ઇન')માં જઈ તે કિલ્લો છે એમ ધારી ત્યાં રાતે હથિયારબંધ પહેરો ભરે છે. ઇત્યાદિ.

(૪) મામેરૂં. (પ્રેમાનંદકૃત.) નિર્ધનતાને લીધે નરસિંહ મહેતા ' જૂની વેલ્ય ને ધૂંસરી વાંકી ' એવા રથમાં ' તિલક અને તુલસીમાળ 'ની સામગ્રી લઇ પોતાની પુત્રી કુંવરબાઈનું મોસાળું કરવા ગયા તે વર્ણન. કુંવરબાઈની વડસાસુએ ' હ્મેશ્વરીથી પૂરી ન પડે' એવી પહેરામણીની

કરેલી માગણી. નાગરસ્ત્રીઓનાં છબીલી વહુ, કોડ વહુ, છેલ વહુ, પાન વહુ, લાછા વહુ, લાલ વહુ, એવાં ગણાવેલાં નામ.

(૫) મિથ્યાભિમાન નાટક. (દલપતરામકૃત.) જીવરામ ભટ્ટ રતાંધળા હોવા છતાં પોતે રાતે દેખે છે એમ મનાવવા પ્રયત્ન કરે છે. રાતે જે કોઇ તેમનો હાથ ઝાલી દોરવા જાય તેના પર ગુસ્સે થાય છે. તેમને કોઇએ રતાંધળા કહેવા નહિં, એટલું જ નહિં પણ, રતાંધળા ધારવા પણ નહિં એમ તે ઇચ્છે છે. સાસરે જઈ રાતે જમવા બેસતાં અવળે મહોંએ પાટલે બેસે છે. સાસુ પીરસતી હતી ત્યારે પાડી થાળીમાંથી ખાઇ જાય છે એમ ધારી લાત મારે છે. પોતાને ખાટલે જતાં સાસુને ખાટલે જઇ અથડાય છે એટલે ચોર આવ્યો એમ ધારી ઘરનાં માણસો એકઠાં થઈ જાય છે અને માર મારે છે. ઇત્યાદિ.

આ બે પ્રકારનાં ઉદાહરણોની સરખામણી કરતાં પ્રથમ એ લક્ષમાં લેવાનું છે કે 'વિટ' ના આવિર્ભાવ માટે વિસ્તારી પ્રસંગની કે લાંબી વાર્તાની આવશ્યકતા હોતી નથી. ગ્રન્થમાંનો આસપાસનો સંબંધ જાણ્યા વિના 'વિટ'નાં વચનોનો વિનોદ સમજી શકાય છે. ઘણી વાર એવાં વચનોને આસપાસનો સંબંધ હોતો જ નથી. 'વિટ'નાં વચનો કોઇ ગ્રન્થના સંદર્ભની અંદર ગુંથાયા વિનાનાં છુટાં હોઇ શકે છે. 'હ્યુમર' આખી વાર્તામા કે આખા વર્ણનમાં ઉદ્દેશરૂપે ગર્ભિત રહેલો હોય છે. એ ઉદ્દેશ સફલ કરવા સારૂ લેખમાં વિસ્તારની જરૂર પડે છે. અને, સમસ્ત લેખનો સંદર્ભ સમજાય તથા તેનાં જુદાં જુદાં અંગનો પરસ્પર સબંધ ધ્યાનમાં ઉતરે ત્યારે 'હ્યુમર'નો આવિર્ભાવ થાય છે.

ઉપર આપેલાં 'વિટ' નાં પાંચે ઉદાહરણો તરફ નજર કરતાં માલમ પડશે કે દરેકમાંનો પ્રસંગ બહુ જ ટુંકો છે, અને, એકે બીજાને કેવો કહ્યો કે એકે બીજાને શું કહ્યું એ વચન કે ઉક્તિ જાણવાથી જ વિનોદ થાય છે. (૧) લા ઉદાહરણમાં ગધેડીને 'રાસભધર્મપત્ની ' કહી છે એ વચનની ગોઠવણમાં જ વિરોધ રહેલો છે. ગધેડાને ધર્મ હોતા નથી અને ગધેડાને પત્ની હોતી નથી. એ રીતે 'ગધેડો' અને 'ધર્મપત્ની' એ બે વિચારો વચ્ચેનો (અને તે વિચારો દર્શાવનારાં પદો વચ્ચેનો) વિરોધ 'રાસભધર્મપત્ની' પદની ગ્રથના સાથે જ એકદમ પ્રકટ થાય છે. ગધેડીને 'રાસભધર્મપત્ની' કહેનાર જેવા આપણે મૂર્ખ નથી એવું ઉત્કર્ષ—અપકર્ષનું ભાન આપણને થાય છે. રસગંગાધરમાં એ પદ વાપરનાર મનુષ્યનો પ્રસંગ વર્ણવેલો છે.

અને, તે મનુષ્ય અપકૃષ્ટ અને હાસ્યપાત્ર થાય છે. પરંતુ, એવા પ્રસંગના વર્ણનની જરૂર નથી. કોઈ અમુક મનુષ્યે 'રાસભધર્મપત્ની' પદ ગંભીરપણે ખરેખરૂં વાપર્યું છે એ હકીકતની અપેક્ષા રહેતી નથી. એ પદ જ વિનોદ ઉત્પન્ન કરવા સમર્થ છે, કારણ કે, આપણે પોતે એ પદ હાસ્ય માટે જોડી કહાડીએ ત્યાં પણ એવું પદ કોઈ ખરેખરી રીતે વાપરે અને તેનાથી આપણે ચઢીઆતા થઈએ એ કલ્પના વડે આપણે ઉત્કર્ષ—અપકર્ષનો અનુભવ કરીએ છીએ. આ રીતે, પ્રસંગ કે વાર્તા વિના આ મશ્કરીવાળું વાક્ચાતુર્ય વિનોદ ઉત્પન્ન કરે છે. તેમ જ વળી, એવું ભાન થતું નથી કે ગધેડાને રાસભધર્મપત્ની માનવાની કે કહેવાની કોઇ પ્રકારના મનુષ્યોને ટેવ બંધાયેલી છે અથવા કોઈ પ્રકારના મનુષ્યોની એવી સાધારણ ખાસીએત છે. પરન્તુ, એવી મૂર્ખાઈ કરનાર કોઈ પૃથક્ મનુષ્ય એ જ ઘડીએ નિકળી આવ્યો છે અને એ જ ઘડીએ તેને અપકર્ષમાં ઉતારી પાડયો છે એવી સ્થિતિનું ભાન થાય છે 'વિટ'ને બદલે 'હ્યુમર'નો પ્રસંગ હોત તો મનુષ્યસ્વભાવની નિર્બળતાને પરિણામે અમુક પ્રકારના મનુષ્યોને બંધાયેલી ટેવને લીધે બનેલો પ્રસંગ વર્ણવી તે દ્વારા વિનોદ ઉત્પન્ન કરેલો હોત. હેઝલિટ 'હ્યુમર'મા સ્વભાવ કે કુદરત ઉપરાંત જે અકસ્માતની જરૂર હોવા વિશે કહે છે તે મૂર્ખતામય નિર્બળતાવાળો સ્વભાવ બંધાયા પછી તે સ્વભાવ પ્રકટ થવાનો પ્રસંગ આવી બને તેવો અકસ્માત છે. ઘર તોડી પાડવાનો વાંદરા સરખો સ્વભાવ બંધાયા પછી તે પ્રાદુર્ભૂત થવાનો સુઘરીનો પ્રસંગ તે અકસ્માત છે. 'વિટ' માં તેવો સ્વભાવ બંધાયેલો પ્રકટ થતો નથી, પણ હસવા સરખું વચન બોલવાની કે કૃત્ય કરવાની મૂર્ખાઈ કોઈથી એકાએક થઈ જાય છે, અને તેથી, 'વિટ'થી થતું હાસ્ય જનસ્વભાવનું ઉંડું ભાન કરાવતું નથી, પણ, મૂર્ખાઈની એકાદ લહેરનું ઉપરછલ્લું ભાન કરાવે છે. ઉંડાણની વૃત્તિ ન હોવાથી 'વિટ'ના હાસ્યનો ખડખડાટ ઘણો હોય છે, અને, તેમાં ડાચકા પણું હોતું નથી. ઉપરઉપરથી તરત જ દેખાય તે જ તેનો વિષય હોવાથી તેનું મૂળ ચહોંટતું નથી અને તે ચિરસ્થાયી થતું નથી.

'વિટ'ના (૨) જા ઉદાહરણમાં, ગવૈયાનું ગાયન ચાલતું હોય તે વેળા 'ગાય ત્યારે અમને સંભળાવજો' એવું વાક્ય કોઈ પાસે કહેવડાવવાનું વાક્ચાતુર્ય સંગીતની રસજ્ઞતા અને સંગીતના અજ્ઞાન વચ્ચેનો વિરોધ પ્રકટ કરે છે અને અજાણ મનુષ્યના અપકર્ષથી વિનોદ ઉત્પન્ન કરે છે. એ અજ્ઞાન પ્રકટ થવાનો પ્રસંગ શી રીતે ઉત્પન્ન થયો એ વિગતવાર હકીકત જાણવાની જરૂર પડતી નથી, અને, તે જાણ્યા વિના વિનોદ થઈ શકે છે.

એ વાક્ય બોલનારનું સંગીતનું અજ્ઞાન તત્કાલનું નહિં પણ જુનું હતું, પરંતુ, એ અજ્ઞાન તે અમુક જાતની ટેવ કે સ્વભાવ નથી. ગાયન ચાલતી વેળા શું ચાલે છે તે સમજ્યા વિના ગાયન થાય ત્યારે તે સાંભળવાની ઇંતેજારી દર્શાવનારૂં વાક્ય બોલવાની મૂર્ખાઈ તો તે જ ઘડીએ એકાએક થઈ ગઈ છે, અને તેથી તે જ ઘડીએ તે બોલનારનો અપકર્ષ થયો છે. આ ફકરાનો બીજો અર્થ એવો લઈએ કે ગાનારનું ગાયન નમાલુ હતું અને તે માટે ઉપરનું વાક્ય કહેવામાં આવ્યુ અને 'પાડું રેંકે છે' એવો ભ્રમ થયેલો દર્શાવવામાં આવ્યો, તો ઉપર કહેલો વિરોધ સાંભળનારને બદલે ગાનારની વર્તણુક સંબંધે ઉપસ્થિત થાય છે, પણ; વિરોધથી થતા વિનોદની હકીકત એની એ રહે છે.

(૩) જા ઉદાહરણમાં, હજામ રાજા થાય તોપણ હજામનો ધંધો ચાલુ રાખે એ વિરોધ 'સોનાનો અસ્ત્રો,' 'સોનાની પથરી' અને 'રૂપાનો ચીપીઓ' એવાં વચનો ચાતુર્યથી મુકવાથી પ્રકટ થાય છે, અને, રાજાની ઉન્નત પદવી શી રીતે ધારણ કરાય એ કલ્પવાની હજામના છોકરાની અ-શક્તિથી તેનો અપકર્ષ થાય છે તથા તેથી વિનોદ થાય છે. આ અશક્તિ તે આઝા બુદ્ધિવ્યાપાર વગરનો ધંધો કરનાર વર્ગની સામાન્ય ખામી છે, અને, એ વિલક્ષણ સ્થિતિનું વર્ણન થયું છે, એટલે અંશે અહીં 'હ્યુમર' પણ છે. પરંતુ, મુખ્ય ઉદ્દેશ રાજ્ય મળેથી હજામના ઓજાર સોનારૂપાનાં કરવાનો મૂર્ખાઈ ભરેલો તરંગ દર્શાવવાનો છે, અને, એ તરંગમાં રહેલો અપકર્ષ હજામના છોકરાને તે જ ઘડીએ પ્રાપ્ત થયેલો છે; તે લાંબા વખતનો જુનો નથી. ડૉન કિવૅાટની કથામાં પણ કલ્પનાની અશક્તિનું ચિત્ર છે. પરંતુ, એ અશક્તિ જુદા જ પ્રકારની છે. ખોટી બાબતની મગરૂરીના આવેશથી તણાઈ જઈ મનુષ્યો કલ્પનાવિહીન બની જે હસવા સરખી મૂર્ખાઈઓ કરે છે તે ડૉન કિવૅાટનું ચરિત્ર દર્શાવે છે. કલ્પનાની અશક્તિથી તે અ-સ્થાને 'શિવલરી' (વીરતા) દર્શાવવા જાય છે, અને, તેમાં ગંભીરતા માની લે છે, તેથી, તેના તરંગો હાસ્યજનક થાય છે. તેના તરંગો 'સોનાનો અસ્ત્રો' જેવા વાક્ચતુર્યથી પ્રકટ થતા નથી; તેમ જ હજામ શેમાં સાહેબી માને એવી કોઈ વિશેષ બિના તેના તરંગોમાં દર્શાવેલી નથી. તેમ જ, હજામનો કાંઈ એવો સ્વભાવ હોતો નથી અથવા હજામોને કાંઈ એવી ટેવ બંધાઈ નથી હોતી કે પોતે મહોટા માણસ થાય તો શું કરે એ વિશે ખ્યાલ કર્યા કરે. હજામના છોકરાની આ વાત માત્ર એકાએક બનેલી છુટક બીનાની છે. પરંતુ, 'શિવલરી'નો પવન વાયાથી અને એ સંસ્થાનો વિચાર

કર્યા કર્યાથી 'ડૉન ક્વિગ્ઝૉટ' સરખા મનુષ્યોને વીરત્વના પ્રસંગ વિના જ્યાં ત્યાં વીરતા દર્શાવવાની મૂર્ખાઈભરેલી વૃત્તિ થાય છે, અને, તેમના સ્વભાવમાં બંધાયેલી ખામીનું એ પરિણામ વિનોદ પમાડે છે.

'વિટ'ના (૪) થા ઉદાહરણમાં વિરોધના બે પ્રસંગ છે. પ્રથમ તો, તાર લખી આપવાની ઑફિસનું ખરું સ્વરૂપ અને ગામડીઆનું તે વિશેનું અજ્ઞાન, એ બે વચ્ચેનો વિરોધ દર્શાવ્યો છે. ગામડીઆ એ ઑફિસ કોઈ વસ્તુઓ વેચવાની દુકાન છે એમ ધારે છે અને તે ખાલી જોઈ પુછે છે કે 'આ દુકાને શું વેચાય છે?' આ વાક્ય ગામડીઆના મુખમાં મુકવાની ચતુરાઈ જ એ વિરોધ તત્કાળ પ્રકટ કરે છે, અને, ગામડીઆના અપકર્ષથી વિનોદ ઉત્પન્ન કરે છે. ઉપર (૨) જા ઉદાહરણ સંબંધે સંગીતના અજ્ઞાન વિશે કહ્યું તેમ અહીં પણ એ લક્ષમાં રાખવાનું છે કે મ્હોટા શહેર વિશેનું અજ્ઞાન એ ગામડીઆઓની સામાન્ય સ્થિતિ છતાં એ સ્વભાવ કે ટેવ નથી તેથી અહીં 'હ્યુમર' નથી. 'શુ વેચાય છે' એમ પુછવાનું અવિચારીપણું તે જ ઘડીએ ઉત્પન્ન થયું છે અને એમાં માત્ર છુટક બનાવની—મૂર્ખાઇભરેલા સવાલની-વિલક્ષણતા છે. જનસ્વભાવનું એમાં દર્શન નથી. એ રીતે અહીં 'વિટ' છે. તે પછી, આ ઉદાહરણમાં બીજો વિરોધ તાર લખી આપનારે ગામડીઆની મશ્કરી કરવાના કરેલા પ્રયત્ન તથા તેણે એ પ્રયત્ન માટે આપેલા ઉત્તરનો લાભ લઈ ગામડીઆએ તેની કરેલી મશ્કરી વચ્ચેનો છે. એ બે મશ્કરીઓનો વિરોધ વચનોની ચતુરાઈથી થયો છે. 'શું વેચાય છે' એમ ગામડીઆનો પ્રશ્ન હતો ત્યાં 'કંઈ વેચાતું નથી પણ તાર લખી આપવામાં આવે છે' એમ ઉત્તર દેવાને બદલે, 'વેચાય છે' એ પદનો લાભ લઈ 'અનાડીઓ વેચાય છે' એવો ઉત્તર આપતાં તાર લખી આપનાર મ્હોટા શહેરમાં અનાડી માણસો પણ જડ વસ્તુ તરીકે વેચાય છે એમ કહી ગામડીઆના અનાડીપણાનો ઉદ્દેશ કરે છે. પોતાની મશ્કરી થાય છે એમ સમજતાં ગામડીઓ અનાડીઓની કલ્પના ઝીલી લે છે અને તાર લખી આપનાર વેચવાની જગાએ બેઠો છે માટે તે અનાડી છે અને અનાડીઓમાં પણ એવો નિર્માલ્ય છે કે બીજાઓ વેચાઈ ગયા છતાં તે હજી વેચાયો નથી એમ સામી મશ્કરી કરે છે. 'વેચાવા' વિશેનું વચન ચતુરાઇથી વાપર્યાથી તાર લખી આપનારનો થયેલો અપકર્ષ વિનોદમય બને છે. અહીં પણ સ્વભાવની કે ટેવની કોઈ સામાન્ય સ્થિતિનો ઉદ્દેશ નથી તેથી 'હ્યુમર' નથી. છુટક બનાવની-બનાવવાનો પ્રયત્ન કરનારને સામો બનાવવાની વિલક્ષણતા અહીં 'વિટ' ઉપસ્થિત કરે છે.

(૫) આ ઉદાહરણમાં પણ બે મશ્કરીઓ વચ્ચેનો વિરોધ છે. ઘડપણથી ડી વળેલી ડોસીને મજાક ખાતર છોકરો પુછે છે કે શું પડી ગયું તે ખોળવા વાંકાં વળ્યાં છો ? પડી ગયેલી ચીજ ખોળવા માટે વાંકાં વળવાની ના ડોશી ઝીલી લે છે અને છોકરાને કહે છે કે તારૂં કાળજું પડી ગયુ તે ખોળું છું. ડોશીને બનાવવાનો પ્રયત્ન કરનાર છોકરાને ડોશી સામો બનાવે છે, અને, એ વિરોધ 'પડી ગયેલુ ખોળવા' વિશેનું વચનચતુરાઈથી વાપર્યાથી ઉત્પન્ન થાય છે, તથા, મશ્કરી કરવામાં નિષ્ફળ થનાર છોકરાના અપકર્ષથી વિનોદનો પ્રસંગ આણે છે. એ અપકર્ષ જુના વખતનો નથી; તેમ જ, તે સ્વભાવની કે ટેવની કોઈ ખામીથી થયો જ નથી. બનાવવા જતાં સામા બનવાથી તે જ ઘડીએ એ અપકર્ષ થયેલો છે. તેથી, અહીં 'વિટ' છે, 'હ્યુમર' નથી. પ્રેમાનંદે મામેરામા કુંવરબાઈની વડસાસુનું જે વર્ણન વર્ણવ્યું છે તેમાં આવી એકાએક ઉપડી આવેલી મશ્કરી નથી. એ ડોશીએ તાત્કાલિક વાક્ચાતુર્ય વાપર્યું નથી, પણ, ભક્તિને અભાવે ઘડાયેલા કઠણ સ્વભાવને લીધે તેણે વહુને તથા વહેવાઈને હેરાન કરવા સારૂ ઘણી ભારે પહેરામણીની માગણી કરી છે અને એ રીતે 'ડોશીએ ડાટ વાળ્યો' છે. જબરી ડોશીઓ કેવી હોય છે અને વહુવારૂના પિયેરીઆં તરફ કેવી રીતે વર્તે છે એ સામાન્ય સ્થિતિનું ત્યાં વિનોદમય વર્ણન છે. તેથી, એ 'હ્યુમર'નો પ્રસંગ છે. ડોશીએ કેવી વાક્યરચનાથી નરસિંહ મહેતાની મશ્કરી કરી એ ત્યાં જોવાનું નથી, પણ, કેવી વસ્તુઓની માગણી કરી નરસિંહ મહેતાની નિર્ધનતાને હાસ્યપાત્ર બનાવવાનો પ્રયત્ન કર્યો એ ત્યાં જોવાનુ છે.

'હ્યુમર'નાં ઉપર આપેલાં પાંચે ઉદાહરણો વાંચતાં અનુભવ થશે કે એમાંના દરેક પ્રસંગની વાર્તા કે વર્ણન પુરેપુરાં વાંચવામાં આવે તો જ તેમાં રહેલા વિનોદનો બરાબર ખ્યાલ આવે. કયાં વચન દ્વારા અમુક હકીકત કહેવાથી વિલક્ષણતા થાય છે એ ત્યાં મહત્ત્વનુ નથી, પણ, અમુક હકીકત કયા પ્રકારની હોવાથી વિલક્ષણતા થાય છે એ ત્યાં મહત્ત્વનુ છે. (૧) લા ઉદાહરણમાં, સુઘરીની શિખામણ સાંભળી સુઘરીનો માળો તોડી નાખનાર વાંદરાનો પ્રસંગ એવી રીતે વર્ણવવામાં આવ્યો છે કે એવે વખતે શિખામણ સાંભળી ઉપકારબુદ્ધિથી વર્તનાર મનુષ્ય સાથે વાંદરા પેઠે અપકારબુદ્ધિથી વર્તનાર મનુષ્યની સરખામણી સૂચિત થાય છે. (અને, એ સરખામણીમાં અંગભૂત રહેલી—સારાં કામ કરવાની અશક્તિ માટે દીલગીર થનાર મનુષ્ય સાથે ખોટાં કામ કરવાની શક્તિ માટે મગરૂર થનાર મનુષ્યની—સરખામણી સૂચિત થાયછે.) આ સરખામણીને પરિણામે એ બે પ્રકારના મનુષ્યો વચ્ચે

જે વિરોધ પ્રકટ થાય છે તે એમ પ્રદર્શિત કરે છે કે અપકારબુદ્ધિના (અને અપકૃત્ય કરનારા) મનુષ્યોમાં કોઈ વિચિત્ર ખામી વસેલી હોય છે. જ્યાં ઉપકારબુદ્ધિ માલમ પડવી જોઈએ ત્યાં આ ખામીને લીધે પ્રાદુર્ભૂત થતી અપકારબુદ્ધિ વિલક્ષણતાથી વિનોદ ઉત્પન્ન કરે છે, મનુષ્યાકૃતિમાં કોઈ વાર વાંકાપણું દેખાય ત્યાં જેમ હાસ્યમયતા જણાય છે તેમ, મનુષ્યસ્વભાવના કોઈ ભાગમાં રહેલું આ અપકારબુદ્ધિરૂપ વાંકાપણું હાસ્યમય જણાય છે; મનુષ્યસ્વભાવના એક વિચિત્ર અંતની આ ઉંડી પરીક્ષા ઝીણું ઝીણું હાસ્ય ઉપજાવે છે. એ ઝીણું હાસ્ય મનના ઉંડાણમાં અનુભવવાનો આનંદ એવો હોય છે કે ખડખડાટ હસીને એ આનંદ બગાડવાની વૃત્તિ જ થતી નથી. વાર્તામાં કહેલો વાંદરાના સરખી અપકારબુદ્ધિથી થતો અપકર્ષ વાર્તાના પ્રસંગની ઘડીએ જ સધાયો નથી, પણ, બંધાયેલા સ્વભાવમાં એ અપકર્ષ ચાલ્યો આવતો હતો તે આ વાર્તાના પ્રસંગથી ઉઘાડો પડયો છે. આ પ્રસંગમાં 'રાસભધર્મપત્ની' જેવી કે 'અનાડીઓ વેચાવા' જેવી પદરચનાની કે વાક્યરચનાની ચતુરાઈ નથી. અહીં 'વિટ' સરખાં મશ્કરીનાં વચન નથી. 'વિટ' પેઠે 'સોનાનો સજાયો' વાપરવાની કલ્પના જેવી છુટક બિના કહેવાનો ઉદ્દેશ નથી, પણ, અમુક પ્રકારના મનુષ્યોની સામાન્ય સ્થિતિમાં રહેલું કઢંગાપણું દર્શાવવાનો ઉદ્દેશ છે, અને એ રીતે 'હ્યુમર'નો પ્રસંગ છે.

(૨) જા ઉદાહરણમાંની વરૂ અને ઘેટાની વાત એવી રીતે કહેવામાં આવી છે કે તે વાંચતાં અનર્થ કરવાના હેતુથી લડાઈ કરવાનું બહાનું શોધનારના જુઠાણા સાથે બીજાઓ જોડેના વ્યવહારમાંની ખરી હકીકત કબુલ કરનારના સાચાપણાની સરખામણી સૂચિત થાય છે, સારી વૃત્તિવાળા જનો વરૂ પેઠે આવી ખોટી લડાઈ ન શોધે એ સાધારણ હકીકત સૂચિત થાય છે. એ સરખામણી મન આગળ આવવાથી આ વિષયની સુવૃત્તિ અને દુર્વૃત્તિનો વિરોધ સ્પષ્ટ જણાય છે, અને તેથી, ભાન થાય છે કે આ દુર્વૃત્તિમાં કોઈ પ્રકારની તરેહવાર ખોડ બંધાયેલી છે અને તે ખોડને લીધે મનુષ્યો સવળાને ઠેકાણે અવળો ભાવ ધારણ કરે છે. દુર્વૃત્તિ ત્રાસદાયક રૂપે ચિતરાવાને બદલે આવા પૃથક્કરણથી વરવી ખોડના રૂપમાં ચિતરાવાથી વિનોદ ઉત્પન્ન થાય છે. આ ખોડનો અપકર્ષ એવી દુર્વૃત્તિવાળા મનુષ્યોમાં ઘણા વખતથી ચાલતો આવેલો હોય છે. સંભાષણની ચાલાકીથી તેમને આવે પ્રસંગે ઉતારી પાડવામાં આવતા નથી. વરૂનો આવો દુષ્ટ સ્વભાવ બંધાયેલો હતો તે આ વખતે બહાર પડયો એવું આવી વાર્તા વાંચતાં આપણને લાગે છે. સામાએ કોઈ અમુક વચન વાપર્યાથી કે તેનાથી કોઈ

અમુક મૂર્ખાઈ ભરેલાં વચન બોલાઈ જવાથી તેની મશ્કરી થઈ નથી, પણ, તેના સ્વભાવનું સ્વરૂપ હાસ્યપાત્ર રૂપે બહાર પડયાથી હાસ્યમયતા પ્રગટ થઈ છે, એમ આપણને લાગે છે. ગાનારના સંગીતને સાંભળનારે 'પાડાના રેંકવા' સરખું કહ્યું એવી ઘેટાએ વરની મશ્કરી કરી નથી, તેમ જ સંગીત ચાલતું હતું ત્યારે આ સંગીત થાય છે એમ ન સમજાયાથી સાંભળનારે ' ગાય ત્યારે અમને સંભળાવજો ' એમ કહી પોતાનું અજ્ઞાન દર્શાવનારું વાક્ય કહી હાંસી ઉત્પન્ન કરેલી એવી ભૂલ વરથી થઈ નથી. એવી કોઈ વિશેષ બિના ઉપર અહીં હાસ્યનો આધાર નથી, પણ, દુષ્ટતાની સામાન્ય સ્થિતિના દર્શન ઉપર અહીં હાસ્યનો આધાર છે. અહીં એકાએક થઈ ગયેલા અપકર્ષનું ચિત્ર નથી, પણ, સ્વભાવમાં કાયમ થયેલા અપકર્ષનું ચિત્ર છે. તેથી, આ પ્રસંગમાં 'હ્યુમર' છે, 'વિટ' નથી.

(૩) જા ઉદાહરણની ડૉન કિવઝૉટની કથા વિશે ઉપર કેટલુંક વિવેચન કર્યું છે. એ કથાનું સમસ્ત આખ્યાન એવું છે કે તે વાંચનારના ચિત્ત આગળ 'શિવલરી'ની ભાવના સાધારણ સુવ્યવસ્થિત વૃત્તિથી ધારણ કરનાર તથા 'શિવલરી'ની ભાવનાને નામે વગર સમજે ગાંડાં કહાડનાર વચ્ચેની સરખામણી ઉભી કરે છે. આને પરિણામે ખરી અને ખોટી 'શિવલરી' વચ્ચેનો વિરોધ પ્રકટ થાય છે, અને, એ વિરોધ સમજાતાં 'શિવલરી'માં રહેલું વીરતાનું તત્ત્વ સમજ્યા વિના 'શિલવરી'નો વ્યવહાર કરવા નીકળી પડનારની ટેવમાં બુદ્ધિની એવી વિલક્ષણ ખામી જણાય છે કે તેથી વિનોદ થાય છે. ડૉન કિવઝૉટ સરખા વીરમ્મન્ય (પોતાને ખોટી રીતે વીર કહેવડાવનાર) નો અપકર્ષ તેમના ચિત્તમાં લાંબા વખતથી ઠસેલી મૂર્ખાઈથી–તેમની ખસેલી ડાગળીથી થાય છે, તેમણે કહેલાં છુટાંછવાયાં વાક્યોથી એકાએક થતો નથી. અલબત્ત, ડૉન કિવઝૉટની કથામાં તેણે કહેલાં વાક્યોનો પણ સમાવેશ થાય છે, અને, એ વાક્યોમાં પ્રસંગોપાત્ત 'વિટ' આવી જાય છે, પરંતુ, ઉદ્દિષ્ટ 'હ્યુમર' આખી વાર્તાના સારમાં રહેલો છે. 'હું રાજા થાઉં તો સોનાનો અસ્ત્રો ને રૂપાનો ચીપીઓ કરાવીને લોકોની હજામત કરૂં' એમ કહેનાર હજામની વાતમાં ફક્ત વાક્યની રમુજ છે અને તે એ વાક્યથી પુરી થાય છે. પરંતુ, ડૉન કિવઝૉટની કથામાં તેના આખા ચરિત્રથી રમુજ થાય છે. તેણે શું કહ્યું તે જાણવાથી નહિં પણ તે કેવી રીતે વર્ત્યો તે જાણવાથી રમુજ થાય છે. તેનાં વચનો પણ તેની ટેવ દર્શાવનારાં સાધન તરીકે કથામાં ગુંથાયેલાં છે. તેમ જ, ડૉન કિવઝૉટના ચરિત્રમાંની કોઈ એકાદ વિશેષ બિના કેવી વિચિત્ર હતી એ બતાવવાનો

કથાનો ઉદ્દેશ નથી, પણ, જેમ 'શિવલરી'થી વીરતાને હાસ્યમય બનાવનારા જનોની વિચિત્રતા સામાન્ય રીતે કેવી હોય છે એ બતાવવાનો ઉદ્દેશ છે. ડૉન ક્વિકઝૉટની અમુક પ્રસંગે કેવી મજાક થઈ એવો ઉપરની સપાટીનો હાસ્યરસ કથા દર્શાવતી નથી, પણ વીરતાને કદર્થિત કરી નાખી તે કેવું હાસ્યપાત્ર ચિત્ર ઉત્પન્ન કરે છે એ ઉંડા અનુભવનો હાસ્યરસ એ કથા દર્શાવે છે. એ રીતે, એ કથાનો 'હ્યુમર' તે 'વિટ'થી જુદો પડે છે.

(૪) આ ઉદાહરણમાં કહેલા મામેરાના પ્રસંગ એવી રીતે વર્ણવવામાં આવ્યા છે કે તેથી ભક્તિનો પરમ આનન્દ અનુભવી નિર્ધનતામાં સંતોષ માનનાર ભક્તની વૃત્તિ અને ભક્તિનો આનન્દ ન જાણનાર તથા નિર્ધન પણ સંતુષ્ટ ભક્તોનો ઉપહાસ કરનાર અભક્તની વૃત્તિ વચ્ચેની સરખામણી સૂચિત થાય છે. નિર્ધનતામાં માનેલો સંતોષ એ ઇષ્ટ અને સુવ્યવસ્થિત સ્થિતિ છે, અને, નિર્ધનતાનો કે સંતોષનો ઉપહાસ એ અનિષ્ટ અને વિષમ સ્થિતિ છે. એ બેની સરખામણીથી એ બે વચ્ચેનો વિરોધ પ્રદર્શિત થાય છે, અને તેથી, નિર્ધનતામાં સંતોષ માનનાર ભક્તનો ઉપહાસ કરનાર અભક્તના હૃદયમાં કેવી વિકૃતિવાળી ખામી વસેલી છે, એ ખામી અભક્તોને કેવા નીચા પાડે છે, એ અનુભવતાં વિનોદ થાય છે. અભક્તને કોઈ અમુક વચન કહી ઉતારી પાડતું નથી, પણ, પોતાનામાં વસેલી ભક્તિહીનતાથી તેનો અપકર્ષ થયો હોય છે અને તે આવે પ્રસંગે પ્રકટ થઈ હાસ્યપાત્ર થાય છે. નરસિંહ મહેતા જેવા ભક્ત સંબંધે એક વખતે એક છુટક વિશેષ ઘટના બની ગઈ એમ કહી તેમાંની વિચિત્રતા દર્શાવવાનો મામેરાનો ઉદ્દેશ નથી, પણ, એવા ભક્તનો ઉપહાસ કરવા જતા અભક્ત જનો કેવા હાસ્યપાત્ર થાય છે એ સામાન્ય સ્થિતિ દર્શાવવાનો મામેરાનો ઉદ્દેશ છે. એ વર્ણનથી ફલિત થતો હાસ્યરસ માત્ર 'વિટ'ની મશ્કરીઓ પેઠે ઉપર ઉપરથી હસાવતો નથી, પણ, અભક્તિના કઢંગા સ્વરૂપની હાસ્યપાત્રતા અન્તરમાં ઉતારી 'હ્યુમર'નું ઝીણું અને ઊંડું હાસ્ય ઉપજાવે છે. પ્રેમાનન્દે નાગર સ્ત્રીઓનાં છબીલી વહુ, કોડ વહુ, છેલ વહુ, વગેરે નામ ગણાવ્યાં છે એ એક પછી એક એકસરખાં આવતાં નામોની ત્વરિત પરંપરામાં વાક્ચાતુર્ય હોઈ 'વિટ' છે, પણ, એ રીતે કોડને મહત્ત્વ આપી કરવાનો નાગર સ્ત્રીઓનો સ્વભાવ દર્શાવી પ્રેમાનન્દ 'હ્યુમર' ઉત્પન્ન કરે છે.

(૫) આ ઉદાહરણનું મિથ્યાભિમાન નાટક રતાંધળા જીવરામ ભટ્ટનું ચરિત્ર એવી રીતે વર્ણવે છે કે તેથી પોતાની ખામી જેવી હોય તેવી

છુપાવવાનો પ્રયત્ન ન કરનારની સરલતા અને પોતાની ખામી સંતાડી પોતે ખામી વગરનો છે એવું મિથ્યાભિમાન કરનારના ઢોંગીપણા વચ્ચેની સરખામણી વાંચનારને સૂચિત થાય છે. સરલતા એ સાધારણ યોગ્ય સ્થિતિ છે, અને, આ સરખામણીથી સરલતા અને ઢોંગીપણા વચ્ચે જણાઈ આવતો વિરોધ મિથ્યાભિમાની ઢોંગીપણામાં એવી વિલક્ષણ ન્યૂનતા રહેલી દર્શાવે છે કે તેથી વિનોદ થાય છે. જીવરામ ભટ્ટનો અપકર્ષ તેમને ઘણા વખતથી પડેલી મિથ્યાભિમાનની ટેવથી થાય છે. તેમને બનાવવા માટે ગામડીઆએ વાપરેલા વાક્ચાતુર્યમાં 'વિટ'નો સમાવેશ છે, પણ, જીવરામ ભટ્ટની હાસ્યાસ્પદતા તો તેમના મિથ્યાભિમાની ઢોંગીપણાના એકંદર વર્ણનથી થાય છે. કોઈ અમુક પ્રસંગે જીવરામ ભટ્ટથી મૂર્ખાઈભરેલું બોલી જવાયું એમ બતાવવાનો નાટકનો હેતુ નથી, પણ, જીવરામ ભટ્ટનો સ્વભાવ એવો બંધાયો હતો કે તેઓ મૂર્ખતાનું જ આચરણ કરતા હતા એ બતાવવાનો અને એ રીતે મિથ્યાભિમાનમાં રહેલા ઢોંગીપણાની સામાન્ય હાસ્યજનકતા દર્શાવવાનો હેતુ છે. જીવરામ ભટ્ટ સંબંધે વાપરેલાં 'રતાંધળા' અને મિથ્યાભિમાની' એ વચનોમાં 'રામધર્મપત્ની' પદ જેવો વિરોધ રહેલો નથી. તેમને એ વિશેષણોથી વર્ણવાથી કાંઈ વિનોદ થતો નથી, પણ, એ બે ગુણો એકઠા થવાથી તે કઢંગી સ્થિતિમાં આવી પોતાના સ્વભાવની વિલક્ષણતા દર્શાવે છે તેથી વિનોદ થઈ 'હ્યુમર' ઉપજે છે.

'વિટ' અને 'હ્યુમર'નાં ઉદાહરણોની આ સરખામણી તથા વિવેચનથી માલમ પડશે કે 'વિટ' કરતાં ઉચા પ્રકારનો હાસ્યરસ 'હ્યુમર'માં હોય છે, 'વિટ'ની અસર ક્ષણિક હોય છે અને 'હ્યુમર'ની અસર ચિરસ્થાયી હોય છે વચનો વિચિત્ર રીતે ગોઠવ્યાં હોય તો વાક્ચાતુર્ય કેવું વિનોદમય થઈ શકે છે તે 'વિટ' દર્શાવે છે. મનુષ્યસ્વભાવની વિચિત્રતા આગળ પડે એવી રીતે મનુષ્યોનાં ચરિત વર્ણવ્યાં હોય તો મનુષ્યસ્વભાવની પરીક્ષા કેવી વિનોદમય થઈ પડે છે તે 'હ્યુમર' દર્શાવે છે.

આ બે વિભાગનાં સ્વરૂપ દર્શાવતાં ઉપર કહ્યું કે 'વિટ'માંનો અપકર્ષ તે ઘડીએ જ થયેલો હોય છે અને 'હ્યુમર'માંનો અપકર્ષ લાંબા વખતથી ચાલ્યો આવેલો હોઈ તે વખતે ખુલ્લો પાડેલો લાગે છે. આ ઉપરથી કદાચ એમ લાગશે કે હાસ્યરસના આશ્ચર્યમાં જે તાત્કાલિકતા આવશ્યક હોવા વિશે પ્રથમ કહ્યું છે તે માત્ર વિટ'માં જ હોઈ શકે. પરંતુ, આશ્ચર્યની તાત્કાલિકતા તે અપકર્ષના એકાએકપણાથી જુદી વસ્તુ છે. હાસ્ય-

મય પ્રસંગ સમજાતાં આશ્ચર્યની વૃત્તિ તત્કાળ ઉત્પન્ન થાય એ સ્વરૂપ તો 'વિટ'માં તેમ જ 'હ્યુમર'માં બન્નેમાં હોય છે. એવા પ્રસંગ વિશે વિચાર કરતાં ખેદ, દયા, વગેરેની વૃત્તિ થાય તે પહેલાં અને તત્કાળ આશ્ચર્ય થાય છે એ વિશે પ્રથમ વિવેચન કર્યું છે, અને, એ આશ્ચર્ય માત્ર વાક્ચાતુર્યથી થાય છે, એટલુંજ નહિં પણ, વસ્તુસ્થિતિના હાસ્યાસ્પદ મર્મના પ્રકટ થવાથી પણ થાય છે તે તાત્કાલિકતાનાં ઉદાહરણો પ્રથમ આપ્યાં છે તેથી સમજાશે. અપકર્ષનો હાસ્યરસમાંના 'ચઢીઆતાપણા'ના અંશમાં સમાવેશ થાય છે; અને જેના અપકર્ષથી હાસ્યરસ અનુભવનારને પોતાનું ચઢીઆતાપણું લાગે તેનો અપકર્ષ હાસ્યરસના પ્રસંગ વખતે જ ઉત્પન્ન થયેલો માલમ પડે કે ઘણા વખતનો ચાલતો આવેલો હોઈ તે પ્રસંગ વખતે બહાર પડેલો માલમ પડે તોપણ એ બન્ને પ્રકારમાં વિચિત્રતાના દર્શનથી થતું આશ્ચર્ય તો તત્કાળ જ ઉત્પન્ન થાય છે.

'વિટ' અને 'હ્યુમર'ની હેઝલિટે કરેલી વ્યાખ્યા વિશે ડેવિડ હેનેએ કરેલી ટીકાની પરીક્ષા હવે કરી શકીશું. હાસ્યરસના પ્રસંગની બે સામસામી સ્થિતિઓમાં સરખામણીની શક્યતા હોવી જોઈએ એ પ્રથમ કહ્યું છે, તેથી, 'વિટ' અને 'હ્યુમર' બન્ને માટે સરખામણીની જરૂર છે એમ ડેવિડ હેને કહે છે તે ખરું છે. પરંતુ, એકલા 'વિટ' માટે સરખામણીની જરૂર છે એમ હેઝલિટના કહેવાનો ભાવાર્થ નથી. સરખામણીથી આગળ જઈ વસ્તુના સ્વરૂપનું (અર્થાત્ અમુક સ્વભાવ, ટેવ, સ્થિતિ કે પ્રસંગના સ્વરૂપનું) પૃથક્કરણ 'હ્યુમર'માં થાય છે તેમ 'વિટ'માં થતું નથી, 'વિટ' ફક્ત સરખામણીની શક્યતાએ આવી અટકે છે, એમ હેઝલિટના કહેવાનું તાત્પર્ય જણાય છે. વળી, 'હ્યુમર'માં સમભાવ હોવો જોઈએ એમ ડેવિડ હેને કહે છે તે એટલા અર્થમાં જ ખરું છે કે જે સ્વભાવ, ટેવ, સ્થિતિ કે પ્રસંગ અપકર્ષ પામી હાસ્યપાત્ર થાય છે તેથી ઉલટા એટલે ઉત્કર્ષવાળા અને સુવ્યવસ્થિત સ્વભાવ, ટેવ, સ્થિતિ કે પ્રસંગ સાથે હાસ્યરસ અનુભવનારને સમભાવ હોવો જોઈએ, એટલે કે તેમાં ઉત્કર્ષ છે અને તે સુવ્યવસ્થિત છે એમ તેની પ્રતીતિ હોવી જોઈએ. એવા સમભાવ કે પ્રતીતિ વિના તેને વિરોધ તથા ઉત્કર્ષનો અનુભવ થાય નહિં તથા પરિણામે આશ્ચર્ય લાગે નહિં. એ સિવાય બીજી કોઈ રીતે 'હ્યુમર'માં સમભાવનો અવકાશ નથી. હાસ્યપાત્ર સાથે જેને સમભાવ હોય તેને હાસ્યનો અનુભવ થાય નહિં એ ઉપર કહ્યું છે. 'હ્યુમર'માં સમભાવ હોવા વિશે હેઝલિટે કહ્યું નથી એમ ડેવિડ હેને કહે છે અને તે ખરું છે, પરંતુ, આ સમભાવ

તે ઉપર કહ્યું તેમ 'હ્યુમર' બહારના વિષયો સાથે સમભાવ છે વાસ્તવિક રીતે તે વિષયોની પ્રતીતિ છે; 'હ્યુમર'ના વિષયો સાથેના એ સમભાવ નથી. એ પ્રતીતિ તે માત્ર વિરોધ તથા અપકર્ષ એ પ્રત્યક્ષ અંશોના પરોક્ષ કારણરૂપ છે. 'હ્યુમર'ની વ્યાખ્યામાં તે જણાવવાની કાંઈ ખાસ જરૂર નથી. અને વળી, ડેવિડ હેને કહે છે કે 'પોતાના ઉત્કર્ષથી થતી ખુશી' એ 'વિટ'નું લક્ષણ છે એમ હેઝલિટ દર્શાવે છે. વાસ્તવિક રીતે તો 'પોતાના ઉત્કર્ષથી થતી ખુશી' (અર્થાત્ ચઢીઆતાપણાના અનુભવ વિશે હેઝલિટે સ્પષ્ટ રીતે કહ્યું જ નથી. હેઝલિટ માત્ર તિરસ્કારપાત્રના (અર્થાત્ અપકર્ષ) વિશે જ કહે છે, અને તેથી અપકર્ષની સામે રહેલો ઉત્કર્ષનો અંશ માત્ર ફલિત થાય છે. હેઝલિટ માત્ર 'વિટ' માં એ અપકર્ષ હોવા વિશે કહે છે. 'હ્યુમર'માં તે અંશ છે કે નહિં તે તેણે કહ્યું નથી; તે નથી એમ તેના કહેવાનું તાત્પર્ય હોય તો અલબત્ત તે ભૂલ છે, કેમકે, એ અંશ 'વિટ' અને 'હ્યુમર' બન્નેમાં વિદ્યમાન હોય છે; 'હ્યુમર'માં તે વધારે દૃઢ રૂપે પ્રાદુર્ભૂત થાય છે. તેમ જ વળી, ડેવિડ હેને કહે છે કે '"હ્યુમર" તે નિરીક્ષકના મનમાં નહિ પણ વસ્તુમાં કે ક્રિયામાં રહેલો ગુણ છે એ મતની હેઝલિટ અવગણના કરે છે' હેઝલિટની વ્યાખ્યા નિરીક્ષકના અર્થાત્ હાસ્યરસ અનુભવનારના દૃષ્ટિબિન્દુથી કરેલી છે એ ખરૂં છે. પરંતુ, એ વ્યાખ્યાથી એમ ફલિત થતું નથી કે સામી વસ્તુમાં હાસ્યપાત્રતા હોયા સિવાય નિરીક્ષક પોતે એકલા પોતાનામાંથી જ હાસ્યરસ ઉપજાવે છે. એ વ્યાખ્યામાં હેઝલિટ 'માણસની મૂર્ખાઈઓ,' 'માણસની નબળાઈઓ અને ભૂલો,' 'દુર્ગુણ,' વગેરે વિશે કહે છે તેથી હાસ્યપાત્ર વસ્તુઓનો ઉદ્દેશ તેના મનમાં છે જ. વળી, હાસ્યપાત્ર વસ્તુઓ તે માત્ર હાસ્યરસનું ઉદ્દીપન કરનાર અને આલંબન થનાર વિભાવ છે. રસ તો રસનો આસ્વાદ કરનારમાં જ હોય છે. તેથી, હાસ્યરસ અનુભવનાર નિરીક્ષકને પ્રધાન ગણી હેઝલિટે 'હ્યુમર'ની વ્યાખ્યા કરી છે તે નિરાધાર નથી. હાસ્યપાત્ર વસ્તુનું એ વ્યાખ્યાનમાં વિશેષ વિવેચન નથી એટલે અંશે એ વ્યાખ્યા અપૂર્ણ છે એટલું ખરૂં છે.

જ્યૉર્જ મેરિડિથની ઉપર ઉતારેલી વ્યાખ્યામાં કહેલી ઠઠ્ઠામશ્કરી અને ધપ્પાબાજી 'વિટ'માં કંઈક આવી શકે છે, પણ, 'હ્યુમર'નો હાસ્યરસ તેથી વધારે ઉંચા પ્રકારનો હોય છે, ઠઠ્ઠામશ્કરી અને ધપ્પાબાજી 'હ્યુમર'માં અપ્રાસંગિક હોય છે, એમ ડેવિડ હેને કહે છે તે ખરૂં છે; પરંતુ, જ્યૉર્જ મેરિડિથ અને ડેવિડ હેને વિરોધના અંશથી 'વિટ' અને 'હ્યુમર' વચ્ચે ભેદ પડે છે એમ કહે છે તે યથાર્થ નથી, કેમકે, ઉપર દર્શાવ્યું છે તેમ એ

બન્ને પ્રકારમાં વિશેષ વિદ્યમાન હોય છે. ઉંચા પ્રકારના હાસ્યરસનાં ચિત્ર ઉદ્ભૂત કરવામાં હાસ્યનાં પાત્રો તરફ ગુણજ્ઞતા અને સ્નેહની વૃત્તિ હોય છે એમ ડેવિડ હેને કહે છે તે એટલા જ અર્થમાં ખરૂં છે કે, જેમ ચિત્રકારને પોતાનાં ચિત્રમાંની મૂર્તિઓના ગુણની કદર હોય છે અને તે મૂર્તિ ઉતરતા કે હલકા ગુણનું અધિષ્ઠાન હોય તોપણ તે ચિતરતાં ચિત્રકારને તે મૂર્તિ તરફ આકર્ષણ થાય છે, અને, જેમ સર્વ કલાવિધાયકોને પોતાના કલાવિધાનના વિષય તરફ ગુણજ્ઞતા અને સ્નેહ થાય છે, તેમ હાસ્યનાં પાત્રોની ગુણરેખાઓનું આલેખન કરનારને પણ એ વૃત્તિ થાય છે.*

'વિટ' અને 'હ્યુમર' વચ્ચેના ભેદના આ નિરૂપણથી સમજાશે કે હાસ્યરસ જેમ ઉંચા પ્રકારનો અને ઉંડા મર્મવાળો તેમ હાસ્યની શારીરિક ક્રિયા મંદ હોય છે અને એવે પ્રસંગે કોઈ વખત તો એ ક્રિયાનો આવિર્ભાવ જ હોતો નથી. હસવાની ક્રિયા જ્યાં ઉદ્દામ હોય છે ત્યાં હાસ્યરસ ક્ષણિક હોય છે અને માત્ર ઉપરની સપાટીનો તથા છીછરો હોય છે.

હાસ્યરસની નિષ્પત્તિમાં હસવાની ક્રિયા (laughter)ને એડિસન એટલી ગૌણ ગણે છે કે તેને મતે એ ક્રિયાથી ખોટો 'હ્યુમર' ઉત્પન્ન થાય છે. તે કહે છેઃ 'હ્યુમર' હમેશ તર્કના નિયંત્રણમાં રહેવો જોઈએ. 'હ્યુમર' અમર્યાદિત છુટ લઈ ઘુમે છે તે જ કારણથી તેને ઝીણામાં ઝીણા બુદ્ધિવિવેકના નિર્દેશની જરૂર છે. રસ્તે જતાં લોકોની બારીઓના કાચ ફોડવામાં 'હ્યુમર' નથી એવું સાંભળી એક દુરાચારીને બહુ નવાઈ લાગેલી એમ એક નાટકમાં વર્ણવ્યું છે, પણ, અસંબદ્ધ પ્રલાપવાળા ઘણા એવા લેખો પ્રકટ થાય છે કે જેને મનસ્વી નામ આપેલાં હોય છે, પણ જેમાં 'હ્યુમર' હોતો નથી પણ વ્યાધિગ્રસ્ત મગજમાંથી નિકળેલી ગાંડાઈ હોય છે, અને એ લેખો વિશેનો આ અભિપ્રાય સાંભળી ઘણા વાંચનારાઓ ચમકશે. 'હ્યુમર' શું છે તેના કરતાં 'હ્યુમર' શું નથી એ વર્ણવવું બહુ સહેલું છે. અને, પ્લેટોની પદ્ધતિ પ્રમાણે 'હ્યુમર'ને પુરુષ કલ્પતાં તેના ગુણ નીચે પ્રમાણે વંશાવળી આપી દર્શાવી શકાય. એ કુટુંબનો મૂળ પુરુષ તે સત્ય છે; તેનો દીકરો તે સુવિવેક, તેનો દીકરો તે 'વિટ'. 'વિટ -

*ઉપરના નિરૂપણમાં "વિટ" અને "હ્યુમર" એ ઇંગ્રેજી શબ્દો વાપર્યા છે તેનું કારણ એ છે કે "નર્મયુક્ત વાક્ચાતુર્ય" અને "સમર્મ હાસ્યરસ" એવા કાંઇક લાંબાં પદ સરખામણીની વ્યાખ્યાઓમાં ઘડી ઘડી વાપરતાં અન્વય ક્લિષ્ટ થઈ જાય. એ બે ઇંગ્રેજી શબ્દો માટે "નર્મ" અને "મર્મ" એ બે શબ્દો રૂઢ થાય તો બહુ સરલતા થાય.

નુ લગ્ન બીજી શાખામાં ઉતરેલી મસ્કરી સાથે થયું અને તેની સંતતિ રૂપે 'હ્યુમર'નો જન્મ થયો. આ નામાંકિત કુટુંબમાં સહુથી નાનો 'હ્યુમર' છે, અને આવી જુદી જુદી પ્રકૃતિનાં માબાપની પેઢીથી તે ઉતરેલો હોવાથી તેનો સ્વભાવ એકસરખો રહેતો નથી. કોઈ વખત તેનો દેખાવ ગંભીર હોય છે અને તેનો પહેરવેશ ભારેખમ હોય છે. કોઈવખત તેની વર્તણુક રંગીલી હોય છે અને તેનો પોશાક તુરંગી હોય છે. કોઈ વખત તે ન્યાયાધીશ સરખું ગૌરવ ધારણ કરે છે, કોઈ વખત તે મસ્કરા જેવો ખુશમિજાજી હોય છે. પરંતુ તેની માનો અંશ તેનામાં ઘણો ઉતરેલો છે તેથી તે ગમે તે વૃત્તિમાં હોય તોપણ તે શ્રોતાજનોને હસાવ્યા વિના રહેતો નથી. પરંતુ, એક વેશધારી ઠગારો નિકળેલો છે તે આ જુવાન ગૃહસ્થનું નામ ધારણ કરે છે અને દુનિયામાં એ ગૃહસ્થ તરીકે ઓળખાવા ઇચ્છે છે; તેથી, આ ઠગારાથી છેતરાવાય નહિં માટે હું વાચકોને વિનતિ કરૂં છું કે એ મળે ત્યારે એના પેઢીનામાની બારીકાથી તપાસ કરવી અને તેના પૂર્વજોમાં સત્ય અને સુવિવેક ન આવતા હોય તો તે જુઠો ને ઢોંગી છે એમ સમજવું. વળી, તેને પારખવાનું બીજું લક્ષણ એ છે કે તે મહોટેથી બેહદ હસે છે, અને તેના શ્રોતાજનો તેની જોડે હસવામાં ભાગ્યે જ સામેલ થાય છે. કારણ કે, ખરો 'હ્યુમર' સાધારણ રીતે ગંભીર દેખાય છે અને તેની આસપાસના સહુ કોઈ હસે છે; પણ ખોટો 'હ્યુમર' હમેશ હસતો હોય છે અને તેની આસપાસના સહુ ગંભીર દેખાય છે. જે 'હ્યુમર'માં માતા અને પિતા બન્નેના અંશ ન હોય તેને અર્થાત્ જેમાં 'વિટ' અને મશ્કરી બન્નેના અંશ ન હોય તેને ખોટો સમજવો. એ વેશધારી ઠગારો મૂળ અસત્યતા નામે સ્ત્રીના વંશમાં ઉતરેલો છે. અસત્યતાને અસંબદ્ધ કથા નામે પુત્રી થઈ. તેને ઉન્માદ નામે દીકરો અવતર્યો. ઉન્માદનું લગ્ન હાસ્યક્રિયા નામે મૂર્ખતાની એક દીકરી સાથે થયું અને તેને પેટે આ બદસુરત ઠગારાનો જન્મ થયેલો છે. આ બન્ને પેઢીનામાં નીચે પ્રમાણે ગોઠવી બતાવ્યાથી તેમાંના સંબંધોનો સામટો ખ્યાલ આવશે.

(૧)

અસત્યતા

|

અસંબદ્ધ કથા

|

ઉન્માદ=હાસ્યક્રિયા

|

ખોટો 'હ્યુમર'

(૨)

સત્ય
|
સુવિવેક
|
"વિટ" = મશ્કરી
|
"હ્યુમર"

ખોટા 'હ્યુમર'નાં સંતાન અનેક છે. એના પુત્રપુત્રીઓની સંખ્યા સમુદ્રની રેતીના કણ કરતાં પણ વધારે છે. પણ તે સહુને ગણાવવાં એ ઉચિત નથી. પરંતુ, ખરા અને ખોટા 'હ્યુમર' વચ્ચેનો ભેદ દર્શાવીશું તો બસ થશે. માણસ અને વાનર વચ્ચે ભેદ છે તેટલો ખરા અને ખોટા 'હ્યુમર' વચ્ચે ભેદ છે એ સામાન્ય લક્ષણ ઉપરાંત ખોટા 'હ્યુમર'નાં નીચે પ્રમાણે વિગતવાર લક્ષણો ગણાવી શકાય.

(૧) તેને વાંદરા સરખાં નાનાં અટકચાળાં કરવાની અને ઠોળીઆ-બાજી કરવાની ઘણી ટેવ હોય છે.

(૨) નકલી ચાળા કરવામાં તેને એવો આનંદ થાય છે કે તે વડે દુર્ગુણ, મૂર્ખતા, મોજશોખ અને લોભની હાંસી થાય છે કે સદ્‌ગુણ, ડહાપણ, દુઃખ અને દરિદ્રતાની હાંસી થાય છે તે તેને મન સરખું જ હોય છે.

(૩) તે એટલો બધો કમનસીબ હોય છે કે ખવડાવનાર હાથને જ તે બચકું ભરે છે અને મિત્ર કે શત્રુ જે હોય તેનો ઉપહાસ કરવા જાય છે; કારણ કે અક્કલ થોડી હોવાથી તે જ્યાં ઘટે ત્યાં વનોદ કરવાને બદલે જ્યાં બને ત્યાં વિનોદ કરે છે.

(૪) બુદ્ધિવિવેકથી કેવળ શૂન્ય હોવાથી નીતિ કે બોધના કોઈ વિષય-નું તે સેવન કરતો નથી, પણ, ફક્ત મશ્કરી ખાતર જ મશ્કરી કરે છે.

(૫) બનાવટી પ્રયોગ સિવાય બીજું કાંઈ તેને આવડતું ન હોવાથી તેનો ઉપહાસ હમેશ વ્યક્તિ માટે અંગત ઉદ્દેશનો હોય છે, દુર્ગુણી મનુષ્ય કે લેખક વિશે હોય છે, દુર્ગુણ કે લેખ વિશે હોતો નથી.

(સ્પેકટેટર, અંક ૩૫.)

હાસ્યરસમાંના વાસ્તવિક અને અવાસ્તવિક અંશનો ભેદ આ પૃથ-ક્કરણવડે એડિસને બહુ સબળ રીતે દર્શાવ્યો છે. દલીલમાં રૂપક દાખલ

કરવામાં આવે છે ત્યાં અર્થની ઘણી સ્પષ્ટતા થાય છે તે સાથે કેટલીક અપ્રસ્તુત વાતને પણ પરાણે બંધબેસતી કરવી પડે છે એમ હમેશ બને છે તેમ અહીં પણ બન્યું છે. હાસ્યને આખરે બુદ્ધિવિવેકની મર્યાદા હોવી જોઈએ અને જ્યાં કેવળ ગાંડાઈ હોય ત્યાં હાસ્યરસ હોઈ શકતો નથી એ એડિસનનું કહેવું ખરૂં છે.

"ઠાકોર—હે રંગલા, અમે તો ચુલે જઈને તરવાર તાણીને ઉભા ને કહ્યું, તારીના કાન વઢાવું, તારા પર ચડયું હતું તે ક્યાં ગયુ ?"

કજોડાનો વેશ, ભવાઇસંગ્રહ.

ઠાકોરને ભુખ લાગી હતી પણ દકરાળાંથી નાના હોઈ તેમનાથી બ્હીતા હતા માટે તેમની પાસે ખાવાનું માગી શકયા નહિં એ સ્થિતિ હાસ્યમય છે, પણ, તેરે પ્રસંગે ઠાકોર ચુલાને પુછે અને ચુલા પર તરવાર તાણી રોફ બજાવે એ તો ગાંડાઈ છે, અને, એવી ગાંડાઇના દર્શનથી હાસ્યરસ નિષ્પન્ન થતો નથી.

તેમ જ, તોફાનમાં અને બદમાશીમાં હાસ્યરસ નથી એ એડિસનનુ કહેવું ખરૂ છે. એડિસન બારીઓના કાચ તોડવાનું ઉદાહરણ આપે છે તે સાથે આ દેશના હોળીના તોફાનનું ઉદાહરણ આપીશું. કોઈને પીડા કરવી એમાં દયાહીનતા છે, અને, દયાહીનતા હોય ત્યાં હાસ્યરસ કે બીજો કોઈ રસ હોઈ શકતો નથી એ ઉપર કહ્યું છે. મસ્કરી અને તોફાન વચ્ચેનો ફેર કેટલીક વાર ભુલી જવામાં આવે છે માટે હાસ્યરસમાં પીડાકારકતા ન હોવી જોઈએ એ ખાસ લક્ષમાં રાખવાની જરૂર છે. સ્વ. નવલરામ કહે છે તેમ "અનુપદ્રવ કરતા અદ્દભુત બનાવથી હાસ્ય ઉત્પન્ન થાય છે. તેજ ઉપદ્રવ કરતા થાય ત્યારે ભયાનક રસ. ત્યારે અદ્દભુત રસનોસ્થાયિ ભાવ શો ? તેના અદ્દભુતપણામાં પણ નિરૂપદ્રવતા હોવી જ જોઈએ—નહિ તો તે ભયાનક થઈ જાય." ("હાસ્યરસ વિષે" એ નામનો લેખ.) પોતાને રમુજ મેળવવા જ્યાં કોઈ બીજાને ઉપદ્રવ કરે ત્યાં તો ભયાનક રસ કે કોઈ પણ રસની નિષ્પત્તિ ન થાય પણ રસભંગ થાય અને કંટાળો ઉપજે. આ કારણથી પ્રહસનોમાં અને નાટકોમાંના હાસ્યપ્રસંગોમાં પાત્રોની મારામારી અનુચિત લાગે છે. શાકુન્તલના છઠ્ઠા અંકમાં દુષ્યન્તનું વૈક્લવ્ય દૂર કરવા સારૂ માતલિ વિદૂષકને પકડીને ઉધે માથે લટકાવીને મારે છે ત્યાં એ સર્વ વૃત્તાન્ત નેપથ્યમાં જ બને છે, વિદૂષકને પડતો માર રંગભૂમિ પર દેખાતો નથી, અને માત્ર તેની બુમો સંભળાય છે તેથી એ વિશે ખબર પડે છે; એ રીતે

કુશલ કલાવિધાને ઉપદ્રવને અદૃશ્ય રાખ્યો છે. ઉપદ્રવ દૃશ્ય કે અદૃશ્ય હોય પણ ક્ષણિક હોય, અથવા વાસ્તવિક રીતે ઉપદ્રવ થતો જ ન હોય અને માત્ર ઉપદ્રવ થાય છે એવો ભ્રમ થતો હોય, અથવા કોઈ પ્રકારની ભૂલથી ઉપદ્રવ થતો હોય અને તે થોડા વખતમાં દૂર થઈ જવાનો હોય, ત્યાં જ હાસ્યરસમાં ઉપદ્રવનું ઔચિત્ય હોઈ શકે છે.

પરંતુ, ગાંડાઈ, તોફાન અને ઉપદ્રવની પંક્તિમાં હાસ્યક્રિયાને એડિસન ગર્ભિત રીતે મુકે છે, અને, હાસ્યક્રિયાને ખોટા 'હ્યુમર'ની જનની કલ્પે છે તે યથાર્થ નથી. કારણ વિના હસવું, ઠોળીઆબાજી કરી હસવું, બીજાને ઉપદ્રવ કરી કે બીજાનો ઉપદ્રવ જોઈ હસવું, એ ગાંડાઈ અને મૂર્ખાઈ છે, અને તેનાં હાસ્યરસ નથી એ ખરું છે. પરંતુ, હાસ્યરસના અનુભવમાં પણ (બીજી રીતે થતી) હસવાની ક્રિયા હોય છે એ ઉપર બતાવ્યું છે. વળી, હાસ્યનો પ્રસંગ વર્ણવનારે હસવું જોઈએ નહિં અને બીજાઓને હસાવતાં પોતે ડાવકું મહોં રાખવું જોઈએ, એ હસાવવાની કુશળતાનો નિયમ છે. પરંતુ, જ્યાં શ્રોતા હસે ત્યાં ખરૂં હાસ્ય અને જ્યાં વક્તા હસે ત્યાં ખોટું હાસ્ય, એવો એકસરખો નિયમ એડિસન કલ્પે છે તે વાસ્તવિક નથી. જ્યાં ખરેખરી રીતે હાસ્યરસ હોય ત્યાં વક્તા હસે તો હસાવવાની તેની કુશલતા ઓછી એમ કહેવાય, પણ, તેથી ઉક્તિમાંનો હાસ્યરસ નષ્ટ થતો નથી. પોતાની ઉક્તિમાં હાસ્યરસ ન હોવા છતાં વક્તા માત્ર પોતે હસી હાસ્ય ઉપજાવવા પ્રયત્ન કરે તેવે પ્રસંગે શ્રોતાઓમાં હાસ્ય ન પ્રવર્તે એ હાસ્યરસના અભાવનું ચિહ્ન ગણાય, એટલે અંશે એડિસનનો આ નિયમ લાગુ પડશે. હાસ્યપ્રસંગના વર્ણનને સમયે વક્તાનું ગાંભીર્ય શ્રોતામાં હાસ્યનું વિશેષ ઉદ્દીપન કરે છે એ કુશળતાના નિયમ ઉપરાંત, હસતી વખતે હસનારની આકૃતિ વિકૃત થાય છે તથા તે વિકૃતિ જોતાં હસનાર તરફ માનની વૃત્તિ ઓછી થાય છે એ કારણથી પણ કદાચ હાસ્યરસની કૃતિઓ રચનારા જાતે ઓછું હસતા હશે. પરંતુ, જેઓ કોઈ પણ વેળા સમૂળગું હસતા જ ન હોય તેઓ હસવાને અશક્ત હોવા જોઇએ અને તેમનાથી હાસ્યરસની કૃતિઓ રચી શકાય નહિં. *એડિસન બીજે પ્રસંગે એક નિયમ દર્શાવે છે તે સ્વીકારવા યોગ્ય છે. તે કહે છે, 'દુનિયામાંના આનંદી લોકો યોગ્ય ઋતુમાં અને

* પ્રખ્યાત હાસ્યરસલેખક સ્વિફ્ટ જન્મારામાં કદિ હસ્યો જ નહોતો એમ કહેવાય છે. પરંતુ, સ્વિફ્ટને હમેશ એવો ભય રહેતો કે મારા કુટુંબમાંનું ગાંડપણ મારામાં પ્રકટ થશે, અને, આખરે તે ગાંડો થઇને મરી ગયો: એ તેના સ્વભાવની ખાસ હકીકત સાધારણ સ્થિતિથી જુદી પડે છે.

યોગ્ય પ્રસંગે વાતચિત દ્વારા ખુશમિજાજ ફેલાવે છે ત્યારે આપણને તેઓ પ્રિયંકર લાગે છે; પણ, જ્યારે તેઓ દરેક બાબતના સંભાષણને મોળી મશ્કરીથી ત્રાસદાયક કરે છે અને જે વિષયમાં ઉપહાસ ઘટે નહિં તેને પણ ઉપહાસપાત્ર બનાવે છે ત્યારે એવા લોકો જનસમાજને ઘણી હેરાનગતિ કરનારા થઈ પડે છે. કારણ કે, ફિલસુફો હાસ્યક્રિયાને તર્કનો વિષય ગણે છે તોપણ હદપારની હાસ્યક્રિયા તે હમેશ મૂર્ખતાનુ ચિહ્ન ગણાય છે.' (સ્પેક્ટેટર, અંક ૫૯૮.)

એડિસને કલ્પેલાં પેઢીનામાંથી હાસ્યમાં કયા કયા અંશો ન હોવા જોઈએ એ સ્પષ્ટતાથી સમજાય છે. પરંતુ, તેમાં કહેલા ક્રમનો કંઈ અર્થ નથી. હાસ્યરસનો ઉદ્ભવ સત્યમાંથી અને સુવિવેકમાંથી થાય છે એમ કહેવાને બદલે માત્ર એટલું જ કહી શકાય કે હાસ્યરસનો પરોક્ષ હેતુ કોઈક પ્રકારનું સત્ય દર્શાવવાનો હોવો જોઈએ અને હાસ્યરસ સુવિવેકથી વિરુદ્ધ હોવો જોઈએ નહિં. સત્યમાં અને સુવિવેકમાં હાસ્યરસ ઉત્પન્ન કરવાની શક્તિ રહેલી નથી. તેમ જ 'હ્યુમર' તે 'વિટ' અને મશ્કરી (Mirth)-માંથી ઉત્પન્ન થાય છે એમ શી રીતે કહેવાય તે સમજાતું નથી. મશ્કરી 'વિટ' અને 'હ્યુમર' બન્નેમાં હોય છે. ચિત્તમાં હાસ્યરસના સંસ્કાર ઘડાતાં પ્રથમ 'વિટ'નો અનુભવ થાય છે અને પછી 'હ્યુમર' નો અનુભવ થાય છે, અને, 'વિટ'ની ખુબી સમજાવા માંડયા પછી ચિત્તનો 'હ્યુમર'ના હાર્દમાં પ્રવેશ થાય છે, એમ કદાચ કહી શકાશે. તે જ પ્રમાણે, ઉન્માદ સાથે હાસ્યક્રિયા જોડાય ત્યાં ખોટો 'હ્યુમર' ઉત્પન્ન કરવાનો પ્રયત્ન થાય અને તેમાં અસત્યતા અને અસંબદ્ધ કથાના અંશો હોય એ ખરૂં છે, પણ, એ છેલ્લા બે અંશોમાં ખોટો 'હ્યુમર' ઉત્પન્ન કરવાની શક્તિ રહેલી નથી. અને, સત્ય (Truth), સુવિવેક (Good Sense), 'વિટ,' 'હ્યુમર,' અને 'ઉન્માદ' (Frenzy), એ શા માટે પુરુષો, તથા અસત્યતા (Falsehood), અસંબદ્ધ કથા (Nonsense), હાસ્યક્રિયા (Laughter), અને મશ્કરી (Mirth), એ શા માટે સ્ત્રીઓ તે પણ કળી શકાતું નથી.

ખરા અને ખોટા 'હ્યુમર'નાં લક્ષણ એડિસને ગણાવ્યાં છે તે યથાર્થ છે. વાસ્તવિક હાસ્યરસમાં કંઇક ગંભીરતા, કંઈક રંગીલાપણું અને કંઈક તુરંગીપણું હોય છે; અને, જ્યાં અસ્થાને કરેલાં અટકચાળાં હોય છે તથા ગુણદોષ જોયા વિના નકલી ચાળા કરેલા હોય છે ત્યાં હાસ્યરસની ક્ષતિ થાય છેઃ એ એડિસને સારી રીતે દર્શાવ્યું છે. હાસ્યનો ઉદ્દેશ અમુક દુર્ગુણી મનુષ્યોનો ઉપહાસ કરવાનો ન હોવો જોઈએ, પણ, અમુક

દુર્ગુણનો ઉપહાસ કરવાનો હોવો જોઈએ એ પણ તેનું કહેવું ખરૂં છે. અમૂર્ત ગુણો માટે ઉપહાસની કથા કલ્પી શકાતી નથી તેથી હાસ્યપાત્ર મૂર્ત વ્યક્તિઓ કલ્પવી પડે છે, પરંતુ, તે કોઈ છુટક વ્યક્તિના ચિત્રરૂપ હોતી નથી પણ અમુક જાતના નમુના types) ના ચિત્રરૂપ હોય છે, એ વિશે આગળ જતાં વિવેચન કરીશું.

સંસ્કૃત અલંકારશાસ્ત્રમાં હાસ્યક્રિયાના પ્રકાર વર્ણવ્યા છે તેનું વિવેચન અહીં પ્રાસંગિક થશેઃ

"હાસ્યના આત્મસ્થ અને પરસંસ્થ એવા બે ભેદ કહ્યા છે. આત્મસ્થ (હાસ્ય) (તે) માત્ર વિભાવ (હાસ્ય ઉત્પન્ન કરનાર કારણ) જોઈ દ્રષ્ટાને ઉત્પન્ન થાય છે. બીજાને હસતો જોઈને જે વિભાવ ઉત્પન્ન થાય છે તે હાસ્યરસને પંડિતોએ પરસ્થ કહ્યો છે. વળી, એ (હાસ્ય) ઉત્તમ જનોને, મધ્યમ જનોને અને નીચ જનોને થાય (તેથી) તેના (એ રીતે) ત્રણ પ્રકાર છે. તેમ જ બીજી રીતે છ ભેદ છે. ઉત્તમ પુરુષમાં સ્મિત અને હસિત હોય એમ પંડિતોએ કહ્યું છે. મધ્યમ નરમાં વિહસિત અને ઉપહસિત હોય. નીચમાં અપહસિત અને અતિહસિત (હોય એમ) કહ્યું છે. ગાલ સહેજ ફુલે, કટાક્ષો પણ બહુ પ્રકટ ન થાય, (અને) દાંત દેખાય નહિં, એવો મધુર હાસ (તે) સ્મિત કહેવાય છે. મ્હોં, આંખ અને ગાલ જ્યાં પૂરેપૂરાં ફુલેલાં જણાય અને દાંત કાંઈક જણાય તો (તે) હસિત કહેવાય. શબ્દ કરતું, મધુર કાલગત (સરખા કાળને અન્તરે થતું) (અથવા કમ્પગત=શરીરમાં કમ્પથી પ્રસરતું), મ્હોં ઉપર રંગ આવ્યો હોય તેવું, સંકોચાયેલી આંખોવાળું અને ખડખડ થતું (તે) વિહસિત (એમ) પંડિતો કહે છે. ખભા અને માથું નીચાં થાય, આંખોથી બાકું જોવાય, (અને) નસકોરાં પૂરેપૂરાં ફુલે, એવા હાસનું ઉપહસિત નામ કહ્યું છે. અસ્થાને થયેલા, આંખોમાં આંસુવાળા, કંપતા ખભા અને કેશવાળા હાસનું નામ શાર્ઙ્ગદેવે અપહસિત કહ્યું છે. જ્યાં જાડો અને કાનને કડવો લાગે એવો અવાજ થતો હોય, આંસુના પૂરથી આંખો ભરાઈ ગઈ હોય અને પાસાં ઉપર હાથ ફરી વળતા હોય, એવા હાસને અતિહસિત કહ્યું છે."* (રસગંગાધર.)

* શિવનું અટ્ટહાસ્ય આમાથી કયા પ્રકારનું છે તે જણવામા નથી, પણ, દેવને હાસ્ય અતિપ્રિય છે એવી એ અટ્ટહાસ્યમાં રહેલી કલ્પના હાસ્યરસની પદવીને ઉન્નત કરે છે. એડિસન કહે છે કે રોમન કેથોલિક ધર્મના એક સાધુએ એવો મત દર્શાવ્યો છે કે એડમે પ્રલોભનને વશ થઈ પાપ કર્યું તેને પરિણામે હાસ્ય થયું અને એ અધઃપાત પહેલાં એડમ હસી શકતો નહિં, (સ્પેકટેટર, અંક ૨૪૯), એવું હાસ્યનું અસ્તર્ગ્ય સ્વરૂપ તો સ્વીકાર્ય ન જ થાય.

હસનારની પાત્રતા પ્રમાણે હાસ્યના પાડેલા આ પ્રકાર સ્પષ્ટ રીતે દર્શાવે છે કે જેમ હાસ્યક્રિયા મન્દ તેમ હાસ્યને ઉંચા પ્રકારનું ગણ્યું છે. સ્મિત તે 'નૂર'નું 'હાવંકુ' હાસ્ય છે અને તેને પ્રથમ પંક્તિએ મુક્યું છે તે યથાર્થ છે. તે જ પ્રમાણે 'વિટ'ના ખડખડાટ હાસ્યને મધ્યમ પંક્તિના હસનારમાં વસતું કહ્યું છે તે 'વિટ'નું ઉતરતાપણું ખરી રીતે દર્શાવે છે. અસ્થાને થતું હાસ્ય હસનારની નીચતા દર્શાવે છે અને દર્શનથી તેમ જ શબ્દથી અપ્રિય લાગે એવું હોય છે, એ વર્ણન એડિસને કહેલા ખોટા 'હ્યુમર'ને તથા ગાંડાઝબિરેલા અને હેરાનગતિ કરનારા હાસ્યને વાજબી રીતે લાગુ પડે છે. આ શ્રેણીમાં જેમ હાસ્ય ઉંચા પ્રકારનુ તેમ તે ઉંચા પ્રકારના હાસ્યરસની વધારે ને વધારે નિકટ હોય એ સ્પષ્ટ છે. બહુ જોરથી લાંબા વખત સુધી ખડખડાટ હસતાં લંબાયેલો અને કર્કશ એવો અવાજ કહાડનારા અને જમીન પર આળોટી પડનારા જનો હાસ્યરસનો અનુભવ કરતા નથી પણ કોઈ પ્રકારના ઉન્માદને વશ થયેલા હોય છે એમ એવા હાસ્યના દેખાવ ઉપરથી જ પ્રતીતિ થાય છે.

હાસ્યરસના અંશોનુ ઉપર પ્રમાણે પૃથક્કરણ કર્યા પછી હવે હાસ્યરસના કલાવિધાન વિશે વિવેચન કરીશું. રસ સાથે કલાની સદૈવ આવશ્યકતા હોય છે, અને, કલાવિધાનની નિપુણતાથી જ રસ ખરેખરો જામે છે. હાસ્યરસના વિષયમાં કલાવિધાનને કેટલાક વિવેચકો એટલું અગત્યનું ગણે છે કે હાસ્યરસનું મૂળ કલાવિધાનમાં રહેલું છે, એમ તેઓ વ્યાખ્યા કરે છે. શબ્દોને, વાક્યોને અને વિચારોને અમુક રીતે ગોઠવવાની કલા હોય ત્યાં જ હાસ્યરસ પ્રકટાવવામાં કૃતેહમંદ થવાય એ ખરૂં છે, પરંતુ, બીજા રસોમાં પણ એવી કલા આવશ્યક છે. સંઘટ્ટન, વિરોધ, આશ્ચર્ય, વગેરેનું દર્શન થાય એવી લેખરચના જેમ હાસ્યરસમાં આવશ્યક છે, તેમ પરાક્રમ, શૌર્ય, દીપ્તિ, વગેરેનું દર્શન થાય એવી લેખરચના વીરરસમાં આવશ્યક છે, પ્રેમ, અભિલાષ, ચિન્તા, વગેરેનુ દર્શન થાય એવી લેખરચના શૃગારરસમાં આવશ્યક છે. તેથી, કલાવિધાનને હાસ્યરસનું મૂળ કહેવું એ યથાર્થ નથી, પરંતુ, એડિસન કહે છે તેમ હાસ્યરસ હોવાનો દાવો કરનાર ખોટા વેશધારીઓ ઘણા હોય છે, અને તે માટે, કલાવિધાન દ્વારા ખરા ખોટાનો ભેદ પારખવાની ઘણી જરૂર છે.

આ રસના કલાવિધાનમાં મ્હોટો પ્રશ્ન અસંભવનો છે. સ્વ. નવલરામના "હાસ્યરસ વિષે"ના નિબંધનું તાત્કાલિક કારણ એ જ હતું. સ્વ.

નર્મદાશંકરે 'ભટના ભોપાળા'માં અસંભવિતપણાનો દોષ મૂકી એમાં હાસ્યરસ છે જ નહિં એમ કહ્યું હતું તે ઉપરથી સ્વ. નવલરામે તે પ્રસંગે પ્રતિપાદન કર્યું હતું કે હાસ્યરસમાં અસંભવ એ દોષ નથી પણ 'અસંભવના પ્રમાણમાં જ હાસ્યરસની ખુબી છે,' અને, એ મતના સમર્થનમાં ઘણાં ઉદાહરણો આપ્યાં હતાં. એ પ્રતિપાદનનો સાર એ નિબંધમાં લખ્યો છે.

રસિક કૃતિઓની રચનામાં અનુકરણનું સ્થાન છે કે કલ્પનાનું સ્થાન છે, એ સામાન્ય પ્રશ્ન આ વિષયમાં પણ અન્તર્ભૂત રહેલો છે. એ સામાન્ય પ્રશ્ન વિશે અમે બીજે પ્રસંગે વિવેચન કર્યું છે, અને, અહીં એ સંબંધે એટલું જ કહીશું કે સાહિત્યની મનઃસૃષ્ટિમાં અનુકરણ અને કલ્પના એ બન્નેનો સમાવેશ થાય છે; વાસ્તવિકતાના અનુકરણની પણ જરૂર છે અને નવીનતાની કલ્પનાની પણ જરૂર છે; વાસ્તવિક રીતે કોઈ દિવસ હોઈ શકે જ નહિં એવી સ્થિતિની કલ્પના રસને પુષ્ટ કરતી નથી, તેમ જ, નિત્ય સાધારણ રીતે જોવામાં આવે એવી બિનાઓનુ અનુકરણ મનનું રંજન કરતું નથી. વાસ્તવિકતાનું ધોરણ લક્ષમાં રાખી નવી અને અપૂર્વ સૃષ્ટિ ઉપજાવવી એ કલાવિધાયકનું કામ છે. ડા. વિલિયમ અર્નેસ્ટ હેનલી કહે છે તેમ, 'રસિક કલામાં કુદરત નહિં પણ કુદરતનો સાર આવે છે,' 'વાસ્તવિકતામાં જે સ્થૂલ અને અપ્રસ્તુત અંશો હોય તે કહાડી નાખી જે અમર હાર્દ હોય તે પસંદ કરી અને એકઠું કરી પ્રકટ કરવુ જોઇએ.' જેનો કુદરતમાં સંભવજ ન હોય તેમાં આ હાર્દ હોઈ શકે નહિં તથા ચિત્ત તે કબુલ કરે નહિં. અને, જે કુદરતના બાહ્ય સ્થૂલ આકાર ઉપરથી માત્ર નકલ કરી ઉતારી લીધેલું હોય તેમાં પણ એ હાર્દ હોય નહિં અને ચમત્કાર હોય નહિં. કલાવિધાયકે કલ્પનાને સૃષ્ટિમાં ફેરવી રસિક અંશો એકઠા કરી તે વડે નવી સૃષ્ટિ ઉત્પન્ન કરવી જોઈએ, સંભવની શકયતા જાળવી અપૂર્વ અને અદ્ભુત કૃતિ ઉદ્ભૂત કરવી જોઈએ.

તેથી, 'આવું કોઈ દિવસ બન્યુ નથી.' એ વાંધો હાસ્યરસવાળી કૃતિ સામે લેઈ શકાય નહિં. 'એવું બની શકે તેમ હોય' તો બસ છે. મૂર્ખોની સભા કોઈ ઠેકાણે મળી ન હોય તો હરકત નથી, પણ, પંડિતો પેઠે મૂર્ખોની સભા મળે એ શકય છે, અને, મૂર્ખો જેવા વિચાર કરે અને જેવી પ્રવૃત્તિ કરે તેવા વિચાર અને પ્રવૃત્તિ એ સભાના વર્ણનમાં દાખલ કરેલાં હોય તો સંભવની શકયતા જળવાય છે. સાધારણ માણસો હમેશના વ્યવહારમાં જે બોલે છે, ચાલે છે તેના વર્ણનમાં હાસ્યરસ હોતો નથી, પણ, હમેશ ન બને એવું તરેહવારપણું હોય ત્યારે જ હાસ્યરસ શકય થાય છે.

આ જ અર્થમાં સ્વ. નવલરામ કહે છે કે 'અસંભવના પ્રમાણમાં જ હાસ્યરસની ખુબી છે.' 'સાધારણ રીતે ન બને તે' એટલો જ એ વાક્યમાં 'અસંભવ'નો અર્થ છે. સાધારણ રીતે જોવામાં ન આવતી તે છતાં જનસ્વભાવમાં વસતી,—એવી વિલક્ષણતાને મૂર્ત રૂપ આપી આગળ પડતી કરવાથી અને સાધારણ લક્ષણ સાથેના તેના વિરોધ દર્શાવવાથી સંઘટ્ટન થઈ હાસ્યમયતા પ્રકટ થાય છે.

'મારી સાસુએ એમ કહ્યું જે વાસીદાં વાળી મેલ.
મેં ભોળીએ એમ જાણ્યું કે સાવરણી બાળી મેલ.
મારી સાસુએ એમ કહ્યું જે પાણી ભરી મેલ;
મેં ભોળીએ એમ જાણ્યુ કે બેડાં ફોડી મેલ.
મારી સાસુએ એમ કહ્યું જે રાંધણાં રાંધી મેલ;
મેં ભોળીએ એમ જાણ્યુ કે ચુલો ખોદી મેલ.
મારી સાસુએ એમ કહ્યું જે ગાયો દોહી મેલ;
મેં ભોળીએ એમ જાણ્યુ કે ગાયો છોડી મેલ.
મારી સાસુએ એમ કહ્યું જે કોડમાં દીવો મેલ;
મેં ભોળીએ એમ જાણ્યું કે સોડમાં દીવો મેલ.'

રાંદેલ (રન્નાદેવી) નાં ગીત.

બધી વહુઓ ભોળી નથી હોતી અને સવળાનું અવળું કરનારી નથી હોતી. પણ, કેટલીક વહુઓ ભોળી હોય છે, કેટલીક ભોળી વહુઓ સાસુના તાપથી ગભરાટમાં રહેનારી હોય છે, કેટલાક માણસો ગભરાટમાં ખોટું સાંભળે છે અને ખોટું સમજે છે, કેટલાંક ભોળાં માણસો ખોટું સાંભળ્યા કે ખોટું સમજ્યા પછી યોગ્યાયોગ્યતાનો વિચાર કર્યા વિના—પોતે જે સાંભળ્યું હોય કે પોતે જે સમજ્યાં હોય તેનો અમલ કરે છે: એ બધા સંભવોની શક્યતા એકઠી કરતાં આ ગીતમાં વર્ણવેલી હકીકત કોઈ વખત બની ન હોય, તોપણ, ન બને એવી નથી એમ લાગે છે. 'વાળી' કહ્યુ હોય ત્યાં 'બાળી' સંભળાય એ શક્ય છે, તેથી, ગભરાયેલી ભોળી વહુ 'વાસીદાં બાળી મેલ' એવો સાસુનો હુકમ સાંભળી સાસુને પુછી જોવાની હિમ્મત ન હોવાથી તેમ જ હુકમનો અમલ કરતાં ઢીલ કરવાથી સાસુ વઢશે એવી બીક હોવાથી અને 'વાસીદાં બાળી મેલવાનું' કોઈ શા માટે કહે એવી સમજણ ન હોવાથી વધારે વિચાર ન કરતાં 'વાસીદાં બાળી મેલ' વચનને 'સાવરણી બાળી મેલ' ના અર્થમાં સમજી લે અને તે પ્રમાણે અમલ કરે એ

શક્ય છે. તે જ પ્રમાણે, 'દોહી' કહ્યું હોય ત્યાં 'છોડી' સંભળાય અને 'કોડ' કહ્યું હોય ત્યાં 'સોડ' સંભળાય એ બનવાજોગ છે, અને, ગભરાયેલી ભોળી વહુઓ એ પ્રમાણે સંભળાયેલા વચનનો અમલ કરે એ બનવાજોગ છે. એવા ભોળપણુ અને ગભરાટનુ સ્વરૂપ વધતાં તે એવું પણ થાય કે સાસુએ શું કહ્યું તે વહુ સાંભળે નહિં, એટલું જ નહિં પણ તે સમજે પણ નહિં, અને, પાણીનાં વાસણ તરફ કે રાંધવાની જગા તરફ આંગળી કરી સાસુએ ગુસ્સામાં કહ્યું હોય તે ફોડી નાખવાનું જ કે ખોદી નાખવાનુ જ કહ્યું હોય એમ માની લઈ ઉપર કહી તેવી વૃત્તિથી વધારે વિચાર ન કરતાં એકદમ તેનો અમલ કરે એ શક્ય છે. આ પ્રકારોમાં સંભવને ખેચીને અસંભવના રૂપમાં મુકવાની કલાથી હાસ્યમયતા પુષ્ટ થાય છે.

અસંભવ સરખું રૂપાન્તર પામેલી આ સંભવની શક્યતાનું પ્રો. બર્ગસને નિરૂપણ કર્યું છે તે લક્ષમાં લેવા યોગ્ય છે. તેઓ કહે છેઃ હાસ્યપાત્ર લક્ષણોમાં અને અંશોમાં ખાસ જાતની તર્કવ્યવસ્થા (logic) હોય છે. એ તર્કવ્યવસ્થા વિચિત્ર પ્રકારની હોય છે અને તેમાં કેટલીક વખતે અયુક્તતા (absurdity)નો સમવેશ થયેલો હોય છે. કેટલાકનો મત એવો છે કે હાસ્યમયતા છેક છેવ પર જાય છે ત્યારે તેમાં અયુક્ત તર્કવ્યવસ્થા હોય છે, અને અયુક્તતાને મૂર્તિમન્ત થયેલી જોઈ-દેખાઈ આવે એવી અયુક્તતા જોઈ—આપણને હસવું આવે છે; કેટલાકનો મત એવો છે કે એવે પ્રસંગે આપણે ક્ષણભર અયુક્ત વાત કબુલ કરી લઈએ છીએ અને પછી તરત જ ભૂલ સુધારી દઈએ છીએ; કેટલાકનો મત એવો છે કે એવી વાત એક દૃષ્ટિબિન્દુથી અયુક્ત જણાય છે, પણ, બીજા દૃષ્ટિબિન્દુથી તેનો ખુલાસો થઈ શકે તેમ હોય છે. આ બધા મતમાં કંઈક સત્ય હશે. પરંતુ, એ બધા મત કેટલાંક બહાર દેખાતાં હાસ્યમય પરિણામને જ લાગુ પડે છે, અને, એવા પ્રસંગમાં હાસ્યમયતાનું જે લક્ષણ હોય છે તેનો એ મતથી ખુલાસો થતો નથી, અર્થાત્, હાસ્યમયતામાં અયુક્તતા રહેલી હોય છે ત્યારે તે કયી જાતની અયુક્તતા હોય છે તેનો એ મતથી ખુલાસો થતો નથી. આની તાત્કાલિક સાબીતી એ જ કે એ મતને પ્રકારે અયુક્ત વાતોવાળાં ઉદાહરણો ગોઠવી જોઈશું તો માલમ પડશે કે એમાંથી ઘણાંમાં કાંઈ હાસ્યમય હોતું નથી. આથી જણાય છે કે હાસ્યમયતામાં જ્યારે અયુક્તતા રહેલી હોય ત્યારે તે સામાન્ય અયુક્તતા નથી હોતી, પણ, અમુક જાતની અયુક્તતા હોય છે. એ અયુક્તતાથી હાસ્યમયતા ઉત્પન્ન થતી નથી, પણ, ઉલટું હાસ્યમયતા પોતાનો વિશેષ અંશ એ અયુક્તતામાં ફેલાવે છે. અયુક્તતા એ

કારણ નથી હોતું પણ પરિણામ હોય છે, અને તે એવું ખાસ જાતનું પરિણામ હોય છે કે તેના કારણનું વિશેષ સ્વરૂપ તેમાં પ્રાદુર્ભૂત થાય છે.

એક ઉદાહરણ કલ્પીએ. બહાર ફરવા ગયાં ત્યાં આપણે કોઈ ડુંગરની ટોચ પર કાંઈ એવું જોયું કે તે આઘેથી હાલ્યા ચાલ્યા વિના ઉભેલા શરીર જેવું કાંઈક દેખાતું હોય અને તેના હાથ ચકર ચકર ફરતા હોય એમ દેખાતું હોય. એ શું છે તે આપણે જાણતા નથી પણ, આપણા વિચારોમા શોધ કરવા માંડીએ છીએ, એટલે કે, એ શું હોઈ શકે—એવું શું હોય તે નક્કી કરવા આપણી સ્મરણશક્તિ ચલાવીએ છીએ, આપણને યાદ આવે તેમાંથી આ દેખાવને બંધબેસતું શું હોય એ વિચારીએ છીએ. થોડી વારમાં પવનચક્કીની આકૃતિ આપણા મન આગળ ઉભી થાય છે અને, આપણે મનથી નક્કી કરીએ છીએ કે એ પવનચક્કી છે. ઘેરથી નિકળતા પહેલાં આપણે જંગી હાથવાળા રાક્ષસોની અદ્‌ભુત વાર્તાઓ વાંચતા હતા તેથી ફેર પડતો નથી, કારણ કે, ઘટતી વાતો યાદ લાવી અક્કલ વાપરવી એમાં મુખ્યત્વે સાધારણ સમજ (co mmon sense) હોય છે, તોપણ, નિરુપયોગી વાત વિસારે મુકી અક્કલ વાપરવી એમાં વળી વિશેષ રીતે સાધારણ સમજ હોય છે. મન વખતોવખત બદલાતી સ્થિતિને અનુકૂળ થાય અને વસ્તુઓ બદલાય તે સાથે ગતિ કરી વિચારો બદલે એ પ્રયાસ તે સાધારણ સમજ છે.

પણ હવે, રણસંગ્રામોમાં જવા નિકળેલા ડૉન ક્વિક્ઝૉટ તરફ દૃષ્ટિ કરીએ. તેમણે વાંચેલી બધી અદ્‌ભુત વાર્તાઓમાં લખેલું છે કે 'નાઇટ્સ' (વીર પુરુષો) ને રસ્તામાં રાક્ષસો સામા મળે છે. ડૉન ક્વિક્ઝૉટ ધારે છે કે મને પણ સામો રાક્ષસ મળવો જોઈએ. રાક્ષસનો વિચાર તેના મનમાં ઠસી ગયેલો છે અને બહાર નિકળી આવી કોઈ પદાર્થમાં ગોઠવાવાની તક જોઈ રહેલો છે, તેથી, જે પદાર્થ સહેજ પણ રાક્ષસની આકૃતિ જેવો દેખાય છે તે તેની દૃષ્ટિએ રાક્ષસ બની જાય છે. આ રીતે, જ્યાં આપણે પવનચક્કીઓ જોઈએ છીએ ત્યાં ડૉન ક્વિક્ઝૉટ રાક્ષસો જુએ છે. આ હાસ્યમય છે; આ અયુક્ત પણ છે. પણ એ શું માત્ર અયુક્તતા જ છે—ગમે તે રીતે અયુક્ત કહેવાય એવી એ સ્થિતિ છે?

આ સ્થિતિમા સાધારણ સમજને કાંઈ જુદી રીતે ઉંધી વાળી હોય છે. વસ્તુઓ પ્રમાણે પોતાના વિચાર બાંધવાને બદલે એમાં પોતાના વિચાર પ્રમાણે વસ્તુઓ બાંધવાનો પ્રયત્ન હોય છે, આપણે જે જોઈએ છીએ તેનો

વિચાર કરવાને બદલે આપણે જેનો વિચાર કરતા હોઈએ છીએ તે આપણી આગળ આવેલું જોઈએ છીએ. બુદ્ધિ વાપરીએ તો તો આપણી સ્મૃતિમાં જે વસ્તુઓ રહેલી છે તેને પોતપોતાને ઠેકાણે આપણે રહેવા દઇએ; એમ હોય ત્યારે, પ્રસંગાનુસાર ઘટતી વસ્તુ સ્મૃતિમાંથી આવી બોલાવેલી હાજર થશે અને જેનો પ્રસંગ હશે તેનો અર્થ સમજાવવાનુ જ કાર્ય કરશે. પણ ડૉન ક્વિક્ઝૉટને તો એથી ઉલટું એવું છે કે તેની સ્મૃતિમાંની એક વર્ગની વસ્તુઓ બીજી બધી પર અમલ ચલાવે છે અને સ્વભાવ ઉપર પણ અધિકાર ચલાવે છે. તેથી, કલ્પનાને તાબે થવાની વાસ્તવિકતાને ફરજ પડે છે, અને, મનના તરંગ સારૂ મૂર્તિમંત આકૃતિ પુરી પાડવી એટલુ જ કામ વાસ્તવિકતાને કરવાનુ રહે છે. ભ્રમ એક વાર ઉત્પન્ન થયા પછી ડૉન ક્વિક્ઝૉટ તેનો વિસ્તાર તર્કાનુસાર કરી પરિણામો ઉપજાવે છે. ઉંઘમાં ફરવાની ટેવ હોય તેવો માણસ પોતાના સ્વપ્ન પ્રમાણે આચરણ કરે છે તેની પેઠે ડૉન ક્વિક્ઝૉટ ભ્રમમાં પણ દરેક કામ ખરા પ્રમાણે ચોકસાઈથી અને રીતસર કરે છે. ભ્રમનો ઉદ્‌ભવ આ પ્રમાણે થાય છે. અને, વિશેષ જાતની અયુક્તતાનું નિયંત્રણ આ વિશેષ જાતની તર્કવ્યવસ્થાથી થાય છે.

આ તર્કવ્યવસ્થા ડૉન ક્વિક્ઝૉટની એકલાની નથી. પણ, હાસ્યપાત્ર મનુષ્યોના મનનું એવું વલણ બંધાઈ જાય છે કે સાંભળ્યા વિના અને જોયા વિના તેઓ એક ભૂલભરેલે રસ્તે ચાલ્યા જાય છે, અને પોતાને જે જોવું હોય તે જ દેખાય છે એમ તેઓ ધારે છે, તથા પોતાની કલ્પના પ્રમાણે જ બધી ઘટના છે એમ તેઓ માને છે. સાધારણ સમજની આવી વિપરીતતા દીવાનાપણામાં જોવામાં આવે છે, પણ, દીવાના માણસનું આવું વર્તન જોવામાં આવે છે ત્યારે હાસ્ય ઉત્પન્ન થતું નથી પણ દયા ઉત્પન્ન થાય છે. જો કોઈ જાતનુ દીવાનાપણું હસવા સરખું હોય તો તે મનની સાધારણ સ્વસ્થતાવાળું હોવું જોઈએ; ગાંડો ન હોય તેનું જ દીવાનાપણું હસવા સરખું થાય. આવું દીવાનાપણુ સ્વપ્નાવસ્થામાં હોય છે. સ્વપ્નાવસ્થામાં આવેલો માણસ ગાંડો નથી હોતો. તેની તર્કવ્યવસ્થા આવી જ જાતની હોય છે. આ રીતે, એવો સિદ્ધાન્ત થઈ શકશે કે હસવા સરખી અયુક્તતા સ્વપ્નના પ્રકારની હોય છે. (લાફ્ટર: ઍન ઍસે ઑન ધ મિનિંગ ઑવ ધ કૉમિક.)

'અસંભવ'માં રહેલી આ હાસ્યજનક અયુક્તતા (comic abs urdity) સ્વપ્નની અયુક્તતાને શી રીતે મળતી હોય છે તે પ્રો.

બર્ગસન આ પ્રમાણે દર્શાવે છેઃ ડૉન કિવક્ઝૉટ સરખા મનુષ્યોનો દીવાનાપણા જેવો અને હસવા સરખો બુદ્ધિવ્યાપાર ઉપર વર્ણવ્યો તેવો જ બુદ્ધિવ્યાપાર સ્વપ્નમાં થાય છે. માણસ ઉંઘમાં પડતાં તેનું મન પોતાના જ વિચારથી પ્રસન્ન થઈ બાહ્ય જગતથી વસ્તુતઃ અલગ થઈ જાય છે, અને, માત્ર પોતાની કલ્પનાનો સાક્ષાત્કાર કરવાનાં નિમિત્ત મળે એટલા પુરતો જ બાહ્ય જગતનો આશ્રય લે છે. ગુંચવાયેલા અવાજોનો ભણકારો ઉંઘનારના કાનમાં પડે છે, તેની દૃષ્ટિએ રંગ દેખાય છે, અને તેની ઇન્દ્રિયોની ગ્રહણશક્તિ સમૂળગી બંધ થઈ ગયેલી નથી હોતી. પરંતુ, સ્વપ્નાવસ્થામાં તેની ઇન્દ્રિયો જે ગ્રહણ કરે છે તે શું છે તે સમજવા સારૂ તે પોતાની બધી સ્મૃતિઓનો ઉપયોગ કરતો નથી, પણ, જે સ્મૃતિ પોતાને ખાસ પ્રિય હોય તેનો જ ઉપયોગ કરે છે, અને તેને આધારે વસ્તુસ્વરૂપ કલ્પે છે. આ રીતે, સ્વપ્ન અનુભવનારના મનની તે તે વખતની વૃત્તિ પ્રમાણે અને તેની કલ્પનામાં તે તે વખતે ભરાયેલા ભાવ પ્રમાણે તે એક જ ઇન્દ્રિયાનુભવ પરથી જુદી જુદી વસ્તુઓનો સ્વપ્નમાં સાક્ષાત્કાર કરે છે. બારી પરના બાકામાંથી આવતો પવનનો સુસવાટો કોઈ વેળા સ્વપ્નમાં જંગલના પશુની ગર્જના બને છે અને કોઈ વાર મધુર સંગીત બને છે. સ્વપ્નમાં આમ જેવો ભ્રમ થાય છે તેવો જ ભ્રમ હાસ્યજનક અયુક્તતામાં થાય છે. હાસ્યમય અવસ્થાની અને સ્વપ્નાવસ્થાની તર્કવ્યવસ્થા એકસરખી હોય છે. જે તર્ક સાંભળી આપણે હસીએ છીએ તે ખોટા છે એમ આપણે જાણીએ છીએ, પણ, તે એવા હોય છે કે સ્વપ્નમાં તે સાંભળ્યા હોય તો આપણે તે ખરા માનીએ. એમાં ખરા તર્કની એવી ખોટી નકલ હોય છે કે નિદ્રામાં પ્રવેશ કરતું મન એવા તર્કથી છેતરાય. એમાં કોઈ જાતની તર્કવ્યવસ્થા તો હોય છે જ, પણ, તે એવી હોય છે કે તેમાં વિચાર કરવાનો શ્રમ પડતો નથી. નર્મયુક્ત વાક્ચાતુર્યનાં વચનો (witticisms) ઘણી વાર આ જાતનાં હોય છે. વિચારોની એવી રમતથી આખરે શબ્દોની રમત ઉદ્ભવે છે, જુદા જુદા વિચારોનો સંબંધ માત્ર ઉપર ઉપરનો થવાથી શબ્દોના અર્થને બદલે શબ્દોના અવાજ ઉપર લક્ષ જતાં દ્વિઅર્થી શબ્દોની ચતુરાઈનાં આપણે ઉતરીએ છીએ. હાસ્યરસની આવી તર્કવ્યવસ્થામાં વિચારોનું અન્તઃસ્વરૂપ જતું રહેવા છતાં તેનો શબ્દરૂપી બાહ્ય આકાર કાયમ રહેવાથી જે વિલક્ષણતા થાય છે તે સ્વપ્નમાં પણ હોય છે. ઉદાહરણાર્થ, પ્રહસનમાં કેટલાક હાસ્યમય અભિનય એવા હોય છે કે એક પાત્રના કાનમાં બીજું પાત્ર કંઈ

શબ્દો કહે છે તે પરથી સાંભળનાર પાત્ર મૂર્ખાઇ ભરેલી રીતે અને અર્થ સમજાતો ન હોય તેવા ડોળથી તે શબ્દો ફરી બોલી જાય છે. સ્વપ્નમાં પણ આવી ઘટના હોય છે. આસપાસ જાગતા લોકો બોલતા હોય તેમનાં વચનો ઉંઘમાં પડેલા માણસને કાને પડતાં તેના ચિત્તમાં તે વચનો અર્થ વિનાનાં થઈ જાય છે અને મરડાઇને એવા તરેહવાર તથા આકસ્મિક રૂપે એકઠાં થાય છે કે સ્વપ્નમાં તે અતિવિલક્ષણ અર્થ ધારણ કરે છે.

પ્રો. બર્ગસનના આ વિવેચનનો સાર એ છે કે હાસ્યરસમાં વર્ણ-વેલો અસંભવ પ્રથમ દૃષ્ટિએ અયુક્ત (absurd) લાગે, એવી અયુક્ત સ્થિતિમાં કોઈ માણસ આવે જ નહિં—એવા અયુક્ત વિચાર કોઈ માણસ કરે જ નહિં—એવાં અયુક્ત વચનો કોઈ માણસ બોલે જ નહિં એમ પ્રથમ દૃષ્ટિએ લાગે, તો તે ભૂલ છે. કેટલાક માણસો પોતાના મનના તરંગ-ને એવા વશ થઈ જાય છે કે એ તરંગથી કલ્પેલી વાતને સાચી માની લે છે અને જે તર્કવ્યવસ્થા સાધારણ મનુષ્યો સાચી વાત સંબંધે વા-પરી ખરા વિચાર બાંધે છે તે જ તર્કવ્યવસ્થા એવા મનુષ્યો પોતાના તરંગમાં આવેલી કલ્પિત વાત સંબંધે વાપરી અયુક્ત વિચાર બાંધે છે. રાક્ષસોને જંગી હાથ હોય છે એવું વાર્તામાં વાંચ્યું હોય તે છતાં જ્યાં આઘેથી કોઈ એવી આકૃતિ દેખાય કે તેને જંગી હાથ છે એમ આભાસ થાય તોપણ સાધારણ મનુષ્યો એમ ન માની લે કે રાક્ષસ ઉભો છે. પરંતુ, ડૉન કિવશૉટ સરખા મનુષ્યના મનમાં રાક્ષસો સાથે યુદ્ધ કરવાના તરંગ રમી રહ્યા હોય તો તે એ આકૃતિને રાક્ષસ જ માને, અને ખરેખરો શત્રુ ઉભો હોય ત્યાં સાધારણ મનુષ્ય જે પ્રમાણે બોલે ચાલે તે જ પ્રમાણે એવા તરંગી મનુષ્યો વગર શત્રુએ બોલે ચાલે. જ્યાં ચિત્તમાં એક વાર ભ્રમ સ્થાપિત થયો હોય ત્યા તર્કવ્યવસ્થા અયુક્તતા ઉપજાવે છે અને એવી અયુક્તતા હાસ્યમય થાય છે. 'બાન્ધવ' એટલે કોણ તે ન જાણનાર મૂર્ખ **स्मशाने यस्तिष्ठति स बान्धवः** ('સ્મશાનમાં જે ઉભો રહે તે બાન્ધવ') એવું વચન સાંભળી બાન્ધવ કેવો હોય તે જોવા સારૂ સ્મશાન-માં જાય અથવા સ્મશાનમાં બાન્ધવ ઉભો હશે એમ ધારે, એ શકય છે. અને, 'સ્મશાન જવાને પ્રસંગે મદદમાં ઉભો રહે તેને બાન્ધવ સમજવો' એવો એ વાકયનો ખરો અર્થ ન સમજતાં 'સ્મશાનની ભૂમિમાં જે પગ માંડી ઉભેલો હોય તે બાન્ધવ કહેવાય' એવો ખોટો અર્થ તે સમજે. તો પછી, બાન્ધવનું દર્શન કરવા સારૂ તે સ્મશાનભૂમિમાં જાય અથવા સ્મશાન-ભૂમિમાં બાન્ધવ મળશે એમ ધારે, અને, સ્મશાનભૂમિમાં જતાં ત્યાં

ગધેડાને ઉભેલો જોઈ ' આ બાન્ધવ છે ' એમ એકદમ માની લે, એ સાધારણ તર્કવ્યવસ્થાનું પરિણામ છે. એ ન બને એવી અયુક્તતા નથી પણ હસવા સરખી અયુક્તતા છે. જંગી આકૃતિ જોઈ એ કયી વસ્તુ હોવી જોઈએ તે નક્કી કરવા સાધારણ મનુષ્યો પોતે પ્રથમ જોયેલી ઉંચા કદની વસ્તુઓ યાદ લાવવા પ્રયત્ન કરે, પણ, ડૉન કિવક્ઝોટ સરખા મનુષ્યોના મનમાં રાક્ષસો એવા રમી રહ્યા હોય છે કે બીજી કોઈ વસ્તુઓ યાદ લાવવાનો પ્રયત્ન ન કરતાં તેઓ પોતાને મનગમતી રાક્ષસની કલ્પના જ યાદ લાવે છે અને પછી સાધારણ તર્કવ્યવસ્થાથી 'આ રાક્ષસ છે' એમ અનુમાન કરે છે. સ્મશાનમાં ગધેડાને ઉભેલો જોઈ સાધારણ મનુષ્યો પોતે પ્રથમ જોયેલી લાંબા કાનવાળી, મ્હોંના લાંબા નાળચાવાળી, ધોળા રંગવાળી, લટકતી પુંછડીવાળી ગધેડાની આકૃતિ યાદ કરી સાધારણ તર્કવ્યવસ્થા વડે 'આ ગધેડો છે ' એમ અનુમાન કરે છે. પણ, અક્ષરાર્થને વળગી રહેનાર મૂર્ખ એવું કાંઈ યાદ લાવવાનો પ્રયત્ન ન કરતાં **स्मशाने यस्तिष्ठति स बान्धवः** એ વાક્ય જ યાદ કરે છે, અને, તેથી એ જ સાધારણ તર્કવ્યવસ્થા વડે 'આ બાન્ધવ છે ' એમ અનુમાન કરે છે.

આમ, આ અયુક્તતા એવી નથી કે મનુષ્યના તર્કમાં જ તે ઉતરે નહિં અને તર્કવ્યવસ્થા ચલાવી શકે તેવો મનુષ્ય એવું વર્તન કરે જ નહિં. એવી અવસ્થામાં તર્કવ્યવસ્થાનું બળ તો હોય છે, પણ, મનની વિલક્ષણતાને લીધે એ બળ આગળ રજુ થનારાં ઉપાદાન એવાં બદલાઈ જાય છે કે પરિણામ અયુક્ત થાય છે. તે છતાં, મૂળમાં વાસ્તવિક વિલક્ષણતા રહેલી હોવાથી અયુક્તતા શ્રોતાના ચિત્ત આગળ 'અસંભવ'ના દોષથી અસ્વીકાર્ય નથી બનતી, પણ, તેના ચિત્તને વિલક્ષણતાના સંભવની પ્રતીતિ કરાવી પ્રસન્ન કરે છે અને હાસ્ય ઉપજાવે છે. તર્કવ્યવસ્થાની પ્રવૃત્તિ ખરેખરી રીતે આ પ્રકારે થાય છે એ હકીકતના ઉદાહરણ સારૂ પ્રો. બર્ગસન સ્વપ્નાવસ્થાના અનુભવ શી રીતે થાય છે તે વર્ણવે છે. એ અવસ્થામાં પણ માણસ પોતાને મનગમતી કલ્પનાથી ઘેરાઈ જાય છે; ઇન્દ્રિયો જે ગ્રહણ કરે તે શું છે તે સમજવા સારૂ પૂર્વના અનુભવ પ્રસ્તુતપણે યાદ ન લાવતાં માણસ પોતાના મનમાં વિશેષ ઠસી ગયેલો અમુક અનુભવ જ યાદ લાવી અને પછી સાધારણ તર્કવ્યવસ્થા ચલાવી 'આ તે અમુક વસ્તુ છે' એવા ખોટા અનુમાનમાં ઉતરી પડે છે, પોતાને દોરડાનો સ્પર્શ થતો હોય તો સાપનો સ્પર્શ થાય છે એમ ધારે છે, પોતાની આંખમાં તેજનું એક કિરણ આવતું હોય તો આગ લાગી છે એમ ધારે છે. આ

રીતે, જ્યાં મનની વિલક્ષણતાને લીધે બધી કલ્પનાઓનું સમતોલન ન રહેતાં અમુક કલ્પના આગળ પડતી થઈ સર્વ અનુભવોને પોતાની રૂપના કરવા મથે છે, ત્યાં મન ભ્રમને વશ થાય છે અને તેથી મન આગળ આવતી વસ્તુઓ એવી મરડાઈ જાય છે, એવી વાંકી થઈ જાય છે, કે તે પર ચલાવેલો તર્કવ્યાપાર અયુક્ત પરિણામો જ ઉભાં કરે છે. તેથી, તેઓ કહે છે કે હાસ્યમયની તર્કવ્યવસ્થા (logic of the laughable) અને સ્વપ્નમયની તર્કવ્યવસ્થા (logic of dreams) એકસરખી હોય છે; બન્નેમાં મનના તરેહવાર વલણ પર તર્કવ્યાપાર રચાય છે, અને એ રીતે આરંભમાં વક્રતા હોવાથી બધી ઘટના અયુક્ત બને છે તથા આરંભની વક્રતામાં સમાયેલું હાસ્યમયતાનું બીજ એ અયુક્ત ઘટનાને હાસ્યમય બનાવે છે.

આ નિરૂપણથી એ ફલિત થાય છે કે જેમના મનમાં વિલક્ષણતા હોય છે તેમના તર્કવ્યાપાર હાસ્યમય થાય છે. એવા તર્કવ્યાપાર અયુક્ત પણ થાય છે, પરંતુ, અયુક્તતાથી હાસ્ય થતું નથી પણ જે વિલક્ષણતાથી હાસ્ય થાય છે તે જ વિલક્ષણતા અયુક્તતા ઉત્પન્ન કરે છે, અને તેથી, એવી અયુક્તતા હાસ્યથી રંગાય છે. એ વિલક્ષણતા વાસ્તવિક હોય છે, અને, સાધારણ રીતે થઈ શકે એવો તર્કવ્યાપાર તે વિલક્ષણતા ઉપર પ્રવૃત્ત કરતાં એવી અયુક્તતા ઉત્પન્ન થાય છે, તેથી, એમાં અસંભવનો દોષ હોતો નથી. આમ કલા સંબંધે 'અસંભવ'ની ઉપર કરેલી વ્યાખ્યા પ્રો. બર્ગસનના આ નિરૂપણ સાથે એકાર્થ થાય છે. મૂળની વિલક્ષણતા તે 'સંભવ' છે, અને તેને તર્કવ્યાપારમાં ખેંચી અયુક્તતાના અર્થાત્ અસંભવના રૂપમાં મુકવાની કલાથી હાસ્યમયતા પુષ્ટ થાય છે.

સ્વિફ્ટની 'ગલિવર્સ ટ્રાવેલ્સ' સરખી કૃતિઓમાં જે અસંભવના અંશ હોય છે તે વાર્તાનો વિષય હોય છે, હાસ્યરસનો વિષય નથી હોતો. એવા અમાનુષ વૃત્તાન્તની વાર્તાઓને આધારે હાસ્યરસની કૃતિઓ થાય છે. તેમ જ વીરરસ, શૃંગારરસ વગેરે રસની કૃતિઓ પણ થાય છે. સ્વિફ્ટે એ ગ્રન્થમાં અમાનુષ પ્રાણીઓ કલ્પી તેમનામાં મનુષ્યોનાં લક્ષણ આરોપિત કર્યાં છે, અને, એ આરોપણમાં મનુષ્યસ્વભાવમાં રહેલી વિલક્ષણતાને આગળ પડતી કરી તેમાંની હાસ્યમયતા દર્શાવી છે. એ હાસ્યમયતા મનુષ્યના લક્ષણની છે અને સંભવે તેવી છે; જેવાં પ્રાણીઓ હોઈ શકે નહિં તેવાં પ્રાણીઓના અસ્તિત્વ પર હાસ્યમયતાનો આધાર નથી, અર્થાત્, અસંભવ ઉપર હાસ્યમયતાનો આધાર નથી. સ્વિફ્ટે એ પ્રાણીઓને સૂક્ષ્મ વસ્તુને મ્હોટી આકૃતિમાં દેખાડનાર અગર મ્હોટી વસ્તુને સૂક્ષ્મ આકૃતિમાં દેખાડનાર કાચ

જેવાં કલ્પ્યાં છે. એ કાચથી થતી નાની મ્હોટી આકૃતિમાં હાસ્ય સમાયું નથી, પણ, એ કાચથી જણાઈ આવતાં મૂળ વસ્તુનાં તરેહવાર લક્ષણોના દર્શનમાં હાસ્ય સમાયું છે.

હાસ્યરસના કલાવિધાનમાં જેમ સંભવની શક્યતા સચવાવી જોઇએ તેમ એ સંભવ તે ઘણી વાર નજરે પડે એવા પ્રસંગોનો સંભવ હોવો જોઇએ; કોઈ એકાદ વખત જ જોવામાં આવે એવા પ્રસંગનો એ સંભવ હોવો જોઇએ નહિં. અર્થાત્, મનુષ્યસ્વભાવની જે વિલક્ષણતાના ચિત્રથી હાસ્યરસ ઉપજાવવાનો હોય તે વિલક્ષણતાવાળાં માણસો વખતોવખત જોવામાં આવે છે એવો આપણો સાધારણ અનુભવ હોવો જોઇએ; એવું વિલક્ષણ માણસ કોઈ એક જ થઈ ગયું અને એવા પ્રકારનાં બીજાં માણસો જોવામાં ન આવે, એમ હોય તો, એવો સંભવ હાસ્યરસ માટે પુરતો નથી. હાસ્યરસના સ્વરૂપ પર દષ્ટિ કરીશું તો વિલક્ષણતાના આ વિસ્તારની આવશ્યકતાનું કારણ જણાઈ આવશે. જે સંઘટ્ટનથી હાસ્યરસનો ઉદ્‌ભવ થાય છે તે સંઘટ્ટન બરાબર જામે એટલા માટે સામસામી અથડાતી બન્ને વસ્તુઓ મ્હોળી હોવી જોઇએ. હાસ્યરસમાં ઘણાખરા મનુષ્યોનાં સામાન્ય લક્ષણો સાથે કેટલાક મનુષ્યોનાં વિચિત્ર લક્ષણો અથડાય છે. ત્યાં એ સામાન્ય લક્ષણો-(જેને 'સુલક્ષણો' કહીએ તો ચાલે તે) ની બાજુ તો ઘણી વિસ્તારી હોય છે, પણ, સામી બાજુએ વિચિત્ર લક્ષણનું એક બિન્દુ જ હોય તો સંઘટ્ટન જોઇએ તેવું થાય નહિં. સુલક્ષણો તે મનુષ્યોના મ્હોટા સમૂહનાં હોઈ તેનો પટ પહોળો હોય છે; વિચિત્ર લક્ષણોનો પટ એવો પહોળો તો હોઈ શકે નહિં, પણ, સંઘટ્ટનથી ધ્રુજારો અને અથડાઅથડીનો સંક્ષોભ કરી શકે એટલો તો તેનો પટ પહોળો હોવો જોઇએ; એક બે બિન્દુ જેટલી પહોળાઈ વિસ્તીર્ણ પટ સામે અથડાય તેથી એ કાર્ય થઇ શકે નહિં. આનું તાત્પર્ય એ છે કે મનુષ્યોનાં સામાન્ય લક્ષણોની સામે જે વિચિત્ર લક્ષણો રજુ કરવામાં આવે તે જવલ્લે માલમ પડતા એક કે બે મનુષ્યનાં નહિં પણ કંઈ કંઈ વાર માલમ પડે એવા મનુષ્યોનાં લક્ષણો હોવાં જોઇએ, અર્થાત્ એવાં વિચિત્ર લક્ષણવાળા મનુષ્યોના કોઈ વર્ગ હોવા જોઇએ.

આ વિલક્ષણતાનાં ઉદાહરણો તરફ દૃષ્ટિ કરીશું તો આ વસ્તુસ્થિતિ વધારે સ્પષ્ટ થશે. ડૉન ક્વિક્ઝૉટ, જીવરામભટ્ટ, અડવો, એ જાતનાં હાસ્યપાત્ર મનુષ્યો આપણને અનેક વાર મળી આવે તેવાં હોય છે તેથી આપણને તેમની વિલક્ષણતાના વર્ણનમાં રસ પડે છે. એવાં પાત્ર આપણા સહુના

પરિચયમાં આવ્યાં છે અને આવે તેમ છે એ ભાનથી આપણે એ પાત્રો તરફ આકર્ષાઈએ છીએ, અને, તેમની વિલક્ષણતા સામે આપણી સુલક્ષણતા ધરી એ બેના સંઘર્ષનો અનુભવ કરીએ છીએ. એવા મનુષ્યો પોતાના વર્ગના નમુના રૂપ ન હોય અને માત્ર છુટીછવાઈ વ્યક્તિઓ જ હોય તો આપણને તેમની વિચિત્રતા કુતૂહલ ભરેલી ન લાગે અને તેથી વિનોદ ન થાય. મિથ્યાભિમાની મનુષ્યો જે જાતના હોય છે તેવા જીવરામભટ્ટ છે એ સાક્ષાત્કાર થવાથી આપણને તેની મૂર્ખાઈઓ હસવા સરખી લાગે છે. જીવરામભટ્ટ જેવા વર્ણવેલા છે તેવા ખરેખરા થઈ ગયા હોય, પણ, એવા એ એક જ થયા હોય, અને, એવા મનુષ્યો બીજા કોઈ જ જોવામાં આવતા ન હોય, તો, આપણે એવા સ્વભાવને કુદરતનો આકસ્મિક ધ્રાંટો ગણીએ, અને, આપણને તેની મૂર્ખાઈ રસભરી ન લાગે તથા તે જોઈ હસવું ન આવે. અડવાને રાત્રે વગડામાં ભીલોએ લુંટયો અને તેની પાસેના રૂપીઆ લઈ લીધા ત્યારે ભીલોમાંથી એકે કહ્યું, 'જુવોને ત્રાંબાના રૂપીઆ તો નથી.' તે સાંભળી અડવો બોલ્યો, 'અમે શાહુકાર ત્રાંબાના ના રાખીએ; પતીજ ન પડે તો પેલા ઝાડ પર સોની બેઠો છે તેની પાસે પરખાવો.' એ રીતે અડવાએ ઝાડ પર સતાઈ બેઠેલા સોનીને બતાવી દીધો અને ભીલોને હાથ સોંપી દીધો, એ મૂર્ખાઈ આપણને હાસ્યજનક લાગે છે; કેમકે એ પ્રકારે પોતાનું ડહાપણ બતાવવા જનારા મૂર્ખાઓ આપણે વખતોવખત જોઈએ છીએ. પણ, મહમદ તઘલખે પોતાના પડી ગયેલા દાંતને દબદબા સાથે દટાવી તે ઉપર મ્હોટો રોજો બંધાવ્યો એ વર્તનમાં મૂર્ખાઈ કરતાં ગાંડાઈ વધારે હતી, અને, એવો ગાંડો તો મહમદ તઘલખ જ હતો, એ સ્થિતિને લીધે એ પ્રસંગ આપણને ઝાઝો હાસ્યોત્પાદક નથી લાગતો. અલબત્ત, હાસ્યરસનો કોઈ કુશળ આલેખક બીજા અંશો ઉમેરી એ પ્રસંગને હાસ્યમય બનાવી શકે, પણ, છે તેવો તો એ પ્રસંગ એવો એક વ્યક્તિનું જ અસાધારણ લક્ષણ બતાવનારો છે કે આપણી હાસ્યવૃત્તિ તે તરફ આકર્ષાતી નથી. શરીરના કઢંગાપણા સંબંધે પણ એ જ અનુભવ જોવામાં આવે છે. ખુંધા માણસો ઘણી વેળા મળી આવે છે તેથી તેમની આકૃતિ (દયાનો પ્રસંગ ન હોય ત્યાં) હાસ્યપાત્ર થાય છે, પણ, બે છોકરાં શરીરે સંધાઈ ગયેલાં કવચિત્ આપણને દેખાડવામાં આવે છે તો તેથી હાસ્ય થતું નથી પણ ત્રાસ જ થાય છે. હાસ્યની વૃત્તિ જ એ પ્રકારની છે કે તેના ઉલ્લાસ માટે વિલક્ષણતાના વિસ્તારની આવશ્યકતા છે; પ્રદર્શિત થતી વિલક્ષણતા માત્ર એક મનુષ્યની નથી પણ અમુક ચિત્તવૃત્તિવાળા

મનુષ્યોની છે, અને, જે મનુષ્યનું ચિત્ર રજુ થયું છે તે એવા મનુષ્યોનો નમુનો છે, એવો અનુભવ થાય ત્યાં જ હાસ્ય ઉલ્લાસ પામે છે.

ઉપર બીજા વિવેચન સંબંધે કહ્યું હતું કે ઉપહાસની કથા કોઈ છુટક વ્યક્તિ (individual) ના ચિત્રરૂપ હોતી નથી પણ અમુક જાતના નમુના (types) ના ચિત્રરૂપ હોય છે, તેનો ભાવાર્થ આ ઉપરથી સમજાશે. જ્યાં કોઈ કથા નામની જ જોડી કહાડેલી હોય છે, પણ, તેમાં કોઈ અમુક ખરેખરી વ્યક્તિનું નામ બદલી તેનું જ આચરણ વર્ણવ્યું હોય છે, અને તે વર્ણન પણ એવું હોય છે કે હાસ્યરસને કોઈ રીતે પુષ્ટ ન કરનારી તેની ખાસીઅતો વીગતવાર દર્શાવી હોય છે તથા તેની હાસ્યજનક ખાસીઅતો કોઈ વર્ગના લક્ષણ તરીકે જણાય એવી રીતે ચિતરેલી હોતી નથી, ત્યાં રચના કેવળ અકુશળ લાગે છે હાસ્યને બદલે દ્વેષ બુદ્ધિ જણાય છે, અને હસવા સરખા અંશ પણ કથળાવી નાખેલા જણાય છે, તેનું આ જ કારણ છે. હાસ્યરસને નમુનાની અપેક્ષા હોય છે અને વ્યક્તિઓનો તે નમુના તરીકે જ સ્વીકાર કરે છે. વિચિત્ર સ્વભાવવાળા તરેહવાર મનુષ્ય માટે 'એ પણ એક નમુનો છે' એમ સાધારણ વાતચિતમાં કહેવામાં અવે છે તે ઉક્તિમાં આ તત્ત્વ કેટલેક અંશે ગર્ભિત રહેલું છે.

હાસ્યરસમય કથાઓનાં પાત્રો બધા અંશોમાં કોઈ અમુક વ્યક્તિ જેવાં હોતાં નથી, પણ, તેમની વિલક્ષણતા જુદી જુદી વ્યક્તિઓની વિલક્ષણતાનું સ્મરણ કરાવે છે, અને તે છતાં એ બધી વિલક્ષણતા એક વ્યક્તિમાં એકઠી થયેલી હોય એ સંભવ શક્ય જણાય છે, તેનું કારણ પણ એ જ છે કે એ પાત્રો નમુના દર્શાવવા ચિતરેલાં હોય છે, કોઈનું જીવનચરિત વર્ણવવા ચિતરેલાં હોતાં નથી. છુટક વ્યક્તિના જીવનમાં બધા પ્રસંગો હાસ્યમય નથી હોતા, હાસ્યમય નહિં એવા ઘણા પ્રસંગો પણ તેમાં હોય છે તેથી, હાસ્યમય કથા તે જીવનચરિતથી જુદી જ જાતની રચના હોય છે. મનુષ્યોના જીવનનાં જુદે જુદે પ્રસંગે બનતા હાસ્યમય પ્રસંગો એક બીજા સાથે સંધાય તેવી રીતે એકઠા કરી મનુષ્યસ્વભાવમાં રહેલી વિલક્ષણતા દર્શાવવી એ હાસ્યમય કથાનો ઉદ્દેશ હોય છે, અને, તે માટે હાસ્યમય નમુના જ ઉપયોગી થાય છે, વચમાં વચમાં હાસ્યમયતા આવે એવાં જીવનચરિત ઉપયોગી થતાં નથી.

હાસ્યરસનાં પાત્રો આ રીતે નમુના હોવા જોઇએ એમ કહેતાં એ લક્ષમાં રાખવાનું છે કે એ નમુના તે નમુનેદાર માણસો હોવા જોઇએ; એટલે,

નમુના તરીકે ગણી શકાય તેવાં માણુસો હાસ્યરસનાં પાત્ર હોવાં જોઇએ. ખરેખરા અને જીવતા માણુસો જ હાસ્યપાત્ર થઈ શકે છે. માણુસોના સ્વભાવની ઘટનામાં અમુક કારણોથી જે વિલક્ષણ અંશ દેખા દે છે તેનો હાસ્યમય સાક્ષાત્કાર માણુસોની મૂર્તિના દર્શન વિના થતો નથી. મનુષ્ય-સ્વભાવના અમૂર્ત વર્ણનમાં એવું અસ્પૃશ્ય તત્ત્વચિંતન રહેલું હોય છે, કે તે સંઘટ્ટનને કે તાત્કાલિક આશ્ચર્યને પ્રતિકૂળ થઈ પડે છે. આંખ, નાક ને હાથ પગવાળો મૂર્તિમંત મનુષ્ય ચિતરાયો હોય ત્યાં જ તેની વિલક્ષણતા હાસ્યનો પ્રસંગ આણી શકે છે. જીવરામ ભટ્ટને ઠેકાણે 'મિથ્યાભિમાન,' અડવાને ઠેકાણે 'બેવકૂફી,' અને ડૉન ક્વિક્ઝૉટને ઠેકાણે 'મગજનો પવન,' એવાં અમૂર્ત પાત્ર કલ્પી કથા રચી હોય તો તે કદી હાસ્યમય થાય નહિં. અમૂર્ત ભાવના મુખમાં ગમે તેવી મનુષ્યવાણી મુકી હોય કે તેને ગમે તેવાં મનુષ્યકૃત્ય કરતો દર્શાવ્યો હોય પણ તેથી કદી ભાવવાળો મનુષ્ય બોલે છે કે કૃત્ય કરે છે એવો રસિક સાક્ષાત્કાર થાય નહિં. રસિક વિષયોમાં અમૂર્ત પાત્ર માટે સ્થાન જ નથી હોતું. એ વિષયોમાં મૂર્તિમંત પાત્રનું એટલુ મહત્ત્વ હોય છે કે 'જીવરામ ભટ્ટ'ને ઠેકાણે 'મિથ્યાભિમાનશંકર' નામ કલ્પ્યું હોય તો તેથી પણ વાસ્તવિકતામાં ભિનતા થઈ રસની ક્ષતિ થાય છે. આ માટે, પ્રથમ સૂચવ્યું છે તેમ દુર્ગુણના વર્ણનથી દુર્ગુણનો ઉપહાસ થઈ શકતો નથી. દુર્ગુણનો ઉપહાસ કરવા સારૂ કોઈ દુર્ગુણી મનુષ્યની કથા કલ્પવી પડે છે. અલબત્ત, એ દુર્ગુણી મનુષ્ય તે કોઈ અમુક દુર્ગુણી મનુષ્ય નહિં, પણ, હાસ્યપાત્ર લક્ષણવાળા દુર્ગુણી મનુષ્યોના નમુનારૂપ મનુષ્ય હોવો જોઈએ.

હાસ્યરસનાં પાત્ર શા માટે નમુનારૂપ હોય છે તેનાં પ્રો. બર્ગસન કંઈ જુદા પ્રકારનાં કારણ બતાવે છે. તેઓ કહે છેઃ જ્યાં કોઈ માણસનું લક્ષણ એવી રીતે બંધાય કે તે ફરે નહિં અને બંધાયું હોય તેવું ને તેવું જ રહે ત્યાં તેમાં હાસ્યમયતાનો અંશ દાખલ થાય છે. આ રીતે કોઈ કથાના કે નાટકમાંના પ્રખ્યાત નાયકનું નામ કોઈ આપણા ઓળખીતાને આપણે આપીએ તો તે પણ હાસ્યમય લાગે છે, કેમકે, એ નાયકનું લક્ષણ હાસ્યમય ન હોવા છતાં તૈયાર કરી મુકેલા બંધારણ તરીકે તેના સ્વરૂપનો ઉપયોગ નકલી-પણાથી કરવામાં આવે છે. આથી, કોઈ પણ નમુનાને મળતા હોવામાં નકલનો અંશ આવવાથી તેમાં હાસ્યમયતા જણાય છે, અને તે જ રીતે, દરેક હાસ્યપાત્ર માણુસ તે નમુનો જ હોય છે. આમ હોવાથી, ઉંચા પ્રકાર-ના હાસ્યરસની કથાઓ અને નાટકોનો ઉદ્દેશ સ્થિર બંધાઈ ગયેલાં

લક્ષણોનું અર્થાત્ સામાન્ય નમુનાઓનું ચિત્ર આપવાનો હોય છે. બીજા કોઈ રસની રચનામાં એવા સામાન્ય નમુનાઓનું ચિત્ર આપવાનો ઉદ્દેશ હોતો નથી. આનું કારણ એ છે કે રસિક કલાનો ઉદ્દેશ એ હોય છે કે આપણી બહારની વસ્તુઓનું અને આપણા અન્તરાત્માની પ્રવૃત્તિઓનું ખરૂં સ્વરૂપ દર્શાવવું. હમેશના જીવનવ્યવહારમાં તો આપણે ઉપયોગિતાના દષ્ટિબિન્દુથી એ વસ્તુઓ અને પ્રવૃત્તિઓ તરફ નજર કરીએ છીએ; એ વસ્તુઓ અને પ્રવૃત્તિઓ ઓળખવામાં અને વાપરવામાં કામ આવે એવા એમના એક બે બાહ્ય અંશ લઈ એટલેથી જ આપણે અટકીએ છીએ, અને, એવા એક બે અંશ લઈ એવી ઘણી વસ્તુઓ અને પ્રવૃત્તિઓને સામાન્ય વર્ગમાં મુકી સામાન્ય નામથી ઓળખીએ છીએ. આવા ઉપયોગપ્રધાન વ્યવહારમાં આપણે એ વસ્તુઓ અને પ્રવૃત્તિઓનાં અન્તઃસ્વરૂપ જોતા નથી, એ દરેક વસ્તુ અને એ દરેક પ્રવૃત્તિ કેવી વિશેષતાવાળી છે, દરેકનું કેવું પૃથક્ લક્ષણ (individuality) છે તે આપણે વિચારતા નથી. રસિક કલા આ અન્તઃસ્વરૂપ, આ વિશેષતા, આ પૃથક્ લક્ષણ સુધી પહોંચી તેને પ્રકટ કરે છે. આ રીતે, રાજ્યલોભ કે કર્મભીરુતા સરખા સામાન્ય ભાવ વર્ણવવાને બદલે નાટકની રસિક કલા મેકબેથ કે હેમલેટ સરખાં પોતાની વિશેષતાથી અને પૃથક્ લક્ષણથી એ ભાવ ધારણ કરનારાં મૂર્તિમંત પાત્રો ચિતરે છે, અને, એ દરેક પાત્રનું અન્તઃસ્વરૂપ એવી રીતે પ્રદર્શિત કરે છે કે રાજ્યલોભ અને કર્મભીરુતા સરખા સામાન્યભાવનું અસ્તિત્વ જાણવા ઉપરાંત ઉંડા ઉતરી તે તે પાત્રમાં શી શી વિશેષતા સાથે એ ભાવ સંકળાયેલા છે અને તે તે પાત્રનું એકંદરે કેવું પૃથક્ લક્ષણ બંધાયેલું છે તે આપણને સમજાય છે. કવિ એક ધન્ય ક્ષણે પોતાની કલ્પનામાં આવી ગયેલો કોઈ વિશેષ પૃથક્ ભાવ પ્રકટ કરે છે, ચિત્રકાર એક ધન્ય ક્ષણે પોતાની કલ્પનામાં આવી ગયેલું કોઈ વિશેષ પૃથક્ રૂપ પ્રકટ કરે છે, સંગીતવિધાયક એક ધન્ય ક્ષણે પોતાની કલ્પનામાં આવી ગયેલો કોઈ વિશેષ પૃથક્ સંવાદ પ્રકટ કરે છે. હાસ્યરસની કલા આથી જુદા જ પ્રકારની હોય છે. તે પૃથક્ વિશેષ લક્ષણ દર્શાવતી નથી, પણ, સામાન્ય લક્ષણ દર્શાવે છે; અન્તઃસ્વરૂપમાં ઉંડી ઉતરતી નથી, પણ, બાહ્ય સ્વરૂપ દર્શાવે છે. કોઈ માણસ પોતાના લક્ષણને હાસ્યમય કલ્પતું નથી, અને તેથી, હાસ્યમયતાનું નિરીક્ષણ સામાન્યભાવ (generality) વાળું થાય છે, બીજાના સ્વભાવની પરીક્ષા કરતાં ઉપર ઉપરના અંશો જ ગ્રહણ કરે છે, અને તેથી મનુષ્યો એકબીજાને ઓળખતા જણાય એટલે સુધી જ તેમનાં લક્ષણ

તે નિરીક્ષણને પ્રાપ્ત થાય છે. એ નિરીક્ષણ એથી વધારે ઉંડું ઉતરતું નથી, અને, ઉંડું ઉતરવા જાય તો મનુષ્યોના પૃથક્ વ્યક્તિત્વ સુધી જઈ પહોંચે, તથા બહારનાં પરિણામ અને અન્દરનાં કારણનો સંબંધ હાથ લાગતાં હાસ્યમયતા લુપ્ત થઈ જાય. આ રીતે, વિલક્ષણ સ્વભાવનાં અનેક માણસોનો સરેરાશ અંશ હાસ્યનું ઉપાદાન બને છે. વળી, દૂષણ સુધારવું એ હાસ્યનો હેતુ હોય છે તેથી જેમ બને તેમ વધારે માણસોને લાગુ પડે એવી હાસ્યની વૃત્તિ હોય છે. આ કારણથી હાસ્યમય દર્શન વ્યક્તિમાંથી નહિં પણ જાતિમાંથી ઉદ્ભૂત થાય છે. એક જ વ્યક્તિમાં સ્થપાઈ ગયેલાં હોય એવાં લક્ષણો નહિં પણ અનેક વ્યક્તિઓમાં પ્રકટ થઈ શકે એવાં લક્ષણો હાસ્યમય દૃષ્ટિ પસંદ કરે છે. હાસ્યરસનું આવું દર્શન નાટકની રંગભૂમિ પર પ્રકટ કરતાં બીજા રસની પેઠે તેનું પ્રધાન પ્રયોજન આનંદ આપવાનું હોય છે, પણ, બીજા રસથી હાસ્યરસ એ બાબતમાં ભિન્ન હોય છે કે હાસ્યરસમાં સામાન્યભાવ હોય છે અને દૂષણો સુધારવાનુ તથા બોધ દેવાનું પ્રયોજન પણ આગળ પડતું હોય છે. તેથી, હાસ્યમય રચનાનું સ્થાન કલા અને જીવનવ્યવહારની મધ્યમાં આવેલુ છે. એ રચનામાં શુદ્ધ કલા પેઠે વ્યવહાર અને ઉપયોગિતાના દૃષ્ટિબિન્દુનો કેવળ અભાવ હોતો નથી. (લાફ્ટર; ઍન એસે ઑન ધ મીનિંગ ઑફ ધ કૉમિક.)

બીજા રસના પ્રમાણમાં હાસ્યરસમાં ભાવનાની ન્યૂનતા હોય છે, અને તેથી, કલાના પ્રદેશમાં પણ હાસ્યરસનું સ્થાન બહુ ઉંચી પંક્તિનું હોતું નથી, એ પ્રો. બર્ગસનનું કહેવું ખરૂં છે. અને, જ્યાં ભાવના ઓછી હોય ત્યાં વિરલતા ઓછી હોય અને સાધારણતા વધારે હોય એ પણ સ્વાભાવિક છે. પરંતુ, હાસ્ય સિવાયના રસમાં પાત્રોના લક્ષણમાં કાંઈ જ સામાન્ય ભાવ ન હોય એમ બનતું નથી, અને, પ્રો. બર્ગસનનુ એમ કહેવું પણ જણાતું નથી. હરકોઈ રસની સૃષ્ટિમાં કલ્પેલાં પાત્રો એવાં લક્ષણનુ દર્શન કરાવે છે કે જે મનુષ્યોમાં ઓછા વધતા વિસ્તારથી વ્યાપેલાં જોવામાં આવે છે. અમુક નાટક કે કથામાંના પાત્રો એક બીજાથી જુદાં પડે એવા લક્ષણનાં હોવાં જોઈએ એ ખરૂં છે, પરંતુ, દરેક પાત્રમાં દુનિયાના માણસો સાથે મળતો આવતો એટલે સામાન્ય અંશ હોવો જોઈએ કે જેથી એવાં પાત્રો હોય છે એવા સંભવની પ્રતીતિ થાય, અને, એવાં પાત્રોનાં ચિત્ર મનોહર અને બોધદાયક થાય. પરંતુ, બીજા રસ અને હાસ્યરસમાં એટલો ફેર હોય છે કે હાસ્યમય પાત્રોનો સામાન્ય ભાવ બહુ જ વિસ્તારવાળો હોય છે અને એ પાત્રોમાં એ સામાન્ય ભાવનું જ પ્રાધાન્ય હોય છે; અને, બીજા રસમાં

સામાન્ય અંશ સાથે એવી વિશેષતા સંકળાયેલી હોય છે કે દરેક પાત્રનું એકંદરે જણાતું સ્વરૂપ કંઈ તેનું પોતાનું જ છે એમ જણાય છે, અને, વિશેષ સ્વરૂપના બંધારણમાં સમાયેલો સામાન્ય ભાવ એ વિશેષ સ્વરૂપને કેવું પુષ્ટ કરે છે તે દેખાડનારી રચના પ્રધાનપણું પામે છે. જીવરામભટ્ટના ચરિત્રમાં મિથ્યાભિમાની મનુષ્યો સાથે મળતો આવતો જીવરામભટ્ટનો સ્વભાવ આકર્ષક થાય છે; પણ, મેકબેથ કે હેમલેટના ચરિત્રમાં રાજ્યલોભી કે કર્મભીરુ મનુષ્યો સાથે મળતો આવતો તે પાત્રનો સ્વભાવ તેના એકંદર સ્વરૂપને કેવું વિશેષ જાતનું બનાવે છે અને તે તે પાત્ર અનેક બળોના સંજોગમાં આવી કેવી પૃથક્ વ્યક્તિનું રૂપ ધારણ કરે છે એ આકર્ષણનો વિષય થાય છે. હાસ્યરસમાં ભાવના બહુ ઓછી હોવાનું આ પરિણામ છે. બીજા રસમાં અપકૃષ્ટ પાત્રના ચિત્રથી ભાવના પુષ્ટ થાય છે; લોભના દર્શનથી ઉદારતા જાગૃત થાય છે, કાયરપણાના દર્શનથી વીરત્વ જાગૃત થાય છે. પરંતુ, હાસ્યરસમાં તેનો અવકાશ નથી; મૂર્ખતાના દર્શનથી સાધારણ સમજ (common sense) નું ભાન થાય છે એ ખરૂ છે; પણ, સાધારણ સમજ તે (ઘણી ઉપયોગી વસ્તુ હોવા છતાં) ભાવના નથી.

બીજા રસનાં નાટક કે કથામાં એનાએ સ્વભાવવાળાં અનેક પાત્રો હોતાં નથી, પણ, હાસ્યરસનાં નાટક કે કથામાં હાસ્યપાત્ર સ્વભાવવાળાં અનેક પાત્રો હોય છે, તે હાસ્યરસમાં આવતા આ સામાન્ય ભાવને લીધે જ છે, એમ પ્રો. બર્ગસન કહે છે. તેઓ કહે છે કે હાસ્યરસનો આલેખક હાસ્યમયતાના અંશવડે મુખ્ય પાત્રના સ્વરૂપની પરિપૂર્ણ કલ્પના કરી રહે છે તે પછી એ જ ઉપાદાનવડે તે ઉપપાત્રો કલ્પે છે, તેમને ગ્રહ આસપાસ ફરતા ઉપગ્રહ જેવાં બનાવે છે, અને, એ રીતે હાસ્યમયના એ કેવો સામાન્ય ગુણ છે તે દર્શાવે છે; એક જ જાતની વિલક્ષણતાવાળા મનુષ્યો કોઈ અજ્ઞાત આકર્ષણને બળે ખેંચાઈને એક બીજાના સંગમાં આવે છે એ માનસવિકારશાસ્ત્રના નિયમની ઝાંખી કદાચ હાસ્યરસના આલેખકોને થતી હશે. પ્રો. બર્ગસને કહેલા આ કારણ ઉપરાંત એ કારણ પણ ધ્યાનમાં લેવાનું છે કે પદવી, પ્રતિષ્ઠા, પાંડિત્ય, ધન, વગેરે સાધનમાં ઓછે વધતે દરજ્જે આવેલા મનુષ્યો એક સરખી રીતે મૂર્ખતાનું લક્ષણ ધારણ કરનારા હોય છે એ હકીકત તેમના એ દરજ્જાના વિરોધવડે બહુ સ્પષ્ટતાથી દર્શાવી શકાય છે, એથી, હાસ્યરસના આલેખકો એવી રીતે જુદા જુદા દરજ્જાનાં પણ સમાન મૂર્ખતાવાળાં પાત્રો એકઠાં કરે છે.

પોપકૃત 'ડન્સિઆડ' અને ડિકન્સકૃત 'પિકવિક ક્લબ' સરખી કૃતિઓમાં આવું મૂર્ખસંમેલન નજરે પડે છે.

આ રીતે મૂર્ખતાવાળાં એક કરતાં વધારે પાત્રો સાથે સાથે ચિતરવાની કલાનો એક પ્રકાર એવો છે કે ઘણાં હાસ્યાસ્પદ પાત્રો પ્રકટ કરવાને બદલે એવાં બે જ પાત્રો લઈ નાયક અને ઉપનાયકનું યુગ્મ કલ્પવામાં આવે છે, અને તેમના વચ્ચે સ્વામિસેવકભાવ કે ગુરુશિષ્યભાવ કે આશ્રયાશ્રિતભાવ ગોઠવવામાં આવે છે. બન્ને સરખી રીતે મૂર્ખ હોવા છતાં નાયક જે રીતે ઉપનાયક ઉપર કૃપા કરવાનો તથા તેને બોધ દેવાનો ડોળ કરે છે, અને, ઉપનાયક જે રીતે નાયકને માન આપવાનો તથા તેનો બોધ ગ્રહણ કરવાનો ડોળ કરે છે, તે રીતમાં પણ હાસ્યનું મર્મ સમાયેલું હોય છે. સર્વેન્ટિસે ડૉન ક્વિક્ઝૉટ અને સૅન્કો પાન્ઝાનું આવું યુગ્મ રચ્યું છે, અને તે જ ધોરણે સેમ્યુઅલ બટલરે સર હુડિબ્રાસ અને રાલ્ફનું યુગ્મ કલ્પ્યું છે. આવા યુગ્મમાં નાયક અને ઉપનાયક વચ્ચે દરજ્જાનો ફેર જેમ વધારે તીવ્ર કલ્પવામાં આવ્યો હોય છે તેમ તે વધારે દંભમય અને ખોટો હોય છે, અને, એ દંભ હાસ્યને પુષ્ટ કરે છે.

નાયક અને ઉપનાયક બન્નેને હાસ્યાસ્પદ પાત્ર કલ્પી તેમનાં ચિત્ર સાથે સાથે આપવાની આ પદ્ધતિને હેઝલિટ keeping in character ('હાસ્યમય વિલક્ષણતાનો સંવાદ') કહે છે. એ પદ્ધતિથી હાસ્યમયતા પુષ્ટ થવાનું કારણ તે આ પ્રમાણે દર્શાવે છે: 'આવાં યુગ્મનાં ચિત્રથી પાત્રોના સ્વભાવનું આલેખન થયાનું એવું ઉંડું ભાન થાય છે કે હાસ્યની લાગણી પ્રકર્ષ પામે છે. બન્ને પાત્રની હાસ્યમય વિલક્ષણતાના સંવાદથી એકધારી અયુક્તતા (consistency in absurdity) નું દર્શન થાય છે. વિચિત્ર તથા તરેહવાર વસ્તુઓ તરફ બન્ને પાત્રની એવી દૃઢ ભક્તિ માલમ પડે છે કે તે માટે તેમને શાબાશી આપવી જોઇએ એમ લાગે છે. તેમના વર્તનની એક સરખી નિયમિતતાથી વિરોધ પરિપૂર્ણ થાય છે; યથાર્થ માર્ગ મુકી જુદી જુદી દિશામાં તેમને અનેક પ્રસંગે આડે જતા જોઈ આપણી પ્રતીતિ થાય છે કે યથાયોગ્યની મર્યાદાની ખામીનું અથવા મૂર્ખતાનું વલણ તેમનામાં અસલથી સજડ બંધાયેલું છે.' (લેકચર્સ ઑન ધ ઇંગ્લિશ કૉમિક રાઇટર્સ.) 'વિલક્ષણતાનો સંવાદ' અથવા 'એકધારી અયુક્તતા' તે ઉપર જેને વિલક્ષણતાનો વિસ્તાર કહ્યો છે અને જેને પ્રો. બર્ગસન વિલક્ષણતાનો 'સામાન્ય ભાવ' કહે છે તે છે. હેઝલિટના કહેવાનું તાત્પર્ય

પણ એ જ છે કે એક કરતાં વધારે પાત્રોમાં વિલક્ષણતાનું દર્શન થવાથી હાસ્યમયતા વિરૂદ્ધ થાય છે.

એનાએ વિચિત્ર ગુણ અનેક પાત્રોમાં વધતા ઓછા પ્રમાણમાં દર્શાવવાની આ પદ્ધતિ હાસ્યરસની કલાનો એક બીજો નિયમ પણ પ્રકટ કરે છે. આખી વાર્તામાં એકલા નાયકનું જ હાસ્યમય વૃત્તાન્ત વર્ણવેલું હોય તો એનાએ ચિત્રથી કંટાળો ઉપજે, એટલું જ નહિં, પણ, હાસ્યમયતાનો સખત ભાર અરુચિકર થઈ પડે. ઉપર કહ્યું તેમ હાસ્યરસ વ્યક્તિની પૃથક્તામાં ઉંડો ઉતરતો નથી, અને, વ્યક્તિની વિશેષતા કેવા કેવા અંશોવાળી હોઈ સંકુલ બનેલી છે એ હાસ્યરસમાં દર્શાવવાનું હોતું નથી. તેથી, જ્યાં આખી વાર્તા હાસ્યમય જ હોય ત્યાં હાસ્યમયતાની એકે એક વિગતનો સંચય એક પાત્રમાં જ કરવાથી ચિત્ર સંકુલ થઈ જાય છે અને હાસ્યમયતા બોજારૂપ થઈ પડે છે, મૂર્ખતા એ એક વર્ગના લક્ષણ તરીકે જણાવાને બદલે એક પાત્રના લક્ષણ તરીકે જણાઈ વિરોધના ભાસમાં ક્ષતિ થાય છે. 'રંગના તો ટુચકા હોય, કુંડાં ન હોય' એ સામાન્ય ઉક્તિમાં પણ એ જ આશય રહેલો છે. હાસ્યરસ કદી ઘેરો ચિતરાવો ન જોઇએ. તેનો રંગ હમેશ આછો અને ખુલ્લો હોવો જોઇએ. હાસ્યના રંગનો જેટલો જથો હોય તેટલો બધો એક પાત્રની વિલક્ષણતામાં ભરી દેવાથી અતિશયોક્તિ થઇ જાય છે. એ જથો એક કરતાં વધારે પાત્રોની વિલક્ષણતા ચિતરવામાં વાપર્યાથી ઘેરાશ ઓછી થાય છે, અને, એનાએ રંગવાળા મૂર્ખ મંડળનો દેખાવ પણ હાસ્યમય થાય છે, એકસરખી મૂર્ખતાવાળા ઘણા છે એ જાણી વિશેષ હાસ્ય થાય છે.

પાત્રમાં હાસ્યમયતા ઠાંસી ઠાંસીને ભરવી ન જોઇએ, પણ, હલકે હાથે અને ઘટ્ટ ન થઈ જાય તેમ ભરવી જોઇએ, એ કલાવિધાન સારૂ હાસ્યમય વાર્તામાં પાત્રોને ઠેર ઠેર ફરતાં અને મુસાફરી કરતાં વર્ણવેલાં હોય છે. હાસ્યાસ્પદ પાત્ર જુદી જુદી જાતના સંબંધમાં આવે ત્યારે જ સંઘટ્ટનના જુદા જુદા પ્રસંગ આવી શકે છે. તેવાં પાત્ર એક જ ઠેકાણે કે એક જ જાતના સંબંધમાં આખી વાર્તા દરમ્યાન રહેલાં હોય તો થોડા વિસ્તારમાં ઘણી હાસ્યમયતા ભરી દેવી પડે, અને, હાસ્યમય કથા તે અકુશલતાથી લખેલા જીવનચરિત જેવી થઈ પડે. ડૉન કિવર્ઝોટ, સર હ્યુડિબ્રાસ, જિલ બ્લાસ, પિકવિક, વગેરે હાસ્યાસ્પદ નાયકોના વૃત્તાન્તમાં તેમનો પ્રવાસ વર્ણવ્યો છે અને તેમની વિલક્ષણતાથી જુદા જુદા પ્રસંગોમાં જુદી જુદી રીતે હાસ્યમયતા ઉત્પન્ન થતી પ્રકટ કરી છે તે આ જ નિયમ દર્શાવે છે. એવા પ્રવાસને લીધે હાસ્યનો

કોઈ અમુક પ્રસંગ બહુ જ લંબાતો નથી અને હાસ્યોત્પત્તિનાં જુદાં જુદાં કારણ પ્રાદુર્ભૂત થાય છે. આ રીતે હાસ્યમયતા ગાઢ થતી અટકે છે અને પસરાય છે. નાયકની સાથે જ ફરતા ઉપનાયકો તેમના પ્રવાસમાં સાથી હોય છે તેમ હાસ્યમયતામાં પણ સાથી થાય છે, અને, નાયકને માથે આવતો હાસ્યપાત્રતાનો ભાર ઉપાડવામાં સામીલ થાય છે, દરેક પાત્રના માથાનો ભાર હલકો કરે છે.

બીજા રસોમાં જેમ ઉદાત્તતા હોવી આવશ્યક છે તેમ તે હાસ્યરસમાં પણ આવશ્યક છે. આ ઉદાત્તતા માટે શુદ્ધતા આવશ્યક છે. રસ અને કલા બન્નેને મનની સ્વચ્છતાની અપેક્ષા છે. અશ્લીલતા અને બીભત્સતાથી જેમ શૃંગારરસ કદર્થિત થાય છે તેમ હાસ્યરસ પણ કદર્થિત થાય છે. અશ્લીલતા અને બીભત્સતાને સ્વાભાવિક યથાર્થતા સામે મુકયાથી વિરોધના પ્રસંગ થઈ શકે છે તે ખરૂં છે, પણ, એવે પ્રસંગે સંઘટ્ટનની સાથે જ મલિનતાનું ભાન થાય છે અને રસની હાનિ થાય છે. ચાર્લ્સ ડિકન્સના હાસ્યરસમાંની શુદ્ધતા વર્ણવતાં ફ્રેડરિક હેરિસન કહે છેઃ 'એની કથાઓમાં વાસ્તવિક જીવન-વ્યવહાર ખરેખર વર્ણવેલા છે. લન્ડન શહેરમાં વસતાં છેક હલકી સ્થિતિનાં માણસો તેણે બહુ બારીક નિરીક્ષણ કરીને ચિતર્યાં છે. સર્વથા પતિત થઈ જનસમાજથી દૂર થઈ ગયેલા કંગાલો, કેવળ અત્યાચારમાં પડેલાં સ્ત્રીપુરુષો, એવાં કચરા સરખાં પાત્રો તેણે વર્ણવ્યાં છે; દુર્વિકાર, વિષયલાલસા, પ્રલોભન, લંપટતા, ઇત્યાદિ પ્રસંગોનાં ત્રાસદાયક વર્ણન તેણે કર્યાં છે, પરંતુ તેના ચાળીસથી વધારે ગ્રન્થોમાં એક એવું પાનું નહિં જડે કે જે વાંચવાની મા પોતાની સમજણી પુત્રીને ના કહેશે.' (સ્ટડીઝ ઇન અર્લિ વિક્ટોરિઅન લિટરેચર.) બીજા રસ પેઠે હાસ્યરસમાં મલિન પાત્રોનાં ચિત્રનો અવકાશ છે, પણ, તે ચિત્ર મલિન હોવાં ન જોઈએ. મલિન પાત્રોની મલિનતા કેવી હાસ્યમય હોય છે તે હાસ્યરસની ઉદાત્તતા જળવાય એવી વિશુદ્ધ રીતે દર્શાવવું જોઈએ. મલિન પાત્રોની હાસ્યાસ્પદતા દર્શાવવા સારૂ મલિન ભાષાની જરૂર હોતી નથી.

'નાયક—બાવાજી, દરવાજા ખોલો. ઓરત લોક દરસન કરનેકું આઈ.

બાવો—કિતને બરસકી હે ?

નાયક—વરસ સાઠેકની ડોશી છે.

બાવો—જાઓ, પીછે આવ. અભી ભાંગ પીતે હેં.

નાયક—દરવાજા ખોલો, બાવાજી, દુસરી આઈ.

બાવો—કિતને બરસકી હે ?

નાયક—ચાળીસ વરસની છે.

બાવો—બોલો પીછે આવ. અબી ગાંજા ફુંકતે હેં.

નાયક—બારણાં ઉઘાડો. બાવાજી, ત્રીજી બાઈ આવી.

બાવો—કિતને બરસકી હે ?

નાયક—સોળ વરસની.

બાવો (કુદીને)—આને દો, આને દો. (બારણાં ઉઘાડીને) મૈયા આવ, મૈયા આવ, લાલજીકા દરસન કરો. ભેટ ધરો, હમકું પગે લગો. લે એ કંઠી ગલે ડાલો. આવ, આવ, મેં મારે હાથસે તેરે ગલેમેં કંઠી બાંધું. તેરા નામ કીયા માઈ ?

રામકી—બળ્યું મારૂં નામ મહારાજ. હું તો દુખણી છું. મારો ધણી સિત્તેર વરસનો ડોસો છે. તેને જુવાન કરો. તેના દાંત પડી ગયા છે તે પાછા ઉગાડો.

બાવો—ઠાકોરજી સબ કરેગા. તુમ સોલ બરસકી ભરજુવાન ઓરત, તેરા ધણી એસા કીયું ?

રામકી—મારાં મુવાં માબાપે મોકાણ વાળી, કુળ જોયું, પૈસો જોયો ને મને ગરદન મારી. મને ઢળ્યા ડોસાને પરણાવી.

બાવો—પૈસા ખૂબ મિલા હોયગા, સો લાવને અપને દો ખાપીકર મોજ મારેંગે. ડોસા જીતા હે કે મર ગયા ?'

બાવાનો વેશઃ ભવાઈસંગ્રહ.

અહીં એક પણ અપશબ્દ વાપર્યાવિના બાવાઓની લંપટતામાં રહેલી હાસ્યમયતા દર્શાવવામાં આવી છે. બાવાઓના મુખમાંથી નિકળતા અશ્લીલ શબ્દોનો આ સ્થળે ઉપયોગ થયો હોત તો ચિત્ર દૂષિત થાત અને અધમતાના અંશ દાખલ થવાથી હાસ્યના મર્મનું દર્શન કરવામાં અવરોધ થાત. જ્યાં ચિત્તને અધમતા સ્વીકારવી પડે છે ત્યાં ચિત્તની જ્ઞાન ગ્રહણ કરવાની શક્તિ ઓછી થાય છે; અને, હાસ્યનું મર્મ ગ્રહણ કરવામાં પણ અધમતા એ રીતે ચિત્તની શક્તિને ક્ષીણ કરનારી થઈ પડે છે.

હાસ્યરસના કલાવિધાનમાં આ રીતે શુદ્ધતા સચવાવી જોઈએ. પરંતુ, એ શુદ્ધતા ખાતર બોધવચનો દાખલ કરવાની જરૂર હોતી નથી. પ્રત્યક્ષ બોધનાં વચનો હાસ્યરસને મોળો કરી નાખે છે, અને, બોધ આગળ પડતાં

હાસ્યમયતા ગૌણ થઈ જાય છે. આ સંબંધમાં ટેઇન કહે છે, 'બોધ દેવાનો હેતુ જાણીજોઈ આગળ કરવામાં આવે છે ત્યાં નવલકથા અને નવલકથાકાર બન્ને બગડે છે. * * * પાછા નિશાળે જવાનું આપણને પસંદ પડતું નથી; એવી ચોપડી આપણે બંધ કરીએ છીએ અને ઔષધ હોય તેમ તેનો ઉપયોગ કરવાની આપણાં નાનાં ભાંડુને શિખામણ દઈએ છીએ. * * * નવલકથામાં આપણને ધમકાવવામાં આવે તે આપણને પસંદ પડતું નથી. આવી રીતે નવલકથાકાર પંતોજીપણું ધારણ કરી આપણા ઉપર ચઢાઈ કરે તેથી આપણે અપ્રસન્ન થઈએ છીએ.' (હિસ્ટરી ઑફ઼ ઇંગ્લિશ લિટરેચર.) થેકરિકૃત 'હેન્રિ ઍસ્મન્ડ' ની નવલકથા હાસ્યમય છતાં તેનું સ્વરૂપ બોધપરાયણ નથી એ દર્શાવતાં ટેઇનિ કહે છે: '(એ પુસ્તક વાંચતાં) આપણે ખરેખરી દુનિયામાં પ્રવેશ કરીએ છીએ. કલ્પનાએ કરેલા આભાસથી આપણે ખુશીથી દોરાઈએ છીએ; જાત જાતનાં ચિત્ર બોધનો હેતુ બતાવ્યા વિના ધીમે ધીમે પ્રકટ થાય છે તે જોઈ આપણને આનંદ થાય છે. આપણને શિક્ષાવચનો કહી કોઈ હેરાન કરતું નથી.'

હાસ્યરસની કૃતિનો એક પ્રકાર એવો છે કે તેમાં ઉપહાસ સાથે આક્ષેપનો અંશ હોય છે; મૂર્ખતા, દુર્ગુણ, દુરાચાર વગેરે દોષને હાસ્યમય રૂપે ચિતરી તે ઉપર તેમાં પ્રહાર કરેલો હોય છે. એવી કૃતિમાં અમુક નમુનાનાં માણસો, અમુક રીતરીવાજો અથવા અમુક કૃત્યો એવી વક્રોક્તિથી વર્ણવેલાં હોય છે કે તે હસવા સરખાં છે એવું ભાન થાય છે, તે ઉપરાંત તે અનિષ્ટ છે એવી પ્રતીતિ થાય છે. આવી રચનાને ઇંગ્રેજીમાં satire કહે છે, અને, આપણી ભાષામાં તેને 'કટાક્ષકથન' કહીએ તો ચાલે. એ રચનાનું કલાવિધાન લક્ષમાં લેવા યોગ્ય છે.

જનસમાજમાં પ્રવર્તતી અનિષ્ટતા સુધારવાનો હેતુ હોય ત્યાં જ આવી રીતે ઉપહાસ કરી પ્રહાર કરવામાં યોગ્યતા રહેલી હોય છે; તે વિના ઉપહાસમાં ક્રૂરતા આવી જાય છે અને પ્રહારમાં દ્વેષ તથા ક્રોધ આવી જાય છે. તેમ જ, આવી કૃતિમાં ઉપદેશવાળા 'ચાબખા' ન જોઈએ, પણ, કથાના મર્મમાંથી હાસ્યાસ્પદતા આપોઆપ ઉદ્ભૂત થઈ વચનોની મૃદુતામાં જ તીક્ષ્ણતા રહેલી દેખાવી જોઇએ, સ્તુતિમાં જ આક્ષેપ રહેલો દેખાવો જોઈએ, સાધારણતામાં જ વિલક્ષણતા રહેલી દેખાવી જોઈએ. બાવાને રંગભૂમિ ઉપર ઉભો રાખી તેની સામે આંગળી કરી પ્રેક્ષકોને કહેવું કે

'જોઈ લો જગતના બાવારે, જોઈ લો જગતના બાવા;
ધર્યો ભેખ ધુતીને ખાવારે, જોઈ લો જગતના બાવા.
ઘણી પ્રેમદા પાણી ભરે, ત્યાં જાય બાવો નાહાવા;
રાંડી રાંડના ઘરમાં પેશીને, બાવો બેસે ગાવા. જોઈ લો૦
ગૃહસ્થનાં છોકરાં તેડી રમાડે, પરાણે પ્રીતડી થાવા;
ગૃહસ્થની નારી રીસાય ત્યારે, બાવો જાય મનાવા. જોઈ લો૦
ધુપ કરે ને ધ્યાન ધરાવે, ભોળા લોકને ભમાવા;
બોજો ભગત કહે ભવસાગર મેલી, જમપુરીમાં જાવા. જોઈ લો૦'

એ ગુનેહગારને જાહેરમાં ફટકા મારવાની રીત છે, પણ, એ રસિકતાની રીત નથી. હાસ્ય સાથે રસ ઉપજાવવા માટે તો,

'પરણ્યો લાવે પાલખી, ને બાવો લાવે વહેલ;
પાલખીએ બેસું તો ઢળી પડું, મને ગમી બાવાની વહેલ.
તા થઈ તા થઈ.

પરણ્યો લાવે ટોપરાં, ને બાવો લાવે ગોળ,
ટોપરાના તો કુચા પડે, મને ગળ્યો લાગે તારે ગોળ.
તા થઈ તા થઈ.

અમદાવાદથી ગાડાં જોતર્યાં, ને માંહે ભર્યાં છે હીર;
બાવો હોય તો મૂલવે, મારાં ફાટી ગયાં છે ચીર.
તા થઈ તા થઈ.'

ભવાઈસંગ્રહ.

એવા કટાક્ષકથનના પ્રહાર આવશ્યક છે.

કટાક્ષકથન તે 'હેએએ' બોલાવવાથી અને અંગત હુમલા કરવાથી સિદ્ધ થતું નથી, પણ, રસિક સાહિત્યની પદ્ધતિએ સિદ્ધ થાય છે, એ દર્શાવવા ડૉ. ગારનેટ કહે છે, 'સાહિત્યના વિષય તરીકે કટાક્ષકથનની એવી વ્યાખ્યા થઈ શકે, કે જે હસવા સરખું કે અણછાજતું હોય તેનાથી ઉત્તેજિત થતી વિનોદની કે કંટાળાની લાગણીનો યથાર્થ શબ્દોમાં થતો આવિર્ભાવ તે કટાક્ષકથન છે; પરંતુ, તેમાં સમર્મ હાસ્યરસનો અંશ સ્પષ્ટ રીતે માલમ પડતો હોવો જોઈએ, અને, વાક્યરચનાનું સ્વરૂપ એવું હોવું જોઈએ કે તેનો સાહિત્યમાં સમાવેશ થઈ શકે. સમર્મ હાસ્યરસ વિના કટાક્ષકથન તે માત્ર નિન્દા હોય છે; સાહિત્યના સ્વરૂપ વિના કટાક્ષકથન તે માત્ર

જંગલી અને અસભ્ય ટેકડી હોય છે. કટાક્ષકથનની છાયા સાહિત્યમાં પ્રદર્શિત થતા જુદા જુદા ભાવમાં એવી ફેલાય છે કે આટલે સુધી કટાક્ષકથન કહેવાય અને આટલેથી બીજી જાતનું સાહિત્ય કહેવાય એવી મર્યાદા બાંધવી એ અઘરૂં છે. એક છેડે જોનસન અને કાર્લાઈલ સરખા લેખકોનાં ઉચ્ચ નીતિમય ભાવવાળાં કટાક્ષકથન આવે છે; અને, બીજે છેડે ટેલીરેન્ડ સરખા લેખકનાં કટુતાવાળાં કે સુશીલતાવાળાં અને ઉપાલંભયુક્ત વાક્ચાતુર્યથી ભરેલાં કટાક્ષકથન આવે છે; પરંતુ, કટાક્ષકથનના લેખકના ઉદ્દેશ ગમે તેટલા ઉન્નત હોય અગર તેનો સ્વભાવ ગમે તેટલો સૌજન્યવાળો હોય તોપણ તેના કલાવિધાનના પાયારૂપે તિરસ્કારની કે અણગમાની વૃત્તિ રહેલી હોય છે. આ વૃત્તિ માનવ વ્યક્તિના દોષ સંબંધે ઉત્પન્ન થતી હોવાને બદલે માનવ જાતિની નિર્બળતા અને અપૂર્ણતાને સંબંધે ઉત્પન્ન થાય, અને તેમ છતાં, ગ્રન્થરચનામાં કટાક્ષકથનનું રૂપ જળવાય, એમ બને; પણ, તિરસ્કાર કે ઉપાલંભનો અંશ કેવળ લુપ્ત થઈ જાય તો એવી રચના તે માત્ર ઉપદેશનું વ્યાખ્યાન બની રહે.' (સેટાયર વિશે લેખ. એનસાઈકલોપીડિઆ બ્રિટાનિકા, નવમી આવૃત્તિ.) 'સાહિત્યમાં કટાક્ષકથનનો પહેલો પ્રયોગ બેલાશક ગ્રામ્ય તથા તોફાની સ્વરૂપનો થયેલો. તેમાં વ્યક્તિઓની અંગત ખોડખાંપણોની મજાક થયેલી હોવી જોઈએ. * * * *સાહિત્યની કલા ઘણો ઉત્કર્ષ પામી ત્યારે કટાક્ષકથનની રચનામાં એવો વિકાસ થયો કે તેને નીતિના સાધનનું અથવા કવિતાના અનુષંગીનું ઉન્નત રૂપ પ્રાપ્ત થયું.' (સેટાયર વિશે લેખ. એનસાઇકિલોપીડિઆ બ્રિટાનિકા, અગીઆરમી આવૃત્તિ.)

સાહિત્યના આરંભકાળમાં હાસ્યરસનો પ્રયોગ બહુ ઓછો હોય છે તેનું કારણ એ છે કે આનન્દમય કલ્પનામાં અને ઉંડા તત્ત્વચિંતનમાં ગુંથાયેલા મનને હાસ્ય સાથે ગંભીરતા સાચવવી કઠણ પડે છે. લખકોની કલમ જેમ ધીમે ધીમે કસાય છે અને લેખનકલા જેમ ક્રમશઃ સામર્થ્ય પામે છે તેમ હાસ્યરસ લેખકોના કાબુમાં આવે છે, અને, ગંભીરતા સાચવી હાસ્યરસને સાહિત્યમાં ઉતારવાનો પ્રયોગ સાધ્ય થાય છે. સાહિત્યની ગંભીરતા અને પ્રૌઢતાના ભાન વિના હાસ્યરસની અજમાયેશ કરવા જતાં ગ્રામ્યતા ઉત્પન્ન થાય છે, અને, એવા લેખને સાહિત્યમાં કાયમની પદવી મળતી નથી. સાહિત્યમાં હાસ્યરસની કલા સુસ્થિત થયા પછી પણ કટાક્ષકથનનો વિકાસ કેટલેક કાળે થાય છે. જે મનુષ્ય હાસ્યપાત્ર ન હોય તેને ભાંડયાથી હાસ્યરસ ઉત્પન્ન થતો નથી; તેમ જ જે મનુષ્ય હાસ્યપાત્ર હોય તેની અંગત ખાસી-

અતો વર્ણવ્યાથી નહિં, પણ, તેની જાતના મનુષ્યોની સામાન્ય ખાસીઅતો વર્ણવ્યાથી હાસ્યરસ ઉત્પન્ન થાય છે; અને, 'કટાક્ષકથનના પ્રહાર તે જનસમાજમાંનો સડો દૂર કરવાના હેતુથી જ કરવા યોગ્ય છે, તે વ્યક્તિઓ પર નહિં પણ નમુનાઓ પર જ થવા જોઈએ, તથા, તેની રચનામાં પરુષતા હોવી ન જોઇએ, એ નિયમો ગ્રહણ થતાં વાર લાગે છે અને તેમ થતાં સુધી કટાક્ષકથનના પ્રયત્નમાં નિન્દાવ્યાપાર જ પ્રવર્તે છે, અને, કટાક્ષકથનનું સાહિત્ય બંધાતું નથી. સાહિત્યમાં, રસમાં અને કલામાં રુક્ષતાનો અને અશિષ્ટતાનો કદી સ્વીકાર થતો નથી.

ઇંગ્લાંડમાં કટાક્ષકથનની કલા સત્તરમા સૈકામાં વિકાસ પામી તે વેળા પણ એ કલા ન જાણનારા અને એ કલાને નામે નિન્દાવ્યાપાર કરનારા લેખકો ઘણા હતા. તેમનાં લખાણ વિશે ડ્રાઇડન કહે છે, ' કટાક્ષકથનનો જે પ્રકાર ઇંગ્લાંડમાં lampoon ('ભંડલેખ') ને નામે ઓળખાય છે તે જોખમભરેલું હથીઆર છે અને બહુધા અન્યાય્ય છે. બીજા મનુષ્યોની આબરૂ પર હુમલો કરવાનો આપણને નીતિનિયમથી કંઈ હક નથી. એવો હુમલો કરી આપણે તેમની પાસેથી જે છીનવી લઇએ છીએ તે પાછું વાળવાનું આપણાથી બની શકતું નથી. "લેમ્પૂન"ના લેખ લખવાની છુટ બે કારણથી જ મળી શકે, અને એ કારણોથી પણ એવા લેખમાં હમેશ વાજબીપણું હોય એમ હું ખાતરીથી કહેતો નથી. પહેલું કારણ તે વેર છે, અર્થાત્, એ જ પ્રકારે આપણું અપમાન થયું હોય અથવા આપણી જાહેર રીતે એવી નિન્દા થઈ હોય કે બીજી કોઈ રીતે આપણે ઇનસાફ મેળવી શકીએ તેમ ન હોય ત્યારે એવા લેખ લખવાની આપણને છુટ મળે. અને, તોપણ આપણે જાણીએ છીએ કે ખ્રિસ્તી ધર્માનુસરણમાં ઉદારતાનુ એવું વિધાન છે કે બધા અપરાધોની ક્ષમા કરવી જોઈએ, અને સર્વ શક્તિમાન્ પરમેશ્વર વિરુદ્ધ આપણે અહર્નિશ જે અપરાધ કરીએ છીએ તેની ક્ષમાની આપણે જેમ આશા રાખીએ છીએ તેમ આપણી સામેના અપરાધોની પણ આપણે ક્ષમા કરવી જોઈએ. * * * કવિ કોઈ અમુક માણસની સામે લખાણ કરે તે વાજબી ગણાવાનું બીજું કારણ એ છે તે માણસ જનસમાજને પીડા (nuisance) રૂપ થઈ પડયો હોય છે. હૉરેસ, પરસીઅસ અને જુવેનલનાં કટાક્ષકથનમાં જેમને અધમતાની છાપ સાથે ગણાવ્યા છે તે બધા સર્વથા આ જાતના મનુષ્યો છે. દુર્ગુણી મનુષ્યોને દાખલા રૂપે શિક્ષા કરવી એ સદ્ગુણનું કાર્ય છે. એવા મનુષ્યોને તેમના અપરાધ માટે અને તેમની દુર્મતિ માટે ઠપકો દઈ શકાય અને દેવો જોઈએ, કે તેથી, તેમની

દુષ્ટતા અસાધ્ય થઈ ગઈ ન હોય તો તેઓ સુધરી શકે, અને, બીજાઓ ભય પામે તથા અત્યાચાર માટે સખત શિક્ષા થતી જોઈ પોતે તેવા આચરણ કરતાં અટકે. ઉપર પહેલું જે કારણ કહ્યું તે તો માત્ર વેર લેવાનું બહાનું છે; પણ, આ બીજું કારણ એવું છે કે તેને અનુસરી કવિએ પ્રવૃત્તિ કરવી એ આવશ્યક છે. પણ આ કર્તવ્ય બજાવી શકે તેવી શક્તિવાળા 'લેમ્પૂન' લખનારા કેટલા થોડા હાલ વિદ્યમાન છે? એમનાં લખાણ હાથમાં આવે છે ત્યારે કેટલીક વાર તે વાંચ્યા વિના રહેવાતું નથી, પણ, ન્યાયની દૃષ્ટિએ જોતાં, જે મનુષ્યો યોગ્ય રીતે કટાક્ષકથનને પાત્ર છે તેમને પસંદ ન કરતાં તેઓ કેવા જુદા જ મંડળ પર ઉતરી પડે છે! અને એ અન્યાયાચરણમાં તેમનું બુદ્ધિચાતુર્ય કેટલું થોડું હોય છે! એ લેખકો ઘણું ખરૂં અબલાઓ વિશે લખે છે, અને જે અબલાઓ ઘણી સુશીલ અને ઘણી સુન્દર હોય તેમના પર તેઓ ઘણા સખત હુમલા કરે છે. પુરુષોમાં જેઓ અન્યાયી હોય પણ સમૃદ્ધિમાન્ હોય તેમની એ લેખકો સ્તુતિ કરે છે; પણ, જે સદ્‌ગુણી પુરુષો દુઃખી હોય તેમના પર ઉદ્ધતતાથી તેઓ હરેક પ્રકારના દ્વેષભર્યા આક્ષેપ કરે છે. તેઓ કોઈ રીતની સભ્યતા પાળતા નથી, કોઈ રીતની ખુશામત કરવી ભૂલતા નથી; તેમની મન્દ બુદ્ધિથી બને તેટલું ઝેર વાપરવામાં તેઓ ચુકતા નથી; કારણ કે તેમનામાં બુદ્ધિચાતુર્યની હમેશની ખામી હોય છે, અને, તેમનામાં વિવેકશક્તિની અને વિનોદવૃત્તિની વંધ્યતા હોય છે. વાચકોની અવગણનાથી આવી જાતનાં નિર્માલ્ય લખાણ બંધ પડશે. જ્યાં બુદ્ધિચાતુર્ય ન હોય ત્યાં વિનોદ હોઈ શકતો નથી; જ્યાં સત્યનો પાયો ન હોય ત્યાં કાંઈ અસર થઈ શકતી નથી.'

ડ્રાઇડનના સમયના આ નિર્માલ્ય લેખો ઇંગ્રેજી સાહિત્યમાંથી લુપ્ત થઈ ગયા છે, અને, ડ્રાઇડન, સેમ્યુઅલ બટલર તથા પોપ સરખા કુશળ લેખકોનાં રસિક કટાક્ષકથન જળવાઈ રહ્યાં છે, એ હકીકત હાસ્યરસની ઉદાત્તતાની અને કલાવિધાનના સામર્થ્યની સાક્ષી પુરે છે. તેમ જ, ઉત્તમ પંક્તિનાં કટાક્ષકથનો એ જાતના સાહિત્યની યોગ્યતા સિદ્ધ કરે છે. કેટલીક વાર એવી શંકા કરવામાં આવે છે કે કોઈ લેખકે પોતાના મનુષ્યબન્ધુઓના દોષ પર કટાક્ષ કરવો અને પોતે બીજાઓ કરતાં ચઢિયાતો છે એવો દાવો કરવો એ યોગ્ય કેમ કહેવાય? આવી શંકાનો માર્ક પૅટિસન એ ઉત્તર આપે છે કે, 'પેગંબર કે અવતારી પુરુષ ઉપદેશ દ્વારા પાપનો દંડ કરે છે તે પોતાના નામથી નહિં પણ જગતના ન્યાય કરનાર વિશ્વેશ્વર

તરફથી કરે છે, તે જ પ્રમાણે, કટાક્ષકથનનો લેખક પોતાનાં શાસન પ્રકટ કરતો નથી, પણ, જનસમાજનાં શાસન પ્રકટ કરે છે. જનસમાજમાં શી રીતે વર્તવું અથવા સાહિત્યના વિષયમાં રસિકતા શી રીતે જાળવવી એ બાબતના જે નિયમો રાજ્યના કાયદાથી પળાવી શકાતા નથી તેનો અમલ કટાક્ષકથનનો લેખક કરાવે છે. જનસમાજના અભિપ્રાય ફલીભૂત કરવાનું સાધન થઈ તે આ કર્તવ્ય કરે છે. કટાક્ષકથનની અસર ફક્ત એટલી જ નથી કે તેથી દુર્ગુણ પાછો પડે; આવાં શસ્ત્રથી સંબદ્ધ થતાં સદ્‌ગુણને પોતાના બળ પરનો વિશ્વાસ વધે છે, અને દુર્ગુણને જાહેર રીતે હલકો પાડેલો જોવાથી સદ્‌ગુણને પોતાની પ્રતિષ્ઠા અને અભિમાન પુષ્ટ થયેલાં લાગે છે. એ નક્કી છે કે પોપના કટાક્ષકથનનાં બાણ વાક્‌ચાતુર્યની તીક્ષ્ણ અણીવાળાં થઈ તથા કવિતાની પાંખથી ગતિવાળાં થઈ એવા ઘણાએકને વાગ્યાં કે જેમનાં નઠોર હૃદય પર અપકીર્તિ સિવાય બીજા કશાથી અસર થાય તેમ નહોતું; અને આ રીતે તેણે જે અમુક માણસોને તિરસ્કારપાત્ર કર્યા તેમના પર જ અસર થઈ એમ નહિં, પણ, દરેક જમાનામાં જેમને જેમને એ વર્ણન પોતાને લાગુ પડતાં જણાય અથવા પોતાને એ વર્ણન બીજાઓ લાગુ પાડશે એવી જેમને જેમને બીક લાગે તે સહુ પર એ અસર થવાની.' (પોપ સેટાયર્સ એન્ડ એપિસલ્સ: ઇન્ટ્રોડકશન.) તાત્પર્ય એ છે કે જે દોષ, દુર્ગુણ કે મૂર્ખતા જનસમાજને કંટકરૂપ થઈ પડે છે તેને તિરસ્કારપાત્ર બનાવવા, જે જાતના માણસોમાં એવા અનિષ્ટ અંશ હોય તેમને હાસ્યપાત્ર બનાવી તેમના પર કટાક્ષકથનના પ્રહાર કરવા, એ જનસમાજની સેવા છે. જનસમાજના બંધારણમાં જ્યાં એવા અનિષ્ટ અંશને દંડ કરવાની બીજી વ્યવસ્થા નથી હોતી ત્યાં માત્ર સાહિત્યથી જ એ કાર્ય થઈ શકે છે. એવા અનિષ્ટ અંશવાળા મનુષ્યો પર જનસમાજને જેમ અણગમો થાય છે, તેમ જનસમાજના વિચારોના પ્રતિનિધિરૂપ સાહિત્યમાં પણ એ અણગમો પ્રકટ થાય છે, જનસમાજના હિતાર્થે સાહિત્ય એવા મનુષ્યો પર ઉપાલંભનો પ્રહાર કરે છે. આ કારણથી, ઋગ્વેદના મંત્રોમાં પણ કંજુસ અને લોભીને સ્થાન મળેલું છે. એવા મનુષ્યો સંબંધે પૂષનને પ્રાર્થના કરવામાં આવી છે કે

अदित्संतं चिदाघृणे पूषन्दानाय चोदय ।
पणेश्चिद्वि म्रदा मनः ॥
परि तृंधि पणीनामारया हृदया कवे ।

अथेमस्मभ्यं रंधय ॥
वि पूषन्नारया तुद पणेरिच्छ हृदि प्रियं ।
अथेमस्मभ्यं रंधय ॥
आ रिख किकिरा कृणु पणीनां हृदया कवे ।
अथेमस्मभ्यं रंधय ॥

मं० ६ । सू. ५३। ३–५–६–७.

'હે દીપ્તિવાળા પૂષન્! દાન કરવાની ઇચ્છા વગરના (પુરુષ)ને દાન કરવાની પ્રેરણા કર; લોભીનું મન પણ નરમ કર.'

'હે કવિ (ડાહ્યા પૂષન્)! લોભીઓનાં હૃદય આરા (પરોણા) વડે ચીર; પછી એમને અમારે વશ કર.'

'હે પૂષન્! આરા (પરોણા) વડે લોભીનું હૃદય ચીર; તેના હૃદયમાં (અમારૂં) પ્રિય ઇચ્છ; પછી એમને અમારે વશ કર.'

'હે કવિ (ડાહ્યા પૂષન્)! લોભીઓનાં હૃદય કોતરી ચૂરા કર; પછી એમને અમારે વશ કર.'

કંજુસ અને લોભીનાં હૃદય નરમ કરવાની, તેમના હૃદયમાં પરોણા ભોકીને તેના કકડા કરવાની આ ઉત્કંઠા તેમના તેમ જ જનસમાજના હિત ખાતર ઉત્પન્ન થયેલી છે. એવા મનુષ્યોનાં હૃદય ચીરાય, તેમાં સદ્ભાવ પેસે અને તેઓ જનસમાજનું પ્રિય કરવા તરફ વળે, તેથી તેમને લાભ છે–તેમનાં હૃદય ઉન્નતિ પામે તેમ છે, તેમ જ જનસમાજને પણ લાભ છે–એવા મનુષ્યો જનસમાજને વશ (અનુકૂળ) થાય તો જનસમાજને નડતા કંટક દૂર થઈ જાય તેમ છે. એવા મનુષ્યોનાં હૃદય એવાં સખત થઈ ગયેલાં હોય છે કે પરોણા ભોક્યા વિના અને ચીરા પાડ્યા વિના તેમના ઉપર અસર થતી નથી; તેથી, એવા પ્રહારની જરૂર પડે છે. સાહિત્યનું સ્વરૂપ બદલાયું અને દેવોની પ્રાર્થનાના મંત્રને બદલે વૃત્તાન્ત અને વર્ણન રચાયાં ત્યારે આ પ્રહારનું કામ દેવોને સોંપવાને બદલે કવિઓએ પોતે કરવા માંડ્યું. કંટકરૂપ મનુષ્યોનાં હાસ્યપાત્ર વૃત્તાન્ત વર્ણવી કવિઓએ કટાક્ષકથનના પરોણા ભોકવા માંડ્યા. આ રીતે ઐતરેય બ્રાહ્મણમાં 'ભૂખથી ઘેરાયેલા' સાૈવયસિ અજીગર્તના લોભ વર્ણવી તેને હાસ્યપાત્ર કર્યો છે. તે સો (ઢોર) માટે પોતાના પુત્ર શુનઃશેપને યજ્ઞમાં વધ કરવા સારૂ વેચાતો આપે

છે. તે પછી શુનઃશેપને બાંધનાર કોઈ મળતું નથી તો અજીગર્ત કહે છે કે 'મને બીજા સો આપો તો એને હું બાંધું'. તે પછી શુનઃશેપનો વધ કરનાર કોઈ નથી મળતું તો અજીગર્ત કહે છે કે, 'મને બીજા સો આપો તો એનો હું વધ કરૂં.' આ કટાક્ષકથન દારિદ્રયથી થતા લોભ અને લોભથી થતી નિષ્ઠુરતાને હાસ્યપાત્ર બનાવી એવી અનિષ્ટતાને ત્યાજ્ય કરવાનો પ્રયાસ કરે છે.

કટાક્ષકથન આ રીતે હૃદય ચીરનારૂં છે તેથી જે હૃદય ચીરવા જેવાં હોય તેના પર જ તેનાં બાણુ છુટવાં જોઈએ. જ્યાં દોષ ન હોય ત્યાં દોષનો મિથ્યા આરોપ કરવામાં માત્ર દ્વેષ હોય છે, અને, દ્વેષથી જનસમાજની સેવા થતી નથી. તેમ જ, જ્યાં દોષ હોય ત્યાં તે દોષથી જનસમાજનું અહિત થાય છે એવી જેને ગંભીર પ્રતીતિ થઈ હોય તે જ કટાક્ષકથનને સાહિત્યની ઉંચી પંક્તિમાં આણી શકે છે. માત્ર વેર વાળવાની વૃત્તિથી રચાયેલાં કટાક્ષકથન ઉન્નતિહીન હોય છે, અને, સાહિત્યમાં એવા લેખને સ્થાન મળતું નથી. વળી, કટાક્ષકથનનો પ્રહાર જેમ હાસ્યરસથી નરમ થાય છે, તેમ હાસ્યપાત્ર ન હોય તેવા અંશનો કટાક્ષકથનમાં સમાવેશ થઈ શકતો નથી. અમુક દોષ માટે હાસ્યપાત્ર થયેલા મનુષ્યોમાં કોઈ સારા અંશ પણ હોય, પરંતુ, તેનું વર્ણન કટાક્ષકથનમાં દાખલ થઈ શકતું નથી. એ અંશ વર્ણવવામાં આવે તો હાસ્યરસ ખંડિત થાય અને જીવનચરિત્ર તથા ઇતિહાસના અંશ અસ્થાને મિશ્રિત થવાથી કટાક્ષકથન કદર્થિત થાય. તે સાથે એ પણ લક્ષમાં રાખવાનું છે કે વાસ્તવિકતાનો નાશ કરી અસંભવ દાખલ કર્યાથી બીજા રસ પેઠે હાસ્યરસમાં પણ ક્ષતિ થાય છે, તે માટે, હાસ્યપાત્ર મનુષ્યને એકેએક દોષથી ભરેલો વર્ણવવો ન જોઈએ. એવો મનુષ્ય કોઈ હોતો નથી. ગમે તેવો દુષ્ટ મનુષ્ય પણ કેટલાક દોષથી મુક્ત હોય છે. તેથી, મનુષ્યના સ્વભાવનુ બંધારણ લક્ષમાં લેતાં, જે જાતના મનુષ્યમાં જેવા દોષ સંભવે તે જાતનો નમુનો માત્ર તેવા દોષ માટે જ હાસ્યપાત્ર થતો ચિતરવો જોઈએ.

તેમ જ વળી, બીજો એક નિયમ એ છે કે જે વિષય દીર્ઘ કાળ સુધી જનસમાજના લક્ષમાં આવે એવા હોય તે તરફ જ કટાક્ષકથનની પ્રવૃત્તિ હોવી જોઈએ. વર્તમાન સમયની જે જુજ બાબતો થોડા વખતમાં ભૂલાઈ જાય તેવી હોય તેનો સાહિત્યમાં સંગ્રહ થઈ શકતો નથી, અને, કટાક્ષકથનમાં પણ એ જ નિયમ પ્રવર્તે છે. માર્ક પેટિસન કહે છે તેમ

'બધી ક્ષુદ્ર વસ્તુઓમાં ક્ષુદ્ર કલહ જેવું ક્ષુદ્ર બીજું કાંઈ હોતું નથી.' વ્યક્તિઓ વચ્ચેના ક્ષુદ્ર કલહથી કટાક્ષકથનનું સાહિત્ય રચી શકાતું નથી.

જનસમાજના ઇતિહાસમાં લાંબી મુદત સુધી પહોંચતા વિષયોમાંના દોષ તરફ કટાક્ષકથન ઉપર પ્રમાણે પ્રવૃત્તિ કરે છે, તેથી, એવી લાંબી મુદત દરમ્યાન એવા દોષને વળગી ગયેલા વિચારો અને લાગણીઓ ઉપર પણ કટાક્ષકથન પ્રહાર કરે છે. કાંટાવાળો કે ઝેરી છોડ જમીનમાં ઉગ્યા પછી લાંબી મુદત ટકે છે ત્યારે તેના મૂળ સાથે જમીનમાંનો કેટલોક ભાગ સજ્જડ વળગે છે અને તે છોડ કહાડી નાખતાં જમીનમાંના એવા ભાગની પણ ઉથલપાથલ કરવી પડે છે, તે પ્રમાણે, અમુક પ્રકારની મૂર્ખતા, દુર્ગુણ, દુરાચાર કે અનિષ્ટતા જનસમાજમાં લાંબી મુદત સુધી વસવાથી તેને કેટલાંક આવરણ સજ્જડ વળગે છે, અને એ આવરણનો વિચ્છેદ થોડા ઘણા કષ્ટ વિના થઈ શકતો નથી. તેમ જ વળી, લાંબા પરિચયથી એ મૂર્ખતા, દુર્ગુણ, દુરાચાર કે અનિષ્ટતા જનસમાજના નહાના કે મ્હોટા ભાગને પ્રિય થઈ પડેલાં હોય છે અને એ પ્રીતિ તોડાવ્યા વિના છુટકો હોતો નથી. તેથી, જે વિચારો, લાગણીઓ, સંસ્થાઓ કે વસ્તુઓ જનસમાજને લાંબા પરિચયથી પ્રિય થઈ પડી હોય તે ઉપર કટાક્ષકથનના પ્રહાર ન કરવા એવો નિયમ થઈ શકતો નથી. એ વિષયોમાં દોષ હોય તો તેના પર કટાક્ષકથનના પ્રહાર આવશ્યક થાય છે, કેમકે, તેથી એ દોષ ઉપર જનસમાજનું ધ્યાન બહુ સબળ રીતે ખેંચાય છે. અપાત્ર ઉપર પ્રીતિ થઈ હોય ત્યાં એ પ્રીતિ મુકાવવા માટે તે અપાત્રની હાસ્યાસ્પદતા દર્શાવવી એના જેવો બીજો ઉપાય હોતો નથી. સ્પેનમાં 'શિવલરી' (વીરતા) ને નામે ગાંડાં કહાડવાનો પ્રચાર બહુ વધી ગયો હતો અને જનસમાજના મ્હોટા ભાગની એ મૂર્ખતા ઉપર રુચિ બંધાઈ હતી તેથી ડૉન કિવક્ઝૉટની કથા રચી સર્વેન્ટિસે એ પ્રચાર અને રુચિ ઉપર કટાક્ષકથનના પ્રહાર કર્યા હતા. રોમન કૅથોલિક પંથમાં જેસ્યુઇટ મંડળે અસદાચારનો બચાવ કરનારા મિથ્યાવાદ (casuistry) બહુ ફેલાવ્યાથી અને તે ઉપર લોકોની શ્રદ્ધા બેઠેલી હોવાથી પાસ્કલે 'પ્રોવિન્શિઅલ લેટર્સ' લખી એ મિથ્યાવાદના કલ્પિત નમુના રચી કટાક્ષકથનની પદ્ધતિએ એ વાદનો ઉપહાસ કર્યો હતો. જે ભ્રમ બહુ વિસ્તાર પામ્યો હોય અને લોકોના પક્ષપાતને પાત્ર થયો હોય તે એ કારણોથી હાસ્યાસ્પદતામાંથી મુક્ત થઈ શકતો નથી, પણ, તે ભ્રમ દૂર કરાવવા સારુ તેની હાસ્યાસ્પદતા દર્શાવવાની ખાસ જરૂર પડે છે. અલબત્ત, જેમાં દોષ નથી હોતો તેમાં હાસ્યાસ્પદતા નથી હોતી. એવી વસ્તુનો ઉપહાસ કરવાનો પ્રયત્ન

વ્યર્થ જાય છે; અને, તેને હાસ્યાસ્પદતામાંથી બચાવવાનો નિયમ કરવા-ની જરૂર રહેતી નથી, હેઝલિટ કહે છે કે Ridicule is the test of truth ('ઉપહાસ એ સત્યની કસોટી છે') એ ઉક્તિ એવા અર્થમાં ખરી છે કે સત્યનો કટાક્ષકથનથી ઉપહાસ કરવા જતાં એવો પ્રયત્ન નિષ્ફળ જાય છે તથા તેમાં હસવા સરખું શું છે તે પણ સ્પષ્ટ થતું નથી, અને, એ રીતે સત્યની સત્યતા સાબીત થાય છે.

આ નિયમ લાંબો કાળ ટકતી સંસ્થાઓને લાગુ પડે છે તેમ ઐતિહાસિક વ્યક્તિઓને પણ લાગુ પડે છે. ઐતિહાસિક વ્યક્તિઓનાં લક્ષણમાં કોઈ હાસ્યાસ્પદ અંશ હોય તો હાસ્યપાત્ર નમુના કલ્પવામાં એવા અંશ ઉપાદાન તરીકે વાપરી શકાય છે. ઉદાત્તતા અને સાધુતાને માટે ઇતિહાસમાં સંસ્મરણીય થયેલી વ્યક્તિઓનાં જીવનચરિત્રમાં હાસ્યપાત્ર લક્ષણો હોતાં નથી. પરંતુ, કેટલીક વ્યક્તિઓ એવી હોય છે કે તેમનામાં કેટલાક મ્હોટા ગુણ હોવા છતાં લોભ કે ક્રોધ કે ઇર્ષ્યા કે અભિમાન કે એવો કોઈ અવગુણ હોય છે અથવા સ્વભાવનું કોઈ જાતનું કઢંગાપણું હોય છે, અને, એવા અંશ હાસ્યપાત્ર થાય છે. એ વ્યક્તિઓ ઇતિહાસમાં પ્રતિષ્ઠા પામેલી હોય છે એ હકીકતથી તેમના એ અંશની હાસ્યપાત્રતા જતી રહેતી નથી. આ રીતે, હાથી અને શિયાળની વાતમાં, રાજ્યલોભને વશ થતાં શિયાળથી દોરાઈ તેણે બતાવેલે માર્ગે દોડનાર અને એ રીતે આખરે કાદવમાં પડનાર હાથી કર્પૂરતિલક તે કોઈ સામાન્ય મનુષ્યનો નમુનો નથી, પણ, કેટલાક સુ-પ્રસિદ્ધ યોદ્ધાઓ અને રાજાઓનો નમુનો છે. રાજ્યલોભ મ્હોટી પદવીના મનુષ્યોમાં ઉદ્ભૂત થાય છે તે દર્શાવવા કર્પૂરતિલકને હાથી કલ્પ્યો છે, અને, એવા મનુષ્યો હલકા અને લુચ્ચા સલાહકારોની બુદ્ધિએ ચાલી ઠગાય છે, એ દર્શાવવા તેને દોરી જનારને શિયાળ કલ્પ્યું છે. મ્હોટા માણસોના દોષ પ્રશંસા કરવા યોગ્ય કે અનુકરણ કરવા યોગ્ય હોતા નથી, પણ, ત્યાજ્ય કરવા માટે ધડો લેવા યોગ્ય હોય છે, એ વાત જનસમાજના લક્ષ આગળ રાખવાની જરૂર હોય છે.

જનસમાજમાં પ્રવર્તતા અનિષ્ટ અંશ સુધારવા માટે જ કટાક્ષકથન-નો ઉપયોગ થઈ શકે છે, તેથી, કટાક્ષકથનનો ઉપયોગ કરનારના અન્તઃકરણ-માં એવા સુધારા માટે ખરેખરી ઉત્કંઠા હોવી જોઈએ; જનસમાજનોઅપરાધ કરનારને જનસમાજ તરફથી એવી શિક્ષા કરવાનો અધિકાર સામાજિક સુધારણાની ખરેખરી તીવ્ર ઇચ્છા ધારણ કરનારને જ મળે છે. એવી ઉત્કંઠા

અને તીવ્ર ઇચ્છાથી જનસમાજમાંના અનિષ્ટ અંશના સ્વરૂપ વિશે ચિત્તમાં વિમર્શન થાય છે, અને, તેને પરિણામે એ સ્વરૂપ પર સખ્ત અરુચિ ઉત્પન્ન થતાં જનસમાજની સખ્ત અરુચિને એકઠી કરી એ સ્વરૂપ તરફ વાળવાની પ્રવૃત્તિ થાય છે. આ પ્રવૃત્તિથી કટાક્ષકથનનો ઉદ્ભવ થાય છે. ટેઇન કહે છે, 'કોઈ મનોવ્યાપાર વિમર્શન કરતાં કટાક્ષકથનને વધારે અનુકૂલ નથી. વિમર્શન એટલે ધ્યાનની એકાગ્રતા, અને, ધ્યાનની એકાગ્રતા અન્તર્ભાવના વેગ તથા સ્થાયીપણાને સોગણું વધારે છે. દુર્ગુણ વિશે ચિંતન કરવામાં જે મગ્ન થાય છે તેને દુર્ગુણ તરફ ધિક્કાર આવે છે. અને, તેનું ચિંતન જેમ વધારે ઉગ્ર તેમ તેનો ધિક્કાર વધારે ઉગ્ર હોય છે. આવી સ્થિતિ હોય છે ત્યારે ગંભીર વક્રોક્તિનું શસ્ત્ર સહુથી વધારે સ્વાભાવિક થઈ પડે છે, કારણ કે, એકાગ્ર થયેલા ધિક્કારની તે સાક્ષી પુરે છે. જે એવી વક્રોક્તિનો ઉપયોગ કરે છે તે પોતાની પ્રથમ પ્રવૃત્તિને દાબી રાખે છે; પોતાની સામે પોતે ભાષણ કરતો હોય એવો તે ડોળ કરે છે, અને, પોતાને પોતાના વિરોધીનો વેશ ભજવવાની ફરજ પાડે છે. બીજી તરફથી જોતાં માલમ પડે છે કે આ દુઃખભરી સ્થિતિનો જાણી જોઈ કરેલો અંગીકાર તે ચિત્તમાંનો અત્યન્ત તિરસ્કાર સૂચવે છે, વિરોધીને આપેલું શરણ તે તેનું સહુથી સખ્ત અપમાન હોય છે.' (હિસ્ટરી ઑફ ઇંગ્લિશ લિટરેચર.) હાસ્યના પાત્રમાં ખરેખરા દોષ હોય ત્યારે જ આ તિરસ્કાર અને અપમાન યથાર્થ થાય છે. હેઝલિટ કહે છે તેમ 'સહુથી ભારે બદનક્ષી સત્યથી થાય છે અને વાક્ચાતુર્યનાં શલ્ય ખચકા (ફર્ણું) વાળાં થાય છે તે સત્યથી થાય છે.' (લેક્ચર્સ ઑન ધિ ઇંગ્લિશ કૉમિક રાઇટર્સ.)

કટાક્ષકથનનો એક ઉપપ્રકાર એવો છે કે તેમાં હાસ્યપાત્ર વસ્તુનાં કેટલાંક અંગ કે કેટલીક ખાશીઅતો પરસ્પર પ્રમાણ સાચવ્યા વગર એવી રીતે વધારી દેવામાં આવે છે કે તેથી સમસ્ત વસ્તુના સ્વરૂપને મળતાપણું કાયમ રહે છે, પણ, એકંદર દેખાવ અસંગત અને હસવા સરખો થાય છે. હાસ્યપાત્ર વસ્તુની કેટલીક રેખાઓ આમ મહોટી થઈ જવાથી તે રેખાઓમાં રહેલું મૂળ તરેહવારપણું ખાસ પ્રાદુર્ભૂત થાય છે, એ રેખાઓમાં વસતી હાસ્યાસ્પદતા સ્પષ્ટ રીતે બહાર પડે છે, અને તેથી, કેટલીક રેખાઓની વિકૃતિ થયા છતાં તથા બીજી રેખાઓ અસલ પ્રમાણે એમની એમ રહ્યા છતાં વસ્તુનું એકંદર સ્વરૂપ વધારે સારી રીતે નજર આગળ આવે છે. અમુક નમુનાના મનુષ્યોમાં કે તેમણે પ્રિય માનેલી સંસ્થાઓમાં રહેલી મૂર્ખતાની, અનિષ્ઠતાની કે દુષ્ટતાની રેખાઓ આ રીતે મહોટા અને અનિયમિત

પ્રમાણુમાં વધારવાથી અને તેમના સ્વરૂપની બાકીની રેખાઓ મૂળ પ્રમાણુમાં રહેવા દીધાથી જે વિરૂપતા થાય છે તે ચિત્તને હાસ્યાનુકૂલ વૃત્તિમાં આણીને અને સ્વરૂપમાં રહેલી હાસ્યમયતાને વિરોધદ્વારા આગળ પાડીને હાસ્યરસને વિશેષ રીતે પુષ્ટ કરે છે. આ ઉપપ્રકારને ઇંગ્રેજીમાં caricature કહે છે. આપણી ભાષામાં તેને માટે યથાર્થ શબ્દ યોજવો કઠણ છે. કદાચ "અતિકથા,' 'અતિચિત્ર,' 'અતિરેખ વર્ણન ' કે એવો કોઈ શબ્દ ખાસ લક્ષણા કરીને યોજી શકાય. ' ઢાંગસોંગ ' શબ્દ આવી નવી લક્ષણાથી વાપરવો એ વધારે ઘટતું લાગે છે, અને, એમાં શબ્દાર્થ તથા વ્યાકરણનો અનાદર થતો હોય તો બીજો એવો કોઈ સૂચક શબ્દ નક્કી કરવો જોઈએ કે જેથી અર્થનો પ્રકાશ સારો થાય.

આ ઉપપ્રકારનાં સંક્ષિપ્ત ઉદાહરણ આપવાં મુસ્કેલ છે, કેમકે, આખું વર્ણન વાંચ્યા પછી જ વધારી દીધેલી રેખાઓની વિકૃતિ ધ્યાનમાં આવે છે. કદાચ નીચેનાં ઉદ્દાહરણમાં એવી વિકૃતિ દષ્ટિગોચર થશે:

'બંદીવાનો દોદળા ગામના રહીશ છે. એમાં કેટલાક ગરાશીઆ છે, કેટલાક વાણીઆ છે, કેટલાક બ્રાહ્મણ છે, કેટલાક કણબી વગેરે છે. એમના ગામમાં ધાડ પડી તે વારે એ સર્વે બાયલા, કાયર થઈ રડવા લાગ્યા, કોઈ સંતાઈ ગયા, કોઈ નાશી ગયા. તેથી ચોર સુખે ચોરી કરી ચાલ્યા ગયા. કેદીઓ કહે, "મહારાજ ! એમાં અમારો શો અપરાધ છે ? અમે લૂંટાયા, અમારો માલ ગયો. ચોરને બદલે અમને ઝાલી આણ્યા છે." રાજા કહે, "મેં કાયદો કર્યો છે કે મારા મૂલકમાં જે કાયર માલૂમ પડે તેને સજા કરવી. તમારા ગામમાં બચાવ તમે નહિ કરો તો કોણ કરશે ? શું ગામો ગામ ફોજ રાખું ?" ગરાશીઆ નીચું જોવા લાગ્યા; પણ બ્રાહ્મણ વાણીઆદિને આ વચન નવાઈનાં લાગ્યાં. તે નિર્લજ્જો કહે, "તો શું અમારો દંડ લીધે અમે શૂરા થવાના છીએ !" વનરાજ કહે, "હું તમને દંડ નહિ કરૂં, ને કેદે નહિ બેસાડું, તમને ચૂડા પહેરાવી બે વરસ બાઈડીને વેશે રહેવાની સજા કરીશ. મંત્રી ! ચૂડા મંગાવો." રજપૂતોની આંખમાંથી આંસુ પડવા લાગ્યાં. વાણીઆ બે હાથે સલામો કરતા કહે, "મહારાજ ! આ ગરાશીઆ તો ઘરમાં બે વરસ ભરાઈ બેઠા ગરાશવડે પેટ ભરશે. એમને ખેતરાં છે તેનો દાણો આવે છે, પણ અમારે તો હાટ માંડી બેસવું, ગુજરીમાં જવું, માલ ખરીદવો ને વેચવો, તેથી બાયડીને વેશે ને ચૂડાવાળે હાથે અમારી બહુ ફજેતી થશે, લોક હસશે ને છોકરાં તાળીઓ પાડશે !" બ્રાહ્મણો કહે, " મહારાજ ! અમારે

પણ ભિક્ષાવૃત્તિ તેથી ફરવા જવું, વળી સરાવવા જવું, હોમ કરાવવા; અમારે તો એ સજાથી લાજી મરવાનું થશે!" કણબીઓ કહે, "મહારાજ! અમે બાયડીનાં લુગડાં ને ચૂડા પહેરી ખેતી કેમ કરીશું? ગાડાં ભરી ધાન વેચવા કેમ જઈશું? અમે મૂછોવાળા બાયડીના ઘાઘરા સાડલા ને ચૂડા પહેરવાથી બહુ કઢંગા દેખાઈશું! આટલો ગુનોહ માફ કરો બાપજી!" વનરાજ કહે, "તો હવે હિમ્મત પકડી લડશો?" બંદીવાનો કહે, "બાપજી! જીભથી તો લડીએ, ને જો એવો બંદોબસ્ત કરો કે સામાવાળા અમને ના મારે તો વળી હથીઆરથી જરા અજમાશ કરીએ."'

વનરાજ ચાવડો.

'બગલું ઓ આવે ઓ જાયરે; બગલું ફોકટ ફેરા ખાયરે;
બગલું કયી વહુને લઈ જાયરે? પાછળ કયા ભાઈ દોડયા જાયરે?
બગલું મોતીવહુને લઈ જાયરે; પાછળ દીનાભાઈ દોડયા જાયરે.
ઓ મારી બઈરીને લઈ જાયરે; મારૂં પણતર ફોકટ થાયરે;
ઓ મારા પૈસા રાયગળ જાયરે; (મારો મનખો વાંઢો થાયરે.)
ઓ હું તો પરણ્યો તે થયું ફોકરે, મારાં નાણાં એકાં રોકરે.'

રાંદેલ (રન્નાદેવી) નાં ગીત.

પહેલા ઉદાહરણમાં, બીકણ કાયર માણસો પોતાનો સાધારણ ધંધો કરતા હોય તે વેળા તેમના કાયરપણાની રેખાઓ અતિશય વધારો કરીને દેખાડી હોય તો એકંદર ચિત્ર કેવું હાસ્યજનક થાય તે દર્શાવ્યું છે; તેમ જ, એવા મનુષ્યો કેવા નિર્લજ્જ થઈ પોતાના કાયરપણાને ઠેઠ સુધી વળગી રહે છે તે પણ એવા સ્વભાવની રેખાઓનો વિસ્તાર કરીને દર્શાવ્યું છે. બીજા ઉદાહરણમાં કન્યા શોધી કહાડવામાં પડતી મહેનતથી અને લગ્નમાં થતા ખર્ચથી વહુની કિંમત કરનાર અને તે કારણથી વહુની સલામતી માટે અધીરો થઈ ફરનાર માણસ વહુ ખોવાઈ જાય ત્યારે કેવો ઘેલો અને બહેબાકળો થઈ જાય છે તે તેના એ સ્વભાવની રેખાઓ બહુ મહોટા પ્રમાણમાં વધારીને દર્શાવ્યું છે અને એ રીતે એ સ્વભાવમાં રહેલી હાસ્યપાત્રતા પ્રકટ કરી છે.

આ ઉદાહરણોની પરીક્ષા કરતાં એક વાત એ લક્ષમાં આવશે કે આવી રીતે કલ્પેલા હાસ્યમય પ્રસંગો વિચારમાં લેતાં ચિત્ત આગળ તેમનું મૂર્તિમન્ત ચિત્ર ઉભું થાય છે અને તે ચિત્રમાં પ્રમાણ ઉપરાંત વધી ગયેલી

રેખાઓનો સાક્ષાત્કાર થાય છે. રેખાઓના વિસ્તાર અને પ્રમાણની વિષમતા આવા પ્રસંગને ખાસ કરી ચિત્રયોગ્ય બનાવે છે. પહેલા ઉદાહરણમાંનું વર્ણન વાંચતાં મૂછો દેખાતા છતાં સાલ્લા ઘાઘરા અને ચૂડા પહેરી દુકાને ચોળતા તથા બજારમાં સોદો કરતા વાણીઆ, શેરીઓમાં ઝોળી લઈ ફરતા તથા નદી કિનારે ક્રિયા કરાવતા બ્રાહ્મણો, અને હળ ફેરવતા તથા ગાડાં હાંકતા કણબીઓનાં ચિત્ર નજર આગળ આવે છે; તેમ જ એક તરફ યુદ્ધમાં હિંમત ધરી લડવાની આજ્ઞા કરતો વનરાજ અને બીજી તરફ 'અમને સામાવાળા ના મારે તો હથિઆર અજમાવીએ' એવું કહેતા બંદીવાનો એમ સામસામા ઉભેલાનું ચિત્ર નજર આગળ આવે છે. બીજા ઉદાહરણમાં, સ્ત્રીને ઉપાડીને લઈ જતું બગલું (=સ્ત્રીનો કોઈ અગમ્ય રીતે વિનાશ થઈ જશે એવી બીક ભરેલી કલ્પના) અને, તેની પાછળ 'એ મારી બઈરીને લઈ જાયરે, મારૂં પરણેતર ફોકટ થાય રે' એવી બુમ પાડી દોડયો જતો મનુષ્યઃ એવું ચિત્ર નજર આગળ આવે છે. એ રીતે 'કેરિકેચર'નું કલાવિધાન ચિત્રરચનાને ઘણું અનુકૂળ છે, અને તેથી, એ વિધાનની વ્યાખ્યામાં ચિત્રરચનાનો પણ સમાવેશ કરવામાં આવે છે. 'કેરિકેચર તે કટાક્ષકથનના પ્રયોજન માટે કઢંગી રચનાનો ઉપયોગ કરવાની કળા છે. તેમાં ચિત્ર ચિતરીને કે મૂર્તિ ઘડીને હાસ્યમય રેખાઓ પ્રદર્શિત કરવામાં આવે છે.' (કેરિકેચર વિશે લેખ. એનસાઇક્લોપીડિઆ બ્રિટાનિકા, અગીઆરમી આવૃત્તિ.)

'કેરિકેચર'માં રહેલી આ ચિત્રયોગ્યતાને લીધે કેટલીક વાર એ શબ્દથી માત્ર 'ચિત્રદ્વારા પ્રકટ કરેલું કટાક્ષકથન' એટલો જ અર્થ ઉદ્દિષ્ટ કરવામાં આવે છે. ઇંગ્લાંડમાં એવાં ચિત્રનો પ્રથમ વિધાયક હોગાર્થ નામે ચિત્રકાર ઇસવી સનના અઢારમા સૈકામાં થઈ ગયો. તેણે જનસમાજમાં પ્રવર્તતી મૂર્ખતા અને દુષ્ટતાનો ચિત્રો દ્વારા ઉપહાસ કર્યો છે, અર્થાત્ અમુક પ્રસંગોમાં આવેલા મૂર્ખ અને દુષ્ટ મનુષ્યોનાં કલ્પિત ચિત્ર ચિતરી એવા નમુના પર કટાક્ષ કર્યા છે. એવા મનુષ્યોનાં ચરિત્રમાં એક પછી એક આવતા વિવિધ પ્રસંગોમાં જુદાં જુદાં ચિત્ર ચિતરી તે સમસ્ત વડે તેણે ચિત્રમય નાટક રચ્યાં છે, અને તેમાં હાસ્યરસનું દર્શન કરાવ્યું છે

'કેરિકેચર'નાં ચિત્રનો (cartoon) 'કાર્ટૂન' નામે પેટા પ્રકાર વર્તમાન સમયમાં ઉત્પન્ન થયો છે. લોકોના મનમાં રમી રહેલા ચાલતા વિષયોનો એવા ચિત્રમાં ઉદ્દેશ કરવામાં આવે છે. એ ચિત્રોમાં બહુધા રાજકીય બાબતો સંબંધે હાસ્યમય ટીકા કરવામાં આવે છે. એમાં જાણીતા

પ્રસંગો ચિતરવામાં આવે છે, તેથી, નમુનારૂપ વ્યક્તિઓ નહિં પણ ખરેખરી વ્યકિતઓ ચિતરવામાં આવે છે. એક વેળા એવાં ચિત્રવડે બહુ દ્વેષભર્યા હુમલા કરવામાં આવતા, પરંતુ, હવે એવો ડંખ એ ચિત્રોમાંથી નિકળી ગયો છે. ઇંગ્લાંડમાં હાસ્યરસનાં ચિત્રદ્વારા જાહેર સવાલોની ચર્ચા કરનારાં અનેક વર્તમાનપત્રો પ્રસિદ્ધ થાય છે, તેમાં રાજકાર્યોના અગ્રેસરોને અમુક કલ્પિત પ્રસંગમાં આવેલા અને સંભાષણ કરતા ચિતરી તે પ્રસંગ દ્વારા તેમની કૃતિઓ તથા વિચારોનો મંદ ઉપહાસ કરવામાં આવે છે, અને, એ ઉપહાસવડે તે કૃતિઓ તથા વિચારોની યોગ્યાયોગ્યતાની ચર્ચા કરવામાં આવે છે. 'એ સર્વમાન્ય છે કે "કાર્ટૂન"નો કાંઇક ઉદ્દેશ હોવો જોઇએ. ભાવાર્થ રૂપે રહેલા વિચારનું તેમાં સ્પષ્ટ રીતે દર્શન થવું જોઇએ, અને બને તો, તે દર્શનથી હાસ્ય ઉપજવું જોઇએ; અને એ રીતે વિચાર દર્શાવતાં ગમે તેટલી મર્યાદા કે અંકુશ રાખ્યાં હોય તોપણ, અને તેમાં પ્રસંગોપાત્ત પ્રોત્સાહક કાવ્ય સરખી ભાવના હોય તોપણ, વર્તમાનપત્રમાં વિવેચનનો મુખ્ય લેખ (leading article) ચિત્રમય બનાવ્યો હોય એવું તેનું સ્વરૂપ હોવું જોઇએ.' (એનસાઇકિલોપીડિઆ બ્રિટાનિકા, અગીઆરમી આવૃત્તિ, કાર્ટૂન વિશે લેખ.) આવાં ચિત્રમાં વ્યકિતઓ ખરેખરી લેવામાં આવે છે, પણ, તે વ્યકિતઓએ કરેલાં કાર્ય કલ્પિત પ્રસંગોના રૂપમાં મુકવામાં આવે છે. આ કલ્પિત પ્રસંગો સાધારણ વ્યવહારમાં બનતા અથવા ઐતિહાસિક પ્રસંગોમાં કે વાર્તાઓમાં આવેલા બનાવોના હોય છે. ખરી વ્યકિતઓને તે પ્રસંગને અનુકૂળ વેશમાં ચિતરવામાં આવે છે, અને તેથી તેમ જ તેના મુખમાં મુકેલાં વચનથી, ચિત્ર હાસ્યમય થાય છે. ઇસપનીતિમાંના તથા તેના જેવી બીજી વાર્તાઓમાંના પ્રસંગ લઇ ખરી વ્યકિતઓને પશુરૂપે પણ ચિતરવામાં આવે છે. લન્ડનમાં નિકળતું 'પંચ' પત્ર આ પ્રકારનાં ચિત્રદ્વારા ચર્ચા કરનાર વર્તમાનપત્રોમાં મુખ્ય છે.

વિલક્ષણ રેખાઓ વધારવાથી થતા 'કેરિકેચર'ને ચિત્રનું રૂપ આપી શકાય છે તે પ્રમાણે વાણી વડે કે અંગ વડે અનુકરણ કરીને પણ એ કાર્ય થઇ શકે છે. કેટલાક મનુષ્યોની ધાંટો કહાડવાની પદ્ધતિમાં કે વાક્યરચનાની રીતમાં તેમના સ્વભાવનું તરેહવારપણું રહેલું હોય છે, અને, તેની નકલ વધારેલા રૂપમાં કરી એ તરેહવારપણામાં રહેલી હાસ્યમયતા દર્શાવવામાં આવે છે. તેમ જ, સ્વભાવનું એવું તરેહવારપણું આંખ, મ્હોં, કે હાથની કઢંગી ચેષ્ટા કરવાની ટેવમાં હોય ત્યારે તેવી ચેષ્ટા મ્હોટા રૂપમાં કરી તેની

હાસ્યમયતા દર્શાવવામાં આવે છે. ફક્ત 'ચાળા પાડવાથી' આ કાર્ય થઈ શકતું નથી.

અલબત્ત, આ રીતે મનુષ્યના સ્વભાવની કઢંગી રેખાઓ વધારી દઈને પ્રકટ કરવામાં એવા સ્વભાવનું યથાર્થ સ્વરૂપ દરેક રીતે જળવાય એમ હમેશ બનતું નથી. કોઈક વેળા કેટલીક રેખાઓ હોય તેના કરતાં વધારે હાસ્યપાત્ર ચિતરાય છે, અને, કોઈક વેળા કેટલીક રેખાઓ હોય તેના કરતાં ઓછી હાસ્યપાત્ર ચિતરાય છે. આ પ્રકાર જ એવો છે કે તેમાં સમતા બરાબર જળવાતી નથી. પ્રો. બર્ગસન કહે છે તેમ હાસ્યરસ દ્વારા મનુષ્યોના દોષ માટે દંડ કરતાં યથાર્થતા ઝીણવટથી સાચવી શકાતી નથી, પણ, એકંદર પરિણામમાં સરેરાશ ઇનસાફ ("average of justice") થાય છે.

હાસ્યમય કૃતિનો બીજો એક પ્રકાર તે parody ('પરિહાસમય અનુકરણ') છે. એ પ્રકાર એવો છે કે ગંભીર વિષયના કોઈ લેખમાંનાં વચનો કે શૈલીની નકલ હલકા વિષયના વર્ણનમાં કરવામાં આવે છે, અને, એ રીતે ગંભીરતા તથા લઘુતાને પાસે પાસે મુકીને તે બેના વિરોધવડે હાસ્ય ઉપજાવવામાં આવે છે. આ રીતે,

(અસલ.)

જીવને શ્વાસતણી સગાઈ, ઘરમાં ઘડી ન રાખે ભાઈ;
બાપ કહે છે બેટો અમારો, માતા મંગળ ગાઈ;
બેની કહે છે બંધવ અમારો, ભીડ પડે ત્યારે ભાઈ રે;
જીવને શ્વાસતણી સગાઈ, ઘરમાં ઘડી ન રાખે ભાઈ;
લિંપ્યું ને ગુંપ્યું આંગણું ને કાઢયારે વેળા થઈ;
અડશો મા તમે અભડાશો એમ લોક કરે ચતુરાઈ રે;
જીવને શ્વાસતણી સગાઈ, ઘરમાં ઘડી ન રાખે ભાઈ.

(નકલ.)

લાડુને દાળતણી સગાઈ, મુખમાં ઘડી ન થાય જુદાઈ;
જીભ કહે છે લાગ અમારો, દાંત રહ્યા મલકાઈ;
પેટ કહે ભક્ષ અમારો, ફુંડ વધે ત્યારે મોટાઈ રે;
લાડુને દાળ તણી સગાઈ, મુખમાં ઘડી ન થાય જુદાઈ.
રેડ્યું ને ઢોળ્યું ઘી ઘણું, ને ચાવ્યારે વેળા થઈ;
બોલશો મા તમે ચુકી જાશો, એમ ભુખ કરે ચતુરાઈ રે;
લાડુને દાળતણી સગાઈ, મુખમાં ઘડી ન થાય જુદાઈ.

અહીં મૃત્યુના ગંભીર વિષય માટે વાપરેલી શબ્દરચના અને શૈલીની નકલ મિષ્ટાન્નભોજનનો સ્થૂલ વિષય વર્ણવવામાં લાગુ પાડતાં, એનો વિરોધ હાસ્ય ઉત્પન્ન કરે છે. નકલનાં વચનો વાંચતાં અસલનું સ્મરણ થતું ન હોય તો વિષયોના વિરોધનું ભાન ન થાય, અને, નકલ જાતે હાસ્યમય હોય તોપણ અસલની સરખામણીથી થતી વિરોધની તીવ્રતાની ખામી રહે.

વિરોધની આવી તીવ્રતા આ પ્રકારમાં આવશ્યક છે તે ઉપરથી લી હન્ટ કહે છે કે ' "પેરડી"થી અસલ પર કટાક્ષ થતો નથી, પણ, ઉલટું અસલમાં ગુણોત્કર્ષ છે એમ પ્રદર્શિત થાય છે; અસલની "પેરડી" થઈ શકે છે એ તેનો ગુણોત્કર્ષ સિદ્ધ કરવાની કસોટી છે.' (વિટ એન્ડ હ્યુમર.) લી હન્ટના કહેવાનું તાત્પર્ય એ છે કે "પેરડી"માં અસલ અને નકલ વચ્ચે એવો તીવ્ર વિરોધ હોવો જોઈએ, અસલ ગુણવન્ત અને નકલ ગુણહીન એમ બે વચ્ચે એવો લાંબો તફાવત હોવો જોઈએ કે ગુણહીન નકલ થઈ શકે છે એટલા જ પરથી જણાઈ આવે કે અસલ ગુણવન્ત જ હોવું જોઈએ. લી હન્ટનો આ મત એટલે સુધી ખરો છે કે ઉપર આપેલાં ઉદાહરણ પેઠે જ્યાં માત્ર વિનોદ માટે નકલ કરવામાં આવી હોય ત્યાં નકલ સાથે સરખામણીમાં અસલનું ચઢિયાતાપણું જ નજર આગળ આવે છે. પરંતુ, અસલ અને નકલ વચ્ચે જે વિરોધ છે તે ગુણવત્તા અને ગુણહીનતા વચ્ચેનો નથી, પણ, ગભીરતા અને લઘુતા વચ્ચેનો છે. વિનોદ માટે કરેલી નકલ કરતાં અસલનું જે ચઢિયાતાપણું દેખાય છે તે તેની ગંભીરતાનું હોય છે. જ્યાં અસલમાં કોઈ વિષય ગંભીરતાથી ચર્ચેલો હોય તે છતાં તેમાં પ્રકટ કરેલા વિચારમાં દોષ હોય અને તે દોષ ઉપર કટાક્ષ કરવા સારૂ તેની "પેરડી" કરવામાં આવે ત્યાં અસલમાં ગંભીરતા છતાં તેના દોષને લીધે તેનું ઉતરતાપણું જણાય છે. અને, નકલ ગમે તેટલી લઘુ છતાં એ દોષ ઉઘાડા પાડનાર તરીકે તે ચઢિયાતી જણાય છે. જેમકે,

(અસલ.)

કલમ ધરીછ હાતમાં, પણ ચાલતી તે નહિ,
દવા છે દાબડીમાં, પણ ઉઘડતી તે નહિ,
તો કેમ કરૂં જુદાઈનાં દુખનો એલાજ,
કવિતા! કાંહ ભરાઈ બેઠી છે આજ?

બાહરી મર્જબાન

(નકલ.)

કલમ ધરીછ હાતમાં, પણ ચાલતી તે નહિ,
દવા છે દાબડીમાં, પણ ઉઘડતી તે નહિ,
તો કેમ કરૂં જુદાઇનાં દુખનો એલાજ,
શાહી ! કાંઇ ભરાઇ બેઠી છે આજ ?

અહીં, અસલ લખાણનો ઉદ્દેશ ગંભીર છે પણ તે લખાણમાં કાંઈ કાવ્યત્વ નથી, અને તેથી, નકલ કરતી વેળા અસલમાંનુ બીજું બધું કાયમ રાખી ફકત ચોથી લીટીમાં 'કવિતા' ને ઠેકાણે 'શાહી' શબ્દ મુકી 'પેરડી' કરવાથી એ અર્થ ફલિત થાય છે કે શાહી અને કલમ હોય તો આવાં લખાણ ગમે તેટલા જથાબંધ લખી શકાય છે, અને એવાં લખાણ માટે જોઇતી ' દાબડીમાંની દવા ' તેં કવિત્વ નહિં પણ શાહી જ છે. અસલ લખાણ કવિતાને એવું પ્રતિકૂલ છે કે ફકત એક શબ્દ બદલવાથી તે આખું લખાણ ખડીઓ ન ઉઘડવાથી લખવાની ક્રિયા અટકી પડવાના સાધારણ પ્રસંગને લાગુ પડતું થઈ જાય છે. નકલમાં વિચારની વિશેષતા કંઈ નથી, ખડીઓ ઉઘડતો નથી તેથી લખાતું નથી એમાં કવિતા લખવા જેવું કાંઈ નથી; પણ, અસલ પેઠે નકલમાં ઉંચા વિષયનો નીરસ વચનો સાથે કઢંગો સંયોગ કરેલો નથી, નકલમાં વિષય પણ નીરસ અને વચનો પણ નીરસ છે એટલી નકલની દોષરહિતતા છે. એ રીતે, નકલ અસલનું કઢંગાપણું બહાર પાડે છે, તથા, નીરસ વચનો વડે ઉચો વિષય વર્ણવવાના પ્રયત્નથી અસલમાં જે દોષ આવ્યો છે તે નકલ દર્શાવી આપે છે. આવા પ્રસંગમાં 'પેરડી' ની શક્યતાથી અસલનો ઉત્કર્ષ પ્રતિપાદન થતો નથી.

'પેરડી' વિચારની થઈ શકે છે તેમ જ શૈલીની પણ થઈ શકે છે. ઉપર આપેલાં બન્ને ઉદાહરણમાં અસલની ઇબારતનું ખોખું કાયમ રાખી અર્થ ફેરવી નાખવા જેટલા શબ્દ બદલી નકલ કરવામાં આવી છે તેથી અસલના વિચાર સાથે અસલની શૈલીની પણ 'પેરડી' થઈ છે. એકલી શૈલીની જ 'પેરડી' કરવાની હોય ત્યાં અસલમાંનાં કોઈ વાક્ય લેવામાં આવતાં નથી, અને, અસલમાંના કોઈ શબ્દ બદલી નકલ બનાવવામાં આવતી નથી, પણ, અસલની શૈલીનું અનુકરણ કરી નવાં જ વાકય જોડવામાં આવે છે. 'માહરી મજેહ' ની શૈલીની 'પેરડી'

' આહા ! આ દેખાયછ કેવું સારૂં,
જાણે કરી લઉં બધું મારૂં ! ' *

* કવિતા અને સાહિત્ય, છન્દ અને પ્રાસ, પૃષ્ઠ ૨૮૮.

એવી નકલ જોડી કહાડીને કરતાં અસલમાંના કોઈ વાક્ય કે વિચારનો આશ્રય લેવો પડતો નથી. શૈલીની 'પેરડી' પણ વિનોદ માટે થઈ શકે, તેમ જ, અસલમાંના દોષ દર્શાવવા માટે થઈ શકે.

યુરોપમાં પ્રાચીન ગ્રીક સાહિત્યના સમયથી 'પેરડી'નો પ્રચાર જોવામાં આવે છે. અર્વાચીન સમયમાં 'પેરડી'નો વિશિષ્ટ લેખ તે Rejected Addresses ('નાપસંદ થયેલાં મંગલાચરણ') નામે ગ્રન્થ છે. સને ૧૮૧૨ માં લન્ડનમાં 'ડ્રુરી લેઇન થીએટર' નામે નાટકગૃહનું વાસ્તુ કરવાનું હતું ત્યારે એ સંસ્થાના વ્યવસ્થાપકોએ જાહેર ખબર છપાવી હતી કે એ પ્રસંગે વાંચવા માટે સહુથી સારૂ 'એડ્રેસ' (મંગલાચરણ) લખી મોકલનારને ઇનામ આપવામાં આવશે. આ ઉપરથી જેમ્સ સ્મિથ અને હોરેસ સ્મિથ નામે બે ભાઈઓએ 'રીજેક્ટેડ એડ્રેસિસ' નામે એક કાવ્યસંગ્રહ બહાર પાડ્યો. તેમાં વર્ડ્સ્વર્થ, સધી, કૉલેરિજ, સ્કૉટ, ક્રેબ, વગેરે તે સમયના વર્તમાન કવિઓની શૈલીમાં એ પ્રસંગનાં જુદાં જુદાં મંગલાચરણ રચેલાં હતાં, અને, એ સર્વ ઇનામની હરિફાઈમાં નાપસંદ થયાં છે એમ જણાવ્યું હતું. અલબત્ત, એ બધાં કાવ્ય એ બે ભાઈઓએ પોતે જ રચ્યાં હતાં, પણ, એ કવિઓની શૈલીનું તેમણે એવું આબાદ અનુકરણ કર્યું હતું કે એ કૃતિ હાસ્યનિમિત્ત કરેલી છે એમ જેઓ સમજ્યા નહિ તેમણે એ કાવ્યો ખરેખરાં એ કવિઓનાં લખેલાં છે એમ માન્યું અને આ બધાં કાવ્ય શા માટે નાપસંદ થયાં એમ કેટલાકે આશ્ચર્ય સાથે પ્રશ્ન પણ કર્યો.

Mock-heroic ('વ્યાજવીર') નામે હાસ્યમય કૃતિનો પ્રકાર છે. તે 'પેરડી'ને એટલે અંશે મળતો આવે છે કે તેમાં પણ અનુકરણ હોય છે. પરંતુ, એ અનુકરણ કોઈ અમુક લેખનાં કે લેખકનાં વચનોનું કે શૈલીનું હોતું નથી, પણ, વીરરસના અનુકરણથી વ્યાજવીરરસ બને છે. વીરરસને ઉચિત નહિં એવા સામાન્ય કે ક્ષુદ્ર પ્રસંગમાં વીરત્વનો ઉત્સાહ દાખલ કરવાનો આડંબર કરવાથી અને તે પ્રસંગને વીરરસની ગંભીર શૈલીથી વર્ણવવાથી આ કૃતિ હાસ્યમય થાય છે. આ રીતે, જે વિષયમાં કવિત્વનો ઉત્કર્ષ ન હોય તે વિષયને વીરરસના રૂપમાં ગોઠવી તેમાં ઉત્કર્ષનો પરિહાસમય આરોપ કરવાથી આ પ્રકારની કૃતિ થાય છે, તેથી, લી હન્ટ એવી વ્યાખ્યા કરે છે કે 'મોક-હીરોઇક તે એક પ્રકારની વ્યાજોક્તિ છે અને તેમાં કવિત્વમય ઉત્કર્ષને રૂપે પરિહાસ કરવામાં આવે છે.' (વિટ એન્ડ હ્યુમર.) જુના અલંકારો, જુની અતિશયોક્તિઓ, અને પ્રાચીન

ભાષાઓમાં રૂઢ થયેલી રીતિની ઉક્તિઓ અર્વાચીન ભાષામાં વાપરવી એ વ્યાજવીરરસ ઉપજાવવાનો એક પ્રકાર છે, તેથી, કવિતામાં જ્યાં ત્યાં 'પ્રાચીન શિષ્ટ રીતિ'નો ઉપયોગ કરનારને લી હન્ટ ચેતવણી આપે છે કે એવા લેખકો ઘણી વાર અજાણ્યે વ્યાજવીરરસની કૃતિઓ બનાવી પોતે જ હાસ્યપાત્ર થાય છે.

થોડાં ઉદાહરણથી આ પ્રકારનું સ્વરૂપ દર્શાવીશું.

> ' ઉંચો કરીને ભુજદંડ તેણે,
> એકાગ્રચિત્તે અનિમેષ નેને,
> ચાંચલ્ય ધારી પ્રતિઅંગ વ્યાપ્યું,
> છરી વતી દૂધિનું દીંટું કાપ્યું. '

જે ક્રિયા શૌર્યવાળું પરાક્રમ કરવામાં થાય તે ક્રિયા શાક સમારવામાં વાપરેલી વર્ણવ્યાથી અહીં વીરરસ મસ્કરી ખાતર વપરાયો છે અને તેથી આ ઉક્તિ વ્યાજવીરરસની છે.

'કર્ણસુધી પહોંચતાં વિશાલ અને કમલ જેવાં લાલ નયનો વિકસાવી, જાલ પેઠે ગુંથાયેલી અંગુલીઓવાળો અને પ્રભાતે ખીલેલા પંકજસમ પ્રફુલ્લ થયેલો કર ગોલાયમાન કરી, કામદેવનો સંહાર કરવા શિવ પોતાનું ત્રીજું લોચન ઉઘાડતા હોય, હનુમાનને ગળી જવા સુરસા સાપણ પોતાનું મ્હોં ઉઘાડતી હોય, ધન જોઈ નયન તૃપ્ત કરવા કુબેર પોતાનો ભંડાર ઉઘાડતો હોય, મુચુકુન્દ રાજા ઉપર ઢાંકેલું પીતાંબર કાલયવન ઉઘાડતો હોય, એવી શોભા ધારણ કરી, તેણે અનેક કિરણોથી સ્ફુરિત થઈ રહેલા નખનો ટકોરો મારી છીંકણીની દાબડી ઉઘાડી.'

જાણે વીરરસના ઉત્સાહથી ભરેલો અને ગાંભીર્યવાળો કોઈ મ્હોટો પ્રસંગ વર્ણવવાનો હોય તેમ અલંકારોનો આડંબર કરી અને ગૌરવવાળી ભાષા વાપરી આખરે એ સર્વ છીંકણીની દાબડી ઉઘાડવાના વ્યાપારને લાગુ પાડવાથી આ વર્ણનનો બધો ઉત્કર્ષ દાંભિક તથા પરિહાસમય માલમ પડે છે. લી હન્ટ જે 'પ્રાચીન શિષ્ટ રીતિ' વિશે ચેતવણી આપે છે તે આ ઉદાહરણમાં વિશેષે કરી સમાયેલી છે. આ ઉદાહરણમાં એ રીતિનો હાસ્ય ખાતર ઉપયોગ કરવાથી જેમ વ્યાજવીરરસની ઉત્પત્તિ થઈ છે, તેમ એવી રીતિથી ગૌરવ આવે છે તથા ઉક્તિ સુશોભિત થાય છે એમ માની એવી રીતિનો ઉપયોગ કરવાથી લેખકના ઇરાદા વિના લેખ વ્યાજવીરરસવાળો બની જાય છે અને લેખક હાસ્યપાત્ર બને છે.

'નદીતટે ઉભો શો આ પ્રાસાદ ગગને જતો!
ભવ્યતા જોઈને જેની નદીનો વેગ થોભતો.
રાજા મ્હોટો વસે કોઈ, ને ડાહ્યા મંત્રિ કોઈ ત્યાં,
ભર્યા ભંડાર તેઓએ, થાય તેની રસોઈ જ્યાં.'

મ્હેલની ભવ્યતાનું વર્ણન તેમાં વસનારનો મહિમા દર્શાવવા કર્યું છે. પણ એ મહિમા એટલો જ છે કે તેમણે ભરેલા ભંડારની રસોઈ થાય છે, અને એ રીતે વીરરસની શૈલીનો અનુચિત ઉપયોગ હાસ્ય ઉત્પન્ન કરે છે.

'મોક–હીરોઇક' કૃતિઓમાં સહુથી વિશિષ્ટ તે ઇંગ્રેજ કવિ પોપનું રચેલું The Rape of the Lock ('લટનો બલાત્કાર') નામે કાવ્ય છે.* એ કાવ્યમાં એક સુન્દરીના કેશની એક લટ એક સાહાસિક ઉમરાવે બલાત્કારે કાપી લીધાની કથા મહાકાવ્ય (epic) ની રીતિએ વિસ્તારથી વર્ણવી છે. કાવ્યના પાંચ સર્ગ છે. તેમાં, નાયિકા શૃંગાર શી રીતે સજે છે, કૉફી શી રીતે પીએ છે, એ અને એવા પ્રસંગ વિસ્તારથી વર્ણવ્યા છે. તેની મંડળી પાનાંનો ખેલ રમે છે તે જાણે હથિઆરોથી નિશાનબાજી રમવાની ક્રીડા હોય તેવી ગભીરતાથી ઝીણી ઝીણી વિગતો સાથે વર્ણવ્યો છે. કેટલાંક સૂક્ષ્મ દેહધારી હવાઈ ભૂતોને નાયિકાનો પક્ષ લઈ લટ કાપવાનું કાર્ય અટકાવવા પ્રવૃત્ત થયેલાં વર્ણવ્યાં છે. એ કાવ્યમાંના થોડા છુટક ભાગના સારરૂપ ભાષાન્તર પરથી એની શૈલીનો કાંઈક ખ્યાલ આવશે.

'કામનાં બાણ વાગે ત્યાં કેવા ઉત્પાત ઊપજે,
વસ્તુઓ ક્ષુદ્રને લીધે કેવા વિગ્રહ ત્યાં મચે;
વર્ણવું એ હું આ કાવ્યે; મોટો વિષય તો નથી;
કીર્તિની આશ તો મ્હોટી, પાત્ર એવાં મહારથી.

સરસ્વતી! તને દેવી! વિનવું ભેદ તું કહે;
ધીર અમીર તે એવો તુ શો ચિત્તમાં લહે,
કે હુમલો કરે જેથી કોમલ સુન્દરી પરે?
અને અમીર મ્હોટાને સુન્દરી સાથી ના વરે?
અને અલ્પ મનુષ્યોથી એવાં સાહસ શક્ય છે?
મૃદુ જે હૃદયો તેમાં ય ક્રોધ કદી વસે?

*ફ્રેન્ચ કવિ બ્વૉઈલોકૃત 'લ્યુટ્રિન' નામે કાવ્યના નમુના ઉપરથી પોપે આ કાવ્ય રચેલું, પરંતુ, 'લ્યુટ્રિન' કરતાં 'રેઇપ ઑફ ધ લૉક' વધારે ખુબીદાર છે.

ઉગે પ્રભાતે રવિકાન્તિ જેવી
સમુદ્રપીઠે, ઝળકંતિ તેવી
રૂપેરિ આતે અધિરૂઢ નાવે
પ્રભાતને સુન્દરિ તે દિપાવે.
લીલાભરેલી ગતિ તેનિ સવ,
માધુર્ય એવું નહિ લેશ ગર્વ;
કો સ્ત્રીત્વનો દોષ કદી જણાય,
તો વક્ત્ર જોતાં ભુલિ તે જવાય.

આ અપ્સરાએ લટ બે અનેરી
મનુષ્યનાશાર્થ હતી ધરેલી;
લાવણ્યથી તે ગુંચળાં વળેલી,
બે બાજુ પૂઠે લટકી રહેલી.
શોભા પુરે ઉજ્જવલ કુન્તલો તે
કૈં ગૌરવર્ણી મૃદુ સ્નિગ્ધ ડોકે.
એ વાંકિચુંકી ગલિમાંહિ ભૂલ્યા
છે કામદેવે કંઈ કેદિ પૂર્યા;
પ્રતાપિ વીરો અતિશક્તિમાન
બાંધ્યા ઝિણી બેડિથિ બંદિમાન.
સુકેશ જેવી બહુ ઝીણિ જાળે
પક્ષી અને મીન ફસાય કાળે;
મનુષ્યકેરી અતિભવ્ય જાતિ
સુકેશપાશે સઘળી ફસાતિ.
સૌન્દર્યમધ્યે બળ શું સમાય,
કે એક કેશે પુરુષો તણાય!

સાહસિક અમીરે તે લટ જોઈ પ્રભામય;
પામ્યો સાનંદ આશ્ચર્ય, આકાંક્ષા તેહની થઈ.
કર્યો સંકલ્પ લેવાનો, ચિત્તે ઉપાય ચિન્તવ્યા,
લેવી કાંતો બલાત્કારે અથવા છલ યોજતાં.
પ્રયત્નો કરતાં જ્યારે સાફલ્ય પ્રેમિને મળે,
પૂછતું નથિ કોઈ કે છળે મેળવ્યું કે બળે.

પ્રભાતે ઉઠિને કીધી પ્રાર્થના દેવ સર્વની;
મદદ સહુની માગી વિશેષે કામદેવની.
કામ માટે રચી વેદિ તેની આરાધના કરી;
અર્પી પ્રેમકથા બાર મેખલા ત્રણ ત્યાં ધરી.
મૃદુ મન્મથ લેખેથી ચેતવ્યાં પછિ ઇન્ધન;
નિસાસા ત્રણ મૂકીને પ્રગટાવ્યો હુતાશન.
સાષ્ટાંગ દંડવત્ કીધા પ્રણામ બહુ ભાવથી;
સતૃષ્ણ લોચને માગી લટ તે અવિલંબથી.

આકાશગામી ગણના અધીશે
વિશેષ ચિન્તા ઉરમાં ધરી છે;
બોલાવિને ત્યાં અનુયાયિ સંઘ,
આજ્ઞા સુણાવી સહુને અલંઘ્ય:
'અનિષ્ટ એવા શુકનો જણાય,
સ્ત્રીરત્નને સંકટ તેથિ થાય;
આપત્તિ કિંવા અપમાન થાશે,
કિંવા બલાત્કાર કંઈ જણાશે.
અગમ્ય એ સંકટનો પ્રકાર,
અદૃશ્ય છે એ વિધિનો પ્રહાર;
શું કોઈ દેવી કુકું પાડશે કે ?
ચીરો થશે કો બરણી વિશે કે ?
કે શું થશે લાંછિત ડાઘ લાગી
કાં આબરૂ કે નવિ તેનિ સાડી ?
ખોશે શું તે ઉત્સવને પ્રસંગે
કાં હૈયું કે ભૂષણ ધાર્યું અંગે ?
જાઓ ત્વરાથી રહિ જાગરૂક
રક્ષા કરો તે અબલાનિ ખૂબ.
કો સાચવો કુંડલ, કંકુ કોઈ,
ને કોઈ બેસો લટ સામું જોઈ.'

પ્યાલા ને ચમચા કેરી શોભા ત્યાં બનિ છે ખરે;
કડૂકડ બુન્દના દાણા થાય છે ઘંટિ જ્યાં ફરે.

રસેલી વેદિઓ માંહે ભભુકે અગ્નિ ઉજ્જ્વલ;
રૂપાનાં નાળચાંમાંથી વહે છે રસ મંજુલ.
પ્યાલા અનેક પૂરાયા સુગંધ પસરી જહીં,
સુમાર ના કશાનો ત્યાં, મિજબાની ખિલી રહી.
સુન્દરીની બધી બાજુ હવાઈ ભૂત ત્યાં ફરે;
કેશ પર ભમે કોઈ સાડીની ચોકિ કો કરે.
રાજના મંત્રિઓ કેરી જે કાવો બુદ્ધિ ખીલવે,
અર્ધ મીંચેલિ આંખોમાં સર્વનું તત્ત્વ દાખવે.
તે કાવાના ચઢયા ધૂમ મગજે તે અમીરના,
યુક્તિઓ લટ લેવાના ઘૂમે નવીન ધૂમમાં.

રણે ચઢે કો ભડવીર જ્યારે,
સ્ત્રીઓ સજાવે હથિયાર ત્યારે;
તેવી ઉભી કો સહકારિ નારી,
બે પાનનું શસ્ત્ર સ્વહસ્ત ધારી.
સ્વીકારિ તે આદરથી અમીરે,
તે યંત્ર ન્હાનું લિધું આંગળીએ,
જ્યાં સુન્દરી કાથ પિતી નમીને,
ઉભો પછાડી ફળ એ ધરીને.
સહસ્ત્ર ભૂતો નહિં દોડિ આવે,
પાંખો હલાવી લટને હઠાવે;
ચેષ્ટા કરે ભૂત અદસ્ય રીતે,
તથાપિ ના ચેતતિ સુન્દરી તે.

કાનેથિ ખેંચ્યું ત્રણ વાર મોતી,
ને તે પછાડી ત્રણ વાર જોતી;
સમીપ આવી રિપુ દૂર જાય,
એવી રિતે ત્યાં ત્રણ વાર થાય.

ભુતેશ ચિન્તા ધરિને નિહાળે
તે સુન્દરીના મનમાં શું ચાલે;
એવે સમે કો પુરુષાર્થ પ્રીતિ
નિગૂઢ તેના ઉરમાંહિ દીઠિ.
આશ્ચર્યથી વ્યાકુલ તે બને છે,

સ્વશક્તિ કેરો લય તે જુવે છે:
નિઃશ્વાસ મૂક્યો નહિં જ્યાં ઉપાય,*
ભૂતેશ થાતો તહિંથી વિદાય.

અમીર ત્યાં કાતર તે ઉઘાડે,
ને ઘેરવાને લટ તેહ માંડે;
બે તીક્ષ્ણ ધારા મળિ તેનિ પૂર્વે
કો ભૂત પેઠો બનિ મૂર્ખ વચ્ચે.

ગયો કપાઈ ક્ષણમાં દ્વિધા તે
સંધાઈ પાછો પછિ ત્યાંથિ નાસે.
ધારા મળી ને લટ તે કપાઈ,
થઈ સદાની શિરથી જુદાઈ.

નિસ્તેજ આંખો થઈ સુન્દરીની,
આક્રંદ જોરે નભ નાખ્યું ચીરી;
એવી ચિસો માત્ર ક્વચિત્ સુણાય,
દયાર્દ્ર દેવો પણ જેથિ થાય;
વિદેહ થાતા ધણિ જેહ વેળા,
કે પક્ષિઓ ને પશુઓ હળેલાં,
કે પાત્ર ચીનાઈ વિશીર્ણ થાય,
ત્યારે જ એવી ચિસ સંભળાય.

નર વિજયિ વદે છે, 'પ્હેરૂં હું પુષ્પમાળ,
ધન યશથિ ભર્યું આ મ્હારૂં છે સર્વ કાળ;
જહિં સુધિ જલસ્રોતે મીનનું હોય ધામ,
જગતમહિં રહેશે ત્યાં સુધી મ્હારૂં નામ.

જહિં સુધિ મહિલાઓ મ્હાલશે લગ્નગાળે,
દ્યુતિ ભરિ વસુધામાં ભૂષણે ને મશાલે:
જહિં સુધિ અબળાનિ જીભમાં પૂર્ણ હામ,
જગતમહિ રહેશે ત્યાં સુધી મ્હારૂં નામ.'

* ભૂતેશે તે સુન્દરીને સ્વપ્ન દીધું હતું કે કોઈ પુરુષ માટે પ્રેમ ધરવાથી હાનિ છે.

પોપ કવિએ કેવા ચતુર અને રમણીય કલાવિધાનથી વીરરસના ઉત્સાહ માટે ઉત્પન્ન કરેલી મનોવૃત્તિ આગળ ક્ષુદ્ર વસ્તુઓનાં વર્ણન રજુ કર્યાં છે, અને, એ રીતે ઉદાત્ત તથા પ્રાકૃત તત્ત્વોના વિરોધથી હાસ્યરસ ઉપજાવ્યો છે તેનો યથાર્થ સાક્ષાત્કાર કરાવવા સારૂ આ ભાષાન્તર આટલા વિસ્તારથી કર્યું છે. કેશની લટ કાપવાની નજીવી કથાને આપેલું મહાકાવ્યનું સ્વરૂપ mock (હાસ્યત્વ) અને heroic (વીરત્વ) નો વિરોધ પરિપૂર્ણ રીતે પ્રકટ કરે છે. કોઈ વિશિષ્ટ પ્રેમપ્રસંગથી થયેલા ઉત્પાતની ઐતિહાસિક કથા કહેવાની હોય એવી રીતે મહાકાવ્યની શૈલીથી આરંભ કરવામાં આવ્યો છે, અને, મનુષ્યસ્વભાવના ભેદ સમજાવવા સરસ્વતીનું આવાહન કરવામાં આવ્યું છે. શૈલીનો પ્રવાહ ગંભીરતાથી વધતો જાય છે, તે છતાં, વચમાં વચમાં 'સ્ત્રીજાતિના દોષ વક્ત્ર જોતાં ભુલિ જવાય,' 'કેશની લટ મનુષ્યનાશાર્થ ધરેલી હતી,' 'પુરુષો એક કેશથી તણાય છે,' એવાં લઘુવૃત્તિનાં વચનો મુકી પ્રૌઢતાના પ્રવાહને સ્ખલિત કર્યો છે. કેશના સૌન્દર્યથી પુરુષોને મોહિત કરવાની કામદેવની શક્તિનું વર્ણન જેવું લાલિત્યવાળું છે તેવું જ હાસ્યકર છે. કામની આરાધના માટે કરેલી યજ્ઞક્રિયાની વિગતો જેવી નકામી છે તેવી જ હાસ્યોત્પાદક છે. આવતી આપત્તિના સ્વરૂપ વિશે કરેલી કલ્પનાઓમાં દેવીને કુંડું પડશે કે બરણીમાં ચીરો પડશે કે આબરૂને ડાઘ લાગશે કે નવી સાડીને ડાઘ લાગશેઃ એવી કેટલીક ખરી આપત્તિઓ અને કેટલાક સામાન્ય અકસ્માતો એક પંક્તિમાં મુકી તેમના વિરોધની તીવ્રતા દર્શાવી છે, તેમ જ, સ્ત્રીઓ કેટલાક સામાન્ય અકસ્માતોને મ્હોટું રૂપ આપી દે છે તે ઉપર ટકોર કરી છે. કાફી પીવાના પ્રસંગનું વર્ણન પણ નિરર્થક વિસ્તારવાળું હોઈ હાસ્ય ઉપજાવે છે અને રાજના મંત્રીઓના મોજશોખ પર કટાક્ષ કરે છે. લટ કાપવાનો છેવટનો પ્રસંગ રણસંગ્રામની ઉપમાથી શરૂ થઈ, અમીરે કાતર શી રીતે લીધી, તેમાં આંગળાં શી રીતે મુક્યાં, તે શી રીતે ધરી, તે શી રીતે ઉઘાડી, તે શી રીતે બંધ કરી, એવી એવી ક્ષુદ્ર વિગતોના વર્ણનથી અને હવાઈ ભૂતોએ લટના રક્ષણ માટે કરેલા વ્યર્થ પ્રયાસના વર્ણનથી હાસ્યરસ બહુ ખુબી સાથે ચીતરાયો છે. લટ કપાયા પછીનો આક્રોશ વર્ણવતાં સ્ત્રીના ધણીના મરણ વખતની ચીસોને પાળેલા જનાવરના મરણ વખતની તથા ચીનાઈ માટીના વાસણ ભાગવા વખતની ચીસોના જેવી ગણાવી સ્ત્રીઓની ચીસો પ્રસંગની ભયંકરતાના પ્રમાણમાં નથી હોતી એવો આક્ષેપ કર્યો છે. નાયકનાં વિજયદર્શક વચનોમાં પણ 'यावच्चन्द्र दिवाकरौ' જેવી ઉક્તિને બહુ

સામાન્ય વસ્તુઓને કાયમની ગણી તે વસ્તુઓ રહેશે 'ત્યાં સુધી મારૂં નામ રહેશે' એવો ગર્વ નાયક પાસે કરાવી ઉપહાસ કર્યો છે. આ રીતે, ગંભીર અને લઘુ ભાવોને સરખી પદવીમાં પાસે પાસે મુકીને તથા કાવ્યના મહત્ત્વનું પોષણ કરનાર વૃત્તાન્તના વર્ણન સાથે કેવળ નકામી અને નજીવી વિગતો વિસ્તારથી કહીને અપકૃષ્ટને ઉત્કૃષ્ટ કરવાનો દાંભિક પ્રયત્ન કરી હાસ્યરસ ઉત્પન્ન કર્યો છે.* આ પ્રકારની કૃતિઓમાં રહેલી હાસ્યરસની કલામાં 'વિટ' નથી હોતું પણ 'હ્યુમર' હોય છે. વાક્ચાતુર્યથી નહિં પણ ભાવચાતુર્યથી હાસ્યરસ દર્શાવવામાં આવે છે તે સ્થિતિ આ કાવ્યમાં વિવિધ ભાવની કરેલી રચનાની સમીક્ષાથી સમજાશે.

સ્વ. નવલરામ કૃત 'જનાવરની જાન' નામની ગરબીમાં મૉક–હીરૉઇક કાવ્યનું સ્વરૂપ છે :

'જાન જનાવરની મળી, મેઘાડંબર ગાજે,
બકરી બાઈનો બેટડો, પરણે છે આજે.'

એ વગેરે વર્ણનમાં હલકી વાતને આરોપેલું ગૌરવ અપકૃષ્ટને ઉત્કૃષ્ટ સમાન ચીતરે છે; પરંતુ, એ ગરબો વીરરસની શૈલીમાં નથી તથા મહાકાવ્યના સ્વરૂપમાં નથી, તેથી, 'મૉક–હીરૉઇક'નું પૂરેપૂરૂં સ્વરૂપ તેમાં ઉદ્ભૂત થયું નથી.

મિશ્રણમય રચનાવાળા હાસ્યરસના લેખનો બીજો એક પ્રકાર serio-comic નામે છે; તેમાં ગાંભીર્ય અને હાસ્યની સંસૃષ્ટિ હોય છે. એવા લેખમાં કેટલોક ભાગ ગંભીર વિચારવાળો હોય છે અને કેટલોક ભાગ હાસ્યોત્પાદક હોય છે. એ બન્ને ભાગનાં સ્વરૂપ એક બીજાથી ભિન્ન રહેલાં હોય છે, અર્થાત્, ગાંભીર્ય હાસ્યનું પોષણ કરનાર નથી હોતું અને હાસ્ય ગાંભીર્યનું પોષણ કરનાર નથી હોતું; ગાંભીર્યને કે હાસ્યને એક બીજાની અપેક્ષા નથી હોતી; એકનો ઉદય બીજાથી થાય, અને એ એકનો ઉદય થતાં બીજું ગૌણ થાય–એમ નથી હોતું. 'મૉક–હીરૉઇક' લેખમાં જેમ ઉદ્દેશ હાસ્યરસનો હોય છે અને તે ઉદ્દેશ સિદ્ધ કરવા વીરરસનો દંભ કરવામાં આવે છે, તેમ 'સીરિઓ–કૉમિક'માં ગાંભીર્યનો દંભ હોતો નથી, અને, હાસ્ય ઉપજાવવા સારૂ ગાંભીર્યનો આશ્રય લેવામાં આવતો નથી;

* હાસ્યરસનો પ્રસંગ ન હોય ત્યાં આવી પ્રાકૃત હકીકત અને નજીવી વિગતો કવિતામાં રસની સર્વથા ક્ષતિ કરનારી થઈ પડે. એવી હકીકત અને વિગતો જાતે રસહીન છે; અને, માત્ર રસમય સાથે વિરોધ ઉપજાવવા હાસ્યરસના લેખમાં તેનો ઉપયોગ થઈ શકે છે.

ગાંભીર્ય અને હાસ્ય બન્ને જુદે જુદે પ્રસંગે પ્રવર્તે છે; પરંતુ, એ બે ભિન્ન અંશથી લેખમાં વિસંવાદ પ્રવર્તતો નથી. એના મિશ્રણથી સમગ્ર લેખ એકાકાર બની રહે છે. સમગ્ર લેખમાં રહેલું વક્તવ્ય યથાર્થ રીતે પ્રકટ કરવા માટે ગાંભીર્યની પણ જરૂર હતી અને હાસ્યની પણ જરૂર હતી, ઉદ્દિષ્ટ વિષયના સ્વરૂપમાં જ ગાંભીર્ય અને હાસ્ય અન્તર્ભૂત રહેલાં છે, અને, તે બેમાંથી એકનું જ વર્ણન કર્યું હોત તો વિષયનો નિર્દેશ અપૂર્ણ રહેત, એવી પ્રતીતિ આખો લેખ વાંચતાં થાય છે. 'મૉક–હીરૉઇક'માં વીરરસના સ્વરૂપનું અને શૈલીનું અનુકરણ હોય છે તેમ 'સીરિઓ–કૉમિક'માં ગાંભીર્યનું અનુકરણ નથી હોતું; ગાંભીર્યના પ્રસંગમાં ખરેખરૂં ગાંભીર્ય હોય છે, અને, હાસ્યરસનો પ્રસંગ ગંભીર ભાષામાં વર્ણવેલો નથી હોતો. અલંકારશાસ્ત્રની સંસ્કૃત પરિભાષાનો ઉપયોગ કરતાં એમ કહી શકાય કે 'મૉક–હીરૉઇક' માં બે પ્રકારનો એકબીજા સાથે અંગાંગીભાવ હોય છે, એક અનુગ્રાહ્ય હોય છે, બીજો અનુગ્રાહક હોય છે, તેથી, તેમાં બે પ્રકારોનો 'સંકર' હોય છે; 'સીરિઓ–કૉમિક'માં અન્યોન્યની નિરપેક્ષા હોય છે અને માત્ર બન્નેનો એક જ અર્થમાં સમવાય હોય છે તેથી તેમાં બે પ્રકારોની 'સંસૃષ્ટિ' હોય છે.

એકલા હાસ્યરસવાળી કૃતિ કરતાં આ ગાંભીર્ય અને હાસ્યના મિશ્રણવાળી કૃતિમાં વિશેષતા એ હોય છે કે હાસ્યરસના પોતાના પ્રદેશની અંદર વિરોધી અંશોનું જે સંઘટ્ટન હોય છે તે ઉપરાંત આવા મિશ્રણવાળી કૃતિમાં સમસ્ત હાસ્યરસનું ગાંભીર્ય સાથે સંઘટ્ટન થાય છે. માનવ સંસારમાં તેમ જ મનુષ્યવ્યક્તિના ચિત્તમાં એકલું ગાંભીર્ય વ્યાપી રહેલું નથી હોતું, અને એકલું હાસ્ય વ્યાપી રહેલું નથી હોતું, પરંતુ, એ બન્ને વૃત્તિઓનાં મૂળ હોય છે, અને એ બન્ને વૃત્તિઓ ઉગી નિકળવાના પ્રસંગ આવે છે. એ હકીકત લક્ષમાં લેતાં માલમ પડે છે કે ગાંભીર્ય અને હાસ્યનું આ મિશ્રણ મનુષ્ય જીવનના એક અંશનું યથાર્થ ચિત્ર દર્શાવવામાં સહાયભૂત થાય છે.

કવિ દલપતરામકૃત 'વેનચરિત્ર'માં આ પ્રકારનું ગાંભીર્ય અને હાસ્યનું મિશ્રણ રુચિકર રીતે થયેલું છે. વિધવાવિવાહ અને બીજા સંસારસુધારાના પ્રશ્નોના ગંભીર વિવેચનમાં વચ્ચે વચ્ચે કવિએ હાસ્યના પ્રસંગો ગોઠવ્યા છે. રાજકુંવર વેનના કહેવાથી રાજગુરુ વિધવાવિવાહ કરનાર નાતોમાં જઈ કહે છે કે 'હવે પછી વિધવાઓનાં પુનર્લગ્ન કરવાં નહિં' તે ઉપરથી એ નાતોમાં થયેલા ક્ષોભનું વર્ણન હાસ્યરસથી ભરેલું છે :

'ગુરૂને દેખી કણબણ સહુને, રીસ રૂદેમાં વ્યાપીજી;
કહે ગોર તેં રાજકુંવરને, ઉંધી મત્ય કેમ આપીજી.
ચોટલાવાળી ચતુરાને માથે, કરવા બેઠો મુંડાજી;
આ શું સુઝયું ને તેં આ શો, ગજબ કર્યો ગોર ભુંડાજી.'

'આ શો ગજબ કર્યો ગોર ભુંડા, કર્યા અંતરના ઘા ઉંડા, આ શો૦
ઘેર અમે ઘરધણીને કહેતાં, એને દક્ષણા આપો;
આજ તું અમને દેવા બેઠો, બળબળતો રંડાપો. આ શો૦
જમડા ચૂડો ભાગે તો, અમે નવો પહેરતાં ચુડો;
તેં તો આખા ભવનો ભાગ્યો, ભાઈ તું જમથી ભૂંડો. આ શો૦
* * * * * *
ગોર પધારે ધન્ય જાણતાં, કરતાં કંસાર કલવા;
અપશકના તું હવે આવજે, મડદાં મોક્ષ મોકલવા. આ શો૦
રાજકુંવરને જઈ તું કહેજે, લેજે નામ અમારૂં;
અબળાનાં અંતર બાળીશ તો, ઉજડ વળશે તારૂં. આ શો૦'

'વસ્તીના લોકે વિપ્ર સાથે પાડયો વાંધો;
કહે કોઈ દ્વિજનું કામ ન કરવું બંધી એવી બાંધો રે. વસ્તી૦
ઘર ઘરથી ભેળા થઈને સહુ, મુખથી બોલ્યા માળી;
પુષ્પ પત્ર દ્વિજને નહિ દઈએ, અમે ગાંઠ એ વાળી રે. વસ્તી૦
કહે સુતાર અમે કોપ્યા તો, ભોગ ભટોના મળશે;
ઘંટીનો ખીલડો ભાગે તો, દાણા શેણે દળશે રે. વસ્તી૦
ઘાંચી કહે અમે નહિ દઈએ, દીવેલ દીવા સારૂ;
દીવા વિના ઘર દેખાશે જેમ, અપાશરે અંધારૂં રે. વસ્તી૦
* * * * *
મોચી કહે અમે કોપ્યા તો, ઉડશે એના આટા;
ખરે બપોરે જવું પડે તો, પગે બાંધશે પાટા રે. વસ્તી૦
કહે હજામ હવે બ્રાહ્મણના, કદીએ વાળ ન લેવા;
ડાઢી વધવાથી દેખાશે, બધાય બકરા જેવા રે. વસ્તી૦
કહે લુવાર કરો એવું કે, તરતજ તેઓ થાકે;
લોઢી કે કડછી નહિ દેવી, છો પછી આટો ફાકે રે. વસ્તી૦
કહે ભરવાડ હવે બ્રાહ્મણનાં, નહિ ચારીએ ઢોર;
ભણવું ગણવું ભૂલી ગાયો, ચરાવશે જઈ ગોર રે. વસ્તી૦

કહે કુંભાર ન દેવાં વાસણ, તેથી તરત અકળાશે;
હાથે હાંલ્લાં ઘડશે તો, બ્રાહ્મણ ઓઝા કહેવાશે. વસ્તી૦
ઘર ચણવા માટીના ગુણા, દીધાની વાત હવે શી;
માટીખાણે માટી લેવા, જશે ગધેડે બેશી રે. વસ્તી૦
ધોબી કહે છે વસ્ત્ર ન ધોવાં, પછી કકળશે કેવા;
ગોર બધા મેલા ગંધાશે, જતી ઢુંઢિયા જેવા રે. વસ્તી૦'

'વેનચરિત્ર'માં હાસ્યના બીજા પણ પ્રસંગ છે. કન્યા ન મળવાથી નિરાશ થયેલો વાંઢો નવરંગી પોતાનું વૃત્તાન્ત વર્ણવે છે કે,

' પનઘટ ઉપર પ્રભાતમાં જઈ, બગની પેરે બેસું;
વિધવિધના વિચાર કરૂં પણ, એથી અર્થ સરે શું.
રસ્તે જાતી રામાઓનાં, ટોળેટોળાં દેખું;
નિરખીને નીસાસા નાખું, અભાગ્ય મારાં લેખું.
પછી ઘેર જઈ પોતાને હાથે, નીર ઉકાળી નાહાવું;
બળ્યા જળ્યા ભાખરા બનાવી, ખાંત વિનાનું ખાવું.
સ્મશાન સરખું ઘર ભાસે ને, ચિતા સળગતી સજ્યા;
અધિક અંતરની વાત ઉચરતાં, લાગે છે મને લજ્યા.
વાસણની ઉતરેવડને એક, રાતું વસ્ત્ર ઓઢાડું,
ઉભાં છો વહુ એમ કહી, મારા મનને હું રમાડું.
એની જોડે ઉભો રહીને, એમ વિચારૂં આપ;
આ જેવડી કન્યા આવે તો વળતી શા સંતાપ.
એક દોરડું લઈ તેની, વરમાળા બેશ બનાવી;
મારા ને ઉતરેવડના મેં કંઠ વિષે પહેરાવી.
કહ્યું ચાલો વહુ ચોરીમાં, તમને આપીશ સુખ માગ્યું;
ખેંચાયાથી ખસી પડી, વાંસામાં મુજને વાગ્યું.'

'વેનચરિત્ર'ની સમગ્ર કૃતિ હાસ્યપરાયણ નથી, અને, તેમાં ઘણો ભાગ ગંભીર વૃત્તિનો છે. પુસ્તકમાં

' બાલપણમાં બાળનાં, નવ કરવાં લગન;
જો કરીએ જાણી જોઈને, વડું ઉપજે વિઘન. બાળ૦
* * * * *
માબાપની મુરખાઈનો, એ તો છે આડો આંક;
વાંકું થએ પછી વેવલાં, કાઢે કર્મનો વાંક. બાળ૦

લહાવો લેવાની લાલચે, કંઈક લાજને કાજ;
આંખો મિચીને ઉંડે કુવે, પડો કરી પતરાજ. બાળ૦'

' વિપતી વેલાએ,
ધીરજ અંતર ધરીએ,
કોટી પ્રકારે કષ્ટ પડે પણ,
મુઝાઈ નવ મરાએ રે.'

આવાં કાંઈ પણ હાસ્યમય અંશ વિનાનાં અને કેવળ ગંભીર ભાવવાળાં પદ્યોના સમૂહમાં વચ્ચે વચ્ચે ઉપર કહ્યું તેમ હાસ્યના પ્રસંગો ગુંથ્યા છે. એકંદર પુસ્તક વાંચતાં ગાંભીર્યથી હાસ્યની વૃત્તિ ઉત્પન્ન થતી લાગતી નથી અને હાસ્યથી ગાંભીર્યની વૃત્તિ ઉત્પન્ન થતી લાગતી નથી; પરંતુ, એ પ્રતીતિ થાય છે કે જીવનમાં ગાંભીર્ય અને હાસ્યની સંસૃષ્ટિ હોય છે.

ગાંભીર્ય અને હાસ્યનું મિશ્રણ કરવાનું પ્રાવીણ્ય પ્રેમાનન્દની કૃતિઓમાં ઠેર ઠેર નજરે પડે છે. ગંભીર પ્રસંગો વર્ણવતાં હાસ્યરસની તેને વિસ્મૃતિ થતી નથી. તેનાં કાવ્યો પ્રતીતિ કરાવે છે કે ગાંભીર્ય અને હાસ્ય વચ્ચે એવું અન્તર નથી કે એક આખ્યાનમાં એ બન્નેનો પ્રાદુર્ભાવ ન હોઈ શકે. 'મામેરૂં' અને 'હુંડી' એ બંન્ને અનન્યભક્તિનું મહત્ત્વ દર્શાવવાના ગંભીર ઉદ્દેશવાળાં હોવા છતાં લગભગ સરખે ભાગે હાસ્યમય અને ગાંભીર્યમય છે. દમયન્તીના સ્વયંવરનો 'નગરી અમરા' સરખો ભભકો વર્ણવતાં 'બોલે દુંદુભીના બહુ ડંક, અકળામણનો વધ્યો અંક' એવી ઉત્તેજિત વૃત્તિમાં આવ્યા પછી પણ મનુષ્યસ્વભાવમાં રહેલી નિર્બલતાની હાસ્યપાત્રતા દર્શાવવાનું તેને અપ્રાસંગિક લાગતું નથી.

' વર થઈ બેઠા પ્રાણી માત્ર, સમાં કર્યાં છે વરવાં ગાત્ર.
શરીર ક્ષુદ્ર કાષ્ટનાં ખોડ, તેને દમયંતી પરણ્યાના કોડ.
બાળક યૌવન ને વળી વૃદ્ધ, તેને દમયંતી પરણ્યાની શ્રદ્ધા.
કો તો મોટા ઘરના કુંઅર, કો કહે આદ્ય અમારૂં ઘર.
આશા અભિમાને ભર્યા નર, વાંકા મુગટ ધર્યા શિરપર.
ઘરડા થયા નાહાના વર, વતાં કરાવતાં વાગા છર.
તન મન કન્યાને અરપણ, આગળથી નહીં ટાળે દરપણ.
કેટલા કરે તિલકના રેષ, કેટલા કરે માંહોમાહે દ્વેષ.
કેટલા કરે પૂછાપૂછ, હું કહેવો કહી મરડે મૂછ.

જેના મુખ માંહે નહીં દંત, તેને પરણવાનું ચંત.
કેવળ વૃદ્ધ ડાચાં ગયાં મળી, તે બેઠા ઠુંપાવી પળી.
જોશીની પ્રણીપત્ય કરી, દેખાડે હાથ ને જન્મોતરી.

એ રીતે સ્વયંવર સરખા ઉચ્ચ પ્રોત્સાહનના પ્રસંગમાં પણ પ્રેમાનન્દ જ્યાં હાસ્યમયતા ભેળે છે ત્યાં બન્ને ભાવ યથાસ્થિત છે એમ વાંચનારને લાગ્યા વિના રહેતું નથી. એક જ વર્ણનમાં ઘડીમાં ગાંભીર્ય અને ઘડીમાં હાસ્ય દર્શાવનારી રચનાનો નમુનો ' સુદામાચરિત્ર ' માંથી લઈશું. કૃષ્ણને મળવા આવેલો સુદામો બારણે ઉભો રહી ખબર કહેવડાવે છે તે વેળા,

સુતા શજાયે શ્રી અવિનાશ રે, અષ્ટ પટરાણિયો છે એ પાસ રે.
રૂકમણી તળાંસે પાય રે, મિત્રવંદા ઢોળે છે વાય રે.
ધર્યું દર્પણ ભદ્રા નારી રે, જાંબુવતિયે ગ્રહી જળઝારી રે.

* * * *

અંગ ઉપંગ મૃદંગ ઘણાં ગાજે રે, શ્રીમંડળ વેણા વાજે રે.
ગાંધર્વી કળા કોઈ કરતી રે, શુભ વાયક મુખ ઊચરતી રે.
ચતુરા નવ ચુકે તાળી રે, બોલે મર્મ વચન મરમાળી રે.
જેથી રીઝે પ્રાણઆધાર રે, એમ થઈ રહ્યો થેઈથેઈકાર રે.
એવે દાસી ધાતી આવી રે, જોઈ નાથે પાસે બોલાવી રે.
બોલી સાહેલી શિર નામી રે, દ્વારે દ્વિજ આવ્યો કોઈ સ્વામી રે.
નહોય નારદ અવશ્યમેવ રે, નહીં વસિષ્ઠ ને વામદેવ રે.
ન હોય દુર્વાસા ને અગસ્ત રે, મેં તો રૂષિ જોયા છે સમસ્ત રે.
નથી વિશ્વામિત્ર કે અત્રી રે, નથી લાવ્યો ચીઠી કે પત્રી રે.
દુખી દરિદ્ર સરખો ભાસે રે, એક તુંબીપાત્ર છે પાસે રે.
પિંગળ જટા ભસ્મે ભરિયો રે, ક્ષુધા રૂપી નારીને વરિયો રે.
શેરિયે શેરિયે થોકાથોક રે, તેને જોવા મળ્યા બહુ લોક રે.
તેણે કહાવ્યું કરી પ્રણામ રે, મારૂં વિપ્ર સુદામો છે નામ રે.
એમ દાસી કહે કર જોડ રે, ખરો ખરો કહે રણછોડ રે.
મારો બાળ સ્નેહી સુદામો રે, હું દુખિયાનો વિસામો રે.
ઉઠી ધાયા જાદવરાય રે, નવ પેહેર્યાં મોજાં પાય રે.
પીતાંબર ભૂમિ ભરાય રે, રાણિ રૂકમણિ ઉંચાં સાય રે.

અતિ આનંદે ફુલી કાય રે, હરિ દ્રોડે ને શ્વાસે ભરાય રે.
પડે આખડે બેઠા થાય રે, એક પળ તે જુગ જેવી જાય રે.
સ્ત્રિયોને કહી ગયા ભગવાન રે, પૂજા થાળ કરો સાવધાન રે.
હું જે ભોગવું રાજ્યાસન રે, તે તો એ બ્રાહ્મણનું પુન્ય રે.'

કડવું દ્વારકાધીશના શયનગૃહના વૈભવના વિલાસમય વર્ણનથી શરૂ થાય છે, અને, તેનું વર્ણન થઈ રહે છે ત્યાં:સુદામાના હસવા લાયક દીદારનું વર્ણન આવે છે; એ હાસ્યમય વર્ણન પુરૂં થાય છે ત્યાં સુદામાના આગમનથી કૃષ્ણને ઉત્પન્ન થયેલી સ્નેહોર્મનું હૃદયસ્પર્શી વર્ણન આવે છે; તે વર્ણનમાંથી કૃષ્ણના ક્ષોભની કાંઇક હાસ્યમય વર્ણનમાં સંક્રાન્તિ થાય છે, અને તે પછી સુદામા તરફના કૃષ્ણના પૂજ્યભાવનું ગંભીર વર્ણન આવે છે. એ રીતની ગાંભીર્ય અને હાસ્યની ફુલગુંથણી ચિત્રને મનોરમ કરે છે, એટલું જ નહિં પણ, ગાંભીર્ય અને હાસ્યનુ નિકટપણું બતાવે છે, અને, તે બન્ને સ્રોત આખરે એક જ મૂળમાંથી નિકળે છે એ વસ્તુસ્થિતિની પ્રતીતિ કરાવે છે. વર્ણનમાં જ્યાં ગાંભીર્ય છે ત્યાં તે બ્યાજરૂપે નથી, હાસ્ય ઉપજાવવા માટે ગભીરતાનો ત્યાં ડોળ કરેલો નથી, પણ, ખરેખરી ગંભીર વૃત્તિને લીધે ગાંભીર્ય ઉદ્દિષ્ટ થયું છે, અને, જ્યાં હાસ્ય છે ત્યાં તે ખોટા આભાસ રૂપે નથી પણ ખરેખરૂ વિવક્ષિત છે.

ગાંભીર્યમાં કરુણરસનો પણ સમાવેશ થાય છે, તેથી, tragi-comic (કરુણ-હાસ્યમય) લેખ તે serio-comic નો એક ઉપપ્રકાર જ છે. પરંતુ, કરુણરસના મહત્ત્વને લીધે આ ઉપપ્રકારને જુદા નામથી ઓળખવામાં આવે છે. કરુણ અને હાસ્યનો તીવ્ર વિરોધ છતાં તે બન્નેનો એક જ રચનામાં સમાવેશ શી રીતે થાય એમ પ્રથમ દૃષ્ટિએ શંકા થાય, પરંતુ, મનુષ્યજીવનના પ્રસંગો એવા હોય છે કે તે બન્નેનો એક જ સમયે અવકાશ હોઈ શકે છે. શેક્સપીઅરનાં કરુણરસ નાટકોમાં આવતો હાસ્યનો અંશ આ સ્થિતિની પ્રતીતિ કરાવે છે, તેમ જ, હાસ્યરસના સહવર્તનથી કરુણરસની ગાઢતાનો યથાર્થ અનુભવ થાય છે એ વાત દર્શાવે છે. મનુષ્યજીવનમાંની આ વિષમતાને લીધે જ 'વેનચરિત્ર'માં ઉપર કહેલા હાસ્યરસના પ્રસંગો બાળવિધવાઓનાં દુઃખની કથા સાથે સ્થાન પામે છે.

જ્યાં કથાનું પાત્ર પોતાની વિચિત્ર મૂર્ખતાને લીધે વિપત્તિમાં આવે છે ત્યાં પ્રથમ કહ્યું છે તેમ અનુકંપાનો અવકાશ ન હોય તો કરુણરસને બદલે હાસ્યરસનો ઉદ્ભવ થાય છે. આવા પ્રસંગ કદિ એવા પણ હોય છે કે

પ્રથમ કરુણરસનો ઉદ્ભવ થાય છે અને તે શમ્યા પછી કારણભૂત મૂર્ખતાનું દર્શન થતાં હાસ્યરસનો ઉદ્ભવ થાય છે.

હાસ્યરસપ્રધાન નાટકને ઇંગ્રેજીમાં comedy કહે છે. એ પ્રકારની રચનામાં અમુક જાતના મનુષ્યોના દોષ અને મૂર્ખતાનું, જનસમાજમાં ચાલતી રૂઢિઓમાંના અવગુણનું, અને જીવનમાં આવતા પ્રસંગો તથા અકસ્માતોની વિચિત્રતાનું હાસ્યમય ચિત્ર પ્રકટ કરવામાં આવે છે. પરંતુ, 'કૉમેડી' શબ્દ હમેશ આ અર્થમાં વાપરવામાં આવતો નથી. જે નાટકમાં કરુણરસ ન હોય અને કથાનું પરિણામ સુખમય હોય તેને પણ કેટલીક વાર 'કૉમેડી' કહેવામાં આવે છે. 'કૉમેડી'માં હાસ્યરસનું પ્રાબલ્ય કેટલું હોવું જોઈએ એ વિશે જુદા જુદા જમાનામાં વિધવિધ મત પ્રવર્ત્યાથી 'કૉમેડી'નું સ્વરૂપ વખતોવખત બદલાયું છે, તોપણ, 'કૉમેડી'માં વિનોદનો કંઇક અંશ હોવો જોઈએ એ મત કાયમ રહ્યો છે, અને ઉપર કહેલી સુખમય પરિણામવાળી રચનામાં પણ વિનોદનો કોઈક પ્રકારનો અંશ આવ્યા વિના રહેતો નથી. 'કૉમેડી' નો ઉદ્ભવ મૂળ ગ્રીક સાહિત્યમાં થયેલો છે. પ્રાચીન ગ્રીસમાં અમુક ઉત્સવોના પ્રસંગોએ ગામડાંમાં મદ્યપાનના તોફાન સાથે હાસ્યવાળાં ગીત ગાવાનો રીવાજ હતો, અને, તેને પરિણામે ગામડા (kōmē) ના અથવા પાનોત્સવ (kōmos)ના ગીત (ōdē) ઉપરથી ક્રમશઃ 'કૉમેડી'ની રચના ઉદ્ભવ પામી છે. પ્રાચીન ગ્રીક સાહિત્યમાં એ રચનાનાં રૂપાન્તર થયાં છે, તેમ જ, અર્વાચીન યુરોપીઅન સાહિત્યમાં પણ તેનાં રૂપાન્તર થયાં છે. ફ્રાન્સમાં 'કૉમેડી' માં અમુક જાતના મનુષ્યોની વિલક્ષણતાનો અંશ પ્રધાનતા પામ્યો છે, અને, ઇંગ્લાંડમાં 'કૉમેડી'માં વસ્તુરચનાની વિચિત્રતાનો અંશ પ્રધાનતા પામ્યો છે. ઇંગ્લાંડની 'કૉમેડી'માં એ અંશ સ્પેઇનની 'કૉમેડી'માંથી ઉતર્યો હતો. શેક્સપીઅરની કૃતિઓથી 'કૉમેડી'નું ઉચ્ચ સ્વરૂપ બંધાયું હતું, પરન્તુ, તે પછી 'રેસ્ટોરેશન' ના સમયે પ્રવર્તેલી અનીતિથી તે કાલે 'કૉમેડી'નું સ્વરૂપ પણ અનીતિમયબની ગયું હતું.

હાસ્યના ઉદ્દેશથી રચાયેલું નાટક જ્યારે સુવ્યવસ્થા તથા સુઘટના વગરનું હોય છે, અને, તેમાંના હસવા સરખા અંશ ઘણા હલકા પ્રકારના હોય છે ત્યારે એવી રચનાને farce ('ફાર્સ') નું નામ આપવામાં આવે છે. 'ફાર્સ'માં ખરો હાસ્યરસ જામતો નથી અને આખી કૃતિ દમ વગરની તથા મૂલ્ય વગરની હોય છે; મનુષ્યસ્વભાવની વિલક્ષણતાનું કે સંસાર-

વ્યવહારની વિચિત્રતાનું યથાર્થ ચિત્ર 'ફાર્સ'માં પ્રદર્શિત થતું નથી. ફાર્સ' રચનાર અને ભજવનારનું અજ્ઞાન જ ઘણી વાર હાસ્ય ઉત્પન્ન કરનારું થઈ પડે છે.

હલકી ઠઠ્ઠાબાજી (buffoonery) થી પણ હાસ્યરસ જામતો નથી. તમાશામાં પોતાના ગાલ ફુલાવી પછી તે પર તમાચા મારી એકાએક અવાજ કરનારનું નામ 'બફૂન' પડેલું,' અને તે પરથી, હલકી જાતનું ઠોળીઆપણું કરનાર માટે એ શબ્દ ઇંગ્રેજીમાં રૂઢ થયો છે. અંગના ગાંડાઇ ભરેલા ચાળા કરી હસાવવાનો પ્રયત્ન કરવાથી હલકી ઠઠ્ઠાબાજી થાય છે, તે જ પ્રમાણે, વાણીના ગાંડાઈ ભરેલા ચાળા કરી હસાવવાનો પ્રયત્ન કરવાથી પણ હલકી ઠઠ્ઠાબાજી થાય છે. વાણીના એવા ચાળા વિદૂષકના કે રંગલાના મુખમાં મુકેલાં વચનોથી પ્રકટ કરવામાં આવે છે અથવા તો લેખકના પોતાના ઉદ્‌ગારરૂપ વચનોથી પ્રકટ કરવામાં આવે છે. આવી રચનામાં હાસ્યની રસિકતા હોતી નથી, અને, લેખક 'બફૂન' ની પદવીમાં આવી પોતાની અશક્તિ અને અજ્ઞાન દર્શાવી પોતે હાસ્યપાત્ર બને છે. એવી રચનામાં લેખક પોતાની તરફનાં વચન કહે છે ત્યારે કેટલીક વાર પોતાને માટે 'બંદા' કે 'સેવક' કે એવાં ઉપનામ જે પ્રકારે કલ્પે છે તે પોતે વિદૂષક બન્યાનું તેને ભાન થયા દર્શાવી આપે છે.

સંસ્કૃત નાટ્યશાસ્ત્રમાં 'નાટક' વગેરે દસ પ્રકારનાં 'રૂપક' (પાત્રનાં સ્વરૂપ નટદ્વારા દર્શાવનાર દૃશ્ય કાવ્ય) ગણાવ્યા છે તેમાં એક પ્રકારનું નામ 'પ્રહસન' છે. પ્રહસનમાં હાસ્યરસ પ્રધાન હોય છે. તેમાં નિંદ્ય જનોનાં કલ્પિત વૃત્તાન્ત, લોકરૂઢ વાર્તાઓ અને દંભયુક્તિઓ આવે છે. એવી કૃતિમાં તપસ્વી, સંન્યાસી, બ્રાહ્મણ ઇત્યાદિ વર્ગના ધૃષ્ટ નાયક હોય છે, અને, સાથે નીચ પુરુષો સામેલ હોય છે તથા પરિહાસવાળાં ભાષણ હોય છે; અથવા તો, વેશ્યાઓ, દાસદાસીઓ, હિજડા, લુચ્ચાઓ, લંપટ પુરુષો, અધમ સ્ત્રીઓ ઇત્યાદિ પાત્ર હોય છે, અને, તેમને ઘટે તેવા વેશ, વાચા, ચેષ્ટા વગેરે યોજેલાં હોય છે. પ્રહસનનું સ્વરૂપ સંસ્કૃત ગ્રન્થોની આ વ્યાખ્યાથી વધારે વિસ્તારવાળું થઈ શકે છે, અને, પાત્રો સંબંધમાં અમુક વર્ણ, આશ્રમ, ધંધો કે પ્રવૃત્તિના નિયમની આવશ્યકતા નથી. અલબત, કેટલીક કોમના કે કેટલાક ધંધાના માણસોને હાસ્યરસ માટે ખાસ પસંદ કરવાનો રીવાજ વાર્તાઓ અને નાટકોમાં હાલ પણ પ્રવર્તે છે. પરંતુ, સંસ્કૃત અલંકારશાસ્ત્રોમાં ગણાવેલી નાતો અને પ્રવૃત્તિઓ ઉપરાંત બીજી નાતો (કોમો) અને

પ્રવૃત્તિઓ પણ હાસ્યરસ માટે પાત્ર પુરાં પાડે છે. જેમ હાસ્યરસ વધારે કેળવાય છે અને હાસ્યરસના લેખકવર્ગની શક્તિ વધારે ઉલ્લાસ પામે છે તેમ, મનુષ્યજીવનમાંથી હાસ્યરસનાં મૂળ વધારે ને વધારે જડી આવે છે.

હાસ્યરસની કૃતિઓના ઉપર કહેલા પ્રકાર સિવાય વાર્તા, સંવાદ, પ્રસંગવર્ણન, પ્રવાસવર્ણન, દેશવર્ણન સરખી રચનાઓ હાસ્યમય થઈ શકે છે. નિબંધ (essay) ની રચના ગંભીરતાવાળી હોય છે, પરંતુ, તેમાં જ્યાં જ્યાં માનવ અંશ આવતો હોય અર્થાત્ મનુષ્યના સ્વભાવ, અનુભવ કે વૃત્તાન્તનું કોઈ પ્રકારનું કથન આવતું હોય ત્યાં ત્યાં હાસ્યરસનો અવકાશ હોઈ શકે છે. પર્વત કે સમુદ્રના કુદરતી સ્વરૂપ વિશેના નિબંધમાં હાસ્યરસનું સ્થાન ન હોય, પણ, મનુષ્યવર્તન સાથે સરખામણી કરવાનો કોઈ પ્રસંગ આવે કે મનુષ્યના વિચાર અથવા કૃત્યનાં ઉદાહરણ આપવાનો પ્રસંગ આવે તો એવા નિબંધમાં પણ હાસ્યરસનું સ્થાન ઉદ્ભૂત થઈ શકે છે.

હાસ્યમય કૃતિ માટે ગદ્ય પેઠે પદ્યનો પણ ઉપયોગ થઈ શકે છે. એવી કૃતિઓનાં ઉપર જે ઉદાહરણો આપ્યાં છે તેમાં કેટલાંકમાં ગદ્યરચના છે, અને, કેટલાંકમાં પદ્યરચના છે. પદ્યમાં ગદ્ય કરતાં શૈલીની વિશેષ નિયમિતતા હોય છે, અને, પદ્ય કવિતાનું વાહક હોવાથી પદ્યમાં ભાવની ઉચ્ચતા તથા સૌન્દર્ય પ્રદર્શિત કરવાનું સામર્થ્ય રહેલું હોય છે. હાસ્યરસમાં શૈલીની એવી નિયમિતતાની જરૂર હોતી નથી, તેમ જ, ભાવની ઉચ્ચતા કે સૌન્દર્યનું સ્થાન હોતું નથી. પરંતુ, એ જ કારણથી પદ્ય હાસ્ય પ્રકટ કરવામાં કેટલીક વાર વિશેષે કરી ઉપયોગી થઈ પડે છે. આકૃતિ અને વસ્તુ વચ્ચેનો—શૈલી અને વક્તવ્ય વચ્ચેનો—વિરોધ પદ્યમય હાસ્યકથનમાં સમાય છે, અને, એ વિરોધ હાસ્યમાં રહેલા વિરોધને વધારે તીવ્ર કરે છે.

કવિતાના સ્વરૂપનો ડોળ હાસ્યરસમાં આ રીતે મનોરંજક થાય છે. પરંતુ, એ જ વસ્તુસ્થિતિને લીધે કવિતાના પ્રદેશમાં હાસ્યરસનું સ્થાન બહુ ઉતરતું હોય છે. હાસ એ સ્થાયી ભાવ છે અને તેના સાક્ષાત્કારથી હાસ્યરસ નિષ્પન્ન થાય છે, એ ઉપર કહ્યું છે, અને, એટલે અંશે હાસ્યરસ કવિતાના મંડલમાં આવે છે. પરંતુ, કવિતાના બીજા રસમાં ભાવની ઉચ્ચતાનું અને સૌન્દર્યનું જે દર્શન થાય છે તે હાસ્યરસમાં થતું નથી, અને, છન્દથી બીજા રસમાં કવિતાનું જે રુચિકર રૂપ થાય છે તે હાસ્યરસમાં થતું નથી. શ્રી હન્ટ કહે છે, 'નર્મયુક્ત વાક્ચાતુર્ય (wit) તે અતિશય અનિયંત્રિત

રૂપનો તરંગ (fancy) છે અને ખરી રીતે જોતાં એવા તરંગમાં કવિત્વનો અંશ સહુથી ઓછો હોય છે; અર્થાત્ વિચારોના જે અર્થ સાધારણ વ્યવહારમાં હોય છે તે ઉપરાંતનો કોઈ અર્થ "વિટ"માં ગ્રહણ થતો નથી, એ વિચારોનું તત્ત્વ "વિટ"માં ગ્રહણ થતું નથી, પરંતુ, એ વિચારોને એકઠા કરી માત્ર ચતુરાઈ દર્શાવવાનો હેતુ " વિટ "માં હોય છે. કવિતામાં એ વિચારસંયોગ દાખલ થાય, પરંતુ, કવિતામાં એ વિચારસંયોગ ઉન્નતિ પામે છે, તેનું અનિયંત્રિતપણું જતું રહે છે, અને તેનું રૂપ બદલાઈ જઈ કંઈ શ્રેષ્ઠતાનુ દર્શન થાય છે.' (વિટ એન્ડ હ્યુમર.) કવિતા અને હાસ્ય વચ્ચેનો ભેદ દર્શાવતાં હેઝલિટ કહે છે, 'કવિતા અથવા કલ્પનાના અન્તઃસ્વરૂપમાં વાક્ચાતુર્ય ("વિટ") કરતાં ચઢિયાતાપણું રહેલું છે તેની એક સાબીતી એ છે કે કવિતા અથવા કલ્પનામાં માત્ર શબ્દોના સંયોગને સ્થાન મળતું નથી. એવા સંયોગ કવિતા અથવા કલ્પનામાં જ્યાં જ્યાં આવે ત્યાં ત્યાં સદૈવ તે દોષરૂપ હોય છે. સાનન્દ આશ્ચર્યની કે ઉત્કટ ભાવની ઉત્પત્તિ માટે શબ્દસંયોગ કરતાં કાંઇ વધારે સસાર અને તત્ત્વમય વસ્તુની જરૂર હોય છે. કલ્પનાની એવી વ્યાખ્યા કરી શકાય કે જે વસ્તુઓ સાધારણ રીતે સરખા સ્વરૂપની હોય અથવા જે વસ્તુઓને આધારે સાધારણ રીતે સરખી લાગણીઓ થતી હોય તે વસ્તુઓમાં રહેલું સામાન્ય તત્ત્વ કલ્પના શોધી કહાડે છે; પરન્તુ, "વિટ"નો મુખ્ય ઉદ્દેશ એ હોય છે કે જે વસ્તુઓમાં સામાન્ય તત્ત્વ રહે હોવાની ધારણા જ થઈ ન હોય અર્થાત્ જે વસ્તુઓ એક બીજાથી તદ્દન ઉલટી હોય તે વસ્તુઓ વચ્ચે સરખાપણાનો આભાસ શોધી કહાડવો અથવા ક્ષણ વાર સરખાપણાની વંચના ઉભી કરવી. નર્મયુક્ત વાક્ચાતુર્ય ("વિટ") તથા સમર્મ હાસ્યરસ ("હ્યુમર")ની કવિતા સાથે સરખામણી કરતાં અને બન્ને પક્ષનાં છેક છેડે ગયેલાં સ્વરૂપ લેતાં એમ કહી શકાય કે "વિટ" અને "હ્યુમર"નો આધાર આપણા આળસ, આપણા અભિમાન, આપણી નિર્બળતા અને આપણી મૂર્ખતા ઉપર રહેલો છે. પરંતુ, ગંભીર અને ભાવપૂર્ણ કવિતાનો આધાર આપણા સામર્થ્ય, આપણા ચિત્તની ઉદારતા, આપણા સદ્ગુણ અને આપણી ભૂતાનુકંપા ઉપર રહેલો છે.' (લેક્ચર્સ ઑન ધિ ઇંગ્લિશ કૉમિક રાઇટર્સ.)

પ્રાસ (rhyme), અનુપ્રાસ (alliteration), ઝડઝમક, શ્લેષ (pun), ઇત્યાદિ યુક્તિઓ પણ હાસ્યમય રચનાઓમાં ઉપયોગી થાય છે.

'મેલો ઘેલો પેલો જુઓ આગ ખેલમાં ઉમેલો,
ગોદડે ગુંથેલો એવો આવે હનુમાનજી;*
કાળા હાથ દારૂવાળા દાઢી મોઢું દીસે કાળું,
પાઘડીનો પલ્લો પુંઠે પૂંછડા સમાનજી;
લોક નાસાનાસ કરે ત્રાસ પામી તેને ઠામે,
એને નાવે આંચ જેના રામજી જમાનજી;
ઠેકી ઠામ ઠામ આગ લગાડીને આઘો ખસે,
હશે હનુમાનજી કે મુલ્લાં સુલેમાનજી.'

દલપત કાવ્ય.

વિચિત્ર વેશે દોડતા અને દારૂખાનું સળગાવતા હોરાની લંકામાં આગ લગાડતા હનુમાનની સાથે કરેલી આ સરખામણીની હાસ્યજનકતામાં અનુપ્રાસથી અને ઝડઝમકથી ઉમેરો થાય છે, અને, 'હનુમાનજી' 'સમાનજી' અને 'જમાનજી' સાથે પ્રાસ આણવા સારૂ હોરાનું નામ 'સુલેમાનજી' હોવાની કરેલી અટકળ એ સહુને છેડે આવતાં રચનાની હાસ્યમયતા તીવ્ર થઈ ઘણી રમુજ ઉત્પન્ન કરે છે.

દ્વિઅર્થી શબ્દો ગોઠવી શ્લેષ કરવો એ લેખનકળામાં ભૂષણરૂપ હોતું નથી. શ્લેષ એ માત્ર હિકમત છે, અને, જ્યાં વિચારની ઉન્નતિ હોય કે ભાવની ઉંડાઈ હોય ત્યાં હિકમત દાખલ થતી નથી. આ કારણથી, ગંભીર વિચારના ગદ્યલેખમાં કે રસમય કવિતામાં શ્લેષને સ્થાન મળી શકતું નથી. કવિતામાં વાચ્ય અર્થ ઉપરાંત વ્યંગ્ય અર્થ કાંઈ ગૂઢ રહેલો હોય ત્યારે કવિતા ખુબીવાળી હોય છે, તે ઉપરથી, કેટલાક લેખકો એનાએ શબ્દના બે વાચ્ય અર્થ હોય તો ખુબી આવે એમ ભ્રાન્તિથી માની લઈ શ્લેષની રચના કરે છે. પરંતુ, શ્લેષથી થતો બીજો અર્થ તે વ્યંગ્ય અર્થ હોતો નથી, અને શ્લેષથી કવિતામાં અપકર્ષ જ થાય છે. સત્યના અને સૌન્દર્યના દર્શનમાં ગુંથાયેલું ચિત્ત દ્વિઅર્થીપણાની જાદુગીરી તરફ વળતું નથી. શેકસપીઅરના

* 'એવો આવે હનુમાનજી'ને ઠેકાણે 'એવું આવે અનુમાનજી' એવો પાઠ પ્રથમ હોવાનું આ લખનારને સાંભરે છે, પણ, તે વિશે ખાતરી નથી. છેલ્લી લીટીમાં 'એ હનુમાનજી હશે કે મુલ્લાં સુલેમાનજી હશે' એવો સંદેહ મુક્યાથી જે ખુબી આવે છે તે 'એવો આવે હનુમાનજી' એવું નિશ્ચયાર્થ રૂપક અહીં મુક્યાથી ઘટી જાય છે. રૂપક અલંકારથી અભેદ દર્શાવ્યા પછી સંદેહ અલંકાર શોભતો નથી. 'એવું આવે અનુમાનજી' એવો પાઠ હોય તો સંદેહની એ ખુબી જળવાય.

સમયમાં ઈંગ્રેજી સાહિત્યમાં શ્લેષનો પ્રચાર હતો તેને લીધે શેકસપીઅરના ગ્રન્થોમાં પણ શ્લેષ દાખલ થયેલા નજરે પડે છે, પરંતુ, એ સંબંધે જર્વોઇનસ કહે છે, ' (શેકસપીઅરે નિર્મેલાં પાત્રોમાં) માત્ર અમુક જાતનાં માણસો જ વાક્ચાતુર્ય અને શ્લેષનો વ્યવહાર કરે છે, અને, જો એમ કહેવામાં આવતું હોય કે શ્લેષ તે મૃગતૃષ્ણિકા છે અને તેની પાછળ જનાર કવિને તે રેતીના ખાડામાં જ ઉતારે છે તો એ સ્થિતિ એવા શ્લેષ કરનાર પાત્રોની છે, પણ, શેકસપીઅરની નથી. શેકસપીઅર તો કહે છે કે "વસ્તુની અવગણના કરી શબ્દની હિકમત કરનારા મૂર્ખ હોય છે," અને એ મતનો સ્વીકાર કરનારા કોઈએ મૃગતૃષ્ણિકાથી ભુલાવામાં પડે તેમ નથી.' (શેકસપીઅર કોમેનટરીઝ.)

વિચારની ગંભીરતાના અને રસની ગાઢતાના પ્રસંગો હોય ત્યાં શ્લેષનો અવકાશ હોતો નથી, પણ, લઘુભાર (light) મનોવૃત્તિનો પ્રસંગ હોય ત્યાં શ્લેષનો અવકાશ હોઈ શકે છે, તેથી, હાસ્યરસમાં શ્લેષને સ્થાન મળે છે. શ્લેષથી માત્ર વાક્ચાતુર્યનો વ્યવહાર થઈ શકે છે, એક શબ્દના થતા બે અર્થની ભેળસેળ અને ભુલભુલામણી થઈ શકે છે; પણ, કોઈ અવસ્થામાં ઉંડું રહેલું હાસ્યમય અર્થ દર્શાવવાનું કાર્ય શ્લેષથી થઈ શકતું નથી; તેથી, શ્લેષનો ઉપયોગ 'વિટ'માં થઈ શકે છે, 'હ્યુમર'માં થઈ શકતો નથી. શ્લેષનું વાક્ચાતુર્ય પણ સાધારણ પ્રકારનુ હોય છે; વાક્ચાતુર્ય યોજનાર શબ્દનું દ્વિઅર્થીપણું નવું બનાવતો નથી, તે માત્ર દ્વિઅર્થીપણાનો પ્રસંગ આણે છે; અને, શબ્દના અર્થોનો વિરોધ વસ્તુસ્થિતિઓના વિરોધ જેટલો લાંબો ટકતો નથી તેથી દ્વિઅર્થીપણાના વિરોધથી થયેલું આશ્ચર્ય થોડી વારમાં શમી જાય છે. એક શબ્દના બે અર્થ હોવાથી ખરી રીતે બે જુદા જુદા અર્થવાળા જુદા જુદા પદાર્થ છે એ ભાન થતાં વિરોધનો ચમત્કાર જતો રહે છે. શ્લેષનું ચાતુર્ય આવું સાધારણ હોવાથી એડિસન શ્લેષને false wit ('ખોટું વાક્ચાતુર્ય') કહે છે, અને, તે એવો નિયમ સૂચવે છે કે અમુક 'વિટ'વાળી ઉક્તિની પરીક્ષા કરવા સારૂ તે ઉક્તિનો બીજી ભાષામાં તરજુમો કરવો, અને, જો તરજુમો કર્યા પછી તે ઉક્તિમાંનું ચાતુર્ય કાયમ રહે તો તેમાં ખરૂં 'વિટ' છે એમ સમજવું, પણ, તરજુમો કર્યા પછી તે ઉક્તિમાંનું ચાતુર્ય જતું રહેલું માલમ પડે તો તેમાં માત્ર શ્લેષ છે એમ સમજવું. (સ્પેક્ટેટર, અંક ૬૧.) શબ્દનું દ્વિઅર્થીપણું નિત્યના વ્યવહારમાં અને વાતચિતમાં જાણીતું થયેલું ન હોય પણ કંઈક અપરિચિત હોઈ એકાએક દૃષ્ટિ આગળ આવે અને વિચિત્રતાથી આશ્ચર્ય પમાડે ત્યારે શ્લેષથી વિનોદ

ઉત્પન્ન થઈ શકે છે' નાનાં છોકરાં રમત રમતાં કહે છે કે 'આપણે ઉજાણી ગયાં ત્યાં પવન આવ્યો ને બધું ઉડી ગયું; તેમાં માર મરચાં ગયાં ને તારાં મરી ગયાં;' એમાં 'મરી' શબ્દથી થતો શ્લેશ ("તારાં મરી ઉડી ગયાં" અને "તારાં સગાંવહાલાં મરી ગયાં") એટલો પ્રાકૃત અને સાધારણ છે કે તેથી વાક્ચાતુર્યનો વિનોદ ઉત્પન્ન થતો નથી. પરંતુ,

> 'જળદ જગતમાં મેઘ છે, ફળદ બાગનો ફાલ;
> પણ નિર્બળ નર નારનો, બળદ ભોજ ભૂપાળ.'

દલપત કાવ્ય.

એ ઉક્તિમાં 'બળદ' શબ્દનો શ્લેષ ("બળ આપનાર" અને "બળદ જનાવર") રહેલો છે તે ગોઠવવાનું વાક્ચાતુર્ય સમજાતાં વિનોદ ઉત્પન્ન થાય છે.

વસ્તુઓ, સ્થિતિઓ અને પ્રસંગોમાં રહેલી વિલક્ષણતા બહાર આણી હાસ્ય ઉપજાવવાનો મનોવ્યાપાર તે તર્કવ્યાપાર (judgment) નથી. મનોરંજનના એ પ્રયાસમાં લઘુભાર (light) ભાવવ્યાપાર રહેલો છે. દલીલ અને અનુમાનનો તેમાં સમાવેશ થતો નથી. હેઝલિટ કહે છે કે: હૉબ્સ અને લૉક સરખાપણાના નિરીક્ષણને 'વિટ' કહે છે તથા ભિન્નતાના નિરીક્ષણને તર્કવ્યાપાર કહે છે તે ભૂલ છે. 'વિટ'માં પણ સરખાપણું તથા ભિન્નતા બન્ને સાથેનો વ્યવહાર હોય છે. 'હ્યુમર્સ'ના કર્તા હૅરિસે દર્શાવ્યું છે કે "લૉકની આ વ્યાખ્યા ખરી હોય તો કાટખુણાવાળા ત્રિકોણના ત્રણ ખુણા બે કાટખુણાની બરોબર હોય છે એ સાબીત કરવું તે તર્કવ્યાપાર કે બુદ્ધિવ્યાપાર નહિં પણ 'વિટ' કહેવાય, અને, યુકિલડનો ભૂમિતિનો ગ્રન્થ તે વાક્ચાતુર્યસંગ્રહ કહેવાય." યુક્તિ અથવા દલીલ અને 'વિટ' વચ્ચે ફેર એ છે કે 'વિટ' વસ્તુઓમાંથી એવો આકસ્મિક અને એકપક્ષી સંજોગ શોધી કહાડે કે તેને વસ્તુઓના સ્વરૂપ સાથે સંબંધ હોતો નથી, અથવા બીજું કંઈ નહિં તો, એવા સંજોગનો વસ્તુઓના સ્વરૂપ સાથે આવશ્યક સંબંધ પ્રસ્તુત હોતો નથી; અને શ્લેષ, સમસ્યા, અનુપ્રાસ વગેરે સરખા શબ્દોની રમતથી અથવા અપ્રાસંગિક તરંગથી વસ્તુઓ વચ્ચે દેખાઈતું સરખાપણું 'વિટ' બલાત્કારે ઉભું કરે છે. આવા બધા પ્રસંગમાં હાસ્યમય સામ્યથી વિનોદ થાય છે. (લેક્ચર્સ ઑન ધિ ઈંગ્લિશ કૉમિક રાઈટર્સ.) ઉપર કહ્યું છે તેમ ઇંગ્રેજી ભાષામાં 'વિટ શબ્દનો મૂળ અર્થ 'બુદ્ધિ' હોવાથી તે વ્યુત્પત્તિની રેખાઓ 'વિટ'ના વર્તમાન અર્થની વ્યાખ્યામાં પણ દાખલ થાય છે. હૉબ્સ અને લૉકની વ્યાખ્યાઓમાં જે વાંધા ભરેલો અંશ

રહેલો હેઝલિટ દર્શાવે છે તે આ જ કારણથી દાખલ થયો છે. પરંતુ, તર્કવ્યાપાર એ 'વિટ'થી (તેમ જ 'હ્યુમર' થી) ભિન્ન છે એ વિશે મતભેદ નથી.

હાસ્યરસમાં તર્કવ્યાપાર નથી હોતો, પરંતુ, હાસ્યરસ મનુષ્યચિત્તને પ્રસન્ન કરી સ્વસ્થ રાખે છે, અને એ રીતે તર્કવ્યાપારનું સામર્થ્ય જાળવવામાં સહાયભૂત થાય છે, એ સ્થિતિ લક્ષમાં રાખવા યોગ્ય છે. અનેક જાતના ભાર નીચે દબાઈ નમી જતા ચિત્તને હાસ્યરસ એ ભાર ઓછો કરી કરી ઉંચે આવવાની શક્તિ આપે છે. વિષમ પ્રસંગો અને વિપત્તિઓને સમયે પણ સંસારઘટનામાં રહેલું હાસ્યનું મર્મ અનુભવતાં ચિત્તને સંકટોથી પરાભવ ન પામવાનો, વિહ્વલતાને દૂર રાખવાનો, અને દુઃખો ધૈર્યથી સહન કરવાનો પ્રયાસ કરવામાં અનુકૂલતા પ્રાપ્ત થાય છે. દ્વેષ કરનાર અને અન્યાય કરનારની મૂર્ખતા અને હાસ્યપાત્રતા જોઈ વિનોદ મેળવતાં દ્વેષ અને અન્યાયથી થતો ખેદ ઘટી જાય છે. સર્વત્ર હાસ્યનું ઉંડું મર્મ પારખી કહાડવાના અભ્યાસથી તત્ત્વચિંતનની અને સમદર્શિત્વની એવી વૃત્તિ બંધાય છે કે માણસોની ભિંડની વચ્ચે એવા અભ્યાસવાળું ચિત્ત એકાન્તનો અનુભવ કરી શકે છે, અને અમુક આવેશથી ઉશ્કેરાયેલા મંડળના સંગમાં છતાં શાન્ત અને અક્ષુબ્ધ રહી શકે છે. એવા અભ્યાસવાળો મનુષ્ય, પોતે પણ મૂર્ખતાથી વર્તે તો તે મૂર્ખતા હાસ્યપાત્ર થવી જોઈએ એ પ્રતીતિને લીધે, એકદેશીય તથા સંકુચિત વિચારોથી આગળ વધી સાધારણ માણસો કરતાં વધારે ઉદાર અને વધારે નિષ્પક્ષપાતી દૃષ્ટિએ નિરીક્ષણ કરી શકે છે. હાસ્યરસ પારખવાની શક્તિથી એવી સમતોલનની વૃત્તિ પ્રાપ્ત થાય છે કે જીવનના વિવિધ પ્રસંગોનું તાત્પર્ય સાધારણ સમજ (common sense) ની નજરથી જોતાં આવડે છે, અને, પાંડિત્યદંભમાં, સ્થૂલ દુરાગ્રહમાં તથા નિર્મર્યાદ ઉત્સુકતામાં મગ્ન થતાં અટકવાનુ સામર્થ્ય મળે છે. કૃષ્ણના જીવનના આલેખનમાં કવિઓએ પરમ તત્ત્વજ્ઞાન સાથે હાસ્યરસના પ્રસંગો દર્શાવ્યા છે તે હાસ્યરસના આ સમસ્ત પ્રયોજનને લીધે. ઇસુ ખ્રિસ્તનાં વચનોનો અભ્યાસ કરતાં તેમાં 'હ્યુમર' રહેલો જણાઈ આવે છે એમ દર્શાવી ટી. આર. ગ્લોવર કહે છે, '"હ્યુમર"નું સહુથી ઉચ્ચ સ્વરૂપ મનની અન્તઃશાન્ત સ્થિતિ દર્શાવે છે; તે સ્થિતિ એવી હોય છે કે જીવનમાં વિરોધ કે વિપક્ષતા બંધ ન થયા છતાં એ વિરોધ અને વિપક્ષતાથી કર્કશતાની ઉત્પત્તિ થતી બંધ પડી હોય છે. એ સ્થિતિમાં મન એ વિરોધ અને વિપક્ષતા જરૂરનાં અને સહેતુક છે એમ માની તેમનો સ્વીકાર કરી લે છે. એ વિરોધ અને વિપક્ષતાથી ઉંચે જઈ તે પર દૃષ્ટિ કરતાં તે જીવનને રુચિકર કરે છે એમ

મન એવી સ્થિતિમાં માની લે છે. પ્લેટો જેને "જીવનનું આખું કરુણ-રસમય અને હાસ્યરસમય નાટક" કહે છે તે જોવાની શક્તિ–તેનાં એ બે અંગ એક બીજામાં ઓતપ્રોત થયેલાં જોવાની શક્તિ–તે "હ્યુમર" છે.' (ધ કૉનફ્લિકટ ઑફ રિલિજીઅન્સ ઇન ધ રોમન એમ્પાયર–એ ગ્રન્થમાંનું જીસસ ઓફ નેઝેરથ વિશેનું પ્રકરણ.) નાટકની રંગભૂમિ ઉપર પ્રકટ થતા કરુણરસમાં, તેમ જ, મનુષ્યજીવનમાં પ્રકટ થતા કરુણરસમાં પણ હાસ્યરસનું મર્મ રહેલું છે એ સાક્ષાત્કારથી કરુણનું કરુણત્વ જતું રહેતું નથી; પણ, કરુણથી પડતી ગુંચ છોડવવાની કુંચી એ સાક્ષાત્કારથી જડે છે. બીજા બધા રસમાં પણ જ્યાં ગુચ પડે છે ત્યાં હાસ્યનું મર્મ હાથ આવતાં એ ગુંચ છોડવવાની કુંચી હાથ આવે છે.

હાસ્યરસની આ પ્રમાણે મીમાંસા કર્યા પછી ગુજરાતી સાહિત્ય તરફ નજર કરી જોઇશું કે તેમાં હાસ્યરસ પ્રકટ થયેલો છે કે કેમ. એ દૃષ્ટિપાતને પરિણામે કબુલ કરવું પડશે કે ગુજરાતના સાહિત્યમાં હાસ્યરસ બહુ જ થોડો છે, લગભગ નહિ જેટલો છે. અલબત્ત, એનુ એક કારણ એ છે કે ગુજ-રાતના અર્થાત્ પાધર ગુજરાતના–ચુંવાળથી લાટ દેશ સુધીના ગુજરાતના-લોકો વિચક્ષણ, વ્યવહારકુશળ, ડાહ્યા અને વેપારમ સાહસિક છે, પણ, હાસ્યવૃત્તિમાં કંઇક મોળા છે. કાઠીઆવાડીઓ "ઑય માળોઓઓઅ" જે લહેકાથી કહે છે તેટલું હાસ્યભર્યું વાક્ચાતુર્ય પણ તળ ગુજરાતીઓની વાણીમાં નજરે પડતું નથી. તેમનુ સાહિત્ય તેમની વૃત્તિઓ પ્રમાણે હોય એ સ્વાભાવિક છે.

જુના ગુજરાતી સાહિત્યમાં હાસ્યરસનું સેવન ફક્ત પ્રેમાનન્દે કર્યું છે. પ્રેમાનન્દનું હાસ્ય હાત્કું હતું. તેની કૃતિઓ વાક્ચાતુર્યથી ઉછળતી નથી. વિનોદમય પ્રસંગો આવતાં હાસ્યમર્મ શોધી કહાડી તે ધીરે ધીરે પ્રદર્શિત કરવું એ તેની શૈલી છે. સાધારણ દૃષ્ટિએ ગંભીર જણાતા પ્રસંગોમાંથી પણ તેને હાસ્યમૂલ જડી આવે છે. સ્ત્રીઓની હાસ્યશક્તિ તેણે ઘણી વાર મનો-હર રીતે દર્શાવી છે. 'મામેરા'માં પ્રેમાનન્દે નાગર સ્ત્રીઓને નરસિંહ મહેતાના દારિદ્રયની ટોળ કરતી વર્ણવી છે. 'માંધાતાખ્યાન'માં તપોવન-ની યજ્ઞશાળામાંનું અભિમંત્રિત જળ ભૂલમાં પીતાં ગર્ભવંત થયેલા યુવનાશ્વ રાજાનું વૃત્તાન્ત વર્ણવતાં પ્રેમાનન્દે રાણીઓને અને નગરની નારીઓને રાજાના ગર્ભની મશ્કરી કરતી વર્ણવી છે.

જુના સમયમાં બીજા કોઈ લેખકો હાસ્યસેવી થયા નથી. હાસ્યરસ-

વાળા નાટ્યપ્રસંગો 'ભવાઈ સંગ્રહ 'માં જોવામાં આવે છે; તેના કર્તા કોણ હતા તે જડી શકે તેમ નથી, પણ, એ સાહિત્ય ભવાઈઓની રંગભૂમિ ઉપર જ ઉત્પન્ન થયું હતું અને વિદ્વાન્ ગ્રન્થકારોનો તેમાં કાંઈ હાથ નહોતો એ નિઃસંદેહ છે. એ કારણથી, હાસ્યરસનું એ સાહિત્ય શિષ્ટતા વગરનું રહ્યું છે, અને, તેની અસર સામાન્ય સાહિત્ય પર થઈ નથી. હાસ્યરસ ખીલવનારની પણ નાત થઈ ગઈ. ભાંડ ભવૈયા સિવાય બીજા હાસ્યરસનો વ્યવહાર કરનારા ન રહ્યા, અને તેથી, તેનો વિસ્તાર કે વિકાસ થયો નહિં.

અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં હાસ્યરસરના આલેખનનો આરંભ કરનાર કવિ દલપતરામ છે. તેમની કૃતિઓમાં નર્મયુક્ત વાક્ચાતુર્ય છે તેમ જ સમર્મ હાસ્યરસ છે. તેમણે પ્રદર્શિત કરેલો સમર્મ હાસ્યરસ ઘણો ખરો ક્ષુદ્ર પ્રસંગોમાં છે, અને, મનુષ્યસ્વભાવના કે જનસમાજના મ્હોટા પ્રશ્નોનું પૃથક્કરણ કરી તેમાંથી હાસ્યરસ શોધી કહાડવાનો પ્રયાસ તેમણે કર્યો નથી. તોપણ, ગુજરાતી ભાષામાં તેમણે ખીલવેલો હાસ્યરસ હમેશ રુચિકર રહેશે. તેમના લેખમાંથી કેટલાંક ઉદાહરણ ઉપર આપ્યાં છે.

કવિ નર્મદાશંકરની કૃતિમાં હાસ્યરસ છે જ નહિં. તેમને હાસ્યરસની પરીક્ષા બિલકુલ હતી નહિં. તેમના નિકટના મિત્ર રા. નવલરામને તેમની કલ્પનાશક્તિનો પૂર્ણ પરિચય હતો, અને, નવલરામે રચેલા 'ભટના ભોપાળા 'માં અસંભવિતપણાનો દોષ છે અને હાસ્યરસ છે જ નહિં : એવો અભિપ્રાય નર્મદાશંકરે દર્શાવ્યો ત્યારે, નવલરામે તેમને કહ્યું હતું કે 'કવિ, તમે હાસ્યરસનું શાસ્ત્ર સમજતા નથી.' ('હાસ્યરસ વિષે' નિબંધ.)

રા. નવલરામને હાસ્યરસની કુશળ પરીક્ષા હતી. તેમણે રચેલું 'ભટનું ભોપાળું' મોલિયરના 'મૉક ડૉક્ટર' નામના ગ્રન્થનો અનુવાદ છે, તોપણ, તેમાં તેમની સ્વતઃકલ્પિત હાસ્યરચના ઘણી છે.

આ સિવાય રા. સા. મહીપતરામ કૃત 'સાસુ વહુની લઢાઈ,' 'વનરાજ ચાવડો' અને 'સધરા જેશંગ', રા. બ. હરગોવિંદદાસ કૃત 'અંધેરી નગરીનો ગર્ધવસેન,' મિ. જહાંગીર અરદેશર તાલેયારખાં કૃત 'મુદ્રા અને કુલીન,' (અપ્રસિદ્ધ લેખક કૃત) 'પટેલ પોથી,' એ ગ્રન્થોમાં હાસ્યરસનું પ્રસંગોપાત્ત આલેખન છે. 'દેશીમિત્ર'ના મર્હુમ અધિપતિ રા. મંછારામ ઘેલાભાઈ કૃત 'મૂર્ખો' અને 'ચતુરસિંહ' એ બે કથાઓ હાસ્યના પ્રસંગોથી બનેલી છે, પરંતુ, તેમાં ખામી એ છે કે ઠેકાણે ઠેકાણે હાસ્યરસ ખુટયો છે અને કૃત્રિમતા દાખલ થઈ છે.

રા. ગણેશજી જેઠાભાઈએ પ્રસિદ્ધ કરેલા 'કૌતકમાળા અને બોધવચન'-નામના વાર્તાસંગ્રહમાં ઠેકાણે ઠેકાણે હાસ્યરસના પ્રસંગો છે.

અર્વાચીન ગુજરાતી સાહિત્યના આરંભ પછી કેટલાક સમય સુધી નાટકો લખાતાં ત્યારે નાટકમાં આવતા વિદૂષકના મુખમાં હાસ્યવચનો મુકવાનો પ્રયત્ન થતો, પણ, એવી કોઈ કૃતિમાં હાસ્યરસ જામ્યો નથી. સંસ્કૃત નાટકોમાંના વિદૂષક અને ભવાઈઓમાંના રંગલા દ્વારા હાસ્યરસની પ્રથા જળવાઈ છે એટલો લાભ હાસ્યરસ માટે એક જુદું પાત્ર નક્કી કરવાથી થયો છે. પરંતુ, એ પાત્ર સિવાય અન્યત્ર પણ હાસ્યરસનો અવકાશ છે એ વાત લક્ષમાં ન રાખ્યાથી હાસ્યરસનો વિકાસ થતો અટકે છે, તેમ જ, એ પાત્રને હલકી ઠઠ્ઠાબાજી માટે ઉપયોગમાં લીધાથી હાસ્યરસના ઉલ્લાસને હાનિ થઈ છે.

રા. નવલરામે ઉપર કહેલા નિબંધમાં 'રમુજે દિલપસંદ' અને 'લાલ-ગુજરંગ' નામે બે પુસ્તકો ગણાવ્યાં છે તે હવે પ્રચારમાં રહ્યાં નથી; ફારસી કે ઉરદુપરથી તે ભાષાન્તર રૂપે થયેલાં હશે એમ લાગે છે. એ નિબંધમાં બીરબલની વાતો અને લૌવાની મજાકોનો નિર્દેશ કર્યો છે; અને, એ પ્રસંગોના સંગ્રહ પણ પ્રસિદ્ધ થયા છે. એ પુસ્તકોમાં વાક્ચાતુર્ય ર્શન કરાવેલું છે. અલબત, બીરબલને વિદૂષક રૂપે અને અકબરને મૂખ રૂપે વર્ણવનારી વાતોમાં ઐતિહાસિક સત્ય રહેલું નથી.

પારસી લેખકોએ હાસ્યરસનું સાહિત્ય વધારવામાં કિંમતી મદદ કરી છે. અલબત્ત, તેમનાં એ વિષયનાં પુસ્તકો 'વિટ'નાં છે, 'હ્યુમર'નાં નથી, તોપણ, તેમણે ઉત્પન્ન કરેલું એ સાહિત્ય મનોરંજક છે અને તેનો જથો વધતો જાય છે. મિ. જહાંગીર બહેરામજી મર્ઝબાને રચેલાં 'કૌતુક સંગ્રહ', 'ખુશ દર્પણ' અને 'ટાચકા સંગ્રહ' નાં પુસ્તકો રમુજ અને વિનોદથી ભરેલાં છે. ચાર્લ્સ ડિકન્સ કૃત પ્રખ્યાત 'પિકવિક પેપર્સ' નો અનુવાદ 'અક્કલના સમુદર'ના નામથી તેમણે પ્રસિદ્ધ કર્યો છે. 'મોદીખાનેથી માર્સેલ્સ'ના નામથી તેમણે પોતાની યુરોપની મુસાફરીનો હેવાલ પ્રકટ કર્યો છે તેમાં 'હ્યુમર'ની છાયા વખતોવખત નજરે પડે છે. તેમણે 'ગપ-સપ' નામે હાસ્યના ઉદ્દેશવાળું પત્ર કહાડવું શરૂ કરેલું તે બહોળો પ્રચાર પામ્યું છે. હાલ તે પત્ર તેમના પુત્ર મિ. પિરોજશાહ ચલાવે છે. તે દર પખવાડીએ નિકળે છે. હિંદુ લેખકો તરફથી ગુજરાતીમાં એવું એકે પત્ર નિકળતું નથી.

કેટલાંક સાપ્તાહિક અને માસિક પત્રોમાં હાસ્યરસને નામે ફકરા પ્રસિદ્ધ કરવામાં આવે છે તે એવા હાસ્યરસશૂન્ય હોય છે કે તેનો પ્રચાર ખરા

હાસ્યરસની કદરને નુકસાન કરે છે. તેમાં માત્ર ઉપર કહ્યા તેવા 'વાણીના ગાંડાઈ ભરેલા ચાળા' હોય છે, અને તોછડાઈ, ધૃષ્ટતા, નિંદા, અસત્યકથન, વગેરે કલંકોથી એવા લેખ જેમ જાહેર પત્રોની સંસ્થાને વગોવે છે તેમ હાસ્યની રસિકતાને વગોવે છે. હાસ્યરસનો છોડ સ્વચ્છ હવામાં વિકાસ પામી શકે તે સારૂ આવાં ઝેરી અને ઉપદ્રવકારક ઝાંખરાં જડમૂળમાંથી ઉખેડી નાખવાની જરૂર છે.

ગુજરાતી સાહિત્યની અભિવૃદ્ધિ માટે બીજા અંશોની સાથે હાસ્યરસના ઉદયની પણ આવશ્યકતા છે. મનુષ્યના ચારિત્ર્યના ઉલ્લાસ માટે જેમ હાસ્યરસની જરૂર છે તેમ મનુષ્યોના વાઙ્‌ગમયના ઉલ્લાસ માટે પણ હાસ્યરસની જરૂર છે. શેક્સપીઅર વિશેનું યથાર્થ જ્ઞાન તેના હાસ્યરસના જ્ઞાન વિના અપૂર્ણ રહે છે એ દર્શાવતાં એડવર્ડ ડાઉડન કહે છે, 'જે માણસમાં હાસ્યરસની દૃષ્ટિએ દુનિયાનું નિરીક્ષણ કરવાની શક્તિ રહેલી છે તેનું ચારિત્ર્ય અને તેના આધ્યાત્મિક જીવનનો ઇતિહાસ, જે માણસનો સ્વભાવ એવી ભાવનાઓથી બંધાયો હોય છે કે પ્રસન્નતાથી ઉપજતા હાસ્યની લહેરો તે પર કદી પથરાતી નથી, તેનાથી પ્રત્યેક અંશે અને સર્વથા જુદો હોવો જ જોઈએ' (શેક્સપીઅર, હિઝ માઈન્ડ એન્ડ આર્ટ.) સાહિત્યમાં પણ આ નિયમ પ્રવર્તે છે. હાસ્યરસ વગરનું સાહિત્ય સૃષ્ટિના અભ્યાસમાં ન્યૂન રહે છે, અને મનુષ્યચિત્તનો પરિપૂર્ણ વિકાસ પ્રકટ કરી શકતું નથી. કેટલાક હાસ્યમીમાંસકોનું માનવું છે કે મનુષ્યમાં હાસ્યની શક્તિ ન હોય તો સમભાવથી અથવા દૂષથી મનુષ્ય એવો એક દિશામાં દોરાઈ જાય કે તેને પરિણામે ક્ષીણતા થાય, અને, એ કારણથી હાસ્યશક્તિ પોતાના રક્ષણ માટે ઉપયોગી જણાયાથી મનુષ્યોએ તે જાળવી રાખેલી હોવી જોઈએ. જ્ઞાનના આરંભકાલમાં મનુષ્યજાતિને પોતાની હાસ્યશક્તિ કેવી લાગી હશે એ કલ્પનાનો વિષય છે, પરંતુ, મનુષ્યજાતિ ઘડાઈને જેવી થઈ છે તે સ્થિતિમાં મનુષ્યજીવનના સુખ અને વિકાસ માટે હાસ્ય આવશ્યક છે એમાં શક નથી. અને તે જ પ્રમાણે, મનુષ્યજાતિના વિચાર અને ભાવની ઘટના પણ એવી છે કે તેના સંસ્કારમાં હાસનો ભાવ સ્થાયી થયેલો છે, અને, તેનો સાક્ષાત્કાર હાસ્યરસ રૂપે થાય નહિં તે વિના રસિકતાનો વિષય પરિપૂર્ણ થતો નથી. તથા, મનુષ્યસ્વભાવ વિશે યથાર્થ કલ્પના થતી નથી.

ગુજરાતી સાહિત્ય જેમ વૃદ્ધિ પામતું જશે તેમ હાસ્યથી ઉછળતું અને મલકાતું જશે એ આ અભિલાષ નિરાધાર નથી.

૨.

તોછડાઈની કલા.*

Rudeness As A Fine Art.

સૌન્દર્ય ઉત્પન્ન કરનારી કલાઓ (Fine Arts) માં કવિતા, ચિત્ર, કોતરણી, શિલ્પ, બાંધકામ, સંગીત, અભિનય અને નૃત્યઃ એટલાંનો જ સમાગ થાય છે એ ભ્રાન્તિનું ઘણા વખતથી ખંડન થઈ ચૂકેલું છે. તેમ એ કલાઓની ઉતરતી શાખાઓને જ પક્ષપાત કરી અંદર દાખલ કરી છે એમ નથી. બીજા અનેક સુવિષયોની યોગ્ય પદવી આખરે કબુલ કરવામાં આવી છે, અને. આ મંડલમાં તેમને ઘટતું સ્થાન મળ્યું છે. ગજવાં કાતરવાની કલાની ચતુરાઈ વિશે સંશય કોઈ દિવસ હતો જ નહિં, અને, તેમાં કલ્પનાની ખુબી નથી એમ જે વાંધો લેવામાં આવતો હતો તે પણ, જ્યારથી માલમ પડયું કે ગજવાં કાતરવામાં ચપ્પુને બદલે કાચ વાપરી વધારે સુકરતા સિદ્ધ કરવામા આવે છે ત્યારથી, એવો દૂર થઈ ગયો છે કે એ કલાના આવા વ્યાપારમાં કંઈ કોમલતા અને મનોહરતા છે એમ અગીકાર થયો છે, અને આ કલાને સૌન્દર્યોત્પાદક મંડલમા અનાયાસે પ્રવેશ મળી ગયો છે. ધનવાન મનુષ્યોને એકાન્તમાં જર્જરિત કરી ખત લખાવી લેવાની કલા જે મુંબાઈમાં ચાલે છે, દાંત અડધો ખેંચ્યા પછી વધારે મહેનતાણું માગવાની કલા જે દંતવૈદ્યકમાં સંપ્રદાયરૂપે પ્રવર્તે છે, વહાણ ડુબાડી વીમો હાથ કરવાની કલા જે વહાણવટીઓની લાજ રાખે છે, એ બધા હુન્નરોની પ્રતિષ્ઠા તેમના અભ્યાસકોના પ્રયાસને લીધે સર્વમાન્ય થઈ છે. તો હાલ આ દેશમાં ચાલતી જાહેર લેખનપદ્ધતિમાંની એક કલા તેનું અવલમ્બન કરનારાની બેફિકરાઈને લીધે જ એ ઉંચા મડલની બહાર રહી જાય તો બહુ દીલગીરી ભરેલું કહેવાય. જાહેર લખાણો વાંચનારાને એ કલા અજાણી નથી. તોપણ બીજી કલાઓની સાથે તે ભળી ન જાય અને જુદી પડી ધ્યાનમાં આવે માટે 'તોછડાઈની કલા' એ ખાસ નામથી તેને ઓળખાવવી જોઈએ. એ કલાની પદવીનો હજી સ્વીકાર થયો નથી તેનું કારણ એ તો નથી જ કે તેનું સેવન બહુ થોડું થાય છે. શિલ્પની કલા જેમ વિશેષે કરીને પાષાણ પર પ્રવર્તે છે, તેમ આ તોછડાઈની કલા વિશેષે કરીને માણસો પર ચલાવી

* "જ્ઞાનસુધા" માસિક પત્રના સન ૧૮૯૫ના નવેંબર–ડીસેંબરના અંકમાં છપાયલો લેખ.

શકાય છે; સિદ્ધાન્તો, બનાવો, નીતિઓ, ઉદ્દેશો, ઇત્યાદિ પર એ કલાનો ઉપયોગ થઈ શકતો નથી. અને, હાલનાં વર્તમાનપત્ર અને ચોપાનીઆં (કે જે સિવાય બીજા જાહેર લખાણુ છે નહિં અને હોઈ શકે નહિં તે) માં માણસો સિવાય બીજા શાના પર ટીકા કરવામાં આવે છે? માણસો પર—વ્યક્તિઓ પર—ટીકા કરવી એ જ દેશકલ્યાણનો માર્ગ છે એ શું હાલના સાર્વજનિક લેખોનું સૂત્ર નથી? 'અંગત ટીકા' એ પદની વ્યુત્પત્તિ ગમે તેવી ખામીવાળી હશે પણ એ પદાર્થનો ઉપયોગ શું ખામીભરેલો થાય છે? અને તોછડાઈ વિના 'અંગત ટીકા'માં રસ પૂરેપૂરો જામ્યો હોય એમ કદિ સાંભળ્યું છે?

તેમ, ઉતરતી પંક્તિના લેખકોજ આ કલાનો ઉપયોગ કરે છે એમ પણ નથી. સાપ્તાહિક વર્તમાનપત્રોના અધિપતિઓથી ચઢતા લેખકો બીજા કોણ છે? બીજા પ્રાન્તોની વાત રહેવા દઈ ગુજરાતની જ વાત કરીએ. અલબત્ત, મુંબાઈના ગુજરાતી ભાષા બોલનાર સમૂહને આ વર્ગમાં લેવો જ પડશે. કેમકે ભાષાજ્ઞાન, દેશજ્ઞાન, વગેરે બાબતમાં મુંબાઇવાસીઓના હક ગમે તેવા નબળા હશે, પણ, વર્તમાનપત્રો દ્વારા તેઓ આપણા અગ્રેસરો વગર નિમ્યે થઈ પડયા છે એમાં શક નથી. અને, તોછડાઈમાં તેઓ આપણા ગુરુ છે એ કબુલ કર્યા વિના છુટકો નથી. મુંબાઈનું એક પત્ર નવું સ્થપાયું ત્યારે સુધારાવાળાઓ સામે ટીકા કરવામાં આ તોછડાઈની કલા યથાયોગ્ય વાપર્યાથી તેને સહજ પ્રસિદ્ધિ મળી ગઈ. તે અધિપતિની ઉમ્મર તે વખતે એકવીસ વર્ષની હતી. એક સાઠ વર્ષના ગૃહસ્થે પોતાની જીંદગીનો ઘણો ભાગ પ્રમાણિકપણે પોતાના વ્યવસાયનું કામ કરવામાં અને સ્વાર્થત્યાગથી દેશસેવાઓ બજાવવામાં કહાડ્યો હતો, પણ, તેનો અપરાધ એ હતો કે તેણે સુધારાનો આશ્રય કર્યો હતો, અને, તેના મતને સર્વત્ર જે માન આપવામાં આવતું હતું તેની કિમ્મત ઓછી કરવા સારૂ તેની પ્રતિષ્ઠા તોડવાની અધિપતિને જરૂર જણાઈ. અને, તે માટે તોછડાઈ સિવાય બીજો ઉપાય નહોતો; કેમકે દલીલ દલીલને તોડી શકે પણ દલીલ પ્રતિષ્ઠાને શી રીતે તોડી શકે? તેથી, મિ. મલબારીની સૂચના પરથી સરકારે કરેલા નિમંત્રણને અનુસાર બાળલગ્નના પ્રતિબિંધ અને વિધવાવિવાહની છુટના સંબંધમાં એ ગૃહસ્થે જણાવેલા વિચારની અધિપતિએ નીચે પ્રમાણે નોંધ લીધીઃ—

"—સુધારાવાળો છે અને આવા વિચાર આપવાનો છે એ અમારા જાણવામાં હતું જ. એ પોતે માનને કેટલો ઓછો લાયક છે તે અમે સારી

રીતે જાણીએ છીએ પણ તેની લાગણી ન દુખાવા સારૂ કહી બતાવતા નથી. પણ એવા કમવજનના પુરૂષે આપેલો મત કેટલા ઓછા માનવા લાયક છે તે કહેતાં હરકત નથી. સુધારાનો જુવાળ પાછો ફર્યો છે અને અમે બેધડક કહીએ છીએ કે દરેક સુધારાવાળો લોકોને કડવો લાગે છે અને સુધારાવાળો જે કહે તે તેની મૂર્ખાઈ યાને ગાંડાઈ છે પણ લોકોનો મત નથી.—સુધારવાળો છતા કેવો હિચકારો છે તે અમારા બાન્ધિંધ—ના ગયા અઠવાડીઆના અંકમાં આવેલુ છે. × × × × માટે સરકાર—ના મતને બીલકુલ તુચ્છકારી કહાડી નાખશે તો જ ઠીક કરશે. ''

માનાર્થે બહુવચન ખારવાઓમાં વપરાતુ નથી અને મુંબાઈમાં વપરાતું નથી.

અલબત્ત, આ વિષય ઘણી લાઈબ્રેરીઓમાં વંચાયો અને તેની અસર ઘણી થઈ. આ વર્તમાનપત્ર સ્વતંત્ર અને નિર્ભય તરીકે વખણાવા લાગ્યું, અને, આ દૃષ્ટાન્ત નકામું નથી ગયુ તેની સાબીતીમાં ઘણા ચર્ચાપત્રો એ જ વિષય માટે, એ ગૃહસ્થ માટે અને તેના સરખા બીજા ગૃહસ્થો માટે ઉપરાછાપરી આવ્યાં. જે નવા કેળવાતા જુવાનો લેખનપદ્ધતિ શીખવાનો આરંભ કરતા હતા તેમની આગળ અનુકરણનો બીજો નમુનો હતો નહિ! 'તમે મૂર્ખ છો' એમ કહ્યુ ન હોય ત્યાં સુધી, 'આવી મૂર્ખતા તો કોઈ ઠેકાણે દીઠી નથી,' 'મૂર્ખને તે વધારે શુ કહેવું,' 'સુધારાવાળા તો બુદ્ધિના શત્રુ જ જણાય છે,' વગેરે વાક્યો વાપરવામાં કશી અયોગ્યતા નથી એમ નવા લેખકવર્ગે સૂત્ર બાંધ્યુ. એવા એક લેખકે માસિક પત્ર કહાડ્યું, અને, તેના પહેલા અંકમાં મિ. તેલંગે રાજકીય સુધારો અને સંસાર-સુધારો બન્ને સરખી અગત્યના છે અને સાથે અમલમાં લાવવા જોઈએ એ મતલબના કરેલા ભાષણ પર ટીકા આવી. તેમાં બીજો પેરેગ્રાફ ધ્યાન ખેંચે તેવો હતોઃ—

"મિ. તેલગ તે કોણ ? કેળવાયેલો છે, એડવોકેટ થયેલો છે, જાહેર કામોમાં બહાર પડેલો છે, પણ માણસ જ છે કે બીજો કોઈ ? મિ. તેલંગ એમ સમજતો હશે કે તેના વિચાર તે દુનિયાના વિચાર પણ તે ભૂલ છે અને તે ભૂલ પકડી શકનારા છે એ મિ. તેલંગે સમજવું જોઈએ. મિ. તેલંગ સાહેબ ! આખી પ્રજાને પુછ્યા વિના રાજકીય સુધારા કે સંસાર-સુધારા વિશે આપને બોલવાનો શો અધિકાર છે તે જરા વિચાર કરશો ?"

'મિસ્ટર' કહેવાથી કંઈ પૂજ્યભાવ પ્રદર્શિત થતો નથી અને તેથી

પુરુષના નામ પહેલાં તે મુકવામાં હરકત નથી, એમ એ લેખકને ખાનગી પુછી જોતાં માલમ પડયું છે.

પ્રતિષ્ઠિત અને સંભાવનીય પુરુષો પરથી આ તોછાડાઈની કલા રાજ્યકર્તાના વર્ગ તરફ જઈ પહોંચી. લૉર્ડ કર્ઝને પ્રથમ મુબાઈમાં પ્રવેશ કર્યો ત્યારે તેનું વર્ણન ઉપરના મૂળ નમુનાના એક પત્રમાં આવ્યુ હતું:—

" ગઈ કાલરોજ સવારના કલાક પછી હિંદુસ્તાનનો નવો ગવર્નર જનરલ કર્ઝન આ શહેરમાં આવી પુગ્યો અને પાલવા બંદરથી ગાડીમાં બેસી પરેલ તરફ રવાના થયો. * * * * * તે બદશિકલ છે અને મહોંપરથી ઘણો મીંઢો જણાય છે. તેની આંખમાં તેજ નથી. પછી સુસ્ત છે કે ખંદો છે તે કોણ જાણે. તેનું કપાળ શોભી ઉઠ્યું નથી તેથી તેમાં હિંદુસ્તાનના વિચાર ચાલે છે કે તે ખાલી છે તે અટકળ કરી શકાતી નથી. "

રાજકીય ઉન્નતિ તોછડાઈ વિના પ્રાપ્ત થવાની જ નથી એ સિદ્ધાંત એવો દૃઢ થયો છે કે એ વિષયમાં અનેક શુભ પ્રયાસ કરતાં છતાં બાબુ લાલમોહન ઘોસ યુરોપિઅનો સાથે અને અમલદારો સાથે સભ્યતાથી વર્તે છે તેટલા માટે તે લોકહિતદ્રોહી છે એમ તેની નિન્દા થવા માંડી છે !

સાર્વજનિક કાર્યોમાં ગુંથાયેલા પુરુષોના મુખની મુદ્રા અને સ્વભાવના ગુણો વીગતવાર પરીક્ષા કરવા યોગ્ય છે, પણ, મરી ગયેલા અને જીવતા, પાસેના અને આઘા મનુષ્યોના સંબંધમાં વાપરવાનાં વિશેષણોમાં ફેર પડે છે, એવો સભ્યતાના કોઈ કલ્પિત ધોરણને આધારે રચાયલો દુર્બલતાથી ભરેલો મત વર્તમાન કાલના અર્વાચીના લેખકવર્ગે તોડી નાખ્યો છે એ વિજયવાર્તા ઇતિહાસમાં નોંધી રાખવા જેવી થશે. જે વર્તમાન પત્ર જોઈએ તેમાં 'વાક્પ્રહાર', 'કટુકથન' ઇત્યાદિ નામનાં પાનાં જોવામાં આવે છે અને તેને મથાળે "સર્વ કોઈને લખવાની છુટ' મહોટા અક્ષરે જાહેર કરેલી હોય છે. એ પાનાંમાં તો અધિપતિઓએ પોતાના જેવા તેવા અંકુશનો પણ ત્યાગ કરેલો હોય છે અને ગ્રામ્યતા સામે વાંધો લેશ માત્ર રાખેલો હોતો નથી. એક ફકરાનો નમુનો બસ થશેઃ—

"વાહ વાહરે અગડમ બગડમજી ! વાહ વાહરે સોડાવોટરની બાટલીજી ! વાહ વાહરે કાકા ગ્લેડ્સ્ટનજી ! તમે આવા ઢીલા ને પોચા છો એ તો આજ જ જાણ્યું જી ! અમને તો આશા હતી કે લિબરલ મિનિસ્ટ્રી

અમારી માગણી આમ ઉડાવતાં શરમાશોજી ! * * * ખેર, ગદ્ધાને ખાતર ખેત તો નહિં પાપ નહિં પુણ્ય ! ”

એક નવા વર્તમાનપત્રના 'પ્રોસ્પેક્ટસ'માં જણાવવામાં આવ્યું હતું કે ' "ગર્દભલત્તા" નામે રમુજી ઉપાલંભના ફકરાઓનું એક ખાસ કોલમ દર અંકમાં રાખવામાં આવશે અને એ બાબતમાં કસાયેલી કલમવાળા ત્રણ અનુભવી લખનારાઓ મેળવી રાખવામાં આવ્યા છે. ' કમનશીએ આ વર્તમાન પત્ર નિકળ્યુંજ નહિં અને એ અનુભવી લખનારાઓને ગર્દભલત્તા ચલાવવાનો લાગ મળ્યો જ નહિ હાલ તેઓ શું કરે છે તે જાણવામાં નથી.

તોછડાઈની કલાની સૌન્દર્યોત્પાદકતા અને કલ્પનાપ્રભાવ આટલે સુધી જોયાં. એ કલાની ઉચ્ચ પદવી વિશે હજી કોઈને શંકા રહેતી હોય તો તેના એક બીજા ઉલ્લાસ પર દૃષ્ટિ કરીએ. આ પ્રાંતના વર્તમાન પત્રોની જાહેર સવાલો પરની ટીકાઓથી જે સાહિત્ય થાય છે તે કરતાં કંઈ જુદું સાહિત્ય કેળવાયેલા પુરુષોના વાદવિવાદથી બને છે. પ્રવર્તમાન શિક્ષણપદ્ધતિમાં કેળવાયેલા વર્ગને હાથ હજી સાપ્તાહિક વર્તમાનપત્રો આવ્યાં નથી, તેથી, આ ભેદ પડી શકે તેમ છે. એ સાહિત્યમાં દેશી વિદેશી અને પ્રાચીન અર્વાચીન પ્રસિદ્ધ પંડિતોના વિચારો અને શબ્દો સ્થળે સ્થળે દાખલ થયેલા હોય છે, અને, તેથી ' સાક્ષરતા 'નું પદ તેને ઘટે છે તેમાં સંશય નથી. પણ, લેખનશૈલી જોતાં મુંબાઈના ગુરુજનની છાપ પડી રહી ગઈ નથી એમ જણાઈ આવે છે, અને, શ્રી અને સરસ્વતી એક સ્થાનમાં સાથે રહી શકતાં નથી એ જુના સિદ્ધાન્તમાં એક નવો વિલક્ષણ સિદ્ધાન્ત ઉમેરાયો છે કે સાક્ષરતા અને તોછડાઈ નિકટ સંબંધે સાથે રહી શકે છે.

વાદવિવાદના સંબંધમાં આ અર્વાચીન કલાની ચર્ચા કરતાં એક પ્રાચીન આદર્શ ભૂલી જવો ન જોઈએ. કહે છે કે શાસ્ત્રીઓની સભા મળે ત્યારે આરંભમાં તો **भवत्पादाः** (આપના ચરણો)થી સંબોધન થાય, પછી **भवन्तः** (આપ—બહુવચનમાં) કહેવાય અને પછી તે એકવચનના **भवान्** (આપ) પ્રયોગ પર આવે. પછી કાલક્રમે **यूयं** (તમે) નો વ્યવહાર શરૂ થાય, અને સાધારણ ઉપયોગમાં આવતાં **त्वं** (તું)થી કામ ચાલી રહે. અને પછી અન્તે **रे रे रासभ ! रे रे लम्बकर्ण ! रे रे हतबुद्ध !** થી પૂર્ણાહુતિ થઈ સભા અધ્યક્ષની આજ્ઞા વિના બરખાસ્ત થઈ જાય.

હવે, આ શાસ્ત્રીઓના બચાવમાં કહેવું જોઈએ કે દક્ષિણાની હરિફાઈ-

ને લીધે તેમને પરસ્પર સૌજન્યના પ્રસંગ આવતા નહોતા, અને, રાજાઓ તથા ધનિકો તેમની આવી મલ્લકુસ્તીમાં આનંદ માનતા હતા, તેથી, કટુતાના વ્યવહારનો જ તેમને અભ્યાસ થતો હતો. વળી, સાધારણ સ્થિતિના મનુષ્યો પણ તેમને દક્ષિણારૂપી પાણી ચુસી જનારી વાદળીઓ ગણી તેમને 'મહારાજ' કહી અને નમસ્કાર કરી તેમનાથી દૂર રહેવાનો પ્રયત્ન કરતા હતા, તેથી. તેમની ક્રોધવૃત્તિ અન્તરમાં સદૈવ ઉગ્ર અને ઉત્તેજિત રહેતી હતી. હાલના વિદ્વાન્ વિવાદીઓનો એવો કંઈ બચાવ થઈ શકે તેમ નથી. તેમનો વિવાદ ઘણું કરીને લખાણમાં ચાલે છે તેથી શબ્દોનો ઉચ્ચાર કરતાં પહેલાં અને કર્યા પછી વિચાર કરવાનો તેમને પુષ્કળ વખત મળે છે. તેમની ચર્ચાના વિષયો પણ ઘણું ખરૂ તાત્કાલિક ફલની વર્તમાન હકીકતોના નથી હોતા, અને તેથી, ખાસ હિતાહિતના પ્રચલિત આકર્ષણ અને પ્રતિઘાત તેમના મનની શાંતિ ઉથલાવી નાખે એમ બનવું ન જોઈએ. વિશ્વના આરંભ અને તેના પહેલાંની વાતોથી શરૂ કરીને તેના અંત અને તે પછીની વાતો સુધીમાંના ગમે તે વિષયો તેમના વિવાદમાં આવે છે, અને, તેઓ ચિત્તની સ્વસ્થતા ખોઈ ઉશ્કેરાઈ જાય એવું કંઈ કારણ બનતું નથી. તે છતાં, તોછડાઈની કલાની તેઓ કદર પિછાને છે એ તેમની પ્રવૃત્તિ કેવી નિઃસ્વાર્થ છે, અને આ કલાના પૂર્વોક્ત ગુરુજનો તરફથી તેમને કેવા દૃઢ સંસ્કાર મળ્યા છે તે બતાવી આપે છે વિદ્વત્તા સંપાદન કરેલી હોવાથી તેમના કલાવિધાનનાં વિશેષ ચારુતા હોય છે, અને, અસંસ્કૃત વર્ગ ગાળો જ દઈ શકે ત્યાં ગાલિપ્રદાન ન કહી શકાય એવા પરુષ શબ્દો તેઓ વાપરી શકે છે નહિં કેળવાયેલા ઉઘાડા તિરસ્કાર જ દર્શાવી શકે છે, અને, એ સિવાય બીજો કલાવિધિ આવડતો ન હોવાથી કોઈક વેળા તેમને અન્તર્વૃત્તિ દાબી રાખવી પડે છે. પણ, આપણા ચતુર વિદ્વદ્વર્ગને એ મુસ્કેલી નડતી નથી. અર્થના ભિન્ન ભિન્ન સૂક્ષ્મ ભેદવાળા કટુ શબ્દો તેમને કોષમાંથી મળી આવે છે અને તે વડે તેઓ તોછડાઈવાળાં સુન્દર વાકયો રચી શકે છે.

" પણ કહેવામાં આવે છે કે એઓ શઠ છે. અમે પણ તે કબુલ કરીએ છીએ; અમને ફક્ત એક માત્રા જેટલો જ શક છે. અમે એમને પૂરેપૂરા ઓળખતા નથી. शठस्य शाठ्यं शठ एव वेत्ति ।"

" સુધારામાં પણ પ્રેમની ભાવના શી છે ? વાંદરો વાંદરી પરથી સૌન્દર્યની કલ્પના કરે છે ! પણ શું દુરાચાર તે સદાચારને નામે ખપી શકશે ? * * * પાપ બધું સુધારાને માથે ભલે હો."

"નૃપનાપિતપુત્રન્યાયે પ્રાર્થનાસમાજવાળા પોતાની ઈશ્વરકલ્પનાને અતિભવ્ય માને છે. પૃથ્વી પરનાં તમામ ધર્મપુસ્તકો હું જોઈ ગયો પણ એવી કલ્પના કોઈ ઠેકાણે દીઠી નહિં. પણ, એ લોકો પેઠે સર્વજ્ઞ હોવાનો હું દાવો કરતો નથી. **यदा किंचिज्ज्ञोऽहम्** ઇત્યાદિ. શબ્દચ્છલની શક્તિ તો હોય તેમને મુબારક હો."

આવી નિપુણ વાક્યરચનાઓ આપણા વિદ્વદ્વર્ગ સિવાય શું બીજા કોઇથી થઈ શકે તેમ છે? સાધારણ સંભાષણમાં સુજનતા વાપરવી પડતી હોય તોપણ વાદવિવાદમાં અને લેખનમાં તોછડાઈની કલાનો ઉપયોગ થવો રહી જવો ન જોઈએ, એ સૂત્ર આવી સ્પષ્ટતાથી સ્થાપી તેનો બહોળો પ્રચાર કર્યાનું માન તેમના કરતાં બીજા કોને વધારે ઘટે છે?

આ રીતે આ કલા આટલો બધો વિસ્તાર અને ઉલ્લાસ પામ્યા છતાં રમ્ય કલાઓના મંડલમાં તેનો અંગીકાર ન થાય એવું શા માટે થવા દેવું જોઈએ? દરેક અધિકારી મંડળ પોતાની અંદર બીજાને આવવા દેવા નાખુશ હોય છે, પણ, તે શું પ્રયત્ન મુકી દેવાનું કારણ છે? તોછડાઈની કલાના અભ્યાસકો પોતાની એ કલા તરફ પણ તોછડાઈ વાપરે છે એમ કદિ ધારવામાં આવે તો કેવું ખોટું? જે કલાનું આટલું બધું અનુસરણ થાય તેની પ્રતિષ્ઠા માન્ય કરાવવાનો પ્રયાસ ન થાય એ શું કૃતઘ્નતા નથી? વિદ્વાનોને આટલાં બધાં પુસ્તકો લખવાનો અવકાશ મળે છે, તો પોતાની ઇષ્ટ કલાને બીજી કલાઓ સાથે સરખાવી અને તેમાં રસનિષ્પત્તિ શી રીતે થાય છે તે પોતાના અનુભવથી સમજાવી તેમાં સુન્દરતાની ઉત્પત્તિ છે, કલ્પનાનો પ્રભાવ છે અને સહૃદયતાના સંસ્કાર છે એટલું સિદ્ધ કરવાનો અવકાશ તેમને નહિં મળે? મ્હોટાં મ્હોટાં કામ લઈ બેઠેલાઓને એવી બેદરકારી છાજતી નથી.

૩.

બ્હેન કમલાનાં કાવ્યો.*

ચર્ચાપત્ર.

અમદાવાદ
તા. ૩—૩—૯૬.

મે. રા. રા. જ્ઞાનસુધાના તંત્રીની સેવામાં,

વિનંતી કે, મારે એક કમલા નામે અગીઆર વર્ષની પુત્રી છે. કહેવત તો છે કે પુત્રનાં લક્ષણ પારણામાંથી જણાય, પણ મારે આ પુત્રીનાં લક્ષણ પીડીઆમાંથી જણાયાં હતાં. અને હવે પણ આ અલૌકિક પુત્રીનાં મહાન્ લક્ષણો અલ્પ વયમાંથી જ સ્ફુરતાં જણાય છે ! કવિતા બનાવવામાં તે ઘણી કુશળ છે, તથા નિસર્ગશક્તિ ધરાવે છે ! ! ! તંત્રી સાહેબ, આશ્ચર્ય પામતા નહીં. આપને વિદિત હશે કે મિલ દશ વર્ષની વયમાં ઘણા વિષયોમાં પ્રવીણ હતો; ડેન્ટી નવ વર્ષે પ્રેમનું રહસ્ય સમજ્યો હતો, ડી કવીન્સીને બે એક વર્ષની ઉંમરે તેની બ્હેનના મૃત્યુથી અદ્ભુત અસર થઈ હતી.

બ્હેન કમલાનાં રચેલાં કાવ્યો મારી પાસે છે. તેણે અંગ્રેજી અભ્યાસ કરેલો નથી તેથી સ્ત્રીકવિઓનાં કાવ્યો તેના વાંચવામાં આવેલાં નહીં. પરંતુ હાલમાં "ચંદ્ર"માં બે ત્રણ વર્ષથી સ્ત્રીઓનાં લખેલાં કાવ્યો તેના વાંચવામાં આવ્યાં તે પરથી કવિતા લખવાની એની વૃત્તિ દિવસે દિવસે પ્રબલતર તથા ઉત્તેજિત થવા લાગી. અંતે પોષ તથા માઘ માસનાં "ચંદ્ર"માં તંત્રીનાં પત્નીની કવિતા જોઈ તેની ઉત્કંઠાની પરિસીમા થઈ તથા તેણે મને વિજ્ઞાપના કરી કે કોઈ સુપ્રસિદ્ધ માસિકમાં મારાં કાવ્ય મોકલો. તંત્રી સાહેબ ! નિર્મલ હૃદયના ઉભરાતા ઝરણને યોગ્ય સ્થાને ગોઠવવા માટે આપના સાહિત્યપૂર્ણ તથા નિર્મલ પત્ર જેવું યોગ્ય બીજું ના લાગવાથી આપની તરફ આ સાથે બે કાવ્ય મોકલ્યાં છે. સાથે ટીકા મેં જાતે લખેલી છે. તેનો ઉદ્દેશ અર્થ સમજાવવાનો, બીજા ઉત્કૃષ્ટ કવિઓ જોડે સામ્ય દર્શાવવાનો તથા કાવ્યોનું પોતાનું મહત્ત્વ વધારવાનો છે ! તેમ કરતાં જો આત્મશ્લાઘાનો દોષ આવશે તો ખમવા તત્પર છું. મેં મારી પુત્રીને ખાસ શિક્ષણ આપવાનો પ્રયત્ન પ્રથમથી કરેલ છે. તેના સાફલ્યની તુલના સુજ્ઞ વર્ગ સહજ કરશે. કમલાનાં કાવ્યને સાક્ષર વર્ગ કેવા પ્રકારનું અભિનંદન આપે છે તે જોઈ તેનાં બીજાં કાવ્યોનો સમૂહ "બાલ—ક્રીડન" એ નામે પુસ્તકના આકાર-

---

* "જ્ઞાનસુધા" માસિક પત્રના સન ૧૮૯૬ના ફેબ્રુઆરી—માર્ચના અંકમાં છપાયેલો લેખ.

માં પ્રસિદ્ધ કરવા વિચાર છે. મારા શ્રમનું ફલ—પરિપાક—વાચકવર્ગ સમક્ષ મૂકતાં મને અત્યાનન્દ—ગર્વ—થાય તેમાં શું આશ્ચર્ય ? ! વાચકવર્ગને આ કાવ્યોની દરકાર હો વા ના હો કિંતુ મારે મન તો એ અમૂલ્ય રત્નો છે; તેનું પ્રમાણુ મેં તે પ્રકટ કર્યાં છે એ પ્રત્યક્ષ છે. અને મારી તો ઇશ્વિર પ્રતિ એ જ યાચના છે કે મારી કમલા જેવી સુપુત્રીઓની આ આર્ય દેશમાં વૃદ્ધિ થાઓ અને તે વડે આર્યોત્કર્ષભાનુનાં જે કિરણો ક્ષિતિજમાં છે તેનો મધ્યાહ્ન તપો ! કિંબહુના ! ? !

૧

ભુજંગી.

સવારે જમીને લઈ સ્લેટ હાથે
નિશાળે જઉં ચોપડી લેઈ સાથે;
લઉં બાતણી પાસથી પાઈ એક,
ખઉં એક વાગે મમેરાજ સેવ. ૧

ભણીને ગણીને બનું જો હું ડાહી,
પિતા નક્કિ મૂને કહેશેજ વ્હાલી,
પછી ઘેર જૈને બકૂડોજ ભાઈ;
રમાડી રમાડી રહું હેરખાઈ. ૨

૨

વસંતતિલકા.

વાર્તા કહું હું કુતરાનિ લડાઈ કેરી,
તે સાંભળો સકલ લોક તણાજ શેરી;
કહે એક શ્વાન ઘુરકી ભસિને બિજાને,
"કાં આવીઓ અહિંજ" કહે "ઝખ મારવાને." ૧

× × × × × ×

૧. પ્રથમ કાવ્ય સ્વાનુભવરસિક (subjective) છે. કાવ્ય અત્યંત સરલ હોઈ વર્ડસ્વર્થના We Are Seven કાવ્યની બરોબર થવા જાય છે. વસ્તુ સ્વાભાવિક છે. અગિઆર વર્ષની કોમળ બાલાને અનુકૂલ છે. તેને નિશાળ, ખાવું, માતા પિતા તથા બંધુ એ સિવાય બીજા શાનું ભાન હોય ! ? ! સરલ હૃદયનો ઉલ્લાસ ભાવપ્રદર્શનમાં ઉદ્‌ભવી ઉપરનાં વચનોમાં સંક્રાન્તિ પામ્યો છે! ભાવ એ જ કવિતાનો આત્મા હોય તો ઉત્તમ કાવ્યમાં આથી બીજુ શું જોઇએ ? બીજા શ્લોકનાં પ્હેલાં બે ચરણો વાંચનારને બાયરનના All For Love માંનાં નીચેનાં ચરણની પ્રસાદી આપે છે,

"O Fame!–if I e'er took delight in thy praises,
'Twas less for the sake of thy high–sounding phrases,
Than to see the bright eyes of the dear one discover
She thought that I was not unworthy to love her."

ચરણોનો ક્રમ પણ યથાર્થ છે. છેલ્લી લીટીની દ્વિરુક્તિ વીપ્સાદર્શક છે. લઘુ બાંધવને રમાડી કવિ પોતાને કૃતકૃત્ય થએલી માને છે.

૨. બીજું કાવ્ય (અપૂર્ણ છે) સર્વાનુભવરસિક (objective) કાવ્યનો એક નમુનો છે. પ્રથમ કાવ્યની પછી એનો ઉદ્દ્ભવ થયેલો છે તે શબ્દ તથા અર્થના ગૌરવ પરથી સહજ જણાય તેમ છે. પ્રથમની પેઠે વસ્તુ-સંકલના આમાં પણ સરલ હોઈ મનને આહ્લાદક થઈ પડે છે!! 'ધુરકી' એ શબ્દ પછી 'ભસિ' શબ્દ આવવાથી જાણે દુધ ને શર્કરાનું મિશ્રણ થયું હોય એમ ભાસે છે. 'ઝપ મારવાને' એ વાક્ય બીજું કૂતરૂં પ્હેલાને ઉત્તરમાં કહે છે. શાકુન્તલમાં મુનિકુમારને દુષ્યન્તરાજા પુછે છે કે શકુન્તલાને પરણીને નાકમુલ શું ફલ મેળવવા કરૂં? તેના ઉત્તરમા મુનિકુમાર કહે છે કે **विनिपातः** તે જેવો યોગ્ય (appropriate), સમયાનુકૂલ તથા ઉગ્ર તપસ્વીઓનો ક્રોધાગ્નિ દર્શાવનારો છે તેવો જ આ "ઝપ મારવાને" એ ઉત્તર છે એમ રસજ્ઞ વાચકો જોઈ લેશે. કાવ્યોની વિશેષ ખુબી તથા નિસર્ગતા એ છે કે સંસ્કૃત કે અંગ્રેજી કવિઓના અધ્યયન વિના સ્વતઃ તેમના જેવા ભાવનું સ્ફુરણ થયુ છે એ અપૂર્વ કવિત્વશક્તિનું સામર્થ્ય દર્શાવે છે, તથા મહાન્ મનુષ્યો પરસ્પર ભિન્ન હોઈ કેટલેક અંશે સમાન હોય છે તે વાત સ્ફુટિત થાય છે. મહાકવિ શેક્સપિયર માટે એવુ કહેવાય છે કે He knew little Latin and less Greek તે પરથી એવું સિદ્ધ થાય છે કે કવિને સાક્ષર હોવાની જરૂર નથી. તેમાં મારી પ્રિય પુત્રી એ બીજું દષ્ટાંત છે. એને સંસ્કૃત વા ઇંગ્લીશનું જ્ઞાન નથી. છેવટે જેમ ઘણાનો હાલમાં એ પોકાર છે કે સ્ત્રીઓ માટે સ્ત્રીવૈદ્યોની જરૂર છે તેમ મારો પોકાર એ છે કે બાલકો માટે આવાં બાલક કવિની તથા સ્ત્રીઓ માટે સ્ત્રીકવિઓની આવશ્યકતા છે! જય! ભારતનો જય!!!

લી. સેવક

?!! ઝળળળળળ...... !!?

૪.

ભોમિયાને દીધેલી ભુલથાપ.* †

(૧.)

ભોમિયાઓ જે દુઃખ દે છે તે તો જેને તેમની સાથે પ્રસંગ પડ્યો હોય તે જ જાણે. મુસાફરીમાં સહેલ કરવા સારૂ અમે ઉત્તર હિંદુસ્તાનમાં ફરવા નિકળ્યા હતા, પણ, ગામે ગામ જોવા લાયક ઠેકાણાં બતાવવા આવનાર ભોમિયાઓ તરફથી જે પીડા ખમવી પડી તેથી ખાતરી થઈ કે દુનિયામાં ભોમિયા છે ત્યાં સુધી મુસાફરીમાં સુખ હોઈ શકે જ નહિં. પરંતુ, ભોમિયા વિના પરદેશ જોવાનું બની શકતું નથી, તેથી, તેમના ત્રાસનો અમે જે ઉપાય કર્યો અને અમને થતા ઉપદ્રવનું દુઃખ કંઇક ભૂલવા સારૂ ભોમિયાને સામો ઉપદ્રવ કરી રમુજ મેળવવાના પ્રયત્નમાં જે રીતે અમે ફતેહ પામ્યા તેનું વર્ણન આપવું ઉચિત છે કે વખતે અમારા જેવા કોઈ દિલમાં દાઝેલાને તે વાંચી ફાયદો થાય.

અજમેર, જયપુર, ભરતપુર, આગ્રા, અલિગઢ, એ શહેરોમાં જોયું તો ઘણું, પણ, ભોમિયાઓએ મહેનત માટે, ઇનામ માટે, બક્ષિસ માટે તથા દસ્તુરીને બહાને, દલાલીને બહાને, ભાડાને બહાને કકડે કકડે જે પૈસા કઢાવ્યા તે આપતાં જીવ એટલો દુઃખી થયો કે એટલા પૈસા સામટા ડાંગો મારી લુંટી લીધા હોત તો વધારે સારૂં થાત એમ લાગ્યું. દીલ્હી આવતાં આ અન્તર્વેદનાથી અમારો ઉત્સાહ ભાગી ગયો, અને, દીલ્હી જોયા વિના જ ચાલ્યા જવું કે બીજા શહેરના ભોમિયા ઉપરનું વેર દીલ્હીના ભોમિયાપર વળાય એવો વિચાર અમને થવા લાગ્યો. પણ, અમારી સાથે હકમચંદ શેઠ હતા તે હમેશ બડાઈ મારતા હતા કે દિલ્હીના ઠગથી પણ હું ગાંજ્યો ન જાઉં, અને, તેમણે આ વખતે ભોમિયાને ગભરાવવાનું અને એક પાઈ પણ વધારે ન આપવાનું ભારે કામ માથે લીધું.

'સીરાઈ'માંથી અમને ગંગાપ્રસાદ નામે મેલાં કપડાંવાળો અને બદમાશ ચહેરાવાળો ભોમિયો મળી ગયો. તેને લઈ પહેલવહેલા અમે કુતુબમિનારો

* "જ્ઞાનસુધા" માસિક પત્રના સન ૧૮૯૬ના ઑગસ્ટ–ડીસેંબર સુધીના અંકોમાં છપાયલો લેખ.

† Mark Twainના The Innocents Abroadમાં આપેલા વૃત્તાન્ત પરથી નમુનો લઈ યોજેલું.

જોવા ગયા. ત્યાં પહોંચ્યા પછી ભોમિયાઓની રીત પ્રમાણે તેણે જીભ છુટી મુકી દીધી. 'હજુર ! દેખો એ કુતુબ મિનારા હયે. કુતબુદ્દીનશાહ બાદશાહને બનવાયા. ઐસા ઉંચા મિનારા સારી જહાનમેં નહિં હયે. એ ઇસિકી સામને હયે તો ભીમસેનકી ગદા હયે. તમામ લોહેકી. જીતની ઉપર હયે ઇતની જમીનકી અંદર હયે. ભીમસેનને સબકુ મારે બાદ કોઈ ના રહ્યા તો ગદા વ્હાં આકે જમીનમેં ગાડ દીઈ.' ભવ્ય કુતુબ મિનારા ઉપર અમે ચડ્યા, ઉપરથી જણાતો આસપાસનો મનોહર દેખાવ જોયો, નીચે ઉતરી ભીમસેનની ગદા કહેવાતો વિચિત્ર સળંગ લોઢાનો થાંભલો જોયો. તે ઉપર અમર થવાની નિષ્ફળ આશામાં લોકોએ કોતરેલાં નામ વાંચ્યાં પણ, એ બધી વાર ચિત્તમાં અંદર મનન કરવાનો અને અદ્ભુતતાથી આનંદ પામવાનો ભોમિયાએ અવકાશ જ આપ્યો નહિં. આખો વખત તે બોલ બોલ કરતો હતો. 'એ પથ્થરકી કમાન હયે ઇસિકી દુસરી બાજુ દુસરા મિનારા હોનેવાલા થા. એ સામને મકાન હયે તો પ્રિથિરાજ રાજાને બનવાયા. એ વ્હાં મિનારેકી ચોકી-કે લીએ નોકર રહેતા હયે. ઓ બી કુછ ઉમેદ રખતા હયે. આપ જેસે બડે આદમી આવે—'

વખત આવ્યો જાણી હકમચંદ ભોમિયાને અટકાવ્યો, અને, નવું સ્થાન પહેલું જોયાની આશ્ચર્યવૃત્તિ હજી મુખ પર કાયમ હોય એવું ડોળ કરી બોલ્યા, 'પણ હજી બદ્ધું જોવા ટો કે ગંગાપડશાટ, એ ટો ખડું, પણ આ બેમાંઠી મીનાડો કયો અને ગડા કયી ટે ટો કહે.'

ગંગાપ્રસાદ ચમક્યો, પણ, પાછો ઠેકાણે આવી સભ્ય થઈ બોલ્યો, 'મહરાજ, એ મિનારા હયે, ઓર એ લોહેકી ગદા હયે.'

'હં, ટાડે એમાં શું મોટું જોવાનું ! આપણે ટો જાણ્યું કે ઉચી છે ટે ગડા હશે, મીનાડા ટો બડે ઉંચા હોય. બીજું કાંઇ જોવાનું છે કે?'

'દુસરા તો હજુર કુચ નહિં હયે એ દેખનેકુ સબ લોક આતે હયે'- ભોમિયાનો ઉત્સાહ કંઈક નરમ પડયો.

'ભોમિયો પસંડ કરવામાં આપડી બઢે ભૂલ જ ઠાય છે.'

મિનારાના રખેવાળને બક્ષીસ અપાવવાની વાત ભોમિયાએ ફરી સંભારી જ નહિં, અને, અમે ગાડીમાં બેઠા કે તરત ગાડીવાન જોડે તે મુગો મુગો બેસી ગયો. રસ્તામાં એક આઘે જણાતી મસીદ તરફ હાથ કરી તેણે પોતાની બેઠકમાંથી વાંકા વળી હમને કહ્યું, 'હજુર, એ કાલા મસજીદ દેખને જેસા હયે.'

સાધારણ મસીદ સિવાય બીજું કંઈ જણાતું નહોતું તેનો લાભ લઈ હકમચંદે પુછ્યું, ' એમાં કંઈ સારૂં સારૂં જોવાનું છે કે ? '

' દેખનેકા તો ઐસા કુછ હયે નહિં. લેકિન બહોત પુરાની મસજીદ હૈ. '

' ટારે ટો ભાઈ ચલાવ અગાડી. અહીંઠી જ જોવાય છે ટે બસ છે. '

ભોમિયાની હાર થઈ અને ગાડી અગાડી ચાલી. હવે તો હમને પુછ્યા વિના એક બીજી મસીદમાં ભોમિયો ગાડી હંકાવી ગયો ' હજુર, યે હુમાયુકી કબર હયે ' તેનું ભાષણ ન સાંભળતાં હમે નિરીક્ષણ કરવામાં પડ્યા. મકાન ભવ્ય અને જોવા લાયક હતું. મસીદ રાતા પથ્થરથી બાંધી હતી, અને, પથ્થરમાં વચ્ચે આરસપાહાણના કકડા ગોઠવ્યા હતા. ઉપર આરસપાહાણનો સુંદર ઘુમ્મટ હતો. બધે ફરી રહ્યા અને મસીદના મુઝાવરે આવી સલામ કરી. અને, ભોમિયાને તેને માટે બલામણ કરવાનો વખત આવ્યો જાણી હકમચંદ પોતાનો બધો વખત ઘુમ્મટ જોવામાં જ ગયો હોય અને કહેવાયેલા વર્ણન પર કંઈ લક્ષ આપ્યું ન હોય એવી આકૃતિ કરી બોલ્યા. ' શું કહ્યું, ગગાપડશાટ ? આ કબડની હુમાયુ છે ? '

' નહિં મહારાજ, હુમાયુકી કબર. '

' આપડી બલા જાણે કે હુમાયુ એટલે શું અને કબડ એટલે શું. વાઢ. સમજાવ તો ખડો, હુમાયુનો માયનો શો ? '

' હજુર, માયના તો ખબર નહિં હયે, લેકિન હુમાયુ બાદશાહ થા '

' ટે ગમે ટે હશે, પણ, ટને માયનો ખબડ નહીં ! '

' નહિં હજુર. '

ફતેહનો લાભ લઈ હકમચંદ અમારી તરફ ફર્યા અને બોલ્યા, ' જોઈ કની, આ ભોમિયા લોકો ટો કંઈ જ જાણટા નહીં. કોણ જાણે કોણ એવા શાઠી આપે છે. ' ફરી ભોમિયા તરફ જોઈ તે બોલ્યા, ' વાઢ, તે બાડશા કાં છે. ડેખાડ ટો ખડો, જોઈએ ટો ખડા કે બાડશા કેવો હાય. '

' મહારાજ, હુમાયુ બાદશાહ તો ગુઝર ગયા. યાં તો ઉસિકી કબર હૈ, લાસ દાટી હુઇ હયે. '

' અડડડડ, મડડું ડાટેલું છે કે ? ટાકું નખોડ જાય, અગાઉઠી કેમ ના બોલ્યો ? મશલમાનના મડડામાં ટે શું જોવાનું હતું, અને ડેના પર ફઈને ટે જવાય? ચાલો ભાઈ, અહીંઠી જલડી ચાલો. આ ડીલીના લોક ટો અડઢા મશલમાન જેવા ટે આભડછેડ સમજટા નહી. '

ભોમિયો ગભરાઈ ગયો, ગુંચવાઈ ગયો, આભો પડી ગયો, નિરાશ થઈ ગયો. ગાડીમાં અમે અગાડી ચાલ્યા. ગાડીમાંથી આઘે જણાતાં ખંડીએર બતાવી ભોમિયો બોલ્યો, 'દૂર દીખતા હયે વો પુરાના દીલ્લી હયે.'

'ટાં અસલ કેટલાં ઘડ હશે !'

'હજુર, ઘર કિતને ઓ તો માલુમ નહિં, લેકિન—'

'ટાડે ટો ભાઈ મુગો મુગો અગાડી ચલાવ હું શું ડેખાડવાનો હટો ? કમાડી આંખો ફુટી ગઈ છે?'

શહેરમાં અમે પાછા જઈ પહોંચ્યા અને મુગલ પાદશાહોના મહેલ-ો હવે કિલ્લા બનાવ્યો છે તે જોવા ગયા. જનાનખાનાને ઠેકાણે થયેલા સોલજરોના બેરેક્સ આંખ કરતાં મનને વધારે કુતૂહલ કરાવે છે. પણ, ભોમિયાએ પાછી વાચાલતા શરૂ કરી હતી. બતાવવા લાયક સુંદર જગાઓ જોઈ તે પાછો ઉદાસમાં આવ્યો હતો અને આશાવાન થયો હતો. સફેદ આરસપાહાણથી બાંધેલા એક રમણીય અને વિશાળ મકાનમાં લઈ જઈ સોનેરી અને બીજા કીમતી પથ્થરો ગોઠવ્યાથી દીપી ઉઠતી તેની ભિંતો તથા છત બતાવી તે બોલ્યો, 'હજુર, એ દીવાન–એ–ખાસ હયે. ઓ ઉંચા જેસા પથ્થર હયે ઉસકે ઉપર મોરતખ્ત થા.'

'એ ડીવાનેખસ અને મોડટખસ હિંડુ છે કે મશલમાન, અને જીવટા છે કે ડાટેલા છે ટે પહેલુ કહેજે.'

ભોમિયાના પેટમાં પાછું તેલ રેડાયું. પણ, હજી તે ઉલટમંદ હતો અને હસી ખુશ ચહેરો જારી રાખી બોલ્યો, 'નહિં હજુર, હિંદુ મુસલમાન એસા નહિં. ઓ તો—

'ટાડે પાડશી કે જિડંગી હશે.'

'નહિં, નહિં, ઓ તો ઉમરાવોકા દરબાર ભરનેકી જગોથી. ઉસકુ દીવાન–એ–ખાસ કહેતેથે. ઔર, મોરતખ્ત બાદશાહકુ બેઠને કે લિયે મોર પંખી માફક તખ્ત થા.'

'ટાડે લાંબાં લાંબાં નામ ન કહેટાં પહેલેઠી એમ જ કહેવુંડું ને! વાહ, ઓ મોડ ટો જીવટો હશે.'

'મોર સચ્ચા નહિં.'

'મોડ પણ સાચો નહિં! જવા ડે, જવા ડે, ભાઈ. હું ટો ડીલીમાં શું બટાવવા જેવું છે ટે જાણુટો જ નઠી.'

સોમિયાનો ચહેરો પાછો દયામણો થઈ ગયો. કંઈ વધારે બોલ્યા વિના તે અમને મોતી મસજીદમાં લઈ ગયો. નાની મસીદની મનોહર ઘટિત સુંદરતાને મોતીની ઉપમા ખરેખરી યોગ્ય હતી. હુકમચંદ હજી ઘમથીઆં પર જ હતા ઉપર આવી તેમણે પુછ્યું, 'ગંગાપડશાટ, મૈં સાંભળ્યું નહિં. આ કોનું ઘડ છે?'

'ઘર નહિં હયે.'

'ટાઉ ઘોડ તો નહી?'

'નહિં, એ તો ફક્ત મસજીદ હયે. ઇસિકા નામ મોતી મસજીદ'

'પણ ટે મકાન બાંઢ્યું શા માટે?'

'એ તો બાંધનેવાલા જાને.'

'ટો, જા ટેને પુછી આવ. જીવે છે કેની?'

'તોબાહ, તોબાહ. મર ગયાને અડાઇસો બરસ હુવે!'

'શા આજાડથી મડી ગયો?'

'એ તો માલુમ નહિં નહિ કહે સકતા હું.'

'શીટલા નીકલ્યા હશે?'

'ભગવાન જાને કયા બીમારીસે મર ગયા. એ નહિં જાનતા હું.'

'કે પછી સુઝાડો ના ઠયો હોય!'

'હઝુર, મેં કસમ ખા કે કહેતા હું કે મેરેકુ ખબર નહિં હયે. મર ગયા તો કુછ તો ઉસકુ હુવા હોયગા હી.'

સોમિયામાં હવે કંઈ તેજી રહી જ નહોતી. બીજાઓને બક્ષીસ અપાવવાનું તો તે ભુલી જ ગયો હતો અને પોતાને માટે માગવાનું પણ તેને સાંભરતું હોય એમ લાગ્યું નહિં. કિલ્લામાંથી નિકળતાં સાંજ પડી ગઈ અમે બારોબાર સિરાઇમાં ગયા. ત્યાં જઈ ગંગાપ્રસાદે રજા માગી. જે આપ્યું તે લઈ પોલી સલામ કરી તે ચાલતો થયો, અને, બીજે દહાડે દેખાયો નહિં.

(૨.)

ગંગાપ્રસાદ આવ્યો નહિં ત્યારે તો અમને એમ લાગ્યું કે હવે સોમિયા વિના નહિં ચાલે. વાજબી કિમ્મતે સોમિયાની મદદનો અને તેના ચિત્તની મુસ્કેલીનો બન્નેનો લાભ મળી શકે છે, એમ માલમ પડ્યું તેથી

ફરી જોવા નિકળતા પહેલાં બીજા બોમિયો સાથે લેવાની ઉત્કંઠા થઈ. ભાંગડું બોલવાની અને કમઅકલ થવાની ટેવ વિના હકમચંદ બન્ને ઢોંગ બરોબર પાર ઉતારી શક્યા તેથી અમને તેમના પર શ્રદ્ધા બેઠી હતી, અને, જે ત્રણ નવા બોમિયા સીરાઈવાળાએ બોલાવી મગાવ્યા તેમાંથી પસંદગી કરવાનુ અમે હકમચંદને સોંપ્યું. એકને તો તેની ઉદર જેવી આંખો અને કાન જોઈને જ રજા આપી. બીજો બોલતાં બોલતાં વાંકો વળી જઈ ચર્બાઈ ભરેલુ હસતો હતો, અને તે વેળા તેની મુખાકૃતિ એવી થતી હતી કે તે જોઈ કોઈ પણ આબરૂદાર માણસનો પગ લત્તાપ્રહાર માટે ઉપડ્યા વિના રહે નહિ. તોપણ ઇનિમાક ખાતર હકમચદે તેની પરીક્ષા કરી જોઈ. ‘ દીલ્લીમાં ખડેખડુ જોવા જેવું શું વાડુ ? ’

‘ હી—હી—ઈ. દેખને જેસી તો મીઠાઈવાલેકી દુકાન હયે. હી—હી—ઈ. ચુઆબીલ્લીકા કિસ્સેકા તમાશા હયે. હી—હી—ઈ. હમને તો સબ દેખા હયે. હી—હી—ઈ. તુમારે જો દેખના હોવે ઓ કહો, વાંહા લે જાવે. હી—હી—ઈ. હમ હુશીઆર હયે. હી—હી—ઈ. ’

અહીંથી જ તે અટક્યો હોત તો ઠીક થાત, કેમકે આટલું તો તે મહોડે કરી લાવેલો હતો અને કડકડાટ બોલી ગયો. પણ, તેના વિશે અમને સારો અભિપ્રાય બંધાયો છે એમ માની ગુમાનમાં આવી તે પોતાની વર્ણન-શક્તિ અજમાવવામાં પડ્યો અને એ વગર વિચાર્યા સાહસથી સપડાઈ ગયો. દરેક વાક્યને છેડે હી—હી—ઈ કરી હમી વિરામ લેવાને બદલે અડધે અડધે અને પા પા વાક્યે એ વિરામચિહ્નો મુકવા લાગ્યો, અને, દસ સેકન્ડમાં તો દરેક શબ્દની વચમાં અને આખરે દરેક અક્ષરની પછી હી—હી—ઈ કરી ગલ્લાં તલ્લાં મારતો એવી દશામા આવી પહોંચ્યો કે ગમે તેવી ચતુરાઈ વાપર્યા છતાં કોઈ પણ માણસ તેને એ તરકડીઆમાંથી બચાવી શકે કે તેના સ્વરોચ્ચારમાંથી ખરો ખોટો કઈ પણ અર્થ કહાડી શકે એમ રહ્યું નહિ. તે ‘હુશિઆર’ નહોતો પણ ખરેખરો હેવાન હતો એમાં જરા પણ સંદેહ રહ્યો નહિ, અને, મીઠાઈની દુકાન આગળ અને ચુઆબીલ્લીના તમાશામાં ઉભા રહી હી—હી—ઈ કરી આનંદ પામવા હકમચંદે તેને એક પૈસો આપી જવા દીધો.

ત્રીજો આદમી અમારા ચિત્તમાં ઠસી ગયો. તેનાં લુગડાં તો ચલમની સાફીના રંગનાં હતાં, તોપણ, પાસે જેટલું હતું તેટલું ઠીકઠાક કરીને તે આવેલો હતો. તેના માથાનો ફેંટો અસલ આખા પોતમાંથી થઈ ગયેલી

લાંબી ચીંધરડીઓનો હતો, પણ, તે બરોબર વળ લઈ બાંધેલો હતો, અને, પગના જોડામાં કોઈ પણ ફાટેલી જગાએ થીગડું મારવું રહી ગયેલું નહોતું. લગાર પણ અવાજ થવા દીધા વિના જોડા કમરા બહાર કહાડયા અને પોતાની પીઠ ન દેખાય એવી કાળજી રાખી તે એક ખુણે બરોબર ગોઠવ્યા. અંદર આવી વાંકા વળી અમારામાંથી કોઈ એકના તરફ ખાસ નજર કર્યા વિના મિજલસની મુગલાઈ સલામ બધાને બજાવી અદબ વાળી તે ઉભો રહ્યો. સવાલનો જવાબ થઈ રહે એટલુ જ તે ધીમેથી અને સંભાળથી બોલતો હતો, અને, જ્યારે પોતાની તુલના થાય એવો અભિપ્રાય આપવાનો પ્રસંગ આવતો ત્યારે તે પ્રથમ કાટલામાં વાલથી અને રતિથી તોળી જોતો હોય એમ બે આંખો વારા ફરતી નીચી કરી વિચાર કરી જોતો હતો. દીલ્લીની જોવા લાયક જગાઓ તે ગણાવી ગયો, અને, અમારે હવે કયાં ક્યાં જવાનુ રહ્યુ તેનો રસ્તાવાર અને કલાકવાર 'પ્રોગ્રામ' કરી આપ્યો. અમે રાજી થઈ ગયા, આગલા દિવસની ગમ્મત ભૂલી ગયા, હર્ષથી પ્રફુલ્લિત થઈ ગયા. આવા લાયકીવાળા માણસને તો એકદમ રાખી લેવો, પૈસા સંબંધી તેનાથી બીક રાખવાની જરૂર નથી, એમ સહુને લાગ્યું. પણ કોઈને ન સુઝી તે સાવચેતી લેવાનું હકમચંદને સુઝયુ. 'હાલાવી અમે પડશાન છીએ પણ, ટાડું નામ કહે.'

બે હાથ જોડી તે બોલ્યો, 'જી હજુર, મેરા નામ ચકન'.

'ચકન ! એનાહી તો પડ્બુ મોટ આગે ટે ભલ્લુ !'

'ક્યો હજુર ?'

કોઈએ જવાબ દીધો નહિ. 'ચકન' એ બેડોળ નામથી અમે બધા નિરાશ થઈ ગયા. કોઈ કાળા માથાના માનવીનુ નામ ચકન તે હોય ! અને એવું કઢંગું, એવુ ઢગધડા વિનાનુ, એવું અડવું નામ સાભળી રહેવાય કેમ ? જોઈને દિલ ગોળો વળીને પેટમાં ઉતરી જાય એવું મહોં વખતે સહેવાય, કેમકે પરિચયથી બદસુરત મહોં પરનો અણગમો કંઈ ઓછો થઈ શકે છે, પણ જે નામ એક વાર મનમાં ખુંચ્યું તે તો સદા ખુંચતુ જ રહેવાનું. ચકન ? એ નામ દેતાં જીભ સહેરાઈ ન જાય ? અમે ગુંચવણમાં પડ્યા. બીજી રીતે ભોમિયો ઠીક હતો, અને. એવો બીજો મળવાનો કંઈ ભરોંસો નહોતો. આખરે હકમચંદે સેહેલો અને સારો ઉપાય શોધી કહાડયો.

'જો ભાઈ, ચકન એ નામઠી અમાડા પેટમાં શખલ ડખલ ઠાય છે ને અમને એ ફાવે નહિં. ટને ગંગાપડશાટ કહીએ ટો કંઈ હડકટ છે ? એ નામ અમને રૂકુચટ્ઠ છે.'

'વાહ હજુર, બહોત અચ્છા. હમકુ ગંગાપરસાદ કહેના. ગંગાજીકા પરસાદ તો સબ કોઈ હયે.'

પર્વત જેટલી મ્હોટી મુસ્કેલી પતી ગઈ અને અમારા જીવને ટાઢક થઈ. વળી, વખતે બોમિયો આખરે દગાબાજ નિકળ્યો તો 'ચકન' નામ કહી કંઈ એને ગભરાવાય ? 'ગંગાપડશાટ' એ શબ્દોચ્ચારમાં હુકમચંદ જે વૈકલપણું દાખલ કરી શકતા હતા તે વિના તો હાસ્યયુક્તિનો આરંભ જ થઈ શકે તેમ નહોતું. તેથી, બધી રીતે એ નામ જ જારી રાખવું ઠીક હતું.

પણ આ નવા ગંગાપ્રસાદની વધારે ઓળખાણ હજી થવાની બાકી હતી. ઘણે ઠેકાણે જવાનું છે તેથી જલદી જમી લેવાનું અમને કહી પોતે જવાની તૈયારી કરી તે બોલ્યો, ' હજુર, મેં બી ઘરકુ જાકે ખાકે આતા હું. મેરા મકાન જરા દૂર હયે તો દેર લગેગી. લેકિન મેં આ પહોંચુંગા. આપ ગાડી કર રખના. વાં નહિં તો નાકે પર આપકું મિલ જાઉંગા'.

આ લુચ્ચાઈ હતી એને ખબર હતી કે એના આવ્યા વિના અમારાથી નિકળી શકાય એમ હતું નહિં. વખત નકામો કહાડી નખાય નહિં, અને, રસ્તામાં મળવાના સંભવ ઉપર આધાર રખાય નહિં. તેને અમારી સાથે બેસી જમી લેવાનું કહ્યું. તેણે ઘણી ઘણી સલામો કરી માફી માગી, ' હજુર, ઐસી બેઅદબી ના હોવે. આપ ભોજન કર લો, ફિર મેં ખાઉંગા.' હુકમચંદે એનો પાટલો મંડાવી અમે એને અમારી સાથે બેસી જવાનો હુકમ કીધો કાચું અને બોરૂ ખાવું ન પડે માટે અમે ખાસ પૈસા આપી જે સારી રસોઈ કરાવી હતી તેમાંથી ઘણું થોડું અમારે ભાગે આવ્યું. ગંગાપ્રસાદ ઘણા દહાડાનો ભુખ્યો હતો, અને, ફરી ક્યારે ખાવાનું મળશે એની તેને ખાતરી નહોતી. બીજી રસોઈ કરાવવા રહીએ તો મોડું થઈ જાય એમ હતું.

આમ પાઠ પહેલો—ભાગ પહેલો પૂરો થયો. ભૂલ થઈ હતી ખરી, પણ, હવે તો થઈ તે થઈ.

સજ્જ થઈ અમે નિકળ્યા. પણ, નાકું આવ્યું તે પહેલાં તો ગંગાપ્રસાદે ગાડી ઉભી રખાવી. ગાડીપરથી ઉતરી તેણે કહ્યું, 'હજુર પીછે આનેમેં બહોત દેર હોયગી. ખાનેકા કુછ સાથ લેના ચાહીએ. દૂર જાનેકા હયે, ફિરનેકા હયે, ઔર તકલીફ હયે. યે દુકાનમેં પુરી ઔર કચોરી ઔર મીઠાઈ ઔર અચાર બહોત અચ્છા મિલતા હયે.'

અમે કચવાયા પણ આખરે થેલી છોડી અને કંડીયો બંધાવી અ-ગાડી ચાલ્યા. એક બે જગાઓ જોઈ એટલે ગંગાપ્રસાદે ફરી ભલામણ કરી, 'હઝુર, હ્યાં મસાલેદાર દાલ ઔર ભજીયે તોફેહ મિલતે હયે' અને એટલેથી જ પત્યું નહિ. 'એ આદમી ગરમ દૂધ ઉમદા બેચતા હયે,' 'એ બરતનમેં સેરડીકા રસ હયે. લોક મઝેસે પીતે હયે,' એવી અનેકાનેક સૂચનાઓ તેણે કરી. ખાવાના પદાર્થની જેટલી દુકાન આવે તેટલી પર તે લાલસાભરી દૃષ્ટિ નાખતો હતો. થાકીને અમે એક દુકાને તેને નવેસરથી ખાવા બેસાડયો, અને, પંદર દહાડા સુધી ખુટે નહિં એટલું તેના પેટમાં સમાવવાનો દુકાનદારને ઇજારો આપ્યો. પણ એ બધી મહેનત ફોકટ ગઈ. ગંગાપ્રસાદને કોઈ રાક્ષસ તરફથી વારસામાં ભૂખ મળેલી હતી, અને, તે તૃપ્ત થાય એટલુ તેના શરીરમાં એક સામટું માઈ શકતું જ નહોતું.

તેનામાં એક બીજી ' ખોડ ' હતી જ્યારે ને ત્યારે તે અમને માલ ખરીદ કરવાનો આગ્રહ કરતો હતો. ગમે તેવાં નજીવાં બહાનાં કહાડી તે અમને કપડાંની, સોનારૂપાનાં વાસણની, શાલની, દુપટ્ટાની, એવી જાતજાતની દુકાનોમાં લઈ જતો હતો, અને, અમે ખરીદ કરીશું એવી જે કોઈ માલ વિશે તેને વકી લાગે તે તમામ કહાડાવી કહાડાવીને અમને દેખાડાવતો હતો. દુકાનદારો પાસેથી તેને દલાલી મળતી હતી એ તો ખુલ્લુ હતું. પણ, તેની ચપળતા રોકવાનો કંઈ ઉપાય જણાતો નહોતો. આખરે હકમચંદે તેને દાવમાં લીધો. ગાડીમાં બેઠા બેઠા ભોમિયો સાંભળે તેમ તેમણે કહ્યું, 'અહીંદી ઠોડી બટ્ટીની પાઘડીઓ ખડીડ કડી લેવાનો આપટો વિચાડ છે. જુમ્મામશીડ ટો જોઈએ, પછી ઠઈ રૂડહેશે.'

માછલીએ ગલ ગળ્યો. થોડી વાર થઈ ને ગાડી ઉભી રહી.

' આ આવ્યું ટે શું ?'

' હઝુર, સારે દીલ્લીમેં સબસે અચ્છી પગડીયાં હ્યાં મીલતી હયે. દેસાવર ભી હ્યાંસેંહી જાતી હયે.'

' પણ, ટને ગાડી અહીંઆ લાવવાનું કોણે કહ્યું? જુમ્મામશીડે હંક-વી જવાનું ટને કહ્યું હટું ને !'

' લેકિન મેરેકુ સુરત હયે કે આપને કહા કે પગડીઆં લેનેકી હયે '.

' અડે ભાઈ, હમાડી ચાકડ ટાડે શું કામ રૂહાખવી પડે? હું ટહું લેવ ટેની જ ચાકડ રૂહાખને એટલે ઠયું. ટને આટલા આટલા શંકાય ટેમાં

વડી હમારું ટાડે માડે શુ કામ નાખીયે ? હમારું લાગ્યું ટે હમે જ ભોગવી લઈશું. હમને શડટ રૂકાખટાં આવડે છે. હું ટાડે હંકાવ ને '.

દસ માનીટ થઈને ફરી ગાડી ઉભી રહી. એ પણ પાઘડીની દુકાન હતી. લોકો પાઘડીઓ લેતા હતા તે જાણે જોવાતુ જ ન હોય તેવો ડોળ કરી હકમચંદ બોલ્યા,

' વાહ, આ જુમ્મામસીદ કે ? મકાન ટો શડશ હો ! બાડશાઓ અહીં નમાજ પડના આવટા કે ગંગાપડશાટ ? '

' હજુર ! આપ હસતે હો. યે મસજીદ નહિં હયે. એ તો અભી આયગી. લેકિન યે દુકાન રસ્તેમેં આઈ. ઘ્યાં ઐસી તરેહ તરેહકી પગડીઆં—'

'હા, બડોબટ, બડોબટ. ટાડો વાંક નહી. ટને કહેવું જ રૂકહી ગયુ કે આજ પાઘડીઓ લેવી નહી. ગંનરામાં પડયા ટે કહેવું શાંભડયુ નહિં. જુમ્મામશીડ ડેખાડવા લઈ જજે એ કહેવુ પણ રૂકહી ગયુ હશે ફીકડ નહિં, હવે ટાં લેજે, ટમકુ ટશડી પડી હે, હો ગંગાપડશાટ ! '

ગાડી ગમે એટલી અગાડી જાય પણ જુમ્મામસીદ આવે જ નહિ. થોડી વાર થઈને ગાડી ફરી ઉભી રહી—પણ તે પાછી પાઘડીઓની દુકાન આગળ. અમે બધા ચીડાઈ ગયા, પણ, હકમચંદના મ્હોંપર અચંબો અને ખુશી ફેલાઈ રહ્યા. નવાઈ પામતાં આંખો ઉંચી કરી તે બોલ્યા,

' આખડે આવી પ્હોંચ્યા ખડા શુ જુમ્માશીડનુ મકાન છે ! હવે ટે એવું કોણ બડાવે ? ટો પણ જડા નાહાનું બકું હો ! ટોએ શી એની બાંઢણી છે ! શી એની નકશી છે ! અડડક પૈશો ખડચી નાખ્યો હશે અને ટેમાં એ—'

' હજુર, માફ કરના યે જુમ્માસજીદ નહિ હયે યે તો—'

' અડે ટાડીની ! ટાડે એ શુ છે ? '

ઐસા દીખતા હયે કે—કે—હાં અબ સમજ પડી. યે તો પગડીઆંકી દુકાન—'

' ગંગાપડશાટ, હમાડા જેશા ભુડકણા કોઈ નહિં. મનમાં પડઠમડી નક્કી ઢાડી મુકેલુ કે ટને કહીશું કે આજ પાઘડીઓ લેવી નહી, ને એમ પણ ઠયેલું કે ગંગાપડશાટને કહીએ કે હવે ટો જુમ્મામશીડ ડેખાડ. પણ, ટુમાડી ખાવાકી રૂઢીટ આજ શેજશાજ જોઈ ટેઠી હડખ એસા ઠયા કે બડા વીશડી ગમા. એમાંને એમાં વાડ ઠઈ ગઈ. પણ, હવે ટો ટને આ કહુ કે જુમ્મામશીડે લેજે.'

'લેકિન હઝુર, વ્હાં બિલકુલ દેર નહિ હોયગી. ખુશી ના હોવે તો પગડીઆં ના લેની. લેકિન ઉતર કે દેખો તો ખરે, કૈસી બેનમુન પગડીઆં હયે! આપ દીલ્હી દેખનેકુ નિકલે ઔર પગડીઆં દેખે સિવાય જાઓગે?'

'પાઘડીઓ ટો હમાડે લેવી જ નઠી આ માડે છે ટેટલી જ ડીલ્હીમાં શલામટ રૂડકે ટો બહુ છે ને' હવે ટો જુમ્માામશીડમાં જીવ ભડાઈ રૂડલો છે. ચલાવ, અગાડી ચલાવ.'

'લેકિન હઝુર, પાવ ઘંટાભી વ્હાં નહિં હોયગા ઔર અબ જલદી કરનેકી જરૂર બી કયા હયે? જુમ્મામસજીદમેં નિમાઝકા બખત હો ગયા તો વાંહા જાનેસે અબ ફાયદા નહિ. તો ઘડીભર વ્હાં પગડીઆં દેખ લો.'

દગલબાજ હરામખોર! હમારૂ પાંચ રૂપીઆનું ધાન ખાઈ ગયો, હમારો જીવ દુખાવી અમારી સમક્ષ અમારે ખરચે મીજબાની ખાધી, અને આખરે તે દહાડે અમારૂં જુમ્મામસીદ જોવાનું ખોવડાવ્યું! તેને પાઘડીની દલાલી માટે ફાંફાં મરાવી નિરાશ કર્યો પણ તેટલાથી અમારૂં વેર વળે તેમ નહોતું મારમારવો એ બને તેમ નહોતું. તેથી, હકમચંદે બીજી યુક્તિ શોધી કહાડી 'ગંગાપડશાટ, આજ ટો મોડુ ઠઈ ગયું છે ટ પાછા મુકામે જ ચાલો. કાલ શવાડમાં વ્હેલા આવજો. જુમના નડીની નેહેડ જોઈ આવીશું. પાછા આવટાં જુમ્મામશીડમાં જઈશું અને ચંડની ચોકમાં ફડીશું.'

સીરાઈમાં અમે પાછા આવ્યા અને ગંગાપ્રસાદ ઘેર ગયો. ગાડીમાં અમે ચાર જણા બેસતા હતા અને ગંગાપ્રસાદ બહાર હાંકનાર જોડે બેસતો હતો. તેની એ જગા લઈ લેવાને હકમચદે એક સિપાઈ ભાડે રાખ્યો. અને, તેને સવારે પટો પહેરીને આવવાનુ ફરમાવ્યું. સીરાઈની પડોશમાં ઘોડો બંધાતો હતો, તેના સદ્‌ગુણ અમે ઘણી વાર નજરે જોયા હતા અને તેને ગંગાપ્રસાદને માટે ભાડે કરાવી મુક્યો.

સવારે આવતાં પોતાને બેસવાની જગા ગયેલી જોઈ બોમિયો નિરાશ થયો.

'ગંગાપડશાટ, ટું ચાલટો આવજે. ટું આવી પહોંચીશ ટાં શુઢી આ અમાડો શપાઈ જાણીટો છે ટ જોવા જેવું હશે ટ બટાવટો ઠશે. બઢે અમે ટાડી વાટ જોઈશું.'

ગંગાપ્રસાદથી એટલે દૂર ચાલતા અવાય એ અશક્ય હતું. ગાડીમાં મુકેલું ખાવાનું જોઈ તેની ખાતરી થઈ કે પછાડીથી જવામાં તેને સર્વ પ્રકારે

હાનિ જ છે. વળી સાથે આવવાનું મુકી દેવાની તેને ઇચ્છા થાય તેમ નહોતું. ખાવાનું હતું અને ચંદની ચોકના બજારમાં અને દુકાનોમાં અમારી જોડે આવવાનું હતું. મુશ્કેલીથી તે ગુંચવાઈ ગયો.

'પણ રૂઆબ. વાડુ ટને ઘોડે બેશતાં આવડે છે ? પેલો ઘોડો સવાડીનો જણાય છે. ઝાઝું બાકું ટે શું લેશે ?'

ગંગાપ્રસાદે તરત હા કહી. ઘોડે બેસતાં આવડતું હોય કે ન હોય પણ અત્યારે તો બેસવામાં જ લાભ હતો. સવાર સાથે અમારી ગાડી ચાલી. પણ ગાડી સાથે રહેવું ગંગાપ્રસાદને મુસ્કેલ જણાવા લાગ્યું. રસ્તામાં જે કંઈ આવે તેનાથી ઘોડો ભડકતો હતો. અને, એ બાબતમાં લેશ માત્ર પણ પક્ષપાત કરતો નહોતો.

'ઘોડા ટેજડાડ છે હો! ગંગાપડશાટ. ટમાડા જેશા શવાડ હોય ટે જ આમ કુડા શકટા હે.'

ગંગાપ્રસાદને ઘોડો કુદાવવાનો બીલકુલ લોભ નહોતો. ઘોડાને ભડકતો અટકાવવાને તે લગામ તાણતો હતો અને ઢીલી મુકતો હતો, પણ, બન્ને તરેહના ઉપાય નિષ્ફળ જતા હતા. અધુરામાં પુરૂ વળી તેને પુંછડી નહોતી. તે સફાઇબિંધ કપાયેલી નહોતી તેથી શોભા સારૂ કાપી હશે કે પુંછડી પર બહુ વાર જોર કરીને બેહાથી તે ઘસાઈ ગઈ હશે તે કહેવાતું નહોતું. પુંછડીને અભાવે માખીઓ અને મચ્છરો સાથે પાછલો પગ ઉંચો કરી ઘોડાને લડાઈ ચલાવવી પડતી હતી. આથી થતા દેખાવની ગંગાપ્રસાદને ફીકર નહોતી, પણ, ઘોડો જ્યારે માથા પરનો મચ્છર એ પ્રમાણે લાત મારી ઉડાવતો ત્યારે તેને હરકત ન થાય માટે કયી તરફ વળી જવું એ વિશે ગંગાપ્રસાદ બહુ સંકડામણમાં પડતો હતો. પગ ઉંચો કરવાનો ઘોડાને વખત મળે નહિં માટે ગંગાપ્રસાદે તેને દોડાવવાનો પ્રયત્ન કર્યો. અમારી ગાડી પાસે આવી પહોંચતાં ઘોડાએ ડોક લાંબી કરી ગંગાપ્રસાદનો પગ કરડ્યો.

'ઘોડા હેટ કડે છે હો ! ગગાપડશાટ, જાનવડને એ શી માયા છે! એટલા ઓડખાણમાં પગ ચાટવા મંડયો!'

ગંગાપ્રસાદને એ હેત બીલકુલ પસંદ નહોતું. અને 'ચાટેલો' પગ તે ઘડી ઘડી ઉંચો કરતો હતો; પણ, ઘોડાને સંભાળવામાં એટલો વખત જતો હતો કે પગ તપાસી જોવાની તેને ફુરસદ મળતી નહોતી. એવામાં રસ્તામાં ઘાસની ગંજી આવી, અને, ઘોડો ભડકવાને બદલે તે તરફ જોરથી ધસી

ગયો. ગંગાપ્રસાદને તે ગંજીની એટલે પાસે લઈ ગયો કે ગંગાપ્રસાદના મ્હોમાં, નાકમાં ને આંખમાં ઘાસ પેઠું. અલબત્ત, મફતનું ઘાસ ખાવાની ગંગાપ્રસાદની દાનત હતી જ નહિં, અને, તરત તે પાછો હઠયો. પરંતુ, ઘોડાનો મત તેનાથી ભિન્ન હતો અને ગંજીમાંથી ઘાસ ખેંચી ખેંચીને તે ખાવા લાગ્યો. ગંગાપ્રસાદનો કોણ જાણે ક્યારે છુટકો થાત, પણ, ગંજીનો રખેવાળ આવી પહોંચ્યો લાકડી પડતાં ઘોડો ગંજી છોડીને નાઠો. ગંગાપ્રસાદે પણ મુગે મ્હોડે લાકડીઓ ખાઈ લીધી

નેહેર જોવા જવાની અમારે કંઈ જ ઉતાવળ નહોતી, અને, તેથી જેટલી વાર ગંગાપ્રસાદનો ઘોડો અટકે તેટલી વાર અમે પણ ગાડી ઉભી રખાવતા હતા. અમારી પાસે થઈ ઘોડો પુરપાટ દોડતો નિકળ્યો એટલે હુકમચંદે માથુ બહાર કહાડી બુમ પાડી, 'ગંગાપડશાટ' આ ટડક આ ટડક. ઘોડો ના ડોડાવીગ. ટાડે માટે અહી જ ઉભા છીએ.' ગંગાપ્રસાદ ઘોડો દોડાવતો જ નહોતો અને કય તરફ જવું એ તેના હાથમાં હતું જ નહિ, એ અમે જાણતા હતા અને તે પણ જાણતો હતો, અને તેથી, તેને માટે હુકમચંદે જે દાઝ બતાવી તેની તે કદર પિછાની શકયો નહિ. થોડે જયા એટલે તારના થાંભલા આવ્યા. તે જોઈ જાણે યમના દૂત ઉભેલા દીઠામાં આવ્યા હોય અને તેને લડાઈમા હરાવ્યા વિના અગાડી જવાય એમ ન હોય તેમ ઘોડો બે પગે ઉભો થઈ ગયો, અને, ગંગાપ્રસાદ એક પડખેથી બાંય પર સરી પડ્યો ઘોડો અકળાયો હશે, પણ તે પાછો તરત ઘોડા પર સવાર થઈ ગયો અને જાણે કંઈ બન્યુ ન હોય તેમ ઘોડો અગાડી ચલાવવા લાગ્યો. પણ એવામા બીજો થાંભલો આવ્યો અને પાછી એની એ હકીકત અથથી ઇતિ સુધી બની આમ બે ત્રણ વાર થયુ પછી પાસે આવતાં હુકમચંદ બોલ્યા,

'ગંગાપડશાટ, ઘોડો અડબી છે કે શીઢી? ચાલ ટો રૂડવાલ ચાલે છે, અને, ઘડી ઘડી કેવો ભભકાઠી ઝાડ જેવો ખડો ઠઇ જાય છે! પણ, ટમકુ પાડ નાખટા હે એટલા ખોટા. એ ટો એટલુ શાડુ છે કે ટાડના ઠાંભલા બઢા એક ટડક નથી પણ રસ્ટાની બે કોડે છે, ટેઠી, આ ટડક પછડાય ટે પેલી ટડક પછડાયાઠી ઠીક ઠઇ જાય છે અને પેલી ટડક પછડાયાનું આ ટડક પછડાયાઠી ઠીક ઠઈ જાય છે.'

આ સભ્યતાથી અને વૈદ્યકજ્ઞાનના પ્રકાશથી ગંગાપ્રસાદની અન્તર્વેદના વધી તે ઢાંકયું રહ્યું નહિં. ચીડાઇને ઘોડા વિશે તે કંઈ કહેવા જતો હતો એટલામાં બીજો તારનો થાંભલો આવ્યો અને તેને બોલવાનો વખત

મળ્યો નહિં. ઘડી ઘડી આ વાત બનવાથી મઝા જતી રહેવા આવી હતી, તેથી, બીજી વાત ક્હાડવાનો ઇરાદો હુકમચંદે કર્યો, અને ગાડી, પાસે પ્રયત્ન કરી ગંગાપ્રસાદને હાંફતો હાંફતો આવી પહોંચેલો જોઈ બોલ્યા, 'કાલનું ખાદેલું ટો પચી ગયું હશે. મને રૂડારે ફક્ક ઠટી હટી કે ગંગાપડશાટને આફ્ડો ચડશે ટો શું કહીશું અને જોવા કેમ કહી જઇશું.'

'અરે હજુર, કલકા ખાના તો યે કમબખ્ત ઘોડેને સબ ભુલા દિયા. અબતો આપકી રજા હોવે તો યે ઘોડા છોડકે મેં ઘર જાઉં. મેરી મહેનત કે પેસે મત દેના. મેં નહિ મંગતા હું.'

'પણ, આ ઘોડાને કોણ શાચવે અને કોણ લઈ જાય? હમને કુછ ટમ જેશા ઘોડેશવાડ ઠટા આવડટા હે?'

'યે ઘોડા તો જીનકી ઔર ભૂતકી સવારી લાયકકા હયે. ઇસકું કિરાયાસેં કિરાનેવાલા બડા બદમાશ હોના ચાહીએ. ઔર જીસકી દુમ તમામ કટ ગઇ ઉસકુ ઘોડા કોન કહેતા હયે?'

ઘોડાની અને તેના માલીકની નિન્દા કરી સંતોષ પામવાનું પણ ગંગાપ્રસાદથી બહુ વાર બન્યું નહિ. એક ઝાડે લટકતું કાળું ચીથરું જોઈ ઘોડો ફરી ભડક્યો અને બહુ જ આવેશમાં આવી દોડવા લાગ્યો. ગંગાપ્રસાદનો કાબુ ઘોડા પરથી તદન જતો રહ્યો હતો અને ઘોડાનો અટકવાનો વિચાર હોય એમ જણાતું જ નહતું. ગંગાપ્રસાદની પીઠ જ દેખાતી હતી, પણ, તેના મહોંપર હવે ચપળતા લેશમાત્ર રહી નહિ હશે એમ અનુમાન થઈ શકતું હતું. ઘોડો અને ગંગાપ્રસાદ અમારી તરફ પાછા આવે એમ લાગતું નહોતું, તેથી, અમે ગાડી તેમની તરફ દોડાવી. ઘણે આઘે ગયા પણ એમાંથી એકે મળ્યા નહિં. રસ્તામાં ગંગાપ્રસાદનો ફેંટો અને જોડા પડેલા મળ્યા, અને, સીતાને રાવણ ઉપાડી ગયા પછી તેની ખોળ કરતાં રસ્તામાં સીતાનું ઝાંઝર પડેલુ જોઈ રામનું ચિત્ત ઉભરાઈ આવ્યું હતું તેવી વૃત્તિ ગંગાપ્રસાદની આ નિશાની જોઈ અમને થઈ.

અમે મુકામે પાછા આવ્યા ત્યારે ઘોડો પોતાને સ્થાને પાછો આવેલો હતો. ગંગાપ્રસાદનો ભાણેજ તેનો ફેંટો અને જોડા લેવા આવ્યો તેનાથી ખબર પડી કે ગંગાપ્રસાદને બહુ થાક લાગ્યો છે અને અમારી સાથે ભોમિયો થઈ આવવાનું તેનાથી બને એમ નથી.

દીલ્હીથી અમે નિકળ્યા ત્યાર પછી તરત તો ત્યાંના ભોમિયા અમને વિસરી ગયા નહિં જ હોય.

૫.

ભોમિયાને દીધેલી ભુલથાપ.*

(સંવાદરૂપ.)

પાત્રોઃ—કરમચંદ, વખતચંદ, હકમચંદ, ગંગાપ્રસાદ.

પ્રવેશ ૧ લો.

સ્થળઃ દીલ્લીમાંની એક સિરાઈ.

કરમચંદઃ—ભોમિયાઓ જે દુઃખ દે છે તે તો જેને તેમની સાથે પ્રસંગ પડ્યો હોય તે જ જાણે. મુસાફરીમાં સહેલ કરવા સારૂ આપણે ઉત્તર હિંદુસ્તાનમાં ફરવા નીકળ્યા, પણ, ગામે ગામ જોવા લાયક ઠેકાણાં બતાવવા આવનાર ભોમિયાઓ તરફથી જે પીડા ખમવી પડી તેથી આપણી તો ખાતરી થઈ કે દુનિયામાં ભોમિયા છે ત્યાં સુધી મુસાફરીમાં સુખ હોઈ શકે જ નહિં.

વખતચંદઃ—કરમચંદ, ખરૂ કહો છો. અજમેર, જયપુર, ભરતપુર, આગ્રા, અલીગઢ એ શહેરોમાં જોયુ તો ઘણું, પણ ભોમિયાઓએ મહેનત માટે, ઈનામ માટે, બક્ષિસ માટે તથા દસ્તુરીને બહાને, દલાલીને બહાને, ભાડાને બહાને, કકડે કકડે જે પૈસા કઢાવ્યા તે આપતાં જીવ એટલો દુઃખી થયો કે એટલા પૈસા સામટા ડાંગો મારી લુંટી લીધા હોત તો વધારે સારૂં થાત એમ લાગે છે.

કરમચંદઃ—આ દીલ્લી તો ઠગની નગરી છે, માટે, દીલ્લી જોયા વિના જ ચાલ્યા જવું કે બીજા શહેરના ભોમિયાઓનું વેર દીલ્લીના ભોમિયા ઉપર વળાય. આપણો તો બધો ઉત્સાહ ભાગી ગયો છે. કેમ હકમચંદ શું કરવું ?

હકમચંદઃ—ટમે ટો બદા બાયલા છો. ડીલ્લીના ઠગડી પણ આ બંડો ગાંજ્યો જાય એમ નહી. ઘબડાશો નહીં. માડે ટમને ડીલ્લી બટલાવવું, અને, ભોમિયાને એક પાઈ પણ વઢારે લેવા ડેવી નહિં.

વખતચંદઃ—આ બોબડું કયાંથી બોલવા માંડયું ?

હકમચંદઃ—એ ટો બાજી શરુ થઈ.

---

* આ પહેલાંના લેખના પ્રથમ ભાગ ઉપરથી રચેલો સંવાદ.

પ્રવેશ ૨ જો.

સ્થળ: કુતુબ મિનાર.

ગંગાપ્રસાદ:—હઝુર, દેખો એ કુતુબ મિનારા હયે. કુતુબુદ્દીન શાહ બાદશાહને બનવાયા. ઐસા મિનારા સારી જહાનમાં નહિં હયે. યે ઇસકી સામને હયે તો બીમસેનકી ગદા હયે. તમામ લોહેકી. જિતની ઉપર હયે ઇતની જમીનકી અંદર હયે. બીમસેનને સબકુ મારે બાદ કોઈ ના રહા તો ગદા હ્યાં આકે જમીનમેં ગાડદી.

(સર્વ મિનારા ઉપર જઈ પાછા નીચે આવે છે.)

વખતચંદ:—મિનારા પરથી ભવ્ય અને મનોહર દેખાવ દેખાયો. પણ, આ ભોમિયાઓ એટલું બોલ બોલ કરે છે કે ચિત્તમાં અંદર મનન કરવાનો કે અદ્ભુતતાથી આનંદ પામવાનો અવકાશ જ મળતો નથી.

કરમચંદ:—આ સળંગ લોઢાનો થાંભલો કેવો વિચિત્ર છે? અમર થવાની નિષ્ફળ આશાએ લોકોએ એના પર કેવા નામ કોતર્યા છે?

ગંગાપ્રસાદ:—એ પથ્થરકી કમાન હયે. ઇસકી દુસરી બાજુ દુસરા મિનારા હોને વાલા થા. એ સામને મકાન હે વો પ્રિથિરાજ રાજાને બનવાયા. (મિનારાનો નોકર આવીને સલામ કરે છે.) યે યહાં મિનારેકી ચોકી કે લીયે નોકર રહેતા હયે. વોબી કુછ ઉમેદ રખતા હયે. આપ જેસે બડે આદમી આવે—

હુકમચંદ:—પણ હજી બહું જોવા ટો ડે. ગંગાપડશાડ, એ ટો ખડુ. પણ આ બેમાંહી મિનાડો કયો અને ગડા કયી ટે ટો કહે.

ગંગાપ્રસાદ (ચમકીને):—મહારાજ યે મિનારા હયે. ઓર યે લોહેકી ગદા હયે.

હુકમચંદ:—હં! ટાડે એમાં શું મોટું જોવાનું? આપડે ટો જાણ્યું કે ઉચી છે ટે ગડા હશે. મિનાડા ટો બઢે ઉંચા હોય. બીજું કાંઈ જોવાનું છે કે?

ગંગાપ્રસાદ:—દુસરા તો હઝુર કુછ નહિં હયે. યે દેખનેકુ સબ લોક આતે હયે.

હુકમચંદ:—ભોમિયો પસંડ કડવામાં આપડી બઢે ભુલ જ હોય છે.

કરમચંદ (વખતચંદને):—મિનારાના રખેવાળને બક્ષિસ આપવાની વાત ભોમિયાએ ફરી સંભારી જ નહિં હો!

— —

પ્રવેશ ૩ જો.

સ્થળઃ રસ્તો. (ગાડીમ)

ગંગાપ્રસાદ (કોચબોક્સ ઉપરથી વાંકો વળીને આઘેથી મસીદ બતાવીને):—
યે કાલા મસજીદ દેખને જૈસા હયે.

વખતચંદ:—સાધારણ મસીદ સિવાય બીજું તો કાંઈ જણાતું નથી.

હુકમચંદ:—એમાં કાંઈ સારૂ સારૂ જોવાનુ છે કે ?

ગંગાપ્રસાદ:—દેખનેકા તો ઐસા કુછ હયે નહિં. લેકીન બહોત પુરાના
મસજીદ હયે.

હુકમચંદ:—ટાડે ટો ભાઈ ચલાવ અગાડી. અહિંથી જ જોવાય છે ટ બસ છે.

પ્રવેશ ૪ થો.

સ્થળઃ હુમાયુની કબરનો રોજો.

કરમચંદ (વખતચંદને):—કાળી મસીદ આગળ ભોમિયાની હાર થઇ તેથી
આ બીજી મસીદમાં આપણને પૂછ્યા વિના જ લાવ્યો.

ગંગાપ્રસાદ:—હઝુર, યે હુમાયુકી કબર હયે.

વખતચંદ:—મકાન ભવ્ય અને જોવા લાયક છે. મસીદ રાતા પથ્થરથી
બાંધી છે, અને પથ્થરમાં વચ્ચે વચ્ચે આરસ પહાણના પથ્થર
ગોઠવ્યા છે.

કરમચંદ:—ઉપર આરસ પાહાણનો સુંદર ઘુમ્મટ છે તે જોયો ?

મુઝાવર (સલામ કરીને) :—હઝુર મે મુઝાવર હું.

હુકમચંદ:—ઘુમ્મટ કેવો શડશ છે? શુ કહ્યું ગંગાપડશાડ ! આ કબડની
હુમાયુ છે?

ગંગાપ્રસાદ:—નહિં મહારાજ, હુમાયુકી કબર.

હુકમચંદ:—આપડી બલા જાણે કે હુમાયુ એટલે શું ને કબડ એટલે શુ.
વારૂ, સમજાવ તો ખડો. હુમાયુનો માયનો શો ?

ગંગાપ્રસાદ:—હઝુર, માયના તો ખબર નહિં હયે. લેકીન હુમાયુ બાદશાહ થા.

હુકમચંદ:—ટે ગમે ટે હશે. પણ ટને માયનો ખબડ નહી?

ગંગાપ્રસાદ:—નહિં હઝુર.

હુકમચંદ (પોતાના સાથીઓ તરફ જોઇને):—જોયું કેની ? આ ભોમિયા લોકો ટો કાંઈજ જાણટા નહી. કોણ જાણે કોણ એવા શોઢી આપે છે ? (ભોમિયા તરફ જોઈને) વાકુ, ટે બાડશા કાં છે ? ડેખાડ ટો ખડો, જોઈએ ટો ખડા કે બાડશા કેવા હાય ?

ગંગાપ્રસાદઃ—મહારાજ, હુમાયુ બાદશાહ તો ગુઝર ગયા. ઇધાં તો ઇસ્કી કબર હયે. લાસ દાટી હુઇ હયે.

હુકમચંદઃ—અડડડડ, મડ્ડુ ડાટેલું છે કે ? ટાકું નખોડ જાય, અગાઉઠી કેમ ના બોલ્યો ? મશલમાનના મડડામાં ટે શુ જોવાનુ હટુ ? અને ટેના પડ ઠઇને ટે જવાય ? ચાલો ભાઈ, અહિંઠી જલડી ચાલો. આ ડીલ્લીના લોક ટો અડ્ઢા મશલમાન જેવા. ટે આભડછેટ સમજટા નઠી.

કરમચંદ (વખતચંદને):—ભોમિયો તો બિચારો ગભરાઈ ગયો છે, ગુંચવાઇ ગયો છે, આભો પડી ગયો છે, નિરાશ થઈ ગયો છે.

પ્રવેશ ૫ મો.

સ્થળઃ માર્ગ. (ગાડીમાં.)

કરમચંદઃ—પેલાં આઘે ખંડેર શાનાં દેખાતાં હશે ?

ગંગાપ્રસાદઃ—દૂર દિખતા હયે વો પુરાના દીલ્હી હયે.

હુકમચંદઃ—ટયાં અશલ કેટલાં ઘડ હશે ?

ગંગાપ્રસાદઃ—હઝુર, ઘર કિતને વોતો માલુમ નહિં, લેકિન—

હુકમચંદઃ—ટાડે ટો ભાઇ મુગો મુગો અગાડી ચલાવ. ટું શુ ડેખાડવાનો હટો ? અમાડી આંખો ફુટી ગઈ છે ?

પ્રવેશ ૬ ઠ્ઠો.

સ્થળઃ કિલ્લો.

વખતચંદઃ—અહો ! આપણે મુગલ પાદશાહોના મહેલમાં આવી પહોંચ્યા. હિન્દુસ્થાનના શહેનશાહોના મહેલનો આ કિલ્લો બનાવ્યો છે, અને જનાનખાનાને ઠેકાણે સોલ્જરોના બેરેકસ કર્યા છે. આંખ કરતાં મનને આ દર્શન વધારે કુતૂહલ કરાવે છે.

કરમચંદ:--પણ, આ ભોમિયો વાચાળતા બંધ કરે ત્યારે કેની? બતાવવા લાયક સુન્દર જગાઓ જોઈને પાછો ઉલ્લાસમાં આવ્યો છે, અને, આશાવાન્ થયેલો જણાય છે.

વખતચંદ:--આ રમણીય અને વિશાળ મકાન તમામ સફેદ આરસપહાણ-થી બાંધેલું છે.

કરમચંદ:--સોનેરી અને બીજા કિંમતી પથ્થરોની ગોઠવણથી મકાન કેવું દીપી ઉઠે છે? એની ભિંતો જુઓ, છત જુઓ.

ગંગાપ્રસાદ:--હજુર, યે દીવાન-એ-ખાસ હયે. ઉંચા જૈસા પથ્થર હયે ઉસકે ઉપર મોરતખ્ત થા.

હુકમચંદ:--એ ડીવાનેખસ અને મોડટખસ હિન્ડુ છે કે મશલમાન અને જીવટા છે કે દાટેલા ટે પહેલું કહેજે.

કરમચંદ (વખતચંદને):—ભોમિયાના પેટમાં પાછું તેલ રેડાયું. પણ હજી તે કેલટમંદ જણાય છે.

ગંગાપ્રસાદ (ખુશ ચહેરો રાખીને):—નહિં હજુર, હિંદુ, મુસલમાન ઐસા નહિં. ઓ તો—

હુકમચંદ:--ટાડે પાડશી કે ફિડંગી હશે.

ગંગાપ્રસાદ:—નહિં, નહિં. ઓ તો ઉમરાવોકા દરબાર ભરનેકી જગો થી ઉસકુ દીવાન એ-ખાસ કહેતેયે. ઓર મોરતખ્ત બાદશાહકું બેઠનેકે લિયે મોર પખી માફક તખ્ત થા.

હુકમચંદ:—ટાડે લાંબાં લાંબાં નામ ન કહેટાં પહેલેકી એમ જ કહેવું હુંને. વાડુ એ મોડ ટો જીવંટા હશે?

ગંગાપ્રસાદ:—મોર સચ્ચા નહિં.

હુકમચંદ:—મોડ પણ સાચો નહિં! જવા ડે, જવા ડે ભાઈ, હું ટો ડીલ્લીના શું બટાવવા જેવું છે ટે જાણટો જ નહીં.

કરમચંદ (વખતચંદને):—ભોમિયાનો દયામણો ચહેરો જોયો?

ગંગાપ્રસાદ (બધાને બીજી બાજુએ લઈ જઈ એક દિશા તરફ આંગળી કરી):દે—ખીએ હજુર, યે મોતી મસજીદ.

હુકમચંદ (કરમચંદને):—આ નહાની પણ મનોહર મસીદને મોતીની ઉપમા ખરેખર યોગ્ય જ છે. (ગંગાપ્રસાદને) ગંગાપડશાડ, મેં સાંભડયું નહિં. આ કોનું ઘડ છે?

ગંગાપ્રસાદઃ—ઘર નહિં હયે.

હુકમચંદ (પાછા હઠીને):—ટાડે ઘોડ ટા નહી ?

ગંગાપ્રસાદ —નહિં. ઓ તો ફક્ત મસ્જીદ હયે. ઇસ્કા નામ મોતી મસ્જીદ.

હુકમચંદઃ—પણ, ટે મકાન બાંઢ્યુ શા માટ ?

ગંગાપ્રસાદઃ—હઝુર, ઓ તો બાંધનેવાલા જાને.

હુકમચંદઃ—ટે જા, ટેને પુછી આવ. જીવે છે કેની ?

ગંગાપ્રસાદઃ—તોબાહ, તોબાહ. મર ગયાને અડાઇસો બરસ હુવે.

હુકમચંદ—શા આજાડથી મડી ગયો ?

ગંગાપ્રસાદઃ—ઓ તો માલુમ નહિં હયે. નહિં કહે સકતા હું.

હુકમચંદઃ—શીટલા નીકલ્યા હશે ?

ગંગાપ્રસાદઃ—ભગવાન જાને. કયા બિમારી સેં મર ગયા ઓ નહિં જાનતા હું.

હુકમચંદ.—કે પછી મુઝાડો ના ઠયો હોય '

ગંગાપ્રસાદઃ—હઝુર મે કસમ ખાકે કહેતા હું કે મેરેકું ખબર નહિં હયે. મર ગયા તો કુછ તો ઉસકુ હુવા હોયગાહી.

કરમચંદ (વખતચંદને):—ગંગાપ્રસાદ બાપડામાં હવે તેજ જ રહી નથી. બીજાઓને બક્ષિસ અપાવવાનું તે ભૂલી ગયો છે અને પોતાને માટે માગવાનું એને સાંભરતું હોય એમ લાગતું નથી

ગંગાપ્રસાદ—હઝુર. મેરેકુ રજા હયે ?

હુકમચંદઃ—લ્યો આ ટમાડી મહેનટનું.

(ગંગાપ્રસાદ લઈને સલામ કરીને જાય છે.)

હુકમચંદઃ—આઠ આના લઈને ગયો. નહિ તો આ ચાર રૂપીઆથી ઓછું લે એવો નહોતો.

કરમચંદઃ—પહેલાં કેવો નમી નમીને સલામ કરતો હતો ? અને જતી વખત તો પોલી જ સલામ કરી.

૬.

કારભારનો શિકાર.*

મૃગયા રમનારા જે ક્ષત્રિયોનાં ચરિત્ર મહાભારતમાં વર્ણવ્યાં છે તેમના સમયમાં મૃગયાના વિષયમાં બહુ ચતુરાઈ અને બહાદુરી સંપાદન થયેલાં હતાં. પરંતુ, આજ એ ખેલ એવો વિસ્તાર અને એવી પરિપૂર્ણતા પામ્યો છે કે એ પુરાતન ક્ષત્રિયોનાં પરાક્રમ ઝાંખાં પડી જાય છે. યુરોપિયનોના અને રજપૂત રાજાઓના શિકારને ઉદ્દેશીને આ કહેવું થતું નથી, કેમકે, શસ્ત્રોમાં અને વધ્ય પ્રાણીઓમાં થયેલા ફેરફાર સિવાય બીજી નવીનતા તેમાં જોવામાં આવતી નથી. પરંતુ, એ ખેલ હાલ એવી જુદી જ જાતની વૃદ્ધિ પામ્યો છે કે સર્વને તે વિવિધ પ્રકારના આશ્ચર્યથી ચકિત કરે છે. બ્રાહ્મણો, વૈશ્યો અને શૂદ્રો પણ કોઈ કાળે મૃગયા રમવામાં શામિલ થઈ જશે એમ મહાભારતના ક્ષત્રિયો માની શકત નહિં, અને, વળી એ ખેલ વનમાં અને ઝાડીઓમાં નહિં રમાય, પણ, શહેરોમાં, રાજાઓના મહેલમાં, સરકારની કચેરીઓમાં, તવંગરોની હવેલીઓમાં અને ગરીબોની ઝૂંપડીઓમાં એ મૃગયા ચાલી રહેશે, એમ તો તેમના સ્વપ્નમાં પણ આવ્યું નહિં હોય. આ મૃગયા જંગલી પ્રાણીઓના વધાર્થે થતી નથી એ તો સુગમ છે, કેમકે, ઉપર કહેલાં સ્થળોમાં જંગલી પ્રાણીઓ રહી શકતાં નથી. (જંગલી મનુષ્યો એવાં સ્થળોમાં રહી શકે કે નહિ એ વિષે બહુ મતભેદ છે પણ તે પ્રસ્તુત વિષય નથી.) આ શિકાર મત્સ્યગ્રહણને કેટલેક અંશે મળતો આવે છે. જાળ નાખી ઉભેલા માછીઓને જોઈ તેઓ શું પકડવાના છે તે જેમ એકદમ સમજાતું નથી, તેમ, આ શહેરી શિકારીઓ કયા લક્ષ્યની વાટ જોઇ બેઠેલા છે તે તેમના હુનરમાં પ્રવેશ ન પામેલા મનુષ્યો પ્રથમ દૃષ્ટિએ કળી શકતા નથી. માછલાંની પેઠે તેમના હાથમાં સપડાનાર પદાર્થ બહુ ઉંડા પાણીમાં રમે છે, અને, તેમના વર્ગના લોભ તથા ચતુરાઈની વિવિધતાને લીધે તેમનામાં પણ જાળ અને ગલ એવાં બે ગ્રહણસાધન છે. જેટલા અને જેવા ભક્ષ્ય હાથમાં આવે તે સર્વ પકડવા એવો અભિલાષ રાખી કેટલાક લાંબી જાળ પાથરીને વાટ જુએ છે, અને, કેટલાક કોઈ એક જ મોટો ભક્ષ્ય ગ્રહણ કરવાની આશા રાખી ગલ નાખીને બેસે છે. મત્સ્યની પેઠે આ શિકારીઓએ પકડેલી વસ્તુ પણ ઘણી દુર્ગંધ મારે છે. પરંતુ, અહીંથી સામ્ય અટકે છે. આ શિકારીઓ પોતે પકડેલી વસ્તુ ચીરે છે ખરા, પણ તે વેચવાનો ધંધો કરતા નથી, અને, મુએલા

* "જ્ઞાનસુધા" ના સન ૧૮૯૭ ના જુનથી ઑગસ્ટ સુધીના અંકોમાં છપાયેલો લેખ.

નહિં પણ જીવતા શિકારનો જ તેઓ ઉપભોગ કરી શકે છે. આ જ કારણથી પારધીઓનો શિકાર પણ તેમનાથી જુદો પડે છે. પશુઓ જેમ શરીરબળ વાપરીને, પગે દોડીને કે દોડતે ઘોડે સવારી કરીને પકડાય છે અને હણાય છે, તેમ પણ આ શિકારની સિદ્ધિ થતી નથી. આવેશ, ક્ષોભ, ક્રોધ, એ સર્વ એ શિકારમાં નિષિદ્ધ છે, અને, નરમાશ, મિઠાશ તથા પ્રિયવચનથી જ સાધના કરવાનો વિધિ છે. શસ્ત્રોપયોગ વગરનો અને પશુ પક્ષી કે મત્સ્ય સાથે વ્યવહાર ન કરનારો આ શિકાર અતિદયામૂલક છે એ દેખાઇતું જ છે; પણ, એ શિકારનો લક્ષ્ય પદાર્થ હણવા યોગ્ય નથી એમ નથી. ઉપર કહ્યું તેમ તેમાં બહુ દુર્ગંધ છે, અને, દુર્ગુણ પણ ઘણા છે. અનિયંત્રિત રહી તે વિમાર્ગે લઈ જાય છે, ઘણાને તે મૂર્ખ બનાવે છે. પરંતુ, ધન, સત્તા, પ્રતિષ્ઠા અને એવા કેટલાક લાભ તેનાથી મળતા જોઈ એ શિકારના અભ્યાસકો ઘણા વધી પડ્યા છે. એ પ્રયાસમાં વર્ણાશ્રમ કે ઉમ્મરનો પ્રતિબંધ નડતો નથી. બ્રાહ્મણ, વાણીઆ, કણબી, દરજી, મોચી, ઘાંચી, ધોબી, માળી, લુહાર, કુંભાર, હજામ, ગરાશીઆ, ભાટ, ચારણ, બજાણીઆ, વણકર, ચૂડગર, સર્વ જાતમાંથી પોતપોતાના કુટુંબના ધંધાની અવગણના કરી આ શિકાર શોધનારા નિકળે છે. સંન્યાસીઓ, ગોંસાઈઓ, ફકીરો, મુઝાવરોનો વર્ગ પણ એ લોભથી કેવળ મુક્ત નથી. અપરિપક્વ વયના યુવાનો એ વિષયમાં પ્રયાસ કરતાં સંકોચ પામતા નથી, અને, **अंगं गलितं पलितं मुण्डम्** એ અવસ્થાએ પહોંચી સરકારી નોકરી માટે નાલાયક ગણાતાં એ શિકારનો લોભ વિશેષે કરી ઉત્કટ થાય છે. જ્ઞાન કે કેળવણી એ શિકારની સાધનામાં ઉપયોગી નથી, પણ ઉલટું, એ બન્નેનો અભાવ—અથવા ભાવ હોય તો વિપર્યાસ—આવશ્યક છે. આ **महामोहगहन** પદાર્થને 'પોલિટિકલ' ભાષામાં 'કારભાર' કહે છે.

'પોલિટિકલ' શબ્દથી આ બધી વિલક્ષણતાનો ખુલાસો થાય છે. એ શબ્દ જ વિચિત્ર છે. જે કોઈ માણસો, કાર્યો, ઉપાયો, વચનો, ઇત્યાદિનો સમાવેશ ડાહ્યા કે ગાંડામાં, સારા કે નઠારામાં, નીતિમાન્ કે અનીતિમાનમાં, અર્થવાન્ કે અર્થહીનમાં, ઉચ્ચ કે નીચમાં, એવા કોઈ વર્ગમાં બરાબર થઈ શકતો ન હોય તે બધાને 'પોલિટિકલ' માં સ્થાન મળે છે. અમુક મનુષ્યના લક્ષણનું વર્ણન કરતાં ગમે તેટલી મુશ્કેલી પડતી હોય, પણ, તે માણસ 'પોલિટિકલ' છે એમ કહેતાં તરત તેનું સ્વરૂપ સમજાઈ જાય છે. અમુક કૃતિને યોગ્ય કે અયોગ્ય કહેવી એ વિશે શંકા થઈ હોય, અમુક

આચરણ પાપી કે પુણ્યશીલ છે એ વિશે તકરાર થતી હોય, ત્યાં તે 'પોલિટિકલ' છે એમ કહી દીધાથી સર્વ વાદવિવાદનો અંત આવી જાય છે. અમુક કાર્ય કરવાનું કે ન કરવાનું બાહ્યાભાસથી ખરૂં દેખાતું બહાનું જડતું ન હોય તો તે માટે 'પોલિટિકલ' કારણ છે એમ પ્રકટ કરવાથી સર્વ પ્રતિપક્ષીઓ નિરુત્તર થઈ જાય છે. ગમે તેવાં વાક્ય, ગમે તેવી સ્તુતિ, ગમે તેવી નિન્દાને 'પોલિટિકલ' વિશેષણ લગાડતાં તેનું તાત્પર્ય જુદું જ થઈ જાય છે. જ્યાં 'પોલિટિકલ' શબ્દને સ્પર્શ કરી પવન વાય છે તે સ્થળમાં ભાષા અને શબ્દશક્તિ જ બદલાઈ જાય છે. સાધારણ ભાષા બોલનાર લોકોમાં 'આપ' શબ્દથી અતિશય માનની વૃત્તિ સૂચવાય છે, તો 'પોલિટિકલ' ભાષા બોલનાર લોકોમાં 'આપ' શબ્દથી માન અપાય છે એમ તે શબ્દ બોલનાર પણ ધારતા નથી, અને, સાંભળનાર પણ માનતા નથી, છતાં, એ શબ્દનો ઉપયોગ ત્યાં ઘણો વધારે થાય છે. સાધારણ ભાષામાં 'પધારવું' શબ્દ જવલ્લે જ અને બહુ મહોટા પુરુષોના સંબંધમાં જ વપરાય છે, તો 'પોલિટિકલ' ભાષામાં ધોતીયુ, અંગરખુ અને પાઘડી રોજ સાથે પહેરે એવો દરેક સખસ 'પધારતો' જ કહેવાય છે. સાધારણ ભાષામાં 'કહાડી મુકયા' એ વાક્યમાં અપમાન થયેલુ હોવાનો અર્થ ગર્ભિત રહે છે, તો 'પોલિટિકલ' ભાષાવાળા મંડળમા કહાડી મુકાવાનો અનુભવ એવો સાધારણ તથા નિત્ય બનતો ગણાય છે કે 'કહાડી મુકયા'નો અર્થ એટલો જ થાય છે કે 'સલામ કરી કહ્યું કે "હવે બસ, આપને આથી વધારે પ્રતિષ્ઠાની પદવી મળે તેમાં હરકત કરવી ન જોઈએ." ' 'ખાઈ ગયા' એથી સાધારણ ભાષા બોલનારા બહુ હલકું કૃત્ય થયેલુ સમજે છે, તો 'પોલિટિકલ' ભાષાના કોશ પ્રમાણે 'ગિલકતના કરેલા ઉપયોગનો અર્થ કોઈ આકસ્મિક ભુલથી ખોટો સમજાયો' એટલો જ એ પદનો અર્થ થાય છે. એક પરદેશી ગૃહસ્થ અમુક 'પોલિટિકલ' સ્થાનમાં આવીને રહ્યા પછી ગુજરાતી ભાષા શીખ્યો, અને, 'પોલિટિકલ' અર્થ તે જ શબ્દોના ખરા અર્થ છે એમ તેણે પ્રથમ તો ધારી લીધું. ભાષા શીખતી વખતે પોતાના અભ્યાસના પ્રસંગમાં તેણે કેટલાક નિબંધો લખ્યા તેમાં 'ભાઈ' શબ્દ ઉપરના નિબંધમાં તેણે લખ્યું કે,

"ભાઈ શબ્દનો ઉપયોગ ધાતુ પાતળી બનાવવા માટે કરવામાં આવે છે. મનુષ્ય ગમે તે સ્થિતિમા કે પદવીમાં હોય પણ જયારથી તેના નામ જોડે 'ભાઈ' શબ્દ લગાડવામા આવે છે ત્યારથી તે ધૂર્ત, કપટી, કુટિલ, શઠ, અસત્ય બોલનાર, દુરાત્મા થયેલો માલમ પડે છે. એ શબ્દથી આત્માનું સત્ત્વ જ ઓછું થાય છે. ધાતુઓ જેમ લાંબી થતાં પાતળી થાય છે તેમ અત્રે 'ભાઈ' શબ્દથી મનુષ્યોનું

નામ લાબું થતાં તેમના ગુણ પણ પાતળા થતા જણાય છે. ઉમયાપતિચરણાં-બુજપ્રસાદ નામે ગૃહસ્થ અહીં એક હલકી નોકરી પર આવ્યા. પણ, અહીં ચાલતા હુન્નરની જમાવટ કરી પૈસો એકઠો કરવા લાગ્યા અને જોયુ તો તે જ સમયથી ઉમયાપતિચરણાંબુજપ્રસાદભાઇ કહેવાવા લાગ્યા. તેથી, જણાય છે કે એકલુ લાંબુ નામ બસ નથી પણ તે 'ભાઈ' શબ્દ વડે લાબું થવું જોઈએ રામલો નામે સુરત તરફનો એક તપખેરો કોળી કોઈની મદદથી કેળવણી પામ્યો અને નોકરીમા વધતો વધતો એક 'પોલિટિકલ' જગા પર આવ્યો, અને પછી કારભારી થયો. અહીં આવતા પહેલાં તેણે પોતાનુ નામ રામભાઈ કરેલુ પણ આ 'ભાઈ' તે 'પોલિટિકલ' અર્થનો 'ભાઇ' શબ્દ ન હોતો, અને રામભાઈભાઈ કહેવું ઠીક લાગે નહિ તેથી તેની બદલાયેલી સ્થિતિને ઘટતું નામ યોજતાં બહુ મુશ્કેલી પડી રામભાઈલાલભાઈ, રામભાઈજીભાઈ, રામલાલજીભાઈ, રામજીલાલભાઈ, એમ અનેક પ્રયોગ થયા પછી તેમનુ નામ આખરે રામજીભાઈ ઠર્યું, અને, આખા પોલિટિકલ મંડળમા તે એ જ નામે એળખાય છે. તેની ફોઈએ પાડેલું નામ તો કોઈ જાણતુ જ નથી, અને નામ લાબુ થતા તે પોલિટિકલ ભાઈ થયેલા જ છે અહીં નવો આવનાર માણસ ગમે તેટલો પ્રમાણિક, સત્યવાદી અને શુદ્ધ અન્તઃકરણવાળો હોય પણ જો તે ટીપાઈને પાતળો બની 'ભાઈ' શબ્દથી લાંબો થયો તો તેનાં લક્ષણ બદલાયા છે એમ અવશ્ય સમજવું. અ અને બ નામે ઇંગ્રેજી નોકરીમાના બે અમલદારો સંસ્થાનોમા નોકરી કરવા આવ્યા. અ નીતિના દૃઢ આગ્રહવાળો હતો અને મહોટી પદવીઓએ ગયા છતા તે માનાર્થે અસાહેબ જ કહેવાયો. બ ટીપાયો અને પાતળો થયો અને બભાઈ કહેવાયા અસાહેબ પેન્શન લઇને અને પગારમાથી વધેલા રૂપીયાની થોડી પ્રોમીસરી નોટો લેઈ ને પાછા ગયા. બભાઇને પેન્શનનો વખત આવતા સુધી રહેવું સહીસલામત ન લાગ્યું પણ પોતાના ભાણેજ-જમાઈને નામે શાહુકારોને ત્યા પાચ લાખ રૂપીઆ જમા કરાવી તે કંટાળીને નોકરી મુકી દઈને ચાલ્યા ગયા."

આવી ચમત્કારી 'પોલિટિકલ' ભાષાને આશ્રયે 'કારભાર' શબ્દમાં કેવા કેવા અર્થનું પોષણ થયુ હશે તેની કલ્પના કરતાં 'પરિપૂર્ણ પોલિટિકલ માણસનો હુન્નર તે કારભાર' એ વ્યાખ્યામાં બધો અર્થ આવી જશે રાજ્ય-તંત્ર એ માત્ર તેનો 'નિયત ઉપાધિ' (Inseparable Accident) છે, પણ, તે માત્ર ઉપાધિ છે. રાજ્યતંત્ર ચલાવવો એ 'કારભાર' માટે આવશ્યક નથી, પૈસા એકઠા કરવા એ જ આવશ્યક છે. પ્રજાહિતની ચિંતા હોવી જરૂરની નથી, કારભારીની પદવી કાયમ રાખવાની જ ચિંતા જરૂરની છે. ઇતિહાસ, રાજનીતિ, અર્થશાસ્ત્ર, કોશવ્યવસ્થા (Finance), કૃષિ અને વ્યાપારની વૃદ્ધિના ઉપાયઃ એ કોઇનું જ્ઞાન જરા પણ અગત્યનું નથી; અગત્ય માત્ર ખટપટ (જે 'કારભારનો સ્તંભ' કહેવાય છે તે) ની છે. ખટપટ વડે જ કારભાર મળે છે, ખટપટ વડે જ કારભાર ટકે છે, ખટપટ-

વડે જ કારભાર દીપે છે. ખટપટનું સાધન જેની પાસે ન હોય તે કારભાર માટે નાલાયક થાય છે. ખટપટ વિનાના કારભારની 'પોલિટિકલ' મંડળમાં હાંસી થાય છે.

'કારભાર' સરખા આવા અદ્‌ભુત પદાર્થનો શિકાર ચારે તરફથી આતુરતાથી થાય, અને, અનેક અનેક અવસ્થાના તથા ભિન્ન ભિન્ન જાતના મનુષ્યો એ શિકાર પકડવાના પ્રયાસમાં નિરન્તર ગુંથાયા રહે એમાં કંઈ નવાઈ નથી. 'પોલિટિકલ' મંડળોની સમીપનાં સ્થાનોમાં એવો શિકાર સ્વાભાવિક રીતે વધારે ચાલે છે. તે છતાં, બહુ દૂર સુધી એ શિકારની ગંધ જાય છે. કોઈ સંસ્થાનમાં કારભારીની જગા ખાલી પડે ત્યારે કારભારના શિકાર પર તલપ મારનારા એટલા ઉભા થાય છે કે બધાને જો શિકાર ફાડીને વહેંચી આપવામાં આવે તો રાઈના દાણા જેટલુ પણ દરેકને ભાગે ન આવે. એ સંસ્થાનના તમામ ઓદ્દેદારો, બીજાં સંસ્થાનોના કારભારીઓ, ન્યાયાધીશો, સુબાઓ, વહીવટદારો, ઈંગ્રેજ હદમાના મામલતદારો, મુનસફો, ડેપ્યુટી કલેકટરો, ચીટનીસો, શિરસ્તેદારો, વકીલો; અને કોઈ પણ નોકરી કે ધંધામાં ન હોતાં વેપાર કે એજન્સીનો નામનો ધંધો રાખનારા કરતા શિકારીઓ, એ બધા શિકાર પર તલપ મારવા તત્પર થાય છે. તે ઉપરાંત પોલિટિકલ એજન્ટના હાથ નીચેના બધા નોકરો એ શિકાર હાથ કરવાનો પોતાનો હક સમજે છે. કારભારીની જગા ખાલી પડી કે તરત પોલિટિકલ એજન્ટના સિપાઈથી દફતરદાર સુધીનો એકે એક નોકર માથું ઉંચુ કરે છે. શિકાર કોને હાથ આવશે એ માત્ર ખટપટ અને અકસ્માત્‌નું પરિણામ, અને લાયકી બધાની, એમ ગણવાનો તેઓ માંહોમાંહે સંપ કરી ઠરાવ કરે છે. અને તેમ કરવામાં ડહાપણ છે, કેમકે, શિકાર કોને હાથ આવશે એ જાણવાનો કંઈ પણ નિયમ નથી. એક પોલિટિકલ એજન્ટની ઓફીસમાં કારકુનના હાથ નીચે કામ કરનારો સિપાઈ દેશી સંસ્થાનમાં ફોજદાર થયો અને પછી વધતો વધતો કારભારી થયો. થોડા વખત પછી એ જ કારકુન એ જ સંસ્થાનમાં ન્યાયાધીશ થયો અને તે કારભારીના ઉપરીપણા નીચે કામ કરવા લાગ્યો. શિકાર હાથમાંથી છટકી જતાં બન્ને પોતપોતાની જગાએ પાછા આવ્યા, અને, પાછો સિપાઈ કારકુનના હાથ નીચે થયો. વળી પાછો શિકાર હાથ આવતાં બન્ને દેશી સંસ્થાનોમાં ગયા અને સિપાઈ કારકુનનો ઉપરી થયો. આમ વારાફરતી એકબીજા પર હુકમ બજાવવાનું દશ બાર વાર બન્યું. તેથી, શિકારને સાહસે નિકળનાર 'પોલિટિકલ' લોકોને અભિમાન

રાખવું તો પરવડે જ નહિં. વ્યક્તિની લાયકીનો સવાલ કદિ ઉઠતો નથી, અને, 'પોલિટિકલ' વ્યવહારમાં આકૃતિવર્ધક કાચ જેવી એ પ્રકારની શક્તિ છે કે યોગ્યતાનો પરમાણુ પથ્થર જેવડો મ્હોટો દેખાય છે. ઈંગ્રેજી નોકરી-માં તલાટીની નોકરી કરનાર દેશી રાજ્યમાં વિન્યુ કમિશનરની જગા માટે યોગ્ય ગણાય છે, બેલીફની નોકરી કરનાર સર ન્યાયાધીશ નિમાય છે, નિશાળના આસિસ્ટન્ટો કેળવણી ખાતાના વરિષ્ઠ અધિકારીની પદવી પામે છે, અને, જેલના વૉર્ડર તુરંગના સર્વોપરિ કામદાર બને છે. અને, ઈંગ્રેજી રાજ્યમાં કરેલી ફરાસની કે હરકોઈ નોકરીથી દેશી રાજ્યમાં કારભારી થવાની લાયકી સંપાદન થાય છે.

શિકાર આ પ્રમાણે ગમે તેને હાથ આવી શકે તેવો છતાં બધા શિકારીઓ ફતેહમંદ થતા નથી. શિકાર કેટલીક વખત ગુમ રહે છે, અને એવે વખતે બહાર પડે છે કે તેને પકડવાનુ બની શકતું નથી. ઘણી વખતે શિકાર બહાર પડયા છતાં તેને પકડવા જવાનો માર્ગ સુઝતો નથી. આ માટે, શિકારી કુતરાઓની જરૂર પડે છે, અને, કેટલાક 'પોલિટિકલ' માણસો શિકારી કુતરાનું જ કામ કરે છે. શિકારીઓને શિકાર શોધી આપવામાં તથા પકડી આપવામાં મદદ કરવી એટલો જ ધંધો તેઓ કરે છે. આ શિકારી કુતરાઓની ઘ્રાણશક્તિ બહુ તીવ્ર હોય છે. અને કોઈ પણ ઠેકાણે શિકાર નિકળી આવે કે તરત તેમને ખબર પડે છે. અલબત્ત, શિકાર પકડાતાં એ કુતરા થોડું રક્તમાંસ ચુસીને કહાડી લે છે, અને, તેમનો નિર્વાહ એ જ રીતે એવો સારો ચાલે છે કે આખો શિકાર મેળવવાની તેમને કદી ઇચ્છા થતી નથી. પરંતુ, આમ થોડુંક જતાં પણ શિકારીઓને ભાગે એટલું બધુ આવે છે કે કુતરા જે કહાડી લે છે તેની તેમને ખોટ જણાતી નથી, અને, ઘણી ખુશીથી તેઓ કુતરાની મદદ લે છે.

શિકારી કુતરાની મદદ લેતાં છતાં પણ શિકારીની કુશળતાનો ખપ પડે છે જ. શિકારી કુશળ ન હોય તો કુતરાઓએ સોંપ્યા પછી શિકાર છટકી જાય છે, અને, આ વાત સમજીને કુતરાઓ પણ કુશળ શિકારીઓ-નું જ કામ કરે છે. શિકારીઓની કુશળતા માત્ર શિકારને વશ રાખવામાં જ નહિં પણ પોતાની યોગ્યતા સર્વ શિકારી વર્ગમાં પ્રસિદ્ધ કરવામાં રહેલી છે, કેમકે, એવી પ્રસિદ્ધિથી જ હરીફો કંઇક દૂર રહે છે. તે છતાં, જેઓ 'પોલિ-ટિકલ' મંડળની બહાર છે તેમની આગળ તો એ શિકારીઓ તદન સીધા અને પ્રમાણિક હોવાનો આડંબર કરે છે. રેલવે ટ્રેનમાં એવા શિકારીઓનો

મેળાપ અનાયાસે થઈ જવાનો ઘણો સંભવ હોય છે. તેઓ જુવાન હોય તો મોજાં બુટ પહેરનારા અને વિનયથી ભરેલા હોય છે, ઘરડા હોય તો બહુ ઓછાં લુગડાં પહેરનારા અને તોછડા હોય છે. પરંતુ, ઉમ્મર ગમે તે છતાં તેઓ સામાની ખાનગી વાતોની જિજ્ઞાસાથી ભરેલા, અનેકાનેક સવાલો પુછનારા, પોતાની પ્રમાણિકતા જણાઈ આવે એવાં વચનો અને વૃત્તાન્તો ગમે તેવાં મિષે કહેનારા, પોલિટિકલ એજન્ટની, પોલિટિકલ સેક્રેટરીની, કાઉન્સિલના પોલિટિકલ મેમ્બરની, ગવર્નરની અને ગવર્નર જનરલની ફરજો વિશે મ્હોટી મ્હોટી ટીકાઓ કરનારા, પોલિટિકલ એજન્ટો તથા તેમના આસિસ્ટન્ટોની બદલીઓના સંભવ વિશે અનેક તર્ક ચલાવનારા, બહુ સાવચેતીથી પોતાના શત્રુનાં વખાણ કરનારા, અને દુનિયામાં જેમની શઠતા પ્રસિદ્ધ હોય તેવા 'પોલિટિકલ' માણસોનાં નામ સાથે 'ભાઈ' શબ્દ વાપરનારા હોય છે, અને, એ લક્ષણથી તેમને ઓળખી લેવા.

કાઠિયાવારના શિકાર અને શિકારીઓનું આ સ્વરૂપ જુના મહાભારતમાં તો કહેલું નથી, પણ, આ શિકારીઓનાં જીવનચરિત્ર લખી એકઠાં કરવામાં આવે તો નવા ક્ષત્રિયોનું નવું મહાભારત જુના કરતા પણ વધારે વિસ્તારી અને વધારે રસિક થાય એમાં સંશય નથી.

૭.

નવાબ સાહેબની મુલાકાત.*

[નીચેનો હેવાલ એક ડેકાણુ સરકાર તરફથી શંયેલી બીનવારસી માલની હરાજીમાથી મળેલા હસ્તલેખ ઉપરથી પ્રગટ કર્યો છે લખનારનું નામ તેમ જ નિર્દિષ્ટ માણસોના નામ લેખમા માલમ પડતા નથી. તેમા વર્ણવેલો વૃત્તાન્ત આજથી ઓછામા ઓછા બસે વર્ષ ઉપર બનેલો હોવો જોઈએ એ દેખાઈતુ છે. વાચનારની સુગમતા ખાતર તે સમયની ભાષા તથા જોડણીમા સહેજસાજ ફેરફાર કર્યો છે. શહેરનું નામ પ્રસિદ્ધ નથી કર્યું, અને મૂળમા જે વાક્યો ફારસીમા છે તેનું ગુજરાતીમા ભાષાન્તર મુકયું છે.]

હું આ શહેરમાં આવ્યો છું ત્યારથી અહીંના રાજમંડળની દૃષ્ટિને શું નામ આપવું એ વિચારથી ગુંચવાઉ છું અને હજી યોગ્ય શબ્દ મને

*"જ્ઞાનસુધા"ના સને ૧૮૯૮ના જાન્યુઆરી, ફેબ્રુઆરીના અંકમાં છપાયેલો લેખ.

જડયો નથી. નવાબ સાહેબથી માંડીને છેક તેમના જોડા ઉપાડનાર ખવાસ સુદ્ધાં રાજના બધા અધિકારીઓમાં એક સરખો ગુણ એ છે કે જેટલું પોતાની નજરે પડે તેથી એક તસુ પણ તેમની દૃષ્ટિ અગાડી જતી નથી. શહેરના બજારમાં લાગેલી આગ પાંચ દહાડા લાગલાગટ ચાલવાથી આખું બજાર બળી ગયું અને એક લાખ રૂપીઆનું નુકસાન થયું, પણ, નવાબ સાહેબનો મહેલ શહેરથી કાંઈક આઘો હોવાથી નવાબ સાહેબના અને તેમની કચેરીમાં ભરાતા બધા અમલદારોના જેવામાં ફક્ત ધુમાડા જ આવ્યા. આગ તેમના જેવામાં આવી નહિં, તેથી, આગ સંબધે તેમના તરફથી કંઈ ઉપાય લેવામાં આવ્યા નહિં. રાજકર્તાની ફરજ આગ હોલવવાની હશે પણ ધુમાડા હોલવવાની તેમની ફરજ છે એમ કદી મનાયું નથી, તેથી, કોઈનો દોષ કઢાય તેમ નથી; પણ, આ રાજમંડળની દૃષ્ટિ દૂરગામી છે એમ કહી શકાય નહિં એ તો ખુલ્લુ છે. ગઈ સાલ વરસાદ બહુ ઓછો પડયો અને ડાંગર પાકી નહિં, પણ, નવાબ સાહેબના કોઠારમાં ચોખા ખુટયા અને બીજા મુલકમાંથી ચોખા લાવવાની જરૂર જણાઈ ત્યાં સુધી વરસાદની તાણને લીધે ખેડુતો રાજભાગની ડાંગર આપી શકશે નહિં એ વાત રાજમંડળમાં કોઈને સુઝી નહોતી. દીવાળી આવી અને રાજના નોકરોના પગાર આપવા તોશાખાનું ઉઘાડયું તો તેમાં નાણાં માલમ પડયા નહિ ત્યાં સુધી શિલક વિના પગાર શી રીતે આપી શકાશે એમ ભવિષ્ય વિશે કોઈને કલ્પના થઈ નહોતી. તેથી, આ રાજમંડળને દીર્ઘ દૃષ્ટિ છે એમ પણ કહી શકાશે નહિ. એક ફકીરે નવાબ સાહેબને કહ્યું કે શહેરના તળાવમાં સવાલાખ મણ સોનું પડેલું છે તે ઉપરથી બીસ્તીઓને રાત દિવસ કામે લગાડી તળાવ ઉલેચી નંખાવ્યું ત્યારે ફકીરનુ કહેવું ખોટું માલમ પડયું, પણ, તે પહેલાં કોઈએ તળાવને કાંઠે ઉભા રહી તળાવમાં નજર નાખી નહિં, અને કોઈએ તળાવમાં ડુબકી મારી તપાસ કરી જેઈ નહિં. તેથી, આ રાજમંડળની દૃષ્ટિ ઉંડી છે એમ પણ કહી શકાશે નહિં. નવાબ સાહેબને અગર તેમની કચેરીમાં બેસનાર કોઈ અમલદારને સહી કરતાં આવડતી નથી, અને રૂપીઆના પૈસા કેટલા એ વિશે કદી કચેરીમાં સવાલ ઉઠે તો કોઈ વાણીઆની દુકાનેથી છોકરાને તેડાવી ફેંસલો કરાવવો પડે છે; તે છતાં, દરેક પોતપોતાની ખુશામતને પ્રસંગે પોતે કેવા કાબેલ છે, કેવા ઈલિમી છે, કેવા તરબિયતવાળા છે એ વર્ણન થતાં અક્ષરે અક્ષર ખરૂં માને છે. તેથી, આ રાજમંડળની દૃષ્ટિ અન્તર્ગામી છે એમ પણ કહી શકાશે નહિં. "દેખતા આંધળા" એ વિશેષણ જુદી જ જાતનો હુન્નર ધરાવનાર કીસબીઓને લગાડવામાં આવે

છે. તેથી, આ મંડળની દૃષ્ટિને કયા નામથી ઓળખવી એ મુશ્કેલીનો ખુલાસો થતો નથી.

નવાબ સાહેબના દરબારીઓ પ્રશંસાને પ્રસંગે પંડિત કહેવાય છે, પરંતુ, જેઓ ખરી રીતે અભણ ન હોય તેમને દરબારમાં જવાની છુટ ભાગ્યે જ મળે છે. હું પણ પોતાને અભણ કહેવડાવ્યાથી જ દરબારમાં જઈ બેસી શકું છું. હું ઇંગ્રેજી જાણું છું એ વાત કદિ નવાબ સાહેબના અગર તેમના અમલદારોના જાણવામાં આવે તો મારો પગપેસારો જ બંધ થાય, કેમકે, યુરોપીયન ભાષા જાણનારા માણસો નવા આવેલા ફીરંગી લોકો સાથે મળી જઈ રાજા વિરુદ્ધ ખટપટ કરે છે એમ કચેરીમંડળનું માનવું છે. એક ભાગ્યુંતુટું ઇંગ્રેજી જાણનાર દુભાષિયાને રાજ્ય તરફથી પગાર આપી નોકર રાખવામાં આવ્યો છે, તોપણ, શહેર મુકી ગામડામાં રહેવાનો તેને હુકમ છે. તેના ભાષાજ્ઞાનનો ખપ પડે ત્યારે જ તેને બોલાવવા મોકલે છે.

દુભાષિયાની આવી સ્થિતિ છતાં તેને કોઈ વખત બહુ લાભ મળી જાય છે તેનો એક દાખલો થોડા વખત પર બન્યો હતો. એક ઇંગ્રેજ મુસાફર નવાબ સાહેબના મુલકમાં પ્રવાસ કરી માહીતી મેળવવાને તથા નવાબ સાહેબનાં દર્શન કરવાને બહુ જ ઇંતેજાર હતો. પરંતુ, નવાબ સાહેબની હદમાં પેસવાની જ તેને મના કરવામાં આવી. નવાબ સાહેબના હુકમથી દુભાષિયો તે મુસાફરને સરહદ પર જઈ મળ્યો અને તેને ખબર આપી કે ફીરંગીઓને રાજમાં પેસવા દેવા નવાબ સાહેબ ખુશી નથી. મુસાફરે પોતાની પાસેના પત્રો બતાવી દુભાષિયાને કહ્યું કે વેપારીઓની હરીફાઈ સાથે કે રાજદ્વારી પ્રયત્નો સાથે મારે કંઈ પણ સંબંધ નથી, માત્ર જિજ્ઞાસા ખાતર હું પ્રવાસે નિકળ્યો છું. (મુસાફરને નામથી હું પણ ઓળખું છું અને જાણું છું કે તે ઘણો ભલો માણસ છે અને ઘણા મુલકોમાં ફરેલો હોવા છતાં કોઈ ઠેકાણે કોઈ જાતની ખટપટમાં ભળતો નથી.) દુભાષિયાએ મુસાફરને કહ્યું કે જુદા જુદા ફીરંગીઓના ઉદ્દેશમાં ભેદ હોય એમ નવાબ સાહેબ માનતા નથી. મુસાફરે બહુ આજીજી કરી, અને, દુભાષિયાને બહુ સારી ખુશબખતી આપી. દુભાષિયાએ આવી નવાબ સાહેબને જાહેર કર્યું કે મુસાફર બહુ જાતજાતના જાદુના ખેલ કરી જાણે છે માટે નવાબ સાહેબે એક વખત તેની મુલાકાત લેવી અને તેની સાથે વાત કરતાં તેની દાનત સારી જણાય તો પછી તેને ખેલ કરવા બોલાવવો,— એવી મુસાફરની અરજ છે. દસ દિવસ પછી જાદુગરને તેડી લાવવાનો નવાબ સાહેબે હુકમ કર્યો અને રાજ્યમાં દાખલ થવાની તેને પરવાનગી આપી.

મુસાફર અમાર પદવીનો હતો અને તે જાદુગર થવાનું કબુલ કરે તેમ નહોતું. દુભાષિયાએ તેને જાદુના ખેલ વિશે વાત કરી જ નહિ. નવાબ સાહેબ અને મુસાફર એક બીજાનું બોલવું સમજી શકે તેમ નહોતું તેથી દુભાષિયાને કંઈ ચિંતા નહોતી. હું ઇંગ્રેજી જાણું છું એ તે જાણતો નથી.

દસ દિવસ સુધી રાજ્યમાં પ્રવાસ કરાવી અને અનેક રીતે પૈસા કઢાવી દુભાષિયો મુસાફરને નવાબ સાહેબના દરબારમાં લઈ આવ્યો. નિરંતર હુક્કો, અફીણ, શરાબ અને નવાબ સાહેબ: એ સર્વની સોબતમાં રહેનાર ઉમરાવોની ઉંચી પંક્તિને અપમાન ન પહોંચે તેમ જાદુગરને ગલીચાને છેડે સ્થાન આપવામાં આવ્યું. પરંતુ, નવાબ સાહેબ દરબારમાં આવી બિરાજ્યા પછી અને સલામો થઈ રહ્યા પછી વાત કરવાની સગવડ માટે દુભાષિયો અને મુસાફર નવાબ સાહેબની પાસે ડાબા હાથની હારમાં આવીને બેઠા.

વાતચિત શરૂ થઈ. દુભાષિયો ફક્ત બંને પક્ષનાં વાક્યોનો સામસામાની ભાષામાં તરજુમો કરતો હતો. ગાંઠના સવાલ પુછવાનો અને જવાબમાં ગાંઠના ખુલાસા કરવાનો તેને અધિકાર નહોતો.

મુસાફર (ઇંગ્રેજીમાં)—આ ઇંગ્રેજ નવાબ સાહેબને સલામ કરે છે અને સલામ કબુલ થાય એવી અરજ કરે છે. અમારો રાજા નવાબ સાહેબનો દોસ્ત છે, દુશ્મન નથી.

દુભાષિયો—આ ગુલામ નેકનામદાર ખુદાવિંદ આલીજનાબ નવાબ સાહેબને કુરનસ કરી પગે પડી ધૂળ ચાટે છે. અમારા મુલકમા પણ નવાબ સાહેબનો જ અમલ ચાલે છે, અને, અમારો રાજા નવાબ સાહેબનું નામ સાંભળીને કંપે છે.

નવાબ સાહેબ—સચ હવે. તુમારે મુલુકમે ચીડીઆં હોતી હવે?

દુભાષિયો (ઇંગ્રેજીમાં)—તમારો દેશ અહીંથી કેટલો આઘો છે?

મુસાફર (ઇંગ્રેજીમાં)—અમે આવીએ છીએ તે રસ્તે તો પંદર સત્તર હજાર માઈલ દૂર થાય, પણ, સીધો રસ્તો હોય તો ચાર પાંચ હજાર માઈલ થાય.

દુભાષિયો—ચકલીઓ અમારા દેશમાં ઘણી થાય છે. અને, ગુલામ ચકલીઓના ખેલ કરી જાણે છે. ચકલીઓ તોપ ફોડે છે.

નવાબ સાહેબ—વાહ! અજબ! તુમ મુરઘે લડા સકને હો?

દુભાષિયો (ઇંગ્રેજીમાં)—તમને અહિં આવતાં કેટલોક વખત લાગ્યો?

મુસાફર (ઇંગ્રેજીમા)—લગભગ સાત મહિના થયા. પણ બધે રસ્તે પવન અનુકૂળ હોત તો ૭ મહિનાથી વધારે ન થાત.

દુભાષિયો—હાં ખુદાવિંદ, મરઘા લડાવી શકું છું. સાપ અને નોળીયાને પણ લડાવુ છું. નોળીયાએ મારેલા સાપને જાદુના જોરથી જીવતો કરૂ છું.

નવાબ સાહેબ—તુમારે મુલુકમે ઘોડેકા બચ્ચા અંડેમેસે હોતા હયે એ બાત સચ્ચી?

દુભાષિયો (ઇંગ્રેજીમાં)—તમે અહી આવતાં રસ્તામાં કયા કયાં મુસાફરી કરી?

મુસાફર (ઇંગ્રેજીમાં)—આ દેશમાં તો મારા દેશથી બારોબાર વહાણમાં આવ્યો. મદ્રાસ આગળ ઉતર્યો પછી દક્ષિણના એકએક રાજ્યમાં ફર્યો છું. આ પ્રાંતમા બધે ફર્યા પછી ઉત્તર તરફ જવા ધારૂં છું.

દુભાષિયો—ઘોડીનું ઇંડુ કોળાથી કઇંક મોટું થાય છે, પણ, રંગે ધોળું. મદ્રાસમા એવા ઇંડા થોડા આણ્યાં છે. ઘોડી એ ઇંડાં સેવતી નથી, પણ, પાણીનાં મુરઘી આવે એટલે મગરી સેવે છે

નવાબ સાહેબ—તબ તો વો ભઠીઆરેકી બાત સચ્ચી નિકલી. ભઠીઆરેકુ એક ગાંવ ઇનામ દે દેના. તુમ જાદુસે દુસરા કયા કર સકતે હો?

દુભાષિયો (ઇંગ્રેજીમા)—મુસાફરીમાં તમને મુસ્કેલીઓ ઘણી પડતી હશે. તેમ જ ખરચ પણ થતો હશે. તમે શા હેતુથી મુસાફરી કરો છો?

મુસાફર (ઇંગ્રેજીમાં)—તમાશા ખાતર અને માહીતી મેળવવા માટે મુસાફરી કરૂં છું. પ્રવાસમાં મુશ્કેલીઓ તો હોય જ, એટલે તેથી નાઉમેદી થતી નથી. ખરચ કર્યા વિના તો દેશો જોવાય જ નહિ. પણ ખરચ કોઇ વખત ઉગી નીકળે છે.

દુભાષિયો—નજરબંધી કરૂં છું. કરંડીયામાં પેસી નાળચામાંથી નીકળી જાઉ છું. ફુંક મારી હાથીને ઉચો ઉરાડું છું. આંગુઠી ધરીને મહેલ ઉભો કરૂ છું લાકડાના પુતળા પાસે માણસની બોલી બોલાવું છું. માણસની માખી બનાવી દઉં છુ અને પાછો માણસ કરૂ છુ. કુતરાની પુંછડી કાપી તેનાથી સસલું કઢાડી આપું છું.

નવાબ સાહેબ—ક્યા તાજ્જુબી! ડબ્બીમેંસેં લબાટીઆં ઉડા સકતે હો!

દુભાષિયો (ઇંગ્રેજીમાં)—તમારા મુલકમાં નાણું શેનાં થાય છે?

મુસાફર (ઇંગ્રેજીમાં)—રૂપાનાં તેમ જ સોનાનાં. સોના નાણાંનો એક સીક્કો આપને બતાવું છું. એ ઉપર અમારા રાજાની છબી છે.

દુભાષિયો—ચખોટીઓ ઉડાવી દઉં છું, અને આવા સીક્કા તાળાબંધ પેટીમાંથી ઉડાવી દઉં છું. પેટી ખાલી હોય તો ભરી પણ દઉં છું.

નવાબ સાહેબ—રીંછકે સાથ કુસ્તી કર સકતે હો?

દુભાષિયો (ઇંગ્રેજીમાં)—તમારા રાજાનું લશ્કર કેટલું છે?

મુસાફર (ઇંગ્રેજીમાં)—અમારા દેશમાં રાજાથી કાયમનું લશ્કર રાખી શકાતું નથી. લડાઈ થાય ત્યારે જરૂર જેટલું લશ્કર રાજા ઉભું કરે છે.

દુભાષિયો—ગુલામ રીંછને કુસ્તી કરી પટકી નાંખે છે, તેમ જ, પાડા, વાઘ અને સિંહ સાથે કુસ્તી કરી તેમને પટકી નાંખે છે.

નવાબ સાહેબ—બંદરકા ખેલ કરતે હો?

દુભાષિયો (ઇંગ્રેજીમાં)—તમારો રાજા કયો ધર્મ પાળે છે?

મુસાફર (ઇંગ્રેજીમાં)—ખ્રીસ્તી ધર્મ પાળે છે. અમારા દેશમાં રાજા અને પ્રજા સહુ ઇસા મસીને માને છે

દુભાષિયો—વાંદરાં રમાડું છું. નવાબ સાહેબ જે ખેલ ફરમાવે તે કરી બતાવવાની બંદો તાકાદ રાખે છે.

નવાબ સાહેબ—કૌએ, કુત્તે ઓર ગદ્દેકે માફક અવાજ કર સકતે હો?

દુભાષિયો (ઇંગ્રેજીમાં)—તમારા દેશમાં ખેતી વધારે થાય છે કે વેપાર વધારે?

મુસાફર (ઇંગ્રેજીમા)—પ્રથમ તો ખેતી જ બહુધા ચાલતી. ધીમે ધીમે દેશ પરદેશનો વેપાર ચાલતાં હાલ ખેતીથી વેપાર બહુ વધી જવા લાગ્યો છે.

દુભાષિયો—જાત જાતનાં પખી અને જનાવરના અવાજ બંદો કહાડી શકે છે, અને, તેમને ભુલાવામાં નાખી તેમનો જમાવ કરી શકે છે.

નવાબ સાહેબ—તુમારા ખેલ કલ બતલાવો. કચેરી ભરકે દેખિંગે.

દુભાષિયો (ઇંગ્રેજીમાં)—તમારે કંઈ સગવડની ખામી હોય તો દુભાષિયાને કહેવું.

મુસાફર (ઇંગ્રેજીમાં)—નવાબ સાહેબનો હું બહુ આભાર માનું છું. મારે બધી અનુકૂળતા છે.

દુભાષિયો—ખેલ કરવાનો મારો સામાન આપની હદ બહાર છે. તે લાવીને હું હાજર થઈશ.

નવાબ સાહેબ—બહોત અચ્છા. જલદી આના.

દુભાષિયો (ઇંગ્રેજીમાં)—મુલાકાતથી અમે ખુશી થયા છીએ.

ઉપકાર માનીને મુસાફર વિદાય થયો. સાત આઠ દહાડા થયા પણ જાદુગર પાછો આવ્યો નહિં, તેથી, નવાબ સાહેબે તેને બોલાવી લાવવાનો દુભાષિયાને હુકમ કર્યો. તપાસ કરી આવી દુભાષિયાએ ઝાહેર કર્યું કે "ગરીબ પરવર, જાદુગર તો ગુઝર ગયા." ગરીબપરવરે તે વાત તરત ખરી માની, અને, દુભાષિયાની મુસ્કેલીઓ પતી ગઈ. દુભાષિયાએ બહુ માનભરેલી મુલાકાત કરાવી તે માટે મુસાફરે ખુશ થઈ સારી બક્ષીસ આપી હતી. તેના બદલામાં દુભાષિયાએ મુસાફરને મારી નાખી કૃતઘ્ન આચરણ કર્યું એમ તો નહિં જ કહેવાય. કેમકે, દુભાષિયાએ મુસાફરને મારી નાખ્યો નહોતો, અને, મુસાફર મરી ગયો નહોતો.

આ વૃતાન્ત મારી સ્મૃતિમાંથી ખસી ગયો હતો, પણ, એ મુસાફરે પોતાના પ્રવાસના હેવાલનું પ્રસિદ્ધ કરેલું પુસ્તક મારા જોવામાં હમણાં આવ્યું તેથી ઉપરની હકીકત યાદ આવી. એ પુસ્તકમાં નવાબ સાહેબની મુલાકાત વિશે તેણે નીચે પ્રમાણે લખ્યું છેઃ—

"—શહેરના નવાબ સાહેબની મુલાકાત જેવા અતિ આનંદજનક બનાવ મારા પ્રવાસમાં બહુ થોડા બન્યા છે. તેમણે મારી તરફ બહુ જ સભ્ય વર્તન દર્શાવ્યું. નવાબ સાહેબે મને જે વિચારવંત અને જિજ્ઞાસા ભરેલા સવાલ પુછ્યા તે પરથી મને જણાઈ આવ્યું કે તેમણે સારી કેળવણી લીધેલી છે અને તેમની બુદ્ધિ સારો પ્રકાશ પામેલી છે. નવાબ સાહેબનો અને તેમના દરબારીઓનો દેખાવ તો એવો છે કે કોઈ એમ ધારે કે તેઓ હમણાં જ ઉંઘમાંથી ઉઠયા છે અને હમણાં પાછા તરત ઉંઘી જવાના છે. પરંતુ બહારના દેખાવ કેવા ખોટા હોય છે! મારી સાથેની વાતચિતમાં જાત જાતની બાબતો ઉપર માહીતી મેળવવાની નવાબ સાહેબની જે ઇંતેજારી જણાઈ આવી તે પરથી મારી ખાતરી થઈ કે સામાન્ય જ્ઞાનના વિષયોનો તેમને પરિચય છે અને રાજનીતિથી તેઓ અજાણ નથી. હિંદુસ્તાનના રાજાઓનો ઘણો મ્હોટો ભાગ એવો છે કે તેમની આ પ્રકારની જરા પણ સ્તુતિ થઈ શકે નહિં, અને તેથી——ના નવાબ સાહેબની આ વિશેષતા ખાસ ધ્યાન ખેંચે છે. દુભાષિયા રાખવાની રીત હિંદુસ્તાનના ઘણાખરા રાજાઓના દરબારમાં દાખલ થઈ છે, અને, તેથી મુસાફરોને બહુ સુગમતા થાય છે. એ બધા દુભાષિયાઓને વ્યાકરણ પર વધારે પ્રીતિ કરવાની ભલામણ કરવી ઘટે છે.——ના દુભાષિયાએ મારા ઉપર એટલો ઉપકાર કર્યો છે કે આ સંબંધે તેનો દોષ કહાડવા હું ખુશી નથી; પરંતુ,

એ તો કહેવું જોઈએ કે ઇંગ્રેજ મુસાફરો લાખો પાઉન્ડ સાથે લઈને ફરે છે એમ તે માને છે તે તેના જેવા સુશિક્ષિત ગૃહસ્થને છાજતું નથી."

અલબત્ત, આ પુસ્તક નવાબ સાહેબના વાંચવામાં આવ્યું નથી અને આવવાનુ નથી. દુભાષિયો એ પુસ્તક વાંચી તેમાંની ભૂલ સુધારવાનો પ્રયત્ન કરે એ અસંભવિત છે. એ પુસ્તકમાંની હકીકત ભવિષ્યમાં ઇતિહાસના સાધન તરીકે વપરાશે એ નક્કી છે. માટે, ખરી હકીકત જણાવી ભૂલ થતી અટકાવવાનો પ્રયત્ન કરવો એ ફરજ સમજી આ હેવાલ અહીં ટાંકી મુકું છું.

૮.

નવાબ સાહેબની મુલાકાત.*

(સંવાદરૂપ.)

પ્રવેશ ૧ લો.

સ્થળઃ—નવાબસાહેબની કચેરી.

પાત્રો—નવાબસાહેબ, ત્રણ હજુરીયા અને પાછળથી દુભાષિયો.

૧ લો હજુરી—પાંચ રોજસે શહેરમેસે ધુવા નિકલતી હય વો કયા હોગા?

૨ જો હજુરી—શાયદ, આગ ન હોવે ! આગ હોવે તો બુઝાની ચાહીએ.

નવાબસાહેબ—તુમકુ એબી ખબર નહિ કે આગ દુસરી ચીજ હય, ઔર ધુવા દુસરી ચીજ હય ? ધુવા બુઝાના એ અપના કામ નહિ હય.

૩ જો હજુરી—નવાબ સાહેબ બરાબર ફરમાતે હય. આગ ઘાંસે દીખતી નહિં તો કિસ તરેહસે કહે સકતે હો કે આગ હય ?

૧ લો હજુરી—ઇનકી અકલ હી ઐસી ચલતી હય ગઇ સાલ એક ફકીરને આકે કહા કે શહેરમેં તલાવમેં સવાલાખ મન સુના હય તો નવાબસાહેબને ભીસ્તી લોકકી પાસ તલાવ ખાલી કરવાયા—સુના કુછ નિકલા નહિં. તબ એ જનાબ કહેને લગે કે પહેલેસે તલાવમેં પેંઠ કે દેખના થા કે તલાવમેં સુના હય યા નહિં.

---

* આ પહેલાના લેખ ઉપરથી રચેલો સંવાદ. આ સંવાદ "સમાલોચક" પુ૦ ૧૬ અંક ૨ માં છપાયો હતો. ઇંગ્રેજી વાકયોનું ભાષાંતર એ પત્રની ઑફિસ તરફથી કરવામાં આવ્યું છે.

૨ જો હજુરી—નાહક તલાવમેં પેંડના ઔર શરદીસે હયરાન હોના એ અક્કલ કહાંસે લાયે ?

૩ જો હજુરી—ભીસ્તી લોકકું કિતને રૂપયે દિયે ?

નવાબસાહેબ—રૂપયેકી તો ખબર નહિં. લેકિન દસ કરોડ પેસે હુવે ઐસા કોઈ કહેતા થા.

૧ લો હજુરી—એક રૂપયેમેં કિતને પેસે હોતે હય ?

૨ જો હજુરી—મુઝકો તો માલુમ નહિં.

૩ જો હજુરી—મેરેકું બી ખબર નહિં.

૧ લો હજુરી—ગાંવમેંસે કોઈ બનિયે કે લડકેકું બુલાઓ; તુરત ગીન દેગા. એ કુછ અપના કામ હય ?

૨ જો હજુરી—બેશક નહિં. અપને જૈસે કાબીલ, આલીમ, તરબિયતવાલે લોક રૂપયે કે પેસે ગીનનેકું બૈઠિંગે ?

નવાબસાહેબ—ઐસે હીસાબી ઇલમવાલે આદમી હમેરે વહાં હોનાભી નહિં ચાહીએ. ઓ ફીરંગી લોકકી જબાન જાનનેવાલેકું તો સારે મુલ્કમેં દાખલ હોનેકાભી હુકમ નહિં.

૧ લો હજુરી—સિર્ફ વો દુભાષિયા તો હય.

૨ જો હજુરી—ઉસકુંભી ગાનડેમેં રહેનેકા હુકમ હય. કયા કરે ? કભી કભી ઉસકી જરૂર પડતી હય.

નવાબસાહેબ—ઓ દુભાષિયેકું સરહદ પર એક અંગ્રેજકી પાસ અભી ભેજા હય. યુરોપિયન કહેતા હય કે મેં મુસાફિર હું, ઔર નવાબસાહેબકી મુલાકાતકા ઇંતેજાર હું. દુભાષિયેકે સાથ હુકમ ભેજા કે હદમેં દાખલ મત હોના. ફિર દુભાષિયા પેગામ લેકર આયા યે અંગ્રેજ બેપારી નહિં હય ઔર રાજકી ખટપટમેં નહિં પડતા. તો જવાબ ભેજા કે નવાબ સાહેબ ફીરંગી લોકમેં ફેર નહિં સમજતે.

૧ લો હજુરી—દુભાષિયા હી આતા હય.

(દુભાષિયો પ્રવેશ કરે છે.)

દુભાષિયો—(સલામો કર્યા પછી) અંગ્રેજ મુસાફર ખુદાવિંદ નવાબ સાહેબને અરજ કરે છે કે હું બહુ જાતજાતના જાદુના ખેલ કરી જાણું છું માટે ખુદાવિંદે એક વખત મારી મુલાકાત લેવી જોઇએ, અને,

વાત કરતાં મારી દાનત સાફ જણાય તો પછી મને ખેલ કરવા બોલાવવો. હેરતભરેલા જાદુના ખેલ થાય છે.

નવાબ—અચ્છા, દસ રોજ પીછે આને દો.

પ્રવેશ ૨ જો.

સ્થળ:—યુરોપીઅન મુસાફરનો ઉતારો.

પાત્રો—યુરોપીઅન મુસાફર અને દુભાષિયો.

યુરોપી૦—Well, Interpreter, does the Nawab Saheb still distrust an English peer who seeks nothing but the honour of an intetview with an Indian prince ?

(ઠીક દુભાષિયા ! એક હિન્દુસ્તાનના રાજા સાથેની મુલાકાતના માન વિના બીજા કશાની જેને આશા નથી તેવા અંગ્રેજ અમીરના ઉપર નવાબ સાહેબને હજી પણ ભરોંસો પડતો નથી ?)

દુભાષિયો—No, my lord. Your gold not given me in vain. Nawab Saheb says yes. Here is *parvanah.*

(ના, સાહેબ. તમે મને બક્ષીસ કંઈ નકામી આપી નથી, નવાબ સાહેબ હા પાડે છે. આ રહ્યો પરવાનો.)

યુરોપી૦—That is fortunate. When do we go ?

(એ ઠીક થયું. આપણે કયારે જઈશું ?)

દુભાષિયો—In ten days.

(દસ દિવસમાં.)

દુભાષિયો—(સ્વગત) સારૂં છે કે દરબારમાં બીજું કોઈ અંગ્રેજી જાણતું નથી. નવાબ સાહેબ જાણશે કે જાદુગર છે, અને મુસાફર જાણશે કે મારે મુલાકાત થઈ.

પ્રવેશ ૩ જો.

સ્થળઃ—નવાબ સાહેબની કચેરી.

પાત્રો—નવાબસાહેબ, હજુરિયા, અંગ્રેજ મુસાફર, દુભાષિયો વગેરે.

યુરોપી૦—An Englishman presents his salutations to His Highness the Nawab Saheb, and, prays that his salutations be accepted. The King of my country is a friend of the Nawab Saheb, and not an enemy.

(એક અંગ્રેજ ખુદાવિંદ નવાબસાહેબને કુરનશ કરે છે, અને અરજ કરે છે કે તેનો અંગીકાર કરશો. મારા દેશના રાજા નવાબસાહેબના દોસ્ત છે, દુશ્મન નથી.)

દુભાષિયો—આ ગુલામ નેક નામદાર ખુદાવિંદ આલી જનાબ નવાબસાહેબને કુરનસ કરી પગે પડી ધુળ ચાટે છે. અમારા મુલકમાં પણ નવાબ સાહેબનો જ અમલ ચાલે છે, અને, અમારો રાજા નવાબસાહેબનું નામ સાંભળીને કંપે છે.

નવાબ—સચ હય. તુમારે મુલકમેં ચિડિયાં હોતી હય ?

દુભાષિયો—Your country from here how far ?

(તમારો મુલક અહિંયાથી કેટલો દૂર છે ?)

યુરોપી૦—The route we come by is about fifteen or seventeen thousand miles. But if there were a direct route it would be four to five thousand miles.

(જે રસ્તે થઈને અમે આવીએ છીએ તે લગભગ પંદર કે સત્તર હજાર માઇલનો છે. પરન્તુ જો સીધો રસ્તો હોય તો તે ચાર કે પાંચ હજાર માઇલનો થાય.)

દુભાષિયો—ચકલીઓ અમારા દેશમાં ઘણી થાય છે, અને ગુલામ ચકલીઓના ખેલ કરી જાણે છે. ચકલીઓ તોપ ફોડે છે.

નવાબ—વાહ ! અજબ ! તુમ મુરઘે લડા સકતે હો ?

દુભાષિયો—You coming here what time felt ?

(તમને અહિંઆં આવતાં કેટલો વખત લાગ્યો) ?

યુરોપી૦—It took me about seven months. With favourable winds, however, six months would have been enough.

(મને લગભગ સાત મહિના લાગ્યા. પણ જો પવન અનુકૂળ હોય તો છ મહિના બસ થાય.)

દુભાષિયો—હા, ખુદાવિંદ, મરઘા લડાવી શકું છું. સાપ અને નોળીયાને પણ લડાવી શકું છું. નોળીયાએ મારેલા સાપને જાદુના જોરથી જીવતો કરી શકું છું.

નવાબ—તુમારે મુલુકમેં ઘોડેકા બચ્ચા અંડેમેંસે હોતા હય એ બાત સચ્ચી ?

દુભાષિયો—You coming here in the road where where travelled ?

(તમે અહિંઆં આવતાં ક્યાં ક્યાં મુસાફરી કરી ?)

યુરોપી૦—I came direct to this country in a sailing vessel. I landed at Madras, and, I have visited every one of the kingdoms of the south. After making a tour all over this province, I intend going north.

(હું પરભાર્યો આ દેશમાં જ વહાણમાં આવ્યો. હું મદ્રાસ ઉતર્યો, અને દક્ષિણનું દરેકે દરેક રાજ્ય જોઈ આવ્યો. આ પ્રાન્તમાં મુસાફરી કર્યા પછી હું ઉત્તર તરફ જવાનો ઈરાદો રાખું છું.)

દુભાષિયો—ઘોડીનું ઈંડું કોળાથી કંઇક મહોટું પણ રંગે ધોળું થાય છે. મદ્રાસમાં એવાં થોડાં ઇંડાં આણ્યાં છે. ઘોડી એ ઇંડાં સેવતી નથી પણ પાણીમાં મૂકી આવે છે એટલે તે ઇંડાં મગરી સેવે છે.

નવાબ—તબ તો વો ભઠીઆરેકી બાત સચ્ચી નિકલી. ભઠીઆરેકું એક ગાંવ ઇનામ દે દેના. તુમ જાદુસે દુસરા કયા કર સકતે હો ?

દુભાષિયો—In travelling many difficulties must be falling on you. Expense also must be becoming. From what purpose you travel ?

(મુસાફરીમાં તમારા ઉપર બહુ મુશ્કેલીઓ પડતી હશે. ખરચ પણ થતું હશે. તમે શા હેતુથી મુસાફરી કરો છો ?)

યુરોપી૦—I travel in order to gather knowledge and information Of course, travelling in strange lands has its difficulties. But that does not disappoint me. You cannot see countries without trouble and expense.

(હું જ્ઞાન અને માહિતી મેળવવા માટે મુસાફરી કરૂં છું. બેશક, અજાણ્યા દેશમાં મુસાફરી કરવામાં મુસીબતો તો નડે જ. પરન્તુ તેથી હું નાઉમેદ થતો નથી મુસીબતો અને ખરચ વિના કંઈ દેશો જોઈ શકાય નહિં.)

દુભાષિયો—નજરબંધી કરૂ છું. કરંડીઆમાં પેસી નાળચામાંથી નીકળી જાઉં છું. ફૂંક મારી હાથીને ઉંચો ઉડાડું છુ. અંગુઠો ઘસીને મહેલ ઉભો કરૂ છું. લાકડાના પુતળા પાસે માણસની બોલી બોલાવું છું. માણસની માખી બનાવી દઉં છું, અને, પાછો માણસ કરૂ છું. કુતરાની પુચ્છડી કાપી તેમાંથી સસલું કહાડી આપું છું.

નવાબ—ક્યા તાજુબી ! ડબ્બામેસે લખોટીઆં ઉડા સકતે હો ?

દુભાષિયો—In your country coins made of what ?

(તમારા દેશમાં સીક્કા શાના થાય છે ?)

યુરોપી૦—Of silver as well as of gold. Here is a gold coin with the portrait of His Majesty the King of my country stamped upon it.

(રૂપાના તેમ જ સોનાના. આ રહ્યો એક સોનાનો સીક્કો. એના ઉપર અમારા દેશના રાજાની છબીની છાપ છે.)

દુભાષિયો—લખોટીઓ ઉડાવી દઉં છું અને આવા સીક્કા તાળાબંધ પેટીમાંથી ઉડાવી દઉં છું. પેટી ખાલી હોય તો ભરી પણ દઉં છું.

નવાબ—રીંછકે સાથ કુસ્તી કર સકતે હો ?

દુભાષિયો—How many your king's army-men ?

(તમારા રાજાના લશ્કરી માણસો કેટલા ?)

યુરોપી૦—Well, the fact is His Majesty has not the power to keep a standing army. But, he can raise as large an army as he needs whenever

he has to make war with any of his enemies.
(ખરી વાત તો એ છે, કે અમારા રાજાને કાયમનું લશ્કર રાખવાની સત્તા નથી. પરન્તુ જ્યારે તેમના કોઈ દુશ્મનો સામે લડાઈ કરવાની હોય છે ત્યારે જેવડું લશ્કર જોઈએ તેટલું તૈયાર કરી શકે છે.)

દુભાષિયો—ગુલામ રીંછને કુસ્તી કરી પટકી નાખે છે, તેમ જ પાડા, વાઘ અને સિંહ સાથે કુસ્તી કરી તેમને પટકી નાખે છે.

નવાબ—બંદરકા ખેલ કરતે હો ?

દુભાષિયો—What religion your king keeps ?
(તમારા રાજા કયો ધર્મ પાળે છે ?)

યુરોપી૦—The Christian Religion. The king and his subjects are the followers of Jesus Christ.
(ખ્રીસ્તી ધર્મ. રાજા અને પ્રજા ઇસુ ખ્રીસ્તના અનુયાયીઓ છે.)

દુભાષિયો—વાંદરાં રમાડું છું. નવાબ સાહેબ જે ખેલ ફરમાવે તે કરી બતાવવાની બંદો તાકાત રાખે છે.

નવાબ—કૌએ કુત્તે ઓર ગદ્ધે કે માફક અવાજ કર સકતે હો ?

દુભાષિયો—In your country agriculture more or trade more ?
(તમારા દેશમાં એક ખેતી વધારે પાર ?)

યુરોપી૦—Formerly agriculture was the main occupation of the people. Then gradually people engaged in foreign trade. And now trade continues to preponderate.
(આગળ ખેતી એ લોકોનો મુખ્ય રોજગાર હતો. ત્યાર પછી ધીમે ધીમે પરદેશના વેપારમાં લોકો જોડાવા મંડ્યા. હમણાં પણ વેપાર વધતો જ જાય છે.)

દુભાષિયો—જાત જાતનાં પંખી અને જાનવરનો અવાજ બંદો કહાડી શકે છે, અને, તેમને ભુલાવામાં નાંખી તેમનો જબાવ કરી શકે છે.

નવાબ—તુમારા ખેલ કલ બતલાવો. કચેરી ભરકે દેખિંગે.

દુભાષિયો—If any convenience wanting to you, you speak to the interpreter.

(જો તમારી સગવડમાં કોઈ જાતની ખામી હોય તો તમે દુભાષિયાને કહેજો.)

યુરોપી૦—I am highly obliged to the Nawab Saheb. There is nothing that I want at present.

(હું નવાબ સાહેબનો બહુ આભાર માનું છું. હાલમાં મારે કશાની જરૂર નથી.)

દુભાષિયો—ખેલ કરવાનો મારો સામાન આપની હદની બહાર છે. તે લાવીને હું હાજર થઈશ.

નવાબ—બહોત અચ્છા. જલદી આના.

દુભાષિયો—T is interview has been a great pleasure.

(તમારી મુલાકાતથી હું બહુ રાજી થયો છું.)

પ્રવેશ ૪ થો.

સ્થળઃ—અંગ્રેજ મુસાફરનો ઉતારો.

પાત્રો—અંગ્રેજ મુસાફર અને દુભાષિયો.

યુરોપી૦ મુસાફર–Interpreter, the interview was a delightful surprise to me. If you look at the Nawab Saheb and his courtiers, you think they have just risen from sleep, andn are going to sleep once more. But how false are outward appearances! The Nawab Saheb asked me highly intelligent questions. He is a shrewd and well-informed ruler, and, is anxious to acquire information.

(દુભાષિયા! આ મુલાકાતથી મને બહુ સાનંદાશ્ચર્ય થયું. જો તમે નવાબ સાહેબ અને તેમના હજુરીઆ તરફ જુઓ, તો જાણે તેઓ હમણાં જ ઉંઘી ઉઠયા હોય અને તરત જ ફરીથી ઉંઘી જવાના હોય એમ દેખાય છે. પરન્તુ બહારનો દેખાવ કેવો છેતરે છે? નવાબ સાહેબે મને બહુ હોંશિયારી ભર્યા પ્રશ્નો પુછ્યા. તે એક

કાબેલ અને બહુશ્રુત રાજા જણાય છે, અને માહિતી મેળવવા ઇંતેજાર છે.

દુભાષિયો—Don't forget your interpreter, my lord.
(સાહેબ ! આપના દુભાષિયાને ભુલી જશો નહિં.)

યુરોપી૦—Oh ! I cannot forget you. You are a clever and useful man. A modicum of grammar would do you much good; and, do not have the impression that English travellers carry about with them millions.
(આહ ! હું તમને ભુલી શકું એમ છે જ નહિં. તમે બહુ હોશીઆર અને ખપના માણસ છો. જરા વ્યાકરણનું વધારે જ્ઞાન મેળવશો તો તમને લાભ બહુ થશે. અને, મનમાં એમ ન રાખશો કે અંગ્રેજ મુસાફરો લાખ્ખો પાઉન્ડ સાથે લઇને ફરે છે.)

૯.

વ્યાકરણમાં એક નવીન શોધ.*

(અંગ્રેજી પરથી.)

મે. તંત્રી સાહેબ,

મને ઘણી વાર લાગ્યું છે કે આપણી ભાષામાં યથાર્થ વર્ણન માટે જોઇએ તેવાં વિશેષણો નથી. વિશેષણોને માત્ર ત્રણ તુલનાનાં રૂપ હોયછે. પરંતુ પ્રમાણમાં આ ત્રણ બહુ જ ઓછાં છે. કેમકે સેંકડો પદાર્થોને તે લગાડવામાં આવે છે અને જો કે તે પદાર્થ એક જ ·તના હોય છે છતાં તેમાં અમુક વિશેષતાના અનેક ભિન્ન ભિન્ન અંશ છાયા હોય છે. ઉદાહરણ તરીકે વર્ષના ત્રણસેં ને પાંસઠ દિવસની હવા જૂદી હોય છે, અને સ્વાભાવિક રીતે એક દિવસની હવા બીજાથી સહજ પણ ફેરફાર વગરની હોતી નથી. પરંતુ આ ભેદનો ખ્યાલ આપવા માટે ભાષામાં દસબાર વિશેષણ પણ પૂરાં નથી. આપણે કહીએ છીએ કે આજની હવા ઉષ્ણ છે અથવા ઉષ્ણતર છે કે ઉષ્ણતમ છે. પરંતુ, આથી હવાનો ચોકસ રીતે ખ્યાલ

* "જ્ઞાનસુધા" ના સન ૧૮૯૯ ના જાન્યુઆરીથી માર્ચ સુધીના અંકમાં છપાયેલો લેખ.

આવી શકતો નથી એ સહજ સમજાય તેવું છે. અને પરાકાષ્ઠા દર્શાવતાં વિશેષણો ઘણુ ખરૂં સત્ય હોતાં નથી.

કોઈ સ્ત્રીને માટે આપણે કહીએ કે તે સુંદર છે, કે ઘણી સુંદર છે અથવા પરિપૂર્ણ સુંદરતાવાળી છે. આવા પ્રકારનાં વર્ણન જેણે તેને દીઠી ન હોય તેને મન નકામાં છે. કેમકે જે અનેક સ્ત્રીઓ તેણે જોઈ હોય તેમાંની બે સરખી રીતે સુંદર હોય એમ બનતું નથી. પરિપૂર્ણ સુંદરતાવાળી છે એમ કહીએ તોપણ તે જાણે જ કે કલ્પિત કથાઓમાં જ આવી સ્ત્રીઓ હોય છે, વાસ્તવિક રીતે કેવું કોઈ છે નહીં. આપણે રસ્તામાં કોઈ ઓળખીતાને મળીએ અને તેને પુછીએ કે તબીઅત કેમ છે તો તે કહેશે કે ઠીક છે. પરંતુ તેથી તેની તબીઅતનો બરાબર વિચાર આવી શકે નહીં. કારણ કે અનેક જૂદે પ્રસંગે તેણે તેનો તે જ જવાબ દીધો હોય છે, પરંતુ, તે દરેક વખતે તેની શરીરસ્થિતિમાં કાંઈ ને કાંઈ ફેર નિઃસંશય હોય જ.

ગણિતવિદ્યાના શોખીનને, નિશ્ચિતતાવાળી વિદ્યાઓના અભ્યાસીને આવી શબ્દની ખામીઓ,-વસ્તુઓ યથાર્થ રીતે કેવી છે તે કહી બતાવવાની અશક્યતા નિરતર કંટાળો ઉપજાવે છે. તેમાં વળી મારા જેવાને એટલે જેનામાં ઉપર કહ્યાં તે વલણ ઉપરાંત સત્ય પર દઢ પ્રીતિ છે તેવાને આપણી ભાષામાં યથાર્થ રીતે સત્ય બોલી શકાય નહી એ વિચાર વિશેષ દુઃખકર છે. આ કારણને લીધે મે સર્વ પ્રાચીન તથા અર્વાચીન ભાષાઓનો શ્રમ લઇ અભ્યાસ કર્યો છે કે જેથી કોઇમાં આવા વિચાર પ્રદર્શિત કરવાની પદ્ધતિ જડે. પરંતુ, તે સર્વમાં આ ખામી છે એવું મને માલમ પડ્યુ.

આ રીતે પરભાષામાં એવી શોધ મળવાની આશા મૂકી દઈ પોતાની ભાષા સુધારવાનો મેં આરંભ કીધો છે અને હું ધારૂ છુ કે મેં ઘણી અગત્યની શોધ કીધી છે. એ જ્યારે બરોબર વ્યવસ્થિત થશે અને સર્વત્ર માન્ય થશે ત્યારે વિચાર પ્રદર્શિત કરવામાં સ્પષ્ટતા જણાશે અને તેથી વિચાર પણ સ્પષ્ટ થશે જેથી સમજવામાં કાંઈ બાકી રહેશે નહીં. આ સર્વથી મુજ રંકનું નામ સત્યના ઉત્તેજક તથા મનુષ્યજાતિના હિતકર્તા તરીકે જગતમાં અમર થશે, એવી મારી નમ્ર આશા છે.

આ નવી પદ્ધતિનું વર્ણન કરતા પહેલાં તેની શોધ કેવી રીતે થઈ તે કહીશ. એ પદ્ધતિ તે બીજી એકનું અનુકરણ છે એમ વિનય ખાતર કહેલું જોઈએ. અને તે દુનીઆની બીજી મહાન્ શોધોની પેઠે ઘણી જ સરળ છે એ પણ તમે જોશો.

ગયા અઠવાડીઆમાં અમારી શેરીના ખુણા પર એક શોભીતા પાટી-આ પર મારૂં લક્ષ ગયું. તે પાટીઆ પર મોટે અક્ષરે PHRENOLOGY યાને મસ્તિષ્કવિદ્યા એટલે માથાની આકૃતિ વગેરે પરથી માણસનો સ્વભાવ લક્ષણ વગેરે જાણવાની વિદ્યા—એવું લખેલું હતું તથા માણસના માથાનું ચિત્ર કહાડેલુ હતું. માથા પર વાળ ન હતા અને તેમાં ભાગ પાડી દરેક ખાનાનાં એક એવી રીતે એકથી સુડતાળીસ આંકડા માંડેલ તા. તેની નીચે એક વાર્તારૂપે જાહેર ખબર હતી, કે અમારા શહેરમાં પ્રોફેસર "શોધક" આવેલા છે અને તેમણે અમુક જગાએ દુકાનો ઉઘાડી છે. (આમાં અસત્ય હતું કેમકે તેમણે દુકાનો નહીં પણ એક જ દુકાન ઉઘાડી હતી.) તે ઠેકાણે તેઓ ત્રણ રૂપીઆની નજીવી ફી લઈ લોકના માથાનો નકશો કહાડી તેમાં તેમની બુદ્ધિ તથા નીતિશક્તિ બહુ જ મોટી ખુશીથી દર્શાવી આપશે.

પૈસા ખરચી વિદ્યાની શોધ કરવાનો પ્રસંગ મળવાથી મને હમેશ સંતોષ થતો. ઉપરની જાહેર ખબર જોઈ મેં તુરત જ મારા વાળ ઠીક કરી કપાવ્યા તથા હોળાવ્યા, અને પ્રોફેસરની સમીપ મારૂં માથું હાજર કરવા ત્વરિત થયો. તે પ્રોફેસર ઉંચો તથા પાતળો હતો. તેણે મેલખાઉ કાળો ડગલો પહેરેલો હતો. તેનું નાક રાતું હતું અને ચસ્માં આસ્માની રંગનાં હતાં. માથા પર બનાવટી વાળ પહેરેલા હતા. પછીથી મેં જોયું હતું કે તેના માથા પર પેલા પાટીઆ પરની આકૃતિની પેઠે ભાગ પાડેલા હતા અને ખાનાંમાં શાહીથી આંકડા પાડેલા હતા. એક નાના મેજ પર પીળા પૂઠાની ચોપડી-ઓનો ઢગલો, જાહેર ખબરનાં પાટીઆં તથા શાહી અને કલમો હતાં. તે ઉપરાંત એક પીતળના ગોળાવાળો કંપાસ તથા છ રૂપીઆ પડેલા હતા. મેં મારી મુલાકાતનું કારણ જણાવ્યું અને ખીસામાંથી ત્રણ રૂપીઆ કહાડી મેજ પરના રૂપીઆ પાસે મૂકયા. એ જોઈ તે હસ્યો તે પરથી મને માલમ પડયું કે તેના દાંત બનાવટી હતા. (વિદ્યાના સર્વ અભ્યાસીઓ ખોટા દાંત જ પહેરે છે—તેઓ હુન્નરને ઉત્તેજન આપનાર હોય છે.) તેણે મને એક ખુરસી પર ગોઠવ્યો, તથા માથું દાબતો હોય તેવી રીતે મારા માથા પર હાથ ફેરવ્યો અને કહ્યું કે મારી પ્રકૃતિ મેદપૂર્ણ, બીકણ તથા પિત્તમય છે. મેં કહ્યું, હું ધારતો હતો કે મારો જઠરાગ્નિ મન્દ છે. તેણે કાંઈ ઉત્તર દીધો નહીં. પછી પેલો કંપાસ લઈ તે વડે મારૂં માથું તે જૂદા જૂદા ભાગમાં દાબતો ગયો તથા પાસે મેજ પર એક નાનું કાર્ડ પડયું હતું તે પર લખતો ગયો. પછી તે બોલ્યો કે તમારા વાળ તાળવા પાસેથી બહુ આછા થઈ ગયા છે; એમ કહી પેલી પીળા પૂઠાવાળી ચોપડી મારા હાથમાં મૂકી. એ

પંચાંગ હતું અને તેમાં પ્રોફેસર "શોધક" ના કેશવર્ધક તેલના ફાયદા જણાવનારી નાની વાતો હતી. એ વાંચવાની તેણે મને ભલામણ કીધી તથા કહ્યું કે એ અજાયબ જેવું તેલ હું પોતે વેચું છું. અને એ રૂપીઆ-ની એક શીશી વેચાતી લેવાનો તેણે મને આગ્રહ કર્યો. તેણે કહ્યું કે તે લેવાની તમારી ઇચ્છા છે જ. એમ કહી ખુણામાંથી એક વાળવાળી પેટી માંથી તેલની એક શીશી આણી. તે કહે કે એ પેટી અસલ માત્ર દેવ-દારની હતી પરંતુ બહુ જ આશ્ચર્યકારક વાત છે કે આ તેલ તેમાં મૂકવા માંડયા પછી તે પર આટલા વાળ આવ્યા છે. મને કહ્યુ કે એ તેલ માથા-માં ઘાલતી વખતે હાથે મોજાં જરૂર પહેરવાં કેમકે ઉઘાડા હાથે વાપર-વાથી આંગળાં પર કેશ ઉગે છે. આવા અકસ્માત ઘણાને થયા છે. પછી તે મેજ પાસે બેઠો અને એક કોરૂં ફારમ ઝપાટાબંધ ભરી કહાડયું. તુરત જ તેણે નીચે પ્રમાણેનો લેખ મને આપ્યોઃ—

રા. અમુકના માથાનો ફ્રેનોલોજી અથવા મસ્તિષ્કવિદ્યાને આધારે કરેલો નુસખો. બનાવનાર પ્રોફેસર શોધક, શોધકનું પ્રસિદ્ધ કેશવર્ધક તેલ, અંતર્દીપ ઉત્તેજક તથા મનશક્તિ પ્રકાશકના બનાવનાર તથા માલિક.

પ્રકૃતિ—મેદસ્પૂર્ણ, બીકણ, પિત્તપ્રાધાન્ય.

માથાનું કદ, ૧૧.	અનુકરણવૃત્તિ, ૧૧.
સ્નેહવૃત્તિ, ૧૧½.	સ્વમાન, ½.
સાવચેતી, ૩.	ઉદારતા, ૧૨.
લડાઈની વૃત્તિ, ૨½.	ખુશમિજાજ, ૧.
વિશ્વાસ, ૧.	ભાષા જ્ઞાન, ૧૨.
સાધકતા, ૧૨.	દૃઢતા, ૨.
ખંત, ૧૨.	પૂજ્યબુદ્ધિ, ૧૨.
નાશ કરવાની વૃત્તિ, ૯.	આશા, ૧૦.

આ લેખ તરફ હું આશ્ચર્યપૂર્વક નિઃશબ્દ થઈ જોઈ રહ્યો. એટલી વારમાં તે પ્રોફેસરે મોટો ચપટો ભરી તંબાકુ ખાધી. મેં તેના તરફ ફરીને એ લેખની મતલબ સમજાવવાનું કહ્યું.

તે કહે અહો એ તો ઘણું જ સરલ છે. બારની સંખ્યા કોઈપણ ગુણની પરાકાષ્ઠા બતાવે છે અને એક એ સંખ્યા તે અત્યંત થોડા પ્રમાણ-માં છે એવું દર્શાવે છે. ઉદાહરણ તરીકે તમે ઘણા જ ઉદારવૃત્તિવાળા છો તથા તમારી ઉદાર વૃત્તિ ૧૨ છે એવું મેં લખ્યું છે. તમારામાં સ્વમાન

નહિં જેટલું છે તેથી તે ફૂ છે એમ લખ્યું છે. તમને વિશ્વાસ બિલકુલ નથી. સમજ્યા ?

અને ખરેખર હું સમજ્યો. એક શોધ મારે હાથ લાગી. વીજળીના ચમકારાની પેઠે મને ભાન થયું કે આપણી ભાષામાં કેવો સુધારો થઈ શકે તેમ છે. આ મહાન્ વિચારથી ઉદ્દીપિત થઈ હું તે દુકાન બહાર એકદમ આવ્યો તે પ્રોફેસરે પોતાનું કેશવર્ધક તેલ વધારે લેવાનું મને કહ્યું તે પર પણ મેં ધ્યાન ના આપ્યું; એક શીશો મેં લીધી હતી તેના પૈસા આપવાનું કહ્યું તે પર પણ લક્ષ દીધું નહીં. હું એવો બેફામ બની ગયો હતો કે ઉતાવળમાં તે દુકાનના છેલ્લા પગથીઆ પરથી ઉથલી ઉડયો અને પેલું અમૂલ્ય તેલ ત્યાં ઢોળાઈ ગયું. (હાલ તે પગથીઆ પર પાંચ છ આંગળ લાંબા વાળ ઉગ્યા છે અને લોક તે પગ લુછવાના રગ તરીકે વાપરે છે.) હુ એકદમ ઘેર ગયો અને ખડીઓ કલમ અને કાગળ લઈ મારી નવી પદ્ધતિની વ્યવસ્થા કરવા માંડી ત્યારે નિશ્ચિન્ત થયો.

આ પદ્ધતિ—આ મહાન્ પદ્ધતિ—ઘણી જ સરળ છે, અને થોડા શબ્દમાં માત્ર તે સમજાવી શકાય તેમ છે. પ્રથમ તો એ સિદ્ધાંત છે કે સંખ્યાદર્શક આંકડા અસત્ય વર્ણન નહીં કરી શકે. માટે ૧૦૦ એ સંખ્યા મનુષ્યના દરેક ગુણ જેવા કે લાવણ્ય, સૌન્દર્ય, હિમ્મત, બળ, ડહાપણ, વિદ્વત્તા વગેરેની અતિશયિતાની સીમા દર્શાવવા સારૂ લઈએ. સર્વની પરિપૂર્ણતા સારૂ ૧૦૦ ની રકમ તથા અત્યંત ન્યૂનતા સારૂ ૧ ની રકમ ધારીએ. પછી એક અને સોની વચ્ચેની રકમો વાતચિતમાં વિશેષણની આગળ મૂકવાથી આપણે ધારેલો વિચાર પ્રદર્શિત કરવામાં યથાર્થતા આવી શકશે, એટલે આપણે સત્ય બોલી શકીશું. આ વિચાર કેવો ઉત્કૃષ્ટ તથા જીવને પ્રોત્સાહિત કરનાર છે ! દૃષ્ટાંત તરિકે આપણને કોઈ સાધારણ રીતે પૂછે કે તબીઅત કેમ છે ત્યારે "ઠીક છે" અથવા "સારી પેઠે છે" વગેરે હાસ્યજનક જવાબ ન દેતાં ૧૦૦ ની સંખ્યા પરિપૂર્ણ આરોગ્યતા તથા ૧ આરોગ્યતાનો તદન અભાવ બતાવે છે એ સંભારી કહાડી આપણે નમ્રતાથી કહીએ કે "આજે હુ ૫૬ છું." અથવા જો ઠીક ન હોય તો "હું ૧૩ છું. તમારો બહુ ઉપકાર થયો." અથવા ૬૮ છું કે ૭૫ કે ૮૭ે જે પ્રમાણે હોય તે પ્રમાણે કહી શકાય ! ઉપર પ્રમાણે કહ્યાથી આપણાં વચન કેટલાં બધાં સત્યની સમીપ આણી શકાય છે તથા તમને બહુ કાળજીથી પ્રશ્ન પૂછનાર પેલા માણસને તમારી આરોગ્યતાનો કેવો બરાબર ચોકસ ખ્યાલ આવે છે તે સહજ સમજાશે.

આ પદ્ધતિ આપણા વ્યાકરણમાં, વાતચિતમાં તથા સાહિત્યમાં દાખલ કરવામાં આવે તો આપણે ઘણા ચોકસ, યથાર્થ બોલનાર, ગણિતવિદ્યાનુરૂપ, તથા સત્યવક્તા થઈએ. આ પદ્ધતિ રાજનીતિ સિવાય સર્વમાં દાખલ થાય તેવી છે, અને રાજનીતિમાં સત્યની કીમત ન હોવાથી ત્યાં તે નિરર્થક છે. પરંતુ સાહિત્યમાં તે કેવી અનુપમ છે ! એક ઉદાહરણ લઈએ.

એક ૧૯ જુવાન અને ૭૬ સુંદર સ્ત્રી ૫૩ ખુસમિજાજનાં ૮૪ વપરાતા માર્ગની બાજુએથી જતી હતી, તેવામાં એક ૭૩ જાડા પણ ૮૭ ગમતી સ્વભાવનો માણસ એક રમકડાંની દુકાનમાં ૯૩ (= ઘણી જ) આતુરતાથી જોતો હતો તે ૧૦૦ (= અત્યંત) જોરથી તેને અથડાયો. લટકાથી તે ૫૬ આવી ખસી અને પેલા ૯૬ ગભરાએલા માણસનાં ક્ષમા માગવાનાં વચન ૬૮ મૃદુ હાસ્ય સાથે તેણે સાંભળ્યાં અને આગળ ચાલી. પણ ૭ થોડે દૂર ગઈ અને નાકા આગળ આવી એટલામાં પાછળથી ૨૪ જુવાન અને ૩૨ કંગાળ લુગડાંવાળો પણ ૮૫ દેખાવડા ચહેરાનો એક પુરુષ આવ્યો અને તેનો ૫૪ ધાટીલો હાથ ૯૧ ઉતાવળથી પકડી તે સ્ત્રીની ૬૭ અજાયબી વચ્ચે કહ્યું:—

'બાઈ પેલી રમકડાંની દુકાનની બારી આગળ તમારી આ બંગડી પડી ગઈ હતી તે મારા ૭૧ સુભાગ્યથી મેં દીઠી અને હવે તે તમને પાછી આપતાં મને ૯૪ આનંદ થાય છે.' (અલબત્ત ૯૪ આનંદ તે બિચારા ગરીબ માણસની વિનીત અતિશયોક્તિ હતી.)

તે (આગળ કહી ગયા તેમ ૭૬) સુંદર સ્ત્રીએ ૭૬ શરમથી લજ્જા પામી તે બંગડી તે યુવકના હાથમાંથી લીધી. તે બંગડી ૨૪ શોભાયમાન હીરાની હતી. (૨૪ શોભાયમાન મશ્કરીમાં કેમકે તે ખરી ન હતી.) પછી ૮૪ સંશયગ્રસ્ત થઈ તેણે ૩૮ સુંદર ભરતવાળા બાટવામાંથી ૬૭ શોભતી થેલી કહાડી. તે યુવકે તે જોઈ ૭૩ ગર્વયુક્ત ભાવથી પાછા હઠી કહ્યું:—

'મારો આભાર માનશો મા, મને જે શ્રમ થયો તેનો બદલો આ ૧૦૦ ચારુનયન (અતિશયોક્તિ) તરફના દૃષ્ટિપાત માત્રથી વળી ગયો છે.'

તે સ્ત્રીએ ૬૭ લજ્જાયુક્ત મુખથી તથા ૪૮ દુઃખી દેખાવથી તે રૂપનો ઉપકાર માન્યો. તેના ભણીથી પાછી વળી ૩૩ ધીમી ગતેથી પોતાને માર્ગે ગઈ.

અલબત્ત આ માત્ર એક સુંદર વાર્તાનો આરંભ છે. એ પ્રમાણે, મરજી હોય તો બે પુસ્તક કે પચાસ પ્રકરણની રસિક વાત લખી શકાય તેમાં

જણાવાય કે તે યુવકે તે સ્ત્રીનું ઓળખાણ કેવી રીતે કર્યું. અને ઓળખાણમાંથી તે પ્રેમને વશ થયો, અને તે કન્યાનાં માબાપ વિરુદ્ધ હોવાથી તે યુવક તથા કન્યાએ કેટલું કષ્ટ વેઠયું. અને ઘણા શ્રમ, અડચણ, તથા સાહસ પછી આખરે તે બંને પરણ્યાં અને તેઓ અલબત ૧૦૦ સુખી થયાં, વગેરે વગેરે. હું ધારૂં છું કે સુજ્ઞ તથા સત્યપ્રિય સાક્ષરમંડળને મારી પદ્ધતિ દાખલ કરવા યોગ્ય છે કે નહીં તે જાણવા સારૂ જોઈએ તેટલું મેં બતાવ્યું છે. અને વળી મારે વધારે અગત્યના કાર્ય પર લક્ષ આપવાનું છે.

પેલા ૧૦૦ શઠ પ્રોફેસરે પોતાના કેશવર્ધક તેલની એક શીશી ચોરી જવા માટે મારા પર ફરીયાદ માંડી છે. તેથી તેના બચાવ સારૂ મારે તૈયારી કરવાની છે માટે હવે તો આટલેથી તમારી રજા માગું છું. જો આ પદ્ધતિ મારી ધારણા પ્રમાણે ફતેહમંદ થશે તો આ તો માસમાં યોગ્ય પ્રસ્તાવના તથા અર્પણ સહિત એક નવુ વ્યાકરણ લખવાનો વિચાર છે. આપની પત્રિકામાં તેની જાહેર ખબર પ્રગટ કરવાની તથા તે પર સારૂં અવલોકન લખવાની કૃપા કરશો તો તમારાં સર્વ છોકરાં સારૂ તે વ્યાકરણની અકેક નકલ ભેટ મોકલીશ.

તાજે કલમ—લખવાને બહુ દીલગીરી પેદા થાય છે કે આ પત્ર મારા એક દુષ્ટ મિત્રને બતાવ્યો ત્યારે તેણે કહ્યું કે કોઈ ઉત્તમ લેખ માટે ૧૦૦ ની રકમ ધારીએ તો આ પત્ર ૧૩ છે, અને મૂર્ખાઈની મર્યાદાને ૧૦૦ ધારીએ તો આમાંની મૂર્ખાઈ લગભગ ૯૬ છે. ચર્ચા તરીકે આ ટીકા નિરાશા ઉપજાવે તેવી છે પરંતુ મારી પદ્ધતિની ઉત્કૃષ્ટતાના ઉદાહરણ તરીકે ઘણી જ સ્તુતિપૂર્ણ છે. કેમકે સાધારણ ભાષામાં આવો ચોકસ તથા યથાર્થ વિચાર તે શી રીતે દર્શાવી શકત—આ વિષયમાં પોતાનો અભિપ્રાય (અલબત્ત મારાથી ભિન્ન છે તે) આવી સબળ રીતે કેમ બતાવી શકત?

લી. આપનો

અમુક.

૧૦.

ઠંડા પાણીની લહેજત.*

(અંગ્રેજી પરથી.)

એક દહાડો રાતે હું બેઠો બેઠો ચોપડામાં નામું લખતો હતો. મારા મગનની મા ઘરના કામકાજથી પરવારી સુઈ ગઈ હતી. ઉનાળાના દહાડા હતા તેથી થોડી વારે મને તરસ લાગી અને ઠંડું પાણી પીવાની ઇચ્છા થઈ. ઉઠીને જોયું તો કુજામાં પાણી ભરવું રહી ગયું હતું. મગનની બા બાપડી વૈતરૂં કરી થાકી પાકી ઉંઘેલી છે તેને કોણ ઉઠાડે એમ ધારી એક હાથમાં ખાલી કુજો તથા બીજા હાથમાં દીવો લઈ હું નીચે પાણી લેવા ચાલ્યો. અમારો નળ તથા પાણીઆરૂં રસોડાના ખંડમાં છે. ચોકમાં ટાંકું છે પણ નળ આવ્યા પછી તેનું પાણી અવાવરૂં રહે છે, નહીં તો ઉનાળાના દિવસમાં ટાંકામાંથી કહાડેલા તાજા પાણીની મીઠાશ જૂદી જ છે. રસોડામાં જવા માટે, આગલા ખંડનાં બારણાં ઉઘાડયાં. પછી રસોડાના બારણા આગળ આવી જોઉં છુ તો તાળું ઠપકારેલું. મને પછી સાંભર્યું કે નોકર રસોડાની કુંચી પોતાના તકીઆ તળે મૂકી સુએ છે. હું પાછો વળીને જમવા બેસવાના ખંડમાં ગયો કે વખતે ત્યાં પાણી હોય. ત્યાં જઈ જોયું તોપણ નસીબ બે ડગલાં આગળનું આગળ. પાણીનું ટીપું મળે નહીં. ત્યારે વિચાર આવ્યો કે નોકરને ઉઠાડું. નોકરની પથારી આગળ જઇ જોઉં છું તો ખાલી. તે કુંચી સાથે લઈ ફરવા નીકળી પડેલો હતો. પછી ટાંકામાંથી પાણી કહાડવાનો વિચાર કીધો પણ તે ચોખ્ખું નહીં હોય ધારી માંડી વાળ્યો. આખરે એક વિચાર સૂઝયો અને તે સાથે મનમાં ખુશી થઈ. અત્યાર સુધી એ કેમ ધ્યાનમાં નહીં આવ્યું હોય તેની બહુ નવાઈ લાગી. રસોડાની ઉપરની મેડીમાંથી એક દાદર રસોડાના ખંડમાં પડતો હતો, તે ઉપર જઈ ઉઘાડયો. ઉતરવાની જગા આગળ જઈ પગ મૂકું છું કે નખોદ! નીસરણી ત્યાં છૂટી હતી તે કોઈએ ખસેડી લીધેલી. પગથીઆં ઉતરવાની તસ્દી વિના હું એકે સપાટે નીચે પડયો. હાથમાંનો દીવો ઓલવાઇ ગયો, અને કૂજો ફુટી ગયો. સારાં ભાગ્યે મને ઝાઝું વાગ્યું નહીં. નીચે તો અંધારૂં ઘોર. ઓરડામાંથી ધુમાડી પૂરી જતી રહ્યા પહેલાં બંધ કરેલો તેથી ધૂમાડો અંદર હતી. કાંઈ સૂઝે નહીં. બારણે નીકળવાનો રસ્તો

* "જ્ઞાનસુધા" ના સન ૧૮૯૯ ના જાન્યુઆરીથી માર્ચ સુધીના અંકમાં છપાયેલો લેખ.

હતી નહીં. દાદર મળે નહીં. બારણું બહારથી તાળું મારેલું. તે બારણાને તોડી પાડવાનો વિચાર કર્યો પણ તે ચાર પાંચ આંગળ જાડાં પાટીઆનું મજબુત હતું તેથી ચસ્યું નહીં. બીજી તરફ જઈ બારીને ધક્કો મારી ઉઘાડી તો બહાર લોખંડના સળીઆ જડેલા હતા એ સળીઆ મેં પોતે જ જડાવ્યા હતા તેથી મને મારા પોતાના ઉપર બહુ ચીઢ ચ્હડી. બહારથી કોઈ અંદર પેસે નહીં તે માટે એ જડાવ્યા હતા. અંદરથી બહાર ન નીકળી શકાય તે સારૂ નહોતા જડાવ્યા.

જાળીમાંથી બહાર નજર કરતાં એક પણ તારો નજરે પડયો નહીં, આકાશ અંધકારને લીધે કાળું જણાતું હતું. કેદખાનાના કેદીઓની દશા મારી સ્મૃતિમાં તરી આવી. મેં ખુબ જોરથી—ઘાંટો બેસી ગયો તેટલા જોરથી બૂમો પાડી. કડછીથી તપેલું ઠોકી કાણું કર્યું. આથી કરી શેરીમાંના કૂતરાં ભસવા લાગ્યાં. એટલામાં મેં ઉપરથી છોકરો તથા તેની મા બૂમ પાડતાં હોય તેવો અવાજ સાંભળ્યો. મેં તેમને બૂમ પાડી પણ મૂળ મારો અવાજ ધીમો છે તેમાં વળી કૂતરાંના ભસવા તથા ઘુરકવાને લીધે તદન ઢંકાઈ ગયો. વળી અમારી વચ્ચે બે બંધ બારણાં તથા છત હતાં. તેઓ સાંભળે તોપણ મારો અવાજ શી રીતે ઓળખે ? તેમણે એક બે ઘાંટા કહાડયા અને પછી બીધાં. તેમની બૂમોથી પડોશીઓ જાગી ઉઠયા હતા તે બહાર આવ્યા. અમારી સામે કોઈ પારસી રહેતો હતો તે પોતાના શીકારી કૂતરા તથા પીસ્તોલ લઈ રસ્તામાં આવ્યો. તેણે બારી આગળ મને જોયો કે તરત પીસ્તોલ ફોડી પણ સારા ભાગ્યે નેમ ચૂકી ગયો. હું પાટતળે ભરાઈ ગયો. મેં તેને સમજાવવા માંડયો પણ તે તો સાંભળે જ નહીં. ગભરાટમાં હુ તે શેઠનું નામ ભૂલી ગયો અને તેથી ગુંચવાડો બમણો વધ્યો. આસપાસનાં બધાંને જગાડી, આગલાં બારણાં કોહાડીથી તોડી પાડી તે પોતાના જંગી કૂતરા સહિત રસોડામાં દાખલ થયો અને મારી ગળચી પકડી જોયું ત્યારે તેણે મને ઓળખ્યો. તેણે મને ખુલાસો કરવાનું કહ્યું. પણ હું તેને શો ખુલાસો આપું ? મેં તેને કહ્યું કે મારૂ મન શાંત થશે ત્યારે બધી વાત બરાબર કહીશ. પણ તેણે ફરી ખુલાસો માગ્યો જ નહીં. કેમકે મારા ઘરમાં જોર જુલમથી દાખલ થઈ મારા પર પીસ્તોલ ફોડનાર તથા ચોરની દશા જેવી મારી દશા કરનાર તેવી હિમત શી રીતે કરે ? તેમ છતાં તેને બધી વાતની ખબર પડી ગઈ છે. આપણી કહેવત પ્રમાણે વા વાત લઈ ગયો હશે.

૧૧.
દાંત કહાડવાનો સંચો.*
(અંગ્રેજી પરથી.)

ડાક્ટર રૂમઝુમલાલે વૈદક કે શસ્ત્રવિદ્યાનો પૂરેપૂરો અભ્યાસ કીધેલો નહોતો, પરંતુ તે યંત્રવિદ્યામાં કુશળ હતા અને જબરી ભૂખ ધરાવતા. ભૂખ તરફના આ વલણની ઘણી સેવા તેમના દાંત બજાવતા હોવાથી તેમણે નિશ્ચય કર્યો કે બીજી સર્વ વિદ્યા કરતાં લોકના દાંત સમા કરવાથી દુનીઆનું ઘણું ભલું થશે તથા જગતમાં બહુ સુખ ઉત્પન્ન કરી શકાશે. તે પરથી ડા. રૂમઝુમલાલ દાંતના ડાક્ટર બન્યા. ખોરાક બરાબર ચવાય તે સારૂ પાછલા દાંતમાં નાનું ચક્ર મૂકવાની રીત પ્રથમ તેમણે શોધી કહાડી હતી. તથા દાંતનું પોલાણ લાંપીથી પરવાની રીત પણ પહેલવહેલી દાખલ કરનાર તે હતા. એ લાંપી તરત કઠણ થઈ જાય છે જેથી દાંતમાં એવો દુખાવો થાય છે કે તે દાંત તરત કહડાવવો પડે છે અને એ રીતે દાંતના ડાક્ટરને એક જ સપાટામાં એવડી ફી મળે છે. ડા. રૂમઝુમલાલ એક દિવસ પોતાની આફીસમાં બેઠા હતા તેવામાં પાનાચંદ નામે એક ગાંઠ જેવો બુઠ્ઠો આદમી પોતાનો પાછલો દાત કહડાવવા આવ્યો. ડાક્ટર સાહેબે દરદીને તપાસવાની ખુરશી પર બેસાડ્યો અને તેનું મ્હો ઉઘાડી જોયુ તો જમણી તરફ એક મોટો દાંત માલમ પડ્યો (તેમણે પાછળથી જણાવ્યુ હતું કે તે દાંત ચાર તસુ લાંબો હતો.) રૂમઝુમલાલે વિચાર્યું કે આ દાંત પાછળ માથાફુટ ઘણી પડશે. પછી એક મોટામાં મોટો ચીપીઓ લઈ તે દાંત ખેંચવા માંડ્યો. પરંતુ દાંત નીકળ્યો નહીં. ડાક્ટરે સ્ક્રુ ફેરવવાનું ઓજાર લઈ જેટલુ હતું તેટલું જોર કરી ફેરવ્યું, તે છતાં પણ દાંત તો ન હાલે કે ન ચાલે. રૂમઝુમલાલે પાનાચંદને કહ્યું આજ તો તમે પાછા જાઓ, એકાદ અઠવાડીઆ પછી પાછા આવજો એટલે હુ તમારો દાંત કહાડી આપીશ અથવા તે ન નીકળવાનું કારણ શોધી આપીશ. પાનાચંદ ઉઠ્યો અને મ્હોએ ખેસ દાબતો દાબતો ઘેર ગયો. ડાક્ટર સાહેબ ત્યાર પછી કામે મંડી ગયા અને ત્રણ દિવસમાં એક એવો સંચો બનાવ્યો કે તે ગમે તે ચીજ ખેંચી શકશે એવો તેમને પૂર્ણ વિશ્વાસ બેઠો. તે સંચામા ઉચ્ચાલન, ગરગડી, ઢોળાવ, રેંટ, ફાચર તથા પેચ વગેરે સર્વ યાંત્રિક શક્તિઓ

* "જ્ઞાનસુધા" ના સન ૧૮૯૯ ના જાન્યુઆરીથી માર્ચ સુધીના અંકોમાં છપાયેલો લેખ.

જોડવામાં આવી હતી. તે બનાવી તેને ઓફીસમાં લોખંડની ખુરસી ઉપર ગોઠવવામાં આવ્યો. પથ્થરની અંદર લોખંડના સળીઆ દાટી તે સાથે સંચાને મજબુત જડી લેવામાં આવ્યો હતો. અહવાડીઉં થયું હશે એટલામાં બુઢ્ઢો પાનાચંદ આવ્યો. તેને પેલી લોખંડની ખુરસી પર બેસાડયો. સંચા જોડે ચીપીઆ જોડેલા હતા તે તેના દાંતમાં ભેરવ્યા. ડાક્ટર સાહેબે પોતે પછ-વાડે ઉભા રહી ઉચ્ચાલનનો ચાર ફુટનો હાથો ઝાલ્યો. પછી સંચો ધીમે-થી ફેરવવા માંડયો. બુઢ્ઢા પાનાચંદે બૂમ પાડી ને જમણો પગ ઉંચો કર્યો. બીજો આંટો ફેરવ્યો તે સાથ બીજી બૂમ પડી અને પગ ફરીથી ઉંચો થયો. ડાક્ટર કહે "પગ શા માટે ઉંચો કરો છો ?" દરદીએ ઉત્તર દીધો "મારાથી રોકી શકાતો નથી." રમઝુમલાલ કહે "ઠીક છે, પણ ગમે તે રીતે એ દાંત આજ બહાર નીકળવાનો ને અકર નીકળવાનો."

એમ કહી તેમણે તે હાથો એકદમ આંચકા સમેત ફેરવ્યો અને તે સાથે જ બુઢ્ઢા પાનાચંદનું ડોકુ ધડથી છૂટું પડી છ આગળ ઉંચે લટકયું. કારોનરે તેની લાસ તપાસી અભિપ્રાય આપ્યો કે તેના એક દાંતનુ મૂળ જમણી બાજુમાં હતું અને તે જમણા પગ લગી જઈ પગના તળીઆમાં એ ભાગે ફસાયેલું હતું ડા. રમઝુમલાલે કહ્યુ "તેથી જ તેણ પોતાનો જમણો પગ ઉંચો કીધા હશે." જુરીએ પણ એમ જ ધાર્યું. તેમને માલમ પડયુ કે તે મૂળ સળી ગએલું હતું અને પાંચ ડાકટરોએ અભિપ્રાય આપ્યો કે તેથી થોડા વખતમાં તેનું મૃત્યુ અવસ્ય થાત. તે પરથી જુરીએ "ન્યાય પુરઃસર મનુષ્યવધ' છે એવો અભિપ્રાય આપી ડા. રમઝુમલાલને છોડી મૂકયા. તે પછી થોડા વખત સુધી તેઓ એ સંચો વાપરતાં ખંચાયા. કેટ-લાક વખત પછી એક અશક્ત ઘરડી ડોસી દાંત કઢાવવા આવી. તેનો દાંત સહજ નીકળી આવે એવો હતો પરંતુ અજમાવવા ખાતર પેલો સંચો વાપરવાનો તેમણે નિશ્ચય કર્યો. સંચો લગાડી એક આંટો ફેરવ્યો કે પાધરૂ તે ડોસીનું હાડપિંજર તમામ બહાર નીકળી આવ્યુ અને ઝોળા જેવું ધુજતું શરીર ખુરસીપર રહી ગયું. ડા રમઝુમલાલ તેને કોથળી માં ઘાલી ઘેર મૂકી આવ્યા. તે પછી સાત વર્ષ સુધી એ બાઈ જીવી અને તેને સહુ રબરની સ્ત્રી કહેતા. અગાઉ તે સંધિવાના રોગથી હેરાન હતી પરંતુ ઉપલો બનાવ બન્યા પછી હાડકાંનું કળતર જતું રહ્યું. પેલું હાડપિંજર દાકતરે કાચના ઘરમાં રાખી મૂકયું હતું આ સંચો પાછળથી એક કારખાનાવાળાને વેચ્યો હતો, ત્યાં તે વડે ત્રણ વર્ષનું છોકરૂં હજાર મણ રૂની ગાંસડી સહેલાઇથી ઉચકી શકતું. આ પરથી બીજા ઘણા નાના સંચા

બનાવવામાં આવ્યા હતા અને ભિન્ન ભિન્ન ઉપયોગમાં આવતા. આ વાર્તામાં શીખામણ જેવું કાંઈ નથી તથા કદાચ તેમાં જરા અતિશયોક્તિ હશે પરંતુ તેમાંના મુખ્ય બનાવ ખરા છે એ નિઃસંદેહ માનવું.

૧૨.

ઉડતા વિચારો.*

ચર્ચાપત્ર.

મે. જ્ઞાનસુધાના તંત્રીની સેવામાં,

આપના છેલ્લા બે અંકે નવીન ઉદ્યમ આદર્યો જણાય છે. ઉડતી ચીજોને ઉડવા ન દેતાં આપના પત્રે તે ઝાલી લીધી છે. છેલ્લા પ્રસિદ્ધ થએલા બે અંકમાં પ્રકટ થએલા "ઉડતા વિચારો" વાંચી આ પત્ર લખવા ચિત્ત દોરાયું છે. એ "ઉડતા વિચારો" નો શો હેતુ હશે તે તો જેના મગજમાંથી તે ઉડ્યા હોય તેને જ અથવા સર્વજ્ઞ પ્રભુને ખબર છે. પરંતુ મારા જેવા અલ્પબુદ્ધિ વાચકને તો એમાં ઉન્મત્ત પ્રલાપ જેવો શબ્દસમૂહ લાગે છે. કદાચ તેમાં મારી સમજશક્તિનો દોષ હશે તો એમ સ્વીકારવા હું તત્પર છું. એક અંકમાં "ઉડતા વિચારો" જોયા. વાંચી ધૈર્ય પકડી બેસવું ઉચિત લાગ્યું. થોડા સમય પછી નવીન અંક આવ્યો. ઉઘાડી જોયું તો ફરી પાછું "ઉડતા વિચારો"નું દર્શન થયું. આમાં તો મારી મૃત્પિંડસમ બુદ્ધિને એક અક્ષર પણ સમજાયો નહિં. એક વાક્યનો બીજા વાક્ય સાથે તો શું પણ એક જ વાક્યમાંના સર્વ શબ્દોને એક બીજા સાથે શો સંબંધ છે તે બેસાડવા નિષ્ફળ પ્રયાસ કાંઈક કાળ સુધી કર્યા પછી એ સર્વનો ખુલાસો આપના પત્રદ્વારાએ લેખક પાસે માગવાનો માર્ગ સૂઝયો છે. લેખક એકાદ કોષ લઈ તેમાંના શબ્દનાં combinations કરી વાચક સમીપ મૂક્યાં હોય એવું મને તો ભાસે છે. ક્રિયાપદ ન વાપરવાની પ્રતિજ્ઞા લીધી હોય એવું જણાય છે. અર્થ વગરનું તે ગૂઢ અને રહસ્યવાળું એમ જો તેઓ માનતા હોય તો એમની ભૂલ છે એવો મારો નમ્ર અભિપ્રાય છે. વળી અસંબદ્ધ તે કવિત્વમય તથા કલ્પનાયુક્ત એ ધારણા પણ ભ્રમમય છે. શબ્દોનો સમુચ્ચય કરી પત્રોમાં છપાવવાથી લેખક તરીકેની કીર્તિ મેળવવાની અભિ-

* "જ્ઞાનસુધા"ના સન ૧૯૦૦ના જાન્યુઆરીથી જુન સુધીના અંકોમાં છપાયેલો લેખ.

ભાષા વૃથા છે. ગુજરાતીમાં નમાલાં પત્રોની ખોટ નથી છતાં આપના પત્રમાં આ લેખને સ્થાન મળેલું જોઈ આશ્ચર્ય પેદા થાય છે. લેખકે પોતાના વિચારો કાગળ પર લખી તેના કડકા કરી આકાશમાં ઉડવા દીધા હોત તો "ઉડતા વિચારો" યોગ્ય સ્થાને ઉડત એવું મારૂં માનવું છે. મારો અભિપ્રાય અરસિક વૃત્તિનું પરિણામ કદાપિ હશે. ઉડતા વિચારોમાંના નં. ૫ પરથી લાગે છે કે લેખક વયોવૃદ્ધ છે. તેથી શંકા રહે છે, કે આપણામા ચાલતી કહેવત પ્રમાણે તેમની ઉમર સાઠ ઉપરની તો નહિં હોય. તે પરથી તેમનાં ઇષ્ટ સ્નેહીઓને સાવચેત રહેવાની સૂચના નિરર્થક નહિ ગણાય. એજ વિનંતિ.

લિ આપનો
હિતચિંતક.

૧૩.

હુન્નર-કૌશલ્ય-દર્પણ-પ્રકાશ*

તથા

કળા-હીકમત-કારીગરી.

"હુન્નર પ્રકાશ," "હુન્નર વિજ્ઞાન," "હુન્નર સંગ્રહ," "હુન્નર દર્પણ," "હુન્નર કળા," "કળા હુન્નર," વિવિધ હુન્નર દર્શક," "હુન્નર કળા સાગર," "જાત હુન્નરગીરી," "દરેક માણસના હાથમા હુન્નર-ઘ્યાને થોડે પૈસે ઘણો લાભ," "હુન્નરનો ભોમીયો અને કળાનો કારીગર," ઇત્યાદિ ઇત્યાદિ પુસ્તકો અને નિબન્ધો વાંચી એક વેળા હું એવો ઉશ્કેરાઇ ગયો કે હું પોતે પણ આવો એક ગ્રંથ લખી નામાંકિત કેમ ન થઈ શકું એ વિચાર મારા મનમાં ઘોળાવા લાગ્યો નામાંકિત થવાની સાથે લોકકલ્યાણ-નો માર્ગ પણ આવો ગ્રંથ બહાર પાડવામાં રહેલો છે, કેમકે રસાયણ, પદાર્થ-વિજ્ઞાન, યાંત્રિકશક્તિજ્ઞાન, વનસ્પતિશાસ્ત્ર, ખનિજશાસ્ત્ર, વૈદ્યક વગેરે અનેકા-નેક શાસ્ત્રોનો વ્યવહારોપયોગી સાર ખરેખરો કામમાં આવે એવી રીતે એક નાના પુસ્તકમાં બતાવી દઈ શકાય છે, એ કલ્પના મારા મનમાં ઉભરાવા લાગી. આ વિષયો ઉપર ચોપડીઓ ઘણી છે અને ઘરગથુ ઉપાયોની યાદીઓ તથા સહેલી કારીગરીની હીકમતો ઓળખીતાઓ પાસે સહેલથી મળે તેમ છે એ જ્ઞાનથી મને ઘણી હિંમત આવી, અને, પ્રથમ તો મારા પુસ્તકનું નામ નક્કી કરવા હું બેઠો. सर्वतः सारमादद्यात् पुष्पेभ्य इव षट्पदः ।

---

* "જ્ઞાનસુધા" ના સન ૧૯૦૨ ના જુલાઇથી ડીસેંબર સુધીના અંકોમાં છપાયેલો લેખ.

એ સૂત્રનું અનુસરણ કરી બધામાંથી સાર કહાડવાનું જ મારે કરવાનું હતું તેથી ગ્રન્થ બનાવવાની પદ્ધતિ ગ્રન્થનું નામ બનાવવામાં પણ વાપરી અને આજ લગી થયેલા ગ્રન્થોનાં નામના સારાંશરૂપ ' હુન્નર–કૌશલ્ય–દર્પણ–પ્રકાશ તથા કળા–હીકમત–કારીગરી " એવું નામ મે તારવી કહાડયું પહેલાં થયેલા કોઈ ગ્રન્થના નામની ખુબી રહી જાય નહિં અને કોઈ ગ્રન્થકાર એમ કહી શકે નહિં કે મારા ગ્રન્થનું નામ વધારે સરસ છે, એવી આ યુક્તિ જડતાં હું ઉલ્લાસમાં આવ્યો. ભ્રમર કંઈ પુષ્પો બનાવતો નથી પણ પુષ્પોમાંથી મધ જ કહાડે છે તે પ્રમાણે મારે કંઈ નવા હુન્નર કે કળાઓ ઉત્પન્ન કરવાની જરૂર નહોતી, તોપણ કલ્પનાશક્તિ, સ્મરણશક્તિ, પરીક્ષાશક્તિ વગેરે શક્તિઓ અજમાવી હું કેટલીક નવી અજાયબીઓ પણ જોડી કહાડી શકયો, અને, જુની કારીગરીઓનું મિશ્રણ તો અદ્ભુત દીસવા લાગ્યું. હું હોંસે હોંસે મારો ગ્રન્થ રચવા લાગ્યો.

થોડા દિવસમાં વિશાળ સંગ્રહ તૈયાર થઈ ગયો મારો એક જુનો ઓળખીતો એકાદ વર્તમાનપત્ર કહાડતો તેની પાસે આ ગ્રન્થ છપાવવા સંબંધે સલાહ લેવા હું ગયો. તેના પત્રની ઓફીસ ઉપર છાપખાનાનું પાટીયું રહેતું તે જણાયું નહિ, પણ, "પરસ્પર મરણોત્તેજક કંપની લીમીટેડ," અને "અન્યોન્ય બારમાભક્ષક કંપની લીમીટેડ" એવાં બે પાટીઆં જોવામાં આવ્યાં. મારો મિત્ર એનો એ જ ત્યાં હતો તેથી તેની પાસે જઈ હું બેઠો. "કમિશન," "ફાળો," "વહેચણી," "કોલ," "ફોર્મ," "નોટીસ" વગેરેની વાતોમાં તે મશગુલ હતો તેમાંથી તે કાંઈક ફારક થયો ત્યારે મેં તેના ધંધાના ફેરફારનું કારણ પુછ્યું. તે બોલ્યો, 'જેને કાંઈ કામ ધંધો ન હોય તે વર્તમાનપત્રનો એડીટર થાય એ વખત હવે ગયો છે. હાલમાં તો વીમા કંપનીની એજન્સી એ સર્વોપરિ ધંધો છે. એના પર કાંઈ વાદળ આવતું જણાય છે ખરું, પણ, હાલ તરત ભય નથી. અને, આ ધંધો પડી ભાગશે તો પછી આપણી એડીટરગીરી તો છે જ. અને, તેમાંએ નહિં ફાવીએ તો આપણો અસલ ફેરીઆનો રોજગાર ક્યાં જવાનો છે ?'

મેં કહ્યું, 'આપણી નિશાળની પડોશમાં નારણ સુતાર રહેતો તે સટ્ટાનો દલાલ થયેલો, પછી ઘોડાનો સોદાગર થયેલો, પછી નાટક મંડળીમાં ભળેલો, પછી અત્તર વેચવા નીકળેલો, પછી બલુન ઉડાડવાનું શીખવા મુંબાઈ ગયેલો, અને, એવા એવા ઘણા ધંધા કરી આખરે પાછો ઘેર આવી લાકડાં ઘડતો હતો તેને માટે આપણે કહેતા કે

"આસ્તા વેચ્યા તાસ્તા વેચ્યા, ધંધા સઘળા કીધા;
અંતે રોટલા ક્યારે પામ્યા કે ખાંધે વાંસલા લીધા."

તેના જેવી તમારી હિંમત જણાય છે.'

આ દૃષ્ટાન્ત તેને બહુ પસંદ ના પડયું અને તે બોલ્યો, 'એ તો બીડ આવે ત્યારે ભાગ્ય જણાય. પણ, આ તમારા હાથમાં પોથું શાનું છે?'

મારી યોજના તેને મેં કહી સંભળાવી અને ગ્રન્થ તેના હાથમાં મુકયો. પાનાં ફેરવી જઈ તે બોલ્યો, 'અમે તો નકામા માણસોના વીમા ઉતારીએ છીએ. નકામા હુન્નરો માટે અમે પૈસા આપતા નથી.'

મારાં વચનનો આ બદલો હતો તેથી ગુસ્સે ન થતાં મેં કહ્યું 'મારી ચોપડીનો મારે તમારે ત્યાં વીમો નથી ઉતરાવવા, જેને સ્વધામ પહોંચતો કરવો હોય તેનો તમારે ત્યાં વીમો ઉતરે છે. મારે તો મારી ચોપડીને અમર કરવી છે. ચોપડી કેમ છપાવવી એ વિશે મારે તમારી સલાહ જોઈએ છે. એજન્સીની આશા વિના મફત એટલુ કામ કરવુ પડશે.'

ચોપડી કેવા કદની છપાવવી, કેટલા જાડા કાગળ વાપરવા, તેમાં કેવાં ચિત્ર મુકવાં, કેવુ પુઠું કરવું, કેટલી કિંમત રાખવી, એ નક્કી કરી મારા મિત્રે ખરચનો અડસટો કરી આપ્યો ને લઈ હું એક છાપખાનામાં ગયો.

છાપખાનાના માલીકે અડસટ્ટો કબુલ રાખ્યો પણ કહ્યું કે, 'કાગળના પૈસા પહેલા આપવા પડશે અને જેમ ફરમો છપાતો જાય તેમ ફરમા દીઠ છપામણી ખર્ચ આપતા જવો પડશે.'

પૈસા પહેલા આપવાના જ વાંધા હતા તેથી મેં કહ્યું, 'પુસ્તકો તૈયાર કરી મને આપો તે પહેલાં નાણાં શાનાં માગો? તમારા બીલ પુરતી કિંમતનાં પુસ્તકો કબજામાં રાખજો!'

'કબજામાં રાખીને શુ અથાણું કરીએ? એવા તો હમારા ઘણા પૈસા ઘલાઈ ગયા!'

'પુસ્તકોના વેચાણથી નાણાં વસુલ આવી જતાં કેટલી વાર લાગશે?'

'અગસ્ત્ય ઋષિનો વાયદો પતતાં લાગી તેટલી.'

નાખુશ થઈ હું ચાલ્યો ગયો. છાપખાનાવાળાઓ તરફથી મને ઉત્તેજન મળ્યું નહિં. તે પછી મારા પુસ્તકનાં "પ્રોસ્પેકટસ" મેં કઢાડયાં; તેમાં પુસ્તકથી મળવાના લાભનાં આતુરતા ઉત્પન્ન થાય એવાં વર્ણન લખ્યાં અને અગાઉથી આશ્રય આપનાર ગૃહસ્થોનાં મુબારક નામ પુસ્તકમાં

છાપવાની લાલચ આપી. ગ્રાહકની યાદીમાં દાખલ થઈ નામ અમર કરવાના લોભી ઘણા નીકળ્યા, ઘણાના પત્ર આવ્યા, પણ, કોઈના પૈસા આવ્યા નહિં.

આખું પુસ્તક છપાવવાનો વિચાર હાલ મેં માંડી વાળ્યો છે. નામનાની આશા પણ મહા પ્રયત્ને મેં દાબી રાખી છે. પરંતુ, લોકકલ્યાણનો મારો હેતુ છેક નિષ્ફળ ન જાય માટે મારા પુસ્તકમાંના થોડા ફકરા પ્રસિદ્ધ કરૂં છું.

ગધેડાને કાળો કરવાનો ઉપાય.

ગધેડાને શાહી ચોપડી તડકામાં બાંધી રાખવો. સુકાઈ જાય એટલે દોરડાં છોડી નાંખવાં.

બીજો ઉપાય એવો છે કે પ્રથમ ગધેડાને શરીરે દીવેલ લગાડવું. ને પછી રોટલા કરી ઉતારી લીધેલા ઠીકરાના તવા ટહાડા પાડી ગધેડાના શરીર ઉપર ઘસવા. કાળો રંગ બેસે ત્યાં સુધી આ પ્રમાણે ઘસ્યા જવું. આ રીત અજમાવતાં ગધેડાની ચામડી છોલાવાનો સંભવ રહે છે માટે બહુ બારીકીથી અને સાવચેતીથી કામ લેવું. ગધેડાને પાછલા પગ ઉપાડવાની ટવ હોય છે તે ધ્યાનમાં રાખવુ.

ઉકરડાની માટી સાફ કરવાનો ઉપાય.

ઉકરડો ખોદી નાખી તેમાંથી ઘાસ સાંઠા વગેરે પદાર્થો વીણીને કહાડી નાંખવા. જે માટી બાકી રહે તેને સુકવી ખાંડણીમાં સારી પેઠે ખાંડવી. ને પછી જાડા 'કાર્ટ્રિજ પેપર' માં સોયથી કાણાં પાડી તેની ચાળણી બનાવી ખાંડેલી માટી ચાળી કહાડવી. આ રીતે બહુ ઝીણી માટી નીકળી આવશે.

તેલમાં ઉભરો આણવાનો ઉપાય.

તેલ ઉકાળ્યા વિના તેલમાં ઉભરો આણવો હોય તો પાંચ આંઉસ તેલમાં અડધો આઉંસ બાયકારબોનેટ ઓફ સોડા અને પા આંઉસ ટારટરીક એસીડ મેળવીને હલાવવાં.

આકડામાંથી પીળું દુધ કહાડવાનો ઉપાય.

આકડાનાં પાદડાં નાઈટ્રેટ ઓફ સિલવરમાં બાર કલાક સુધી પલાળી સુકવાં અને પછી કેસરના પાણીમાં ઉકાળી ઠરવા દેવાં. પછી તે પાણીને પાણીમાં જ પાંદડાં છુંદી નાખવાં એટલે પીળું દુધ નિકળશે.

આકડાનું દુધ આંખે લાગ્યાથી નુકશાન થાય છે અને પીવાના કામમાં આવતું નથી માટે કડછીથી કામ લેવું અને ખપ જેટલું જ દુધ કહાડવું.

પૈડાં વગર ગાડી ચલાવવાનો ઉપાય.

એકસરખી લંબગોળાકાર કોઠીઓ કુંભાર પાસે ઘડાવવી અને ગાડી નીચે એવી બે કોઠીઓ બાંધવી. કોઠી ગાડી કરતાં કંઈક વધારે પહોળી હોવી જોઈએ. કોઠીનું મ્હોં રોટ આયર્નનાં ઢાંકણાંથી બંધ કરી દેવું, આ ગોઠવણથી ગાડી વગર પૈડે બહુ સારી રીતે ચાલશે.

બળદનાં શિંગડાં જોખવાનો ઉપાય.

જીવતા બળદનાં શિંગડાંનું વજન કહાડવું હોય તો બળદને તળાવમાં લઈ જઈ ફક્ત શિંગડાં બહાર રહે ત્યાં સુધી પાણીમાં ઉતારવો. પછી શિંગડાં પર એવડો પથ્થર મુકવો કે શિગડાં બરોબર પાણીમાં ડુબી રહે. પછી તે પથ્થર બહાર લાવી તેને જોખી જોવો. તેના જેટલુ જ શિગડામાં વજન છે એમ સમજવુ.

બીજી રીત એવી છે કે શિંગડાં સાથે આખા બળદનું જેટલું વજન હોય તેટલા જ વજનનો માટીનો બળદ બનાવવો અને તેનુ પેટ, શિંગડાં વગેરે દરેક ભાગ ખરા બળદના તે ભાગ જેટલો જ કદમા રાખવો. પછી માટાના બળદનાં શિગડાં કાપી લઈ જોખવાં.

પહેલી રીતનો ઉપયોગ બરોબર ન આવડે તો બળદ ડુબી જવાનો ભય છે માટે બીજી રીત અજમાવવી એ વધારે સલામતી ભરેલું છે.

૧૪.

નવી ઇસપનીતિ.*

"ઇસપની વાર્તાઓ," "પંચતંત્ર," વગેરે ગ્રન્થના કર્તાઓએ જનાવરોને મનુષ્યની ભાષા બોલતાં અને મનુષ્યના ભાવ અનુભવતાં કલ્પ્યાં છે. મનુષ્યસ્વભાવમાં રહેલી નિર્બળતા તટસ્થ રહી જોવાનું આ પદ્ધતિથી મનુષ્યોથી બની શકે છે. મનુષ્યોની વર્તણુક પશુપક્ષીઓમાં પ્રકટ થતાં મનુષ્યો વિશેષ નિષ્પક્ષપાત વૃત્તિથી તે વિશે તુલના કરી શકે છે. દોષનો આરોપ બીજા પર હોય ત્યારે ન્યાયબુદ્ધિ વધારે સ્વચ્છ હોઈ શકે છે.

* "જ્ઞાનસુધા" ના સન ૧૯૦૩–૦૪ ના અંકોમાં છપાયેલો લેખ.

એ વસ્તુસ્થિતિ લક્ષમાં લઈ એ લેખકોએ આ બોધપ્રકારની યોજના કરેલી જણાય છે. આ પદ્ધતિમાં વિશિષ્ટ કૃતિ ઈસિપની હોવાથી તેને 'ઈસિપનીતિ-'નું ઉપનામ આપી શકાય. ઈસિપનીતિ બોધ અને વિનોદ આપવામાં ઘણી ફતેહમંદ થઈ છે અને તેનું અનુસરણ અનેકધા થયું છે. એ નીતિમાં રહેલું તત્ત્વ લક્ષમાં લઈ તેથી ઉલટી પણ તે જ ધોરણની એક નવી વાર્તા-પદ્ધતિ ઘડવાનો આ લખનારનો મન્દ પ્રયત્ન છે. મનુષ્યોને પશુપક્ષીઓની ભાષા બોલતાં કલ્પવાથી અને પશુપક્ષીઓના ભાવનો મનુષ્યો પર આરોપ કરવાથી પણ સારાસાર વિચાર તટસ્થતાથી કરવાના પ્રસંગો મળી શકે તેમ છે. જનાવરોનાં કૃત્યોની પરીક્ષા કરવાની હોવાથી મનુષ્યના માનભંગનો પ્રસંગ આવતો નથી, એ હકીકત જુની પદ્ધતિની પેઠે આ નવી પદ્ધતિમાં પણ કાયમ રહે છે. મનુષ્યોના આચારવિચાર જનાવરોમાં પ્રકટ થયા હોય તો કેવા લાગે એ જુની ઈસિપનીતિ દર્શાવે છે, તો, જનાવરોના આચાર-વિચાર મનુષ્યોમાં પ્રકટ થયા હોય તો કેવા લાગે એ આ નવી ઈસિપનીતિ કંઈક દર્શાવી શકશે એમ આશા છે. આ કારણોથી આ વાર્તાઓને " નવી ઈસિપનીતિ " એવુ નામ આપવામાં આવ્યું છે.

વાર્તા ૧ લી.

શંભુદત્ત અને શોભાદત્ત.

શંભુદત્ત ઘેરથી દુકાને જતો હતો તે વખતે શોભાદત્ત રસ્તામાં ઉભો હતો, અને, બાપે ઘરમાંથી કહાડી મુકયાથી કયાં જવું તેનો વિચાર કરતો હતો. એવામા શંભુદત્તને રસ્તે જતો જોઈ શોભાદત્ત ભસ્યો. ભસવાનું કારણ કશું હતું નહિ, પણ, શંભૂદત્ત તરફ કેવી રીતે વર્તવું તે ન સમજા-યાથી શોભાદત્ત ભસવા લાગ્યો અને ખૂબ ભસ્યો. શંભુદત્તને તે બીલકુલ ઓળખતો નહોતો, તોપણ જાણે શંભુદત્ત ગુનેહગાર હોય અને હાંકી કહા-ડવા લાયક હોય એમ શોભાદત્ત બહુ જોસથી અવાજ કહાડી લાંબા વખત સુધી ભસ્યો. તેને ભસતો સાંભળી શિવદત્ત, રામદત્ત, દેવદત્ત, હરદત્ત, હરિદત્ત, વગેરે આસપાસનાં ઘરમાંથી દોડી આવ્યા અને નવરા હોવાથી રસ્તે જુદે જુદે ઠેકાણે ઉભા રહી ભસવા લાગ્યા. શંભુદત્ત તો ચાલ્યો ગયેલો હતો, તેથી, શાને ભસીએ છીએ તેની તેમને ખબર નહોતી; પણ, કંઈ ભસવા જેવું છે તેથી ભસીએ છીએ એવા સંતોષથી તેઓ ગળું દુખવતા

હતા. નાગદત્ત, કાળદત્ત, ભારદત્ત, વગેરે પોતપોતાની દુકાને કામ કરતા હતા ત્યાં તેમણે આ અવાજ સાંભળ્યા. દુકાન છોડી તેમનાથી અવાય નેમ નહોતું, તેથી, દુકાને બેઠા બેઠા તેઓ શોભાદત્તના અવાજની દિશા તરફ મહોં કરી ભસવા લાગ્યા શોરબકોર બહુ વખત ચાલ્યો. આખરે મહેલ્લાના લોકો બહુ અકળાયા ત્યારે તેમણે શોભાદત્તને પથરા મારી કહાડી મુક્યો, એટલે બીજા ભસનારા પણ બંધ પડી ગયા. દોડી આવ્યા હતા તે પોતપોતાને ઠેકાણે ગયા અને દુકાનવાળાઓએ પોતપોતાના ધંધામાં ધ્યાન લગાડયું.

વાર્તા ૨ જી.

ઘાસનો ભુખ્યો ભુકુામલ.

ભુકુામલ પોતાના ઘરમાં ખાવા બેઠો હતો તેવામાં પાડોસીના ઘરનાં આંગણામાં ઘાસનું ગાડું આવેલું જોઈ ભુકુામલ ઉભો થઈ દોડયો, અને, પાડોસીનો ઝાંપો તોડી તેના આંગણામાં પેઠો તથા ગાડામાંના પુળા દાંત વતી ખેંચવા લાગ્યો. ગાડા પાસે બાંધેલા બળદોએ ઉભા થઈ શિંગડાં મારવાથી ભુકુામલ પાછો નાઠો, અને, ભાવામલના ઘરમાં જઈને તે ઘાસ ખાતો હતો તેમાંથી ખાવા લાગ્યો. ભાવામલે બચકું ભર્યાથી તે નાસીને ભલ્લામલના ઘરમાં પેઠો. ભલ્લામલે લાત માર્યાથી તે ભગામલના ઘર તરફ નાઠો. પણ, ત્યાં પેસતાં ઉમરો પગે જોરથી વાગવાથી તે રસ્તામાં ચકર ચકર દોડવા લાગ્યો. તેને પકડવા તેના ઘરનાં માણસો દોડયાં. તેમણે તેને ચાબકો મારી, લાકડીઓ મારી, દોરડાં ધર્યાં, પણ, ભુકુામલ સાંજ સુધી પકડાયો નહિં. આખરે તેની આગળ થોડું ખાવાનું ધરી તેને પકડી લીધો. આ ધાંધલ દરમિયાન રામામલ, ધામામલ, જામામલ, સામામલ, વગેરે પોતાના ઘરમાંથી નીકળી આવ્યા અને ભુકુામલના ઘરમાં ઘણું ઘાસ હતું તે ખાઈ ગયા. એ સહુને કહાડીને ભુકુામલને ઘરમાં ઘાલ્યો, પણ, ઘાસ વિના આખી રાત તે ભુખ્યો રહ્યો.

———:o:———

વાર્તા ૩ જી.

નાથાજી ધૂળમાંથી ઉઠો સાઠમારીમાં ગયો.

મોટારાજ, ભોટારાજ, ભોભારાજ, મોભારાજ અને થોભારાજ વાદવિવાદ કરતાં સાઠમારી પર આવી ગયા, નાથાજી વાદવિવાદ સાંભળવા આવેલો હતો. કોલાહલ સાંભળી તે ભુંકતો હતો તથા પાછલે પગે ધૂળ ઉરાડતો હતો. તેમ કરતાં તે થાકેલો હતો અને મ્હોંનું નાળચું ધૂળમાં ખોસી સૂતેલો હતો. સાઠમારી નજરે પડતાં તે ઉભો થઈ ગયો અને 'હોંચી હોંચી' કરતો તે તરફ દોડયો. સાઠમારી કરનારાઓ વચ્ચે જઈ તે ભરાયો. કોઈને લાત મારવા લાગ્યો અને કોઈને માથું મારવા લાગ્યો. કોઈની સામે થવાનો અને કોઈને મદદ કરવાનો પ્રયત્ન તે કરવા લાગ્યો. વચમાં અટવાયાથી નાથાજીને ભોભારાજના દંતુસળ વાગ્યા અને મોભારાજના પગ તળે તે કચરાયો. આખરે થોભારાજે નાથાજીને પોતાની સુંઢમાં પકડી ઉચો કરી આઘે ફેંકી દીધો પોતાને થયેલી ઈજાનું દરદ ભૂલવા નાથાજી ધૂળમાં આળોટવા લાગ્યો. પોતાની મદદ વિના સાઠમારી પૂરી થએલી જોઈ થતો વિસ્મય તેણે ધૂળમાં ગરકાવ કરી દીધો.

વાર્તા ૪ થી.

સંખાયું નહિં.

દેવારામના દીકરાના લગ્નની ઘણી ખુશાલી અને ધામધુમ ચાલી રહી હતી. દેવારામનો પડોસી સેવારામ વાંઝીઓ હતો અને તેનાથી દેવારામના ઘરનો ઉત્સવ ખમી શકાયો નહિં. લગ્નમાં વિઘ્ન નાખવા તેણે બહુ પ્રયત્ન કર્યા પણ તેમાં ફાવ્યો નહિં ત્યારે લગ્ન વખતે દેવારામના ઘર સામે બેસીને દાંતીઆં કરવા લાગ્યો અને ' હુક હુક ' કરી છાપરાં પર કુદવા લાગ્યો. એકલા આમ કરવાનું ઝાઝું ન ફાવ્યાથી તે રેવારામ, કેવારામ જેવારામ, મેવારામ, નેવારામ વગેરેના ટુડને એકઠું કરી લાવ્યો અને સહુ મળી કુદાકુદ અને હુકાહુક કરવા લાગ્યા. તેઓ કેટલાંક નળીઆં ભાગી શકયા, પણ, તે સિવાય બીજું કાંઈ નુકસાન કરી શકયા નહિં. અને, લગ્નના મેળાવડામાં કેટલાક લોકો પાસે લાકડીઓ હતી તેથી વધારે પાસે જવાની તેમની હિંમત ચાલી નહિં. આખરે વરઘોડાની બંદુકો છુટતી સાંભળી તેઓ બીધા અને નાઠા. એકલો પડેલો સેવારામ પોતાને ઘેર ગયો અને લગ્ન પુરૂં થયું ત્યાં સુધી તેણે દાંત પીસી પોતાનું શરીર પીંખ્યા કર્યું.

વાર્ત્તા ૯ મી.

દહિંથરા પાછળ કૅા કૅા.

રામનાથ છાનોમાનો હરનાથના ઘરના બારણામાં પેસી તેનું દહિંથરૂ લઈ જતો હતો. હરિનાથ તે ઘરમાં હતો તેણે રામનાથને કહાડી મુકયો અને હરનાથ આવ્યો ત્યારે હરનાથને દહિંથરૂં સોંપ્યું રામનાથ હરનાથના ઘરને છાપરે બેસી રહ્યો અને હરિનાથ બહાર નિકળ્યો ત્યારે તેના માથા પર 'કૅા કૅા' કરતો રામનાથ ભમવા લાગ્યો. કાંઈકિ ભક્ષ્ય છે એમ ધારી કામનાથ, જામનાથ, નામનાથ, હામનાથ વગેરે આવી પહોંચ્યા અને રામનાથ સાથે 'કૅા કૅા' કરતા હરિનાથના માથાપર ઉડવા લાગ્યા. હરિનાથ પાસેથી કાંઈ ઝડપી લેવાય એવું નથી એમ માલમ પડતાં તેઓ ચાલ્યા ગયા, પણ, રામનાથ ઘણીવાર સુધી ખસ્યો નહિ. હરિનાથ ગભરાયો નહિં અને પજવાયો નહિં. રામનાથ આખરે થાકીને આરામ લેવા સારૂ ઉકરડા પર જઈને બેઠો.

વાર્ત્તા ૬ ઠ્ઠી.

હાથી એટલે હડકાયા થયા.

મેળામાં મ્હોટા દેખાવા સારૂ મેણારાવ અને ખેણારાવ ભૂરીઆ અને કાળીઆના ખભા ઉપર ચઢીને ઉભા થયા, અને, ચારે જણા ગાલ ફુલાવતા, છાતી કહાડતા તથા ડોળા પહોળા કરતા મેળામાં ફરવા લાગ્યા. જોવા મળેલા ટોળાના અચંબાથી તથા ઘોઘાટથી તેઓ ગર્વ ધરી હરખાતા હતા. એવામાં માનસિંહ ઘોડા પર બેસીને આવ્યો, અમરસિંહ રથમાં બેસીને આવ્યો, વિજયસિંહ ઊંટ પર બેસીને આવ્યો, અને, ઉદયસિંહ હાથી પર બેસીને આવ્યો તેમની સવારીના ઠાઠથી વિસ્મય પામી લોકો તેમને માન આપવા લાગ્યા. આ જોઈ મેણારાવ તથા ખેણારાવ ઘુરકવા લાગ્યા અને ભૂરીઓ તથા કાળીઓ ભસવા લાગ્યા. ભસવાના આવેશમાં તેમણે મેણારાવ તથા ખેણારાવને પોતાને ખભેથી નીચે નાખી દીધા, અને, પછી ભૂરીઓ તથા કાળીઓ લોકોને બચકાં ભરવા દોડવા લાગ્યા. તેમના મ્હોંમાંથી લાળ ગળવા લાગી અને ચકર ચકર ફરી તેઓ લોકોમાં નાસાનાસ કરાવવા લાગ્યા. આખરે, ભૂરીઓ તથા કાળીઓ હડકાયા થઈ મરી ગયા, અને મેણારાવ તથા ખેણારાવ તેમનાં મડદાં સુંઘીને ચાલ્યા ગયા.

વાર્ત્તા ૭ મી.

વૃત્તિ બદલાઈ એટલે રૂપ બદલાયું.

હેમચંદ અને ખેમચંદની દુકાનો પાસે પાસે હતી. બન્ને એક જ જાતના માલનો વેપાર કરતા હતા, તેથી, બન્ને વચ્ચે હરીફાઈ ચાલતી હતી. બન્ને, એક બીજાથી સારો માલ લાવવાના અને એક બીજાથી સસ્તે ભાવે વેચવાના પ્રયત્ન કરતા હતા. આવી સરસામરસી ચાલી તે દરમ્યાન તેઓ એક બીજાની દુકાને જતા અને એક બીજા સાથે ઉઘાડો વ્યવહાર કરતા, અને લોકો તેમનો બન્નેનો સત્કાર કરતા. પણ, વધારે પૈસા ખર્ચ્યા વિના હેમચંદને હેઠા પાડવાની ખેમચંદની દાનત થઈ ત્યારથી તે પોતાના માલમાં દગો કરવા લાગ્યો અને હેમચંદનો માલ બગાડવાનો લાગ શોધવા લાગ્યો. આ પછી ખેમચંદ હેમચંદ સાથે ખુલ્લી રીતે મળવો બંધ થયો, પણ અંધારામાં છાનોછપનો તેની દુકાન પાસે ફરવા લાગ્યો, પેટ ઘસતો વાંકોચુંકો ચાલી હેમચંદની દુકાન આગળ ખુણે ખોચરે સંતાવા લાગ્યો, તેની દુકાનના કચરામાં ભરાવા લાગ્યો, રસ્તેથી હરકોઈ જનાર આવનારથી ભડકી ફુંફાડો કરવા લાગ્યો, અને, જેનો પગ પાસે પડે તેને ચૂડ ભેરવવા તથા ડંસ દેવા લાગ્યો. પરિણામે, સર્વ કોઈને તેનું રૂપ જોઈ ત્રાસ થવા લાગ્યો, સહુ તેનાથી દૂર ખસવા લાગ્યા, અને, તેની ચળકતી આંખોને અવિશ્વાસનું ચહ્ન ગણવા લાગ્યા. લોકો હેમચદ તરફ વિશેષ વળ્યા, અને ખેમ .દના તાળવામાં થયેલી ઝેરની કોથળીથી તેને પોતાને જ હાનિ થઈ.

૧૫.

પાટીઆં વાંચનારા.*

Board Readers.

જાહેર ઠેકાણાં પર સાર્વજનિક માહીતી સારૂ જે પાટીઆં મુકવામાં આવે છે તે ઉપરનાં લખાણ વાંચનારા હમેશ એકસરખા હોતા નથી. કેટલાક ઉતાવળથી પાટીઆં વાંચી ચાલ્યા જાય છે, કેટલાક પાટીઆંનો થોડો ભાગ જ વાંચે છે, કેટલાક પાટીઆં પાસે ઉભા ઉભા દરેક અક્ષર ને દરેક શબ્દ ઘડી ઘડી મ્હોટેથી વાંચે છે, કેટલાક એક વાર વાંચી જઈ ફરી

* "વસન્ત" ના સંવત્ ૧૯૬૩ ના ભાદ્રપદના અંકમાં છપાયેલો લેખ.

૧૭

ફરી પાટીઆ વાંચવા પાછા આવે છે, કેટલાક પાટીઆં વાંચી ઉંડા મનન અને ચિંતનમાં ઉતરી પડે છે. પાટીઆં પરના લખાણ ઉપરથી કેટલાક એકાએક સ્તબ્ધ થઈ જાય છે, કેટલાક પાટીઆં આગળ જમીન ઉપર એકાએક ચોંટી જાય છે, કેટલાક એકાએક ગતિમાન્ તથા પ્રવૃત્તિમાન્ થઈ જાય છે, કેટલાક આશ્ચર્યમાં ગરક થઈ જાય છે, કેટલાક કુતુહલમાં પડી જાય છે, કેટલાક ઉશ્કેરાઈ જાય છે, કેટલાક મૂઢ થઈ જાય છે. એ સર્વના વૃત્તાન્તનો સંગ્રહ કરવામાં આવે તો માનસ શાસ્ત્રનું જ્ઞાન બહુ વૃદ્ધિ પામે અને ઇતિહાસની ગતિ વાળવામાં રાજા તથા પ્રજાને બહુ સામર્થ્ય મળે એમાં સંદેહ નથી. એ સંગ્રહ કરવા માટે ' કમીશન ' બેસાડવાનો સરકારને કોઈ વગવાળી સભા આગ્રહ કરશે અને ' ડેપ્યુટેશન ' પણ મોકલશે એવી આશા રાખવી તે વ્યર્થ નથી. હાલ તો જે થોડા દાખલા મારા જાણવામાં આવ્યા છે તેની નોંધ પ્રસિદ્ધ કરૂં છું કે શોધકવૃત્તિવાળા વિદ્વાનો યોગ્ય લાગે તેવો તેનો ઉપયોગ કરી શકે.

(૧.)

એક વખતે મધરાતે અગત્યનો તાર મોકલવા હું તાર ઓફીસે ગયો. તાર લખી આપવાની બારી આગળ જતાં એક નવાઈ જેવો દેખાવ જોવામાં આવ્યો. બારીના મથાળા ઉપર જાળીના સળીઆ હતા તે ઉપર કાંઈક વળગતું માલમ પડ્યુ. પાસે જઈ જોતાં જણાયું કે કોઈ માણસ સળીઆમાં પગના અંગુઠા ભેરવી ઉંચા હાથ કરી સળીઆ ઝાલી જાળીને અડીને ટંગાઈ રહ્યો હતો. આવો અસાધારણ શ્રમ લેવાનુ કારણ પુછતાં તેણે પોતાના પગ તરફ આંગળી કરી ત્યાં આગળ બારીને મથાળે ચોઢેલુ પાટીઉં બતાવ્યું. પાટીઆ ઉપર ' અહીં ઉભા રહેવું ' એમ લખેલુ હતું. પણ, તેથી આ વિચિત્ર ચેષ્ટાનો હેતુ સમજાયો નહિં. હુ વધારે પુછવા જતો હતો એટલામાં તાર લેનાર ' સિગ્નલર ' બીજા ઓરડામાંથી આવ્યો અને બારીના ઉમરા ઉપર પરચુરણ નાખી બોલ્યો ' લેઓ યે બાર આને. ' ઉંચે નજર જતાં બાર આનાના માલીકને જાળીએ વળગેલો જોઈ ચકિત થઈ તેણે પુછ્યું ' યે કયા ? ઉધર કાયકુ ચઢા હયે ? ઉતર જાઓ. ' નીચે ઉતરી એ ગૃહસ્થે ખુલાસો કર્યો કે ' પાટીઆ ઉપર લખ્યું છે કે " અહીં ઉભા રહેવું " તેથી હુ સમજ્યો કે જ્યાં એ પાટીયું માર્યું છે ત્યાં ઉભા રહેવું પડતું હશે. '

' નીચુ જમીન પર ખડા રહેનેકા હયે. જાલીપે ચઢનેકા નહિં લિખા હયે. '

'ત્યારે પાટીઉં નીચે જમીન પર કેમ નથી મુક્યુ ? જ્યાં પાટીયુ માર્યુ હોય ત્યાં ઉભા રહેવાનુ અમે તો સમજિયે.'

સિગ્નલર મારો તાર લેવામાં રોકાયો હતો. તેણે તિરસ્કારભર્યા 'ઉંહ' સિવાય બીજો ઉત્તર દીધો નહિં.

(૨.)

મુંબાઈમાં અબદુલ રહેમાન સ્ટ્રીટમાં એક વખત ઘોડાની ટ્રામ પુરપાટ ચાલી જતી હતી. બાજુની એક ગલીમાંથી એક માણસ બે હાથ ઉંચા કરી 'ઉભી રાખો ! ઉભી રાખો !' એમ બુમો પાડતો દોડતો આવતો જોઈ 'કંડક્ટરે' ઘંટ વગાડી ટ્રામ ઉભી રાખી. માણુસ અજાણ્યા જેવો જણાતો હતો તેથી કંડક્ટરે રોફથી પુછ્યું 'કિધર જાયગા ?'

તેણે હાંફતા હાંફતા પાસે આવી ટ્રામને મથાળે મુકેલા જાહેર ખબરના પાટીઆ તરફ આંગળી કરી કહ્યું 'બે પૈસાવાળી સાબુની ચકતી આપો.' તે વાંકો વળી થેલી છોડી બે પૈસા કાઢતો હતો પણ કંડક્ટરે બે ઘંટા વગાડી ટ્રામ ચલાવી દીધી, અને

બાદશાહી ખુશબોદાર સાબુ.

મ્હોટી ચકતી–ચાર પૈસા. નાની ચકતી–બે પૈસા

ની જાહેર ખબરનુ પાટીઉં ટ્રામ સાથે અદૃશ્ય થયુ ત્યાં સુધી તે તરફ પહોળું મ્હોં કરી તે માણસ જડ થઈ ઉભો રહ્યો ટ્રામના કંડક્ટરે ટ્રામ ચલાવતી વખતે ઉદ્‌ગાર કરેલો તે અહીં લખવા લાયક નથી.

(૩.)

મારા પડોસીનો દીકરો મોતીલાલ પહેલવહેલો મુંબાઈ જઈ આવ્યો તે પછી તે પોતાના અનુભવનુ રસિક વર્ણન છોકરાની અને ચાકરોની સભા ભરી કરતો હતો. તેમાં એક હકીકત તેણે એવી કહી કે 'મુંબાઈમાં કોઈ "ટાબલેટ" કરીને સાહેબ છે તેના બહુ બંગલા છે. જ્યાં જાઓ ત્યાં એનો એકાદ બંગલો ખરો. કોલાબા, કોટ, ગિરગામ, તારદેવ, ભાયખળા, પરેલ, મહાલક્ષ્મી, ખંભાલા હિલ, વાલકેશ્વર, ચોપાટી, જ્યાં જઈએ ત્યાં ઠેર ઠેર "ટાબલેટ" ના નામનાં પાટીઆંવાળા બંગલા આવે છે.' હું આઘેથી આ વર્ણન સાંભળતો હતો. સભારંજનમાં વિઘ્ન કરવા મારી ઈચ્છા નહોતી તેથી સભા બરખાસ્ત થયા પછી મોતીલાલને બોલાવી મેં તેને "ટાબલેટ" સાહેબ વિશે હકીકત પુછી. ઘણી ઉલટ પછી તપાસ

માલમ પડી આવ્યું કે બંગલાઓ ઉપરનાં TO BE LET (ભાડે આપવાનો છે) એ પાટીઆં મોતીલાલે બહુ જિજ્ઞાસાથી વાંચેલાં હતાં.

(૪.)

રેલવે સ્ટેશન પર For Gentlemen (ગૃહસ્થો માટે) ની જગામાં જતાં એક ગૃહસ્થે ભિંત ઉપર પાટીઉં જોયું તે ઉપર નજર ફેરવી જતાં " Please just your address before leaving (જતાં પહેલાં મહેરબાની કરી જરા તમારૂં સરનામુ) એવું લખેલું જણાયું. કાંઈ ફી આપવી પડશે એ ધારણાથી તે ગૃહસ્થને ક્ષોભ થયો, પણ, કાયદો માનવો જોઈએ એ વિચારથી તેણે પેનસીલ કાઢી સરનામુ લખવાની ચોપડી ખોળી, તે ન જડતાં ભિંત ઉપર પોતાનું સરનામુ લખવા માંડયું. એવામાં બહાર ઉભેલો ભંગી અંદર ડોકિયું કરી બોલ્યો ' ભેંત પર લખવાનો હુકમ નથી. ' તે ગૃહસ્થે ગભરાઈને પેનસીલ ગજવામાં મુકી દીધી, પણ, પછી હિંમત આણી કહ્યું,

' આ પાટીઆ પર લખ્યું છે કે સરનામુ લખવું તે શેમાં લખવું?"

' એવું કહીં લખ્યું છે ? '

તે ગૃહસ્થે ફરી પાટીઉ વાંચી જોયુ તો " Please adjust your dress before leaving " (જતાં પહેલાં મહેરબાની કરી તમારો પોશાક સજ કરજો) એવુ ખરેખરી રીતે પાટીઆ પર લખેલું હતું. અને, વધારે વિવાદ ન કરતાં એકદમ બહાર નિકળી આવવું તે ગૃહસ્થને દુરસ્ત લાગ્યું.

(૫.)

જાહેર જગા ઉપર ગંદકી કરવા માટે એક માણસને મેજીસ્ટ્રેટ આગળ ઉભો કરવામાં આવ્યો. મેજીસ્ટ્રેટે તોહોમતદારને પુછ્યું,

' તને વાંચતાં આવડે છે ? "

' હા સાહેબ, હું ભણેલો છું. "

' ત્યારે, પાટીઆ ઉપર લખેલું હતું કે " આ ઠેકાણે ગંદકી કરવી નહિ " તે તેં નહિં વાંચ્યું ? '

' વાંચ્યું હતું સાહેબ. પણ મેં તે પાટીઆવાળી ભિંત ઉપર ગંદકી નથી કરી. '

' એટલે ? '

'જ્યાં પાટીઉં હતું તે ઠેકાણે ગંદકી કરવાની મના હતી. પણ, તે નીચે રસ્તામાં ગંદકી કરવાની મના પાટીઆમાં લખી નહોતી.'

તહોમતદારે શુદ્ધબુદ્ધિથી ભૂલ કરી છે એવી તેના મુખત્યારે તકરાર કરી, પણ, મેજીસ્ટ્રેટે તે ગણકારી નહિં.

(૬.)

બી. બી. એન્ડ સી. આઈ. રેલવેની સેકન્ડ કલાસમાં હું મુસાફરી કરતો હતો. અમારા ખાનામાં અમે ચાર જણા હતા તેથી બારીએ બેસવાની દરેક જણને અનુકૂળતા હતી. એક સ્ટેશનથી પાંચમો ઉતારૂ આવ્યો પણ દહાડો.હતો તેથી કોઈ નારાજ થયા નહિં. બીજે સ્ટેશનેથી છઠ્ઠો આવ્યો તેથી પણ અમારામાંથી કોઈને ઝાઝો ક્ષોભ થયો નહિં, પણ, તે નવો ઉતારૂ બેઠો એટલે તરત જ અમારામાંથી એક જણ પગ લાંબા કરી ગાદી ઉપર સુઈ ગયો અને બોલી ઉઠયો 'હવે બધા સુઈ જાઓ.' અમે સહુ આશ્ચર્યથી આ નવાઈ જેવી વર્તણુક જોઈ રહ્યા. જેને આ નાટકના નાયકની લાત વાગી તેને ગુસ્સે થવાનું કારણ હતું, પણ, ખામોશ કરી તેણે પુછ્યું,

'કેમ ભાઈ! એકાએક શું થયું ?'

'થાય શું ? કાયદો છે. આ પાટીઉ છે તે નથી જોતા ?"

'ખાનાના બારણા ઉપર અંદરની બાજુએ લખ્યું હતું કે "To Seat 10, To Sleep 6" (દસ જણ બેસે, છ જણ સુએ) તે ઉપર અમારી નજર ગઈ પણ ભેદ સમજાયો નહિં. તે ઉતારૂએ ફરી પુછ્યું,

'એ પાટીઆને શું છે ?'

'ખાનામાં છ જણા થાય એટલે સુઈ જવું જ જોઈએ, અને દસ જણા થાય તો પાછા બેઠા થઈ જવું જ જોઈએ. આગગાડીનો કાયદો નહિં પાળનારને સજા થાય છે.'

એટલું બોલી તે મહોં ફેરવીને સુઈ ગયો. બાકીના ઉતારૂઓ વિચારમાં પડી બહારનો દેખાવ જોવા લાગ્યા.

'મામલતદાર વિરમગામ' ના નામનો પટો પહેરનાર સીપાઈને વિરમગામના મામલતદાર ધારનાર, સરિયામ જગા ઉપરના બંબા ઉપર 'સાંકળ ખેંચવી' લખ્યું હોય ત્યાં સાંકળ ખેંચી કલાક સુધી ઉભા રહેનાર, 'દરિયે જનારે → આમ જવું' એવું પાટીઉં વાંચી હાથ લાંબો કરી આંગળી એ પ્રમાણે આગળ કરી દરિયા તરફ જનાર ગૃહસ્થો પણ જોવામાં આવ્યા છે. પણ, આટલો સંગ્રહ હાલ બસ છે.

૧૬.

કાગડાના મંદવાડ વિશે કવિતા.*

ચર્ચાપત્ર.

' જ્ઞાનસુધાના ' તંત્રી સાહેબ,

લગભગ વીસ વર્ષ થઈ ગયાં, પણ, હજી સુધી નાઉમેદીની મારી લાગણી મંદ થઈ નથી. આ સાથેનું કાવ્ય આપના પત્રમાં દાખલ કરવા કૃપા કરશો તો મારા ચિત્તનું સાંત્વન કરવામાં આપ સહાયભૂત થશો.

સને ૧૮૮૯ માં એક માસિક પત્રમાં ' કાગડાનો મંદવાડ ' એ નામે એક વિષય છપાયેલો. તેમાં વર્ણન કરેલું કે કોઈ કાગડાને એંઠવાડ ખાતાં એક કુતરીએ આવીને ઝાલ્યો તથા ચુંથ્યો અને દાંત બેસાડ્યા. જોવામાં તે વિષયના લેખકે તે કાગડાને છોડવ્યો અને તપાસી જોયો. તે કાગડાને ક્યાં ક્યાં કેવા કેવા જખમ થયા હતા અને ક્યાં ક્યાં લોહી નિકળતું હતું તેનું વીગતવાર વર્ણન આપ્યા બાદ, ત્યાં બસેં અઢીસેં કાગડા ભરાઈ ગયા. તેમાંથી અમુક તે કાગડાની મા હોવી જોઈએ, અમુક તેનો બાપ હોવો જોઈએ, અમુક તેની બેન હોવી જોઈએ, અમુક કુટુંબી હોવા જોઈએ, અમુક વૈદ્ય હોવો જોઈએ, અમુક કાગડાની નાતના પટેલ હોવા જોઈએ, અમુક કાગડાની નાતના નોતરીઆ અગર વધામણીઆ હોવા જોઈએ, અમુક પટેલના બરોબરીયા અથવા કાગડાની નાતના મ્હોટા હોવા જોઈએ, એ વગેરે ખબર બહુ નિશ્ચયપૂર્વક આપેલી હતી. તથા, એકઠા થનાર કાગડામાં પહેલો એક આવ્યો, પછી બે આવ્યા, પછી ચાર આવ્યા, પછી આઠ આવ્યા, પછી દસ આવ્યા, પછી પાંસઠ આવ્યા, પછી છ આવ્યા, એમ વસ્તીપત્રકને શોભાવે એવી ગણતરી કરેલી હતી, અને, તે કાગડા I મંદવાડ દરમ્યાન પગલે પગલે દરદીએ અને જુદા જુદા કાગડાએ પૃથક્ પૃથક્ કે અમુક સંખ્યાબંધ થઈ ' કા કા ' કે ' કાંગ કાંગ ' કે ' કા કા ' ના ઉચ્ચાર કેટલી કેટલી વાર કર્યા, અને તેમાં ધીમે કરેલા સ્વરનો અર્થ શો અને જોરથી કરેલા સ્વરનો અર્થ શો તે સમજાવેલું હતું, અને, કાગડા કેટલા કેટલા હાથને છેટે બેઠા હતા તે દર્શાવેલું હતું. તેમ જ, લેખકે તે માંદા કાગડાને લુગડાની ગાદી કરી તે પર સુવાડ્યો અને પાણી

---

* " જ્ઞાનસુધા " ના સન ૧૯૦૮ના જાન્યુઆરીથી જુન સુધીના અંકમાં છપાયેલો લેખ.

ધર્યું તે તે ઝડપથી પીવા લાગ્યો તેથી કાગ–વૈદ્યરાજે ત્રણ વાર કા કા કરી પાણી પીવાની મના કરી, તે છતાં, બીમારે પાણી પીધું ત્યારે વૈદ્યરાજ એક વાર કા કા બોલ્યા અને બીમારે બે વાર કા કા કરી આજીજી કરી જરા પાણી પીવાની છુટી માગી અને વૈદ્યરાજે એક વાર કા કા કરી છુટ આપી, અને તે દરદી કાગડાએ પાશેર પાણી પીધા પછી લેખકે તેની ચાંચમાં ચોખા નાખ્યા પણ વૈદ્ય કાગડાએ ઉંચે સ્વરે કા કા કરી દરદીને અને લેખકને ખાવા ખવડાવવાની મના કરી અને બન્નેએ તેની સલાહ માન્ય કરી, અને, છેવટે લેખકની ગેરહાજરીમાં વૈદ્યે ઇંડાની સફેદી લગાડયાથી તે દરદીને આરામ થયો, એ વર્ણવ્યું હતું. વળી, લેખકની તપાસની શરૂઆતમાં દરદી કાગડાની માએ લેખકને દૂર કાઢવા અરાઢ વખત ચાંચથી હુમલા કરેલા તેમાંના સત્તર હુમલા નિષ્ફળ ગયેલા પણ અરાઢમી વખત તેની ચાંચ લેખકના વાંસામાં ડાબા ખભા ઉપર વાગવાથી લોહીનો ટશીઓ ફુટી નિકળેલો, પણ, ધીમે ધીમે લેખક પર કાગમંડળનો વિશ્વાસ બંધાવાથી લેખક દરદીને બીજી વાર જોવા ગયા ત્યારે દરદીની પાસે હોંશીઆરીથી બેઠેલા આઠ કાગડા અથવા આઘે સૂતેલા ઓગણીસ કાગડામાંથી કોઈ લેખકને મારવા આવ્યા નહિં, પણ, ' માંદા નજીક બેઠેલામાંના બે કાગડાએ ચાર પાંચ ઉચ્ચાર કર્યા. અને ત્યાર બાદ બીજા ત્રણે (એકે પાંચ વાર ને બેએ બબે વાર) કાંઇંક ઉચ્ચાર કર્યા. તે પછી પેલા માંદાએ પણ ત્રણ ઉચ્ચાર કર્યા. તેનું ધીમા સ્વરનું બોલવું પુરૂં થઈ રહેતાં પેલા સૂતેલા ઓગણીશમાંનો એક ત્રણવાર કા કા કરી ઉડયો, તે આશરે પંદરેક હાથ ઉંચે કૂદી ચાર વાર કા કા કરી પાછો ઝટ માંદા નજીક આવી બેઠો અને બેસતાંવેંત બે ચાર વાર કા કા બોલ્યો. આ કાગડો જાણે બાતમીદાર હોય અને તે મારા આવ્યાના ખબર મેળવી અને ઓળખી બીજાઓને નિડર રહેવા સૂચવતો હોય એમ લાગ્યું. સબબ ત્યારબાદ સઘળા કાગડા કાંઈ પણ ઉચ્ચાર ન કરતાં ચૂપ બેશી રહ્યા. ' એ પ્રકારની કાગડાઓની ગુણજ્ઞતા પ્રકટ કરી હતી.

કાગડાઓની કૃતિઓનો આ ઝીણી વીગતવાળો હેવાલ વાંચતાં હું હર્ષોલ્લાસમાં આવી ગયો, અને, નીચે પ્રમાણે ' કાગડાના મંદવાડ વિશે કવિતા ' મેં લખી કહાડી. તત્કાલ તે માસિકના અધિપતિ ઉપર મેં તે કવિતા પ્રસિદ્ધ થવા સારૂ મોકલી અને આવતા માસના અંકની વાટ હું આતુરતાથી જોવા લાગ્યો. તે અંક તો આવ્યો પણ તેમાં મારૂં કાવ્ય દાખલ થએલું નહિં અને પુઠા ઉપર અંદરની બાજુએ ખબર આપેલી કે એ કાવ્ય પ્રસિદ્ધ કરવામાં નહિં આવે ! ઉત્સાહની ટેકરી ઉપરથી હું એકાએક

નિરાશાના ગર્તમાં આવ્યો. મારૂં કાવ્ય વાંચી માંદો કાગડો, અને તેના મંદવાડના ઇતિહાસકાર, તથા તેનાં (એટલે તે કાગડાનાં) મા બાપ, બેન બનેવી, ભાઈ ભોજાઈ, કાકા કાકી, મામા માસી, અને નાતજાતવાળા, તેમજ બીજાં પશુપક્ષીઓ કેવાં આનંદિત થઈ જશે અને કવિ તરીકેની મારી કીર્તિ ભૂચર, જલચર, વનચર, ખેચર વગેરે સર્વમાં કેવી ફેલાશે એ વિષયનાં મારાં જાગ્રત–સ્વપ્ન સર્વ એકાએક નષ્ટ થયાં. તે દિવસ પછી આજ સુધી મેં કવિતાની એક લીટી પણ લખી નથી. પરંતુ, ઘા (એટલે મારો, કાગડાનો નહિં) તાજો રાખવાથી શું ફળ છે ? તે રૂઝાવવાના ઉપાય લેવા એ કર્તવ્ય છે; એ જ્ઞાન થયાથી હવે એ કાવ્ય પ્રસિદ્ધિ માટે મોકલું છું. ઉદ્દિષ્ટ પ્રસંગે તે પ્રસિદ્ધ થયું હોત તો આટલી પ્રસ્તાવનાની જરૂર ન પડત. પરંતુ એ સર્વ વિચારણા છે.

કાગડાના મંદવાડ વિશે કવિતા.

ભુજંગી.

અહો કાગડા ! ધન્ય તું ભાગ્યશાળી, તને પીંદનારી મળી દાંતવાળી;
તને મંદવાડે કર્યો કીર્તિવાળો, બધા ખોળતા આવશે તુજ માળો. ૧.
થઈ વેદના ને ખમ્યાં દુઃખ જાતે, ગયાં નક્કિ તે તો વળી સર્વ વાતે;
ગયું નામ તારૂં ખરે દેશદેશે, તને સારિ પેઠે બધા જાણિ લેશે. ૨.
છપાયું જ છાપા વિશે છેક છે જે, સ્થાપાયું જ સ્થાયી સ્થળે સર્વ સે'જે;
ભુસાશે, ભુલાશે ભુમાં ભૂપથીએ, નહીં નામ નામીચું નક્કી કદી એ. ૩.

લલિત.

અમર નામ એ કાગનું થયું, નસિબ એહનું ઊઘડી ગયું;
સુલભ કીર્તિનો માર્ગ શો મળ્યો ! ભય અખ્યાતિનો સામટો ટળ્યો. ૪.

દોહરા.

ચકલી સમળી કબુતરો ! હોલા ને કાબેર !
બિલાડિ વાનર કૂતરા ! સુણજો સારી પેર. ૫.
થવું હોય પ્રખ્યાત જો પૃથ્વી માંહ તમામ;
કાગ તણો ત્યો દાખલો, અમર જ કરવા નામ. ૬.
કોઇ ઘવાઓ અન્યથી, કોઈ પડો જળ માંહ;
કોઇ દૂંડો લ્હાડથી, કોઈ સોસો લાહ. ૭.
ન્યૂટન ગેલિલિઓ અને ડાર્વિન સરખા કોઈ;

સૂક્ષ્મ દૃષ્ટિએ નિશ્ચયે રે'શે તમને જોઈ. ૮.
એથિ તમારી પાંખનાં, સર્વ ગણાશે પિચ્છ,
લાંબી કેટલિ પૂંછડી ફૂટ મપાશે ઇંચ. ૯.
ભરો જ પગલાં કેટલાં, નાસો કેટલિ વાર;
એક દિવસમાં કેટલો વધે તમારો ભાર. ૧૦.
મારો ક્યાં ક્યાં ચાંચ ને ભુસો કેટલાં હાડ;
ઊરાડો ધુળ કેટલી, કુદો કેટલાં ઝાડ. ૧૧.
પુઓ તમારો કોણ ને કોણ જ તેનો ભ્રાત;
નોંધાશે સહુ વીગતે, કહું છું સાચી વાત. ૧૨.

અનુષ્ટુપ્.

આવી આવી થશે શોધો જ્યારે ભારત ભૂમિમાં;
નહિં જ સૃષ્ટિવિજ્ઞાને રે'શે જ્ઞાનતણી સીમા. ૧૩.

કાકવ્યાધિકવિ.

૧૭.

માનપત્ર વિશે પદાર્થપાઠ.*

An Object Lesson in address-giving.

પ્રવેશ પહેલો.

(સ્થળઃ ગામની ધર્મશાળા.)

વેણીરામ—કસાયેલી બુદ્ધિથી અને પુખ્ત અનુભવથી હું અનુમાન કરૂં છું કે તમે સહુ આ ગામમાં કેળવણીને કામે આવેલા છો.

રત્નેશ્વર—અમારી કોલેજમાં ચાર દિવસની રજા પડી છે તેથી સહેલ કરવા અને ગામડું જોવા નિકળ્યા છીએ.

વેણીરામ—લાંબા વખત સુધી ખરે રસ્તે દોરેલી તર્કશક્તિથી કરેલાં અનુમાન હમેશ ખરાં પડે છે. ગામ જોયાથી તમને જ્ઞાન મળશે તે કોલેજની કેળવણીમાં કામ આવશે જ.

રત્નેશ્વર—ગામમાં જોવા જેવું શું છે ?

વેણીરામ—પ્રથમ તો ગામના મહેતાજી. પછી તેમની નિશાળ. નિશાળની વિઝિટર બુકમાં ઘણા સારા શેરા થયેલા છે. રજીસ્ટરમાં હાજરી-

---

*“ જ્ઞાનસુધા”ના સને ૧૯૦૯ના મેના અંકમાં છપાયેલો લેખ.

ની સંખ્યા ઘણી સારી છે. વાર્ષિકમાં પણ સેંકડે સાઠ ટકા આવેલા છે. કન્ટિજન્ટ બહુ ઓછું છતાં અને પદાર્થપાઠનાં સાધન નહિં છતાં મહેતાજી અક્કલ દોડાવી જાતજાતના પદાર્થ બતાવી શકે છે. કોઠી આડી મુકીને તેમાં સાંબેલું ખોસી ઇજીનનો પાઠ આપી શકે છે. મ્હોંમાં બીડી લઇને તે સળગાવી જ્વાલામુખીનો પાઠ આપી શકે છે. આરસી ઉપર પથરો મુકીને આરસપહાણનો પાઠ આપી શકે છે.

ધનપાળ—તમે પોતે જ મહેતાજી છો ?

વેણીરામ—હા જી. પણ તમે કેમ જાણ્યું ?

ધનપાળ—ઉગેલા સૂરજ કંઇ છાપરે ઢાંક્યા રહે ?

વેણીરામ—નેપોલિયનનું પણ એમ જ કહેવું હતું.

ધનપાળ—નેપોલિયન કોણ હતો વારૂ ?

વેણીરામ—તમે હજી શિખ્યા નહિં હો. નેપોલિયન અમેરિકામાં મહેતાજી હતો. તેણે એક દોહરો બનાવેલો છે કે

કહે નેપોલ્યન દેશને, કરવા આબાદાન;
સરસ રીત તો એજ છે, દો માતાને જ્ઞાન.

એ દોહરો નેપોલિયને પોતે જ બનાવેલો છે અને તે કહી ગયો છે કે દરેક જાહેર ભાષણમાં અને દરેક પુસ્તકમાં તે આવવો જોઇએ—પછી વિષય ગમે તે હોય, સ્ત્રીકેળવણીનો વિષય હોય, નાતવરાનો વિષય હોય, સાબુ બનાવવાના હુન્નરનો વિષય હોય, કે બલુન ઉરાડવાનો વિષય હોય; ગમે તે વિષયમાં એ દોહરો કહેવો જોઇએ.

સોમનાથ—એ નેપોલિયન તે જ નેપોલિયન બોનાપાર્ટ કે કોઇ બીજો ?

વેણીરામ—બોનાપાર્ટ તે તો નેપોલિયનના કાકાનો દિકરો હતો. એ બન્નેએ સાથે મળીને ઘણાં પુસ્તકો લખેલાં છે તેથી બન્નેનાં નામ ઘણી વાર સાથે બોલવામાં આવે છે. એવી રીતે કેટલાંક ગામનાં નામ પણ સાથે બોલવામા આવે છે. જેમકે આણંદ-મોગરી, બીલી—મોરા, બુંદી—કોટા, વગેરે. નેપોલિયન—બોનાપાર્ટ પણ એવું જ નામ છે. પરંતુ, એ ઇતિહાસ ભૂગોળ અને વ્યાકરણના વિષયોમાં અત્યારે ઉતરવાની જરૂર નથી. અત્યારે તો હું તમને માનપત્ર વિશે પુછવા આવેલો છું.

રત્નેશ્વર—શાનું માનપત્ર ?

વેણીરામ—માનપત્ર તે શું તે છોકરાઓને બતાવવા સારૂ મેં એક માનપત્ર તૈયાર કરેલું છે, પણ, તે માનપત્ર લેનાર કોઈ ગૃહસ્થ ઘણા વખતથી મળી આવતો નથી. મુખી કહે છે કે માનપત્ર તો રેવિન્યુ ખાતાવાળાને જ અપાય. અને, તલાટી કહે છે કે પાર્લામેન્ટની પરવાનગી વગર અવલકારકુન તો શું પણ ખુદ મામલતદાર સાહેબ પણ માનપત્ર લઈ શકતા નથી. અમારા ખાતાના કોડમાં એ વિશે એકકે કલમ નથી. પણ, મુંબાઈમાં કોઈ કોઈ વાર ખાનગી ગૃહસ્થોને માનપત્ર આપવામાં આવે છે એમ વર્તમાનપત્રોથી જણાય છે, તેથી, તમને આવેલા જાણી હું ખબર કહાડવા આવ્યો છું કે તમારામાં કોઈ માનપત્ર લઈ શકે એવો સદ્‌ગૃહસ્થ છે ? તેની ઉમ્મર પુખ્ત હોવી જોઈએ; તમે સહુ નહાની ઉમ્મરના છો.

રત્નેશ્વર—અમારી જોડે એક પુખ્ત ઉમ્મરના સદ્‌ગૃહસ્થ છે. તે જરા પાછળ છે, તે હમણાં આવી પહોંચશે. અમે તેમને પુછી જોઈશું.

વેણીરામ—હું પણ નિશાળનો વખત પુરો થયો છે તેથી નિશાળ બંધ કરીને અને પરવારીને આવું છું.

(વેણીરામ જાય છે.)

ધનપાળ—રત્નેશ્વર ! આપણી સાથે વળી એવો કયો માણસ છે ?

રત્નેશ્વર—અરે યાર છાનો રહેને ! આપણો રસોઈઓ નારણભટ છે તેને માનપત્ર અપાવીશું. આ મહેતાજી કંઈ સમજવાનો નથી અને ખૂબ ગમ્મત પડશે.

પ્રવેશ બીજો.

નારણભટ—અરે તમે કશી વાતે ફકર ન રાખશો ને એવી હુશીઆરી વતાવું કે ઈયાંને કૈંય ખબર ના પડે. નહિં તો મારૂં નામ નારણભટ નહિં.

રત્નેશ્વર—જોજે એને મ્હોડે તારૂ નામ નારણભટ કહેતો.

નારણભટ—ના રે ! ઈયાંને મુડે તો તમે પેલું કહ્યું તું તે–એ શું તો–?

રત્નેશ્વર—શ્રીનારાયણરાવશર્મા.

નારણભટ—હા એ જ. મારૂં વહાલું જરા અટપટું સે. અને પેલું શું ?–જંગલના જાગનાર ?

રત્નેશ્વર—જંગીસપુરના જાગીરદાર એ તને યાદ નહિં રહે. અમે જ કહીશું. પેલા મહેતાજી આવે જો ! તું ખપ જેટલું જ બોલજે, અને તે એ ટુંકામાં. જરા ભારેખમ દેખાજે.

(વેણીરામ આવે છે.)

રત્નેશ્વર—આવો, મહેતાજી. આ સદ્‌ગૃહસ્થ આવી પહોંચ્યા છે. એઓ માનપત્ર લેવાને કબુલ છે. એમનું નામ શ્રીનારાયણરાવશર્મા. એઓ જંગીસપુરના જાગીરદાર છે.

વેણીરામ—ઓ હો ! ત્યારે તો લગભગ રાજા જેવા !

નારણભટ—અમે તો કસારીઓમાં ફરેલા સીએ. બે મહિના તો બેલીફ-ની અવેજી—

રત્નેશ્વર—(નારણભટનો કોટ પાછળથી ખેંચીને) એ બધું અત્યારે કહેતાં ક્યાં પાર આવશે ? અલબત્ત, જાગીરદારના તાબામાં તો બેલીફો ઘણા હોય, અને અવેજીઓએ ઘણા કરી ગયા હોય.

વેણીરામ—સ્વાભાવિક છે. માનપત્રમાં એમની કંઇ ખાસ તારીફ લખવા-ની હોય તો મને હકીકત કહેજો.

નારણભટ—ઇમિ લખજોને કે પચાસ મનીશને જમાડવાં હોય તો (ચપટી વગાડીને) એક કલાકમાં રસોઈ—

રત્નેશ્વર—(નારણભટ તરફ ડોળા કહાડીને) એમની મહોટાઈ એવી છે કે પચાસ માણસ પરોણા આવ્યા હોય તોપણ એક કલાકમાં એમને સારૂં મિષ્ટાન્ન કરાવીને એમને જમાડી દે. પણ, માનપત્રમાં એ બધું લખવાની જરૂર નથી. સાધારણ હકીકત લખશો તો બસ છે.

નારણભટ—બરામણીઆ અખ્ખરે ના લખશો. કાયેટીક સરાવવાનું હોય તે એ આપણે તો બોડીઆ અખ્ખરમાં લખાવતે કે ગાડું હં-કારીએ. ઉકલ્યું તો એ શું ને ના ઉકલ્યું તો એ શું. "તારો બાપ મુઓ તેની હારે તું કેમ ના મુઓ—મૂક પાણી—સમર્પ્યામિ—ગોરને પૈસો આલજો." આ ઇમિ હડહડાટ હેંડ્યું જાય. ને વળી લાપશીને ઝી—

રત્નેશ્વર—(નારણભટને પાછળથી ઘડી ઘડી વાંસામાં આંગળી ભોકીને) એમનો સિદ્ધાન્ત એવો છે કે સાધારણ વ્યવહારના લખાણમાં દેવનાગરી લિપિ વાપરવી ન જોઈએ, અને, શાસ્ત્રના વિષયોમાં

ગુજરાતી લિપિ વાપરવી ન જોઈએ. નહિં તો પછી એમણે નકલ કરી બતાવી તેવાં હાસ્યજનક પરિણામ થાય છે

વેણીરામ—એમનો સિદ્ધાન્ત અનુભવી વિદ્વાનના મગજમાંથી નિકળે તેવો છે. માનપત્ર ગુજરાતી લિપિમાં જ લખેલું છે. માનપત્ર આપવાની ક્રિયા સાંજે આ સ્થળે જ કરીશું મારી નિશાળના ઉપલા વર્ગના છોકરાઓને હું લેતો આવીશ. પ્રસંગને ઉચિત ઉંચો રાજવંશી પહેરવેશ ધારણ થાય તો ઠીક.

નારણભટ—મારી કને કન્ત્યાને સે ને પીતાંબરે સે. સજ્જ્યામાં પાવડીઓ—

રત્નેશ્વર—એ તો જે જે સામગ્રી જોઇતી હશે તે બધી એકઠી કરી અમે ભપકાબંધ ગોઠવણ કરીશું. સાંજે છએક વાગે આવજો. માનપત્ર પહેલેથી જોવા મોકલજો કે જવાબ તૈયાર થાય, અને, અજાણ્યા થઈ માનપત્ર સાંભળવાનું એમનાથી બની શકે, તથા ઉત્તર લખેલો છતાં તે મ્હોડે સાંભળવાનું આપનાથી બની શકે.

(વેણીરામ જાય છે.)

ધનપાળ—નારણભટ ! તને આટલો વાર્યો પણ તું તારૂં પોત પ્રકાશ્યા વગર રહ્યો નહિં ! કોટ પાટલુન ને મોજાં બુટ પહેરાવ્યાં પણ તું તો રંધવારો જ રહ્યો !

નારણભટ—ક્યો આટલી બધી હુંશીઆરી બતલાવીને ઈંગ્રેજોને દંગ કરી નાછ્યાને ! એવો રોફ કરતાં તો મ્હોટા હવાલદારને એ ના આવડે !

સોમનાથ—દૃષ્ટાન્ત તો બહુ ઉચું લીધું ! એ તારી હુંશીઆરી ને તારો રોફ હાલ તો સંઘરી મુકજે. કોઈ દહાડો કામ આવશે. હવે તો તને કશું બોલવાનું રાખીશું જ નહિં.

પ્રવેશ ત્રીજો.

રત્નેશ્વર—જો નારાયણભટ ! ખરો વખત આવતા સુધી તું કોઠી પરથી ઉતરીશ નહિં. મહેતાજી આવે ત્યારે પણ એ આસન ઉપર બેસી રહેજે. મહેતાજી કાગળ વાંચવા માંડે ત્યારે તારે ઉતરીને ઉભા થવાનું છે.

નારણભટ—એ તો મને કૈંય કહેવું નહિં પડે. આપડે બધી વાતે ભુમિયા સીએ. કાગર વાંચવા માંડશે એટલે હડપ લેતે કોઠી ઉંચકીને ચત્તી કરી દેતે કે તેમાં ઉતરીને ઉભો રહીશ.

ધનપાળ—પાછી તારી અક્કલ ખરચી નાખી ! કોઠીમાં ઉભા રહીને રસોઈ ના થાય તો માનપત્ર લેવાય ?

નારણભટ—રસોઈ કરવી એ રમત વાત ના સમજશો. લેખણ ઝાલતાં કે તરવાર ઝાલતાં આવડે ઇને એ વેલણ ઝાલતાં ના આવડે.

સોમનાથ—હા, હા. રસોઈ તો મ્હોટો કસબ છે. ઋષિ મુનિઓએ ઘણાં ઘણાં શાસ્ત્ર લખ્યાં પણ કોઈને રસોઈનું શાસ્ત્ર લખતાં નથી આવડ્યું. પણ, તને કોઠીમાં ઉતરવાનું ક્યાંથી સુઝ્યુ ?

નારણભટ—'બાદશા ને લઉઆ'ની વાતમાં એવું આવે સે કે લડાઈ ચાલે ત્યારે સાંઢણી પર તાંબાની કોઠી ચડાવી બાદશા ઇમાં ઉતરે અને કોઠીમાં કાણું હોય ઇમાંથી લડાઈ જુએ.

રત્નેશ્વર—આ અવસરને માટે તે તારો જ્ઞાનનો બધો ભંડાર ઉઘાડી નાખ્યો જણાય છે ! પણ, રાજવંશીને આવી ગાંધીની માટલી જેવી પાઘડી ન ચાલે.

ધનપાળ—આ ટિનની ચાળણી છે તે પહેર. મુગટ જેવી દેખાશે. (પાઘડી કઢાડી લઈને ચાળણી—હવાલો—પહેરાવે છે.)

સોમનાથ—મુગટ તો થયો; પણ, તે ઉપર શિરપેચ જોઈએ. આ બે પીછાં ખોસીએ એટલે શિરપેચ થઈ રહેશે. (ચાળણી ઉપર પીછાં ખોસે છે.)

રત્નેશ્વર—હાથમાં રાજદંડ પણ જોઈએ. આ કડછી પર કપડું વિંટાળ્યું એટલે રાજદંડ જેવું માલમ પડશે. લે, જમણા હાથમાં કડછી ઉભી ઝાલ. (નારણભટના હાથમાં કડછી આપે છે.) જો, પેલા મહેતાજી છોકરાઓને લઈને આવ્યા. હવે તારે એક અક્ષર પણ બોલવો નહિં. મહેતાજી કાગળ વાંચી રહેશે ત્યાર પછી હું કાગળ વાંચીશ. તે પછી તું પાછો કોઠી પર બેસી જજે. આવો મહેતાજી. બધો સમારંભ તૈયાર છે.

(મહેતાજી અને છોકરાઓ આવે છે.)

વેણીરામ—છોકરાઓ ! માનપત્ર વિશે મેં તમને પાઠ આપેલો છે. 'માન' અને 'પત્ર' બન્ને શબ્દના અર્થ તમને સમજાવેલા છે. હવે કહો જોઈએ, માનપત્ર એટલે શું ?

એક છોકરો—માન આપનારને બદલે કાગળ આપવો ત.

બીજો છોકરો—લુગડું હોય તે છતાં જેને કાગળ માનવો પડે તે.

हास्यमंदिर



" मानपत्र विशे पदार्थपाठ. " पृष्ठ २०६.

नारणभट ऊर्फे जगीसपुरना जागीरदार.

कर्ता–

रमणभाई महीपतराम नीलकंठ.

सौ. विद्यागौरी रमणभाई नीलकंठ.

ત્રીજો છોકરો—રીસાયેલો હોય તેને મનાવવાને કાગળ લખવો પડે તે.

ચોથો છોકરો—ગુનોહ મનાવવા માટે કાગળ લખવો પડે તે.

પાંચમા છોકરો—કહ્યું ન માને તેને કાગળ લખવો પડે તે.

વેણીરામ—ગોખણપટ્ટીની ખોટી પદ્ધતિએ પાઠ શિખવાથી આવુ અજ્ઞાન રહે છે તેથી, આજ તમને હુ પદાર્થપાઠથી માનપત્ર શુ તે સમજાવીશ. આ મહાપુરુષ જે ઉંચે આસને રાજ્યચિહ્નો ધારણ કરી ગંભીર મુખાકૃતિથી બિરાજમાન થયા છે તેમને આપણે માનપત્ર આપવાનુ છે. આ ભુંગળીમા માનપત્ર મુકેલું છે તેમાંથી હું કહાડુ છું. હાલ તો દેવતા ફુંકવાની વાંસની ભુંગળી આ કામ માટે આણેલી છે. પણ, એ રૂપાની નકશીદાર ભુંગળી છે એમ આપણે સમજશુ હવે કૌતુકના ભરેલી ગતિથી કેટલાક પગલાં આગળ ચાલી આ માનવંત ગૃહસ્થ પાસે જઈ રાજદરબારી રીતે નમન કરી હું આ પત્ર ઉઘાડુ છુ અને તેના વાંચનનો આરંભ કરૂ છુ.

નારણભટ—એ ટીપણામાંથી પેલો કાગર વાચવાનુ મુરત નેકરે એટલે કહેજો કે કેટલે કે ભલો થરૂં.

રત્નેશ્વર—(નારણભટને છાના રહેવા ઇશારત કરી) મુહુર્ત જોવાનુ આપનુ કહેવુ યથાર્થ છે. પણ તે પ્રથમથી જોઈ મુકેલું છે માટે હવે આપ ઉતરવા તસદી લશો.

(નારણભટ ઉતરીને ઉભો થાય છે.)

નારણભટ—(ઉંચો થઈ માનપત્રમાં ડોકું ઘાલી) આ કાગરમાં ચારે તરફ કારી લીટીઓ કહાડીસે તે કંઈ સનાનના સમાચાર જેવુ લાગેસે.

રત્નેશ્વર—(ડોળા કહાડીને ફરી ઇશારત કરીને) એ તો માનપત્રની આસપાસ વેલ કહાડેલી છે. આપે સુન્દર છપાઈનાં માનપત્રોની વેલો જોયેલી તેની સરખામણીમાં આનો આવો ઉપહાસ થઈ શકે. પણ, મ્હોટા દિલથી આપ દરગુજર કરશો. મહેતાજી, હવે વાંચો.

વેણીરામ—(માનપત્ર વાંચે છે):

"સકલગુણાલંકૃત શ્રીયુત નરવર શ્રી નારાયણરાવશર્માજી.

જંગીસ્રપુરના જાગીરદાર, મંગળના મેળવનાર,

કીર્તિના કેળવનાર, ઉપકારના ઉંચકનાર,

દયાના દોરનાર, પૈસાના પરખનાર,
પોકળના પોકરનાર, ઘોંઘાટના ઘેરનાર,
ઇત્યાદિ, ઇત્યાદિ, ઇત્યાદિ, ઇત્યાદિ.

આપ ઘણા સારા છો, અમે ઘણા સારા છીએ; આપ ઘણા ડાહ્યા છો, અમે ઘણા ડાહ્યા છીએ; આપ ઘણા ચતુર છો, અમે ઘણા ચતુર છીએ; આપ ઘણા બાહોશ છો, અમે ઘણા બાહોશ છીએ. આપે ઘણાં ઉમદાં કામ કર્યાં છે, અમે ઘણાં ઉમદા કામ કર્યાં છે; આપે ઘણો યશ મેળવ્યો છે, અમે ઘણો યશ મેળવ્યો છે; આપ ઘણા ફાયદાની ઉમેદ રાખો છો, અમે ઘણા ફાયદાની ઉમેદ રાખીએ છીએ અમે કેવા સારા કે આપને સારા કહીએ છીએ, આપ કેવા સારા કે અમને સારા કહો છો, અમે કેવા ડાહ્યા કે આપને ડાહ્યા કહીએ છીએ, આપ કેવા ડાહ્યા કે અમને ડાહ્યા કહો છો, અમે કવા ચતુર કે આપને ચતુર કહીએ છીએ, આપ કેવા ચતુર કે અમને ચતુર કહો છો, અમે કેવા બાહોશ કે આપને બાહોશ કહીએ છીએ, આપ કેવા બાહોશ કે અમને બાહોશ કહો છો; અમે કેવું ઉમદા કામ કર્યું કે આપના ઉમદા કામ વખાણ્યાં, આપે કેવું ઉમદા કામ કર્યું કે અમારાં ઉમદા કામ વખાણ્યાં; અમે કેવો યશ મેળવ્યો કે આપનો યશ ફેલાવ્યો, આપે કેવો યશ મેળવ્યો કે અમારો યશ ફેલાવ્યો; અમે એ ફાયદાની ઉમેદ રાખીએ છીએ કે આપ અમને ફાયદો કરશો, આપ એ ફાયદાની ઉમેદ રાખો છો કે અમે આપને ફાયદો કરીશું. આપ કેવા સારા કે અમને ડાહ્યા કહો છો, અમે અમે કેવા સારા કે આપને ડાહ્યા કહીએ છીએ; આપ કેવા ડાહ્યા કે અમને સારા કહો છો, અમે કેવા ડાહ્યા કે આપને સારા કહીએ છીએ; આપ કેવા ચતુર કે અમને સારા કહો છો અમે કેવા ચતુર કે આપને સારા કહીએ છીએ: આપ કેવા સારા કે અમને ચતુર કહો છો; અમે કેવા સારા કે આપને ચતુર કહીએ છીએ. આ પ્રકારે અનંત વિસ્તાર થઈ શકે તેમ છે, પણ, આપ અમારા જેવા બુદ્ધિમાન છો તેથી થોડું લખ્યું ઘણું કરી વાંચશો અને અમારી આ મહેનતનો ઘટતો બદલો આપશો કે આ મ્હોટા પ્રસંગની યાદગીરી કાયમ રહે, અને, આપનું તેમ જ અમારૂં નામ અમર રહે. ”

(ભુંગળીમાં માનપત્ર પાછું મુકી નારણભટને આપે છે.)

નારણભટ—(ભુંગળી ફેરવીને તપાસી જોઈને) ભુંગરી તો હારી સે પણ મહીં કાગર ખોસ્યો સે તે કુંકવાનું ચ્યમ કરીને ફાવશે? હમે તો આ મુઠી વારી બે કુકો મારીને હડાક લે તે ભડકો કરીએ.

(મુઠ્ઠી વાળીને ફુંક મારી બતાવે છે.)

રત્નેશ્વર—ગામડાની સામગ્રી તો આપે મ્હોટા દીલથી સ્વીકારી લેવી જોઈએ. આપ કહો છો તે મહેતાજીએ પ્રથમથી જ કબુલ કર્યું છે કે આ તો દેવતા ફુંકવાની ભુંગળી છે. પણ, તેમની વિનંતિ પ્રમાણે એમનો ભાવ જોઈ તે રૂપા સરખી માની લેવી જોઈએ. હવે, આ ઉત્તર આપે તૈયાર કરાવ્યો છે તે આપની તબીયત નાદુરસ્ત હોવાથી આપનાથી વંચાય તેમ નથી તેથી આપની આજ્ઞાનુસાર હું વાંચું છું. (વાંચે છે.)

" બજતે આસાર મહેતાજી અને વગર બક્કાબના છોકરાઓ, તમે માનપત્રમાં મારી તારીફના જે શબ્દો કહ્યા છે તેને હું લાયક છું એવી મારી ખાતરી છે, અને તમારી પણ ખાતરી છે, તેથી એ વિશે વધારે સાબીતીની જરૂર રહી નથી. અને, તમારી તારીફના જે શબ્દો તમે કહ્યા છે તેને તમે લાયક છો એવી તમારી ખાતરી ન હોય તો તમે તો કહો નહિં; અને મારી ખાતરી ન હોય એમ હવે, મારી તારીફ તમારે મ્હોડે સાંભળ્યા પછી, બની શકે જ કેમ ? તેથી, તમારી લાયકી બાબત પણ શક લાવવાનો હવે દુનિયામાં કોઈ ને હક નથી. હું ઘણો મહોટો માણસ છું એ વાત ખરી છે, અને, હું પોતે હમેશ એ વાત ખુલ્લી રીતે કહું છું, તેથી તમે એ વાત ખુલ્લી રીતે કહો તેમાં કંઈ નવાઈ નથી. વખતે ઓછી અક્કલના કોઈ જુજ માણસો એવા હશે કે મારા અને તમારા સદ્‌ગુણો વિશે સમજ નહિ પડવાથી તેઓ એ વાત કબુલ નહિં કરતા હોય. પણ, દુનિયામાં સહુની બુદ્ધિ સરખી હોતી નથી તેથી એનો ઉપાય નથી. તમે ફાયદાની ઉમેદ રાખો છો તે મારા જાણવામાં છે, અને, હું ફાયદાની ઉમેદ રાખું છું એ તમારા જાણવામાં છે. તેથી, જ્યારે વખત આવશે અને સગવડ હશે અને બની શકે તેવું હશે અને જોગવાઈ હશે અને અનુકૂળતા હશે, ત્યારે જે ઘટતું હશે અને ઉચિત હશે અને યોગ્ય હશે અને સમયાનુસાર હશે અને પ્રસંગોપાત્ત હશે તે પૂરા દિલથી, ભારે ઉલટથી અને અતિશય ઉત્સાહથી કરવામાં આવશે એમાં લેશ માત્ર પણ સંદેહ રાખશો નહિં, અને, તે વિશે સંપૂર્ણ ભરોસો રાખી નિશ્ચિન્ત રહેશો, અને એ રીતે તમારૂં નામ અમર રહેશે. મારા વિશે ફિકર ન કરશો. મારૂં નામ તો ક્યારનું અમર થઈ ગયેલું છે.

હવે મને હારતોરા પહેરાવશો કે આજનું મહોટું કામ પુરૂં થાય. "

૧૮.

વગર ગુનાહની સજાઓ.*

જેઓ ખાતર પાડીને પકડાયા પછી ઇનસાફની અદાલતોમાં પોતે નિર્દોષ હોવાનો દાવો કરે છે તેમના બચાવ માટે આ લેખ લખ્યો નથી. પણ, જેમણે કાંઈ ગુનોહ કર્યો નથી હોતો, જેમને કોઈ અમલદારો 'તહોમતદાર' કે 'શકદાર' ગણતા નથી, જેમનો કોઈ અદાલતમાં ઇનસાફ થતો નથી, અને તે છતાં, જેમને સજા ખમવી પડે છે,- એવા નિરપરાધી ગુનેહગારો તરફ દિલસોજી ઉત્પન્ન કરવાનો આ લેખનો હેતુ છે. જે બીચારા રાક માણસો આવી સજા મુગે મહોડે ખમી ચુક્યા છે તેમને તો કાંઈ બદલો મળી શકે તેમ નથી, પણ, તેમની કષ્ટકથા સાંભળી આ પ્રકારની ક્રૂરતા બંધ કરવા કોઈ શિબિ રાજા જેવો દયાળુ પુરુષ નિકળી આવશે તો ભવિષ્યમાં લાભ થશે એ આશાથી આવાં કેટલાંક વૃત્તાન્ત અહીં પ્રકટ કર્યા છે.

ટપાલનો કાગળ.

કેટલાંક વર્ષ ઉપર હું વઢવાણ ગયો હતો. પહેલાં કોઈ વખત હું એ ગામ ગયો નહોતો અને આ વખત ગયો ત્યારે ત્યાં બહુ થોડા દહાડા રહ્યો એ ખરું, પણ, તેટલા માટે હું સજાને પાત્ર થઈશ એમ મારા સ્વપ્નામાં પણ નહોતું. પરંતુ, ટપાલ ખાતાનો અભિપ્રાય એથી જુદો જ માલમ પડ્યો. મારા કોઈ મિત્રે મને વઢવાણ કાગળ લખ્યો, પણ, ત્યાં ટપાલવાળાને મારો પત્તો નહિં લાગવાથી હું મારે ગામ પાછો આવ્યા પછી છ મહિને એ કાગળ મને પહોંચ્યો. કાગળના પરબીડીઆ ઉપર ટપાલ વહેંચનારાઓના કાળી અને લાલ શાહીના શેરા ////, ઉભી, આડી અને ત્રાંસી લીટીઓથી, અને, ટપાલની છાપનાં કુંડાળાંથી અભિમન્યુના ચક્રાવો ચિતરાઈ રહ્યો હતો અને, એ ભુલભુલામણીમાંથી કોઈ અક્ષર બહાર નિકળી શકે તેમ લાગતું નહોતું. તોપણ બહુ મહેનત કરી પરબીડીઆ ઉપરના શેરા ઉકેલીને બેસાડયા તો મારે માટે નીચે પ્રમાણે લખેલું માલમ પડયું.

આ ઇસમ જડતો નથી.
Try again.
આ ઇસમ ફરતો ફરે છે.

---

* "ગુજરાતીપંચ"ના સંવત્ ૧૯૬૬ના દીવાળીના અંકમા છપાયેલો લેખ.

Try again.
આ ઇસમ સંતાઈ રહે છે.
Try again.
આ ઇસમ ગામમાંથી નાસી ગયેલો છે.
Try again.
આ ઇસમને પકડીને મુંબાઈ લઈ ગયા છે.
Gone to Bombay.

ત્યાંથી પછી કાગળ મુંબાઈ ગયેલો માલમ પડયો, અને, ત્યાં પણ 'આ ઇસમ ' ને આની જાતની પુષ્પાંજલિ મળ્યા પછી કાગળ વડોદરે ગયો, અને ત્યાં પણ એવી વિધિ થયા પછી કાગળ ભુજ ગયો, ત્યાંથી પછી સુરત ગયો, ત્યાંથી ઇડર ગયો, ત્યાંથી ડાકોર ગયો, અને એમ મારી કલ્પિત મુસાફરી પાછળ ઘણાં ઘણા તીર્થની જાત્રા કરીને કાગળ આખરે મારા હાથમાં આવ્યો એ કાગળ લઈ હું મારા ગામના ટપાલ માસ્તર પાસે ગયો અને પુછ્યું કે "Try again" (ફરીથી અજમાવો) એટલે શું ? "ઇસમ "ની જોઈએ તેવા બદનકશી કરી નથી માટે વધારે બદનકશી કરવાનો પ્રયત્ન કરો—એવો ટપાલ વહેંચનાર પોસ્ટમેનને હુકમ કરેલો છે ?'

ટપાલ માસ્તરે હસીને કહ્યું, ' એ તો તમારો પત્તો મેળવવાનો ફરી પ્રયત્ન કરવાનો હુકમ કરેલો છે. '

મેં કહ્યું, ' હું કોઈ દિવસ વઢવાણમાં કે કોઈ ગામમાં ફરતો ફર્યો નથી, સંતાઈ રહ્યો નથી, નાસી ગયો નથી, મને કોઈ દિવસ પકડી ગયા નથી, તે છતાં મારે માટે આવું બદનકશી ભરેલું લખાણ એકલા વઢવાણમાં જ નહિં પણ ગામેગામ ફેરવવાનું શું કારણ ? '

' શેરા કરનાર પોસ્ટમેનને એવી માહીતી મળી હોવી જોઈએ. '

' એ શેરામાં દરેક ગામમાંથી છેવટે મને ફજેતી કરીને જ બીજે ગામ મોકલ્યો છે તેથી, એ તો ખુલ્લું છે કે કાગળ પહોંચાડવાની વધારે મહેનત કરવી ન પડે માટે બીજે ગામ કાગળ ધકેલી દેવાની એ યુક્તિ છે. '

' કાગળ પહોંચાડવા ટપાલવાળા કેટલી બધી મહેનત કરે છે તેનો તમને ખ્યાલ નથી. '

મેં ઉપરી અધિકારીઓને અરજીઓ કરી પણ છેવટે જવાબ મળ્યો કે કાગળ ઉપર તમારૂં સરનામું જોઈએ તેવું વીગતવાર લખેલું નહોતું તેની તમારે એ સજા ભોગવવી પડી છે.

કઠીઆરો અને નેત્રવૈદ્ય.

નેત્રવૈદ્યને ત્યાં હું બેઠો હતો તેવામાં એક કઠીઆરો આંખનો મોતીઓ કઢાવવા આવ્યો. તેની મસાણમાં દુકાન હતી અને મડદાં બાળવાની કાઠી આપવાનો તેનો ધંધો હતો. ચિતાની ધુણીથી મોતીઓ થયાની તેની કલ્પના વૈદ્યે કબુલ રાખી નહિં તોપણ વૈદ્ય ઉપરની તેની શ્રદ્ધા ડગી નહિં, તેથી, વૈદ્યે આંખ તપાસીને કહ્યું કે 'મોતીઓ પાક્યો છે, તે કાઢવાના બસે રૂપીઆ થશે.' કઠીઆરાએ બહુ ઓછાં નાણાં આપવાનું કહ્યું પણ વૈદ્યે સાફ ના કહી. બહુ રકઝક થઈ. આખરે કઠીઆરાએ કહ્યું,

'ગરીબપરવર, ઇતના મેરા કામ કરો. મેબી કોઈ બખત આપકા કામ કરૂંગા. આપકે ઘરમેં કીસીકી મૈયત હોયગી તો કાઠી કેસી દેતાહું ઓ દેખીઓ. ઓર આપકી ખુદકી મૈયત હોયગી તબતો એસી કાઠી દઉંગા કે આપબી ખુશ હો જાઓગે.'

એક બાજો ધગક બોલી ઉઠયો, 'પણ એ વખત વૈદ્યરાજ હશે ક્યાંથી તે ખુશ થશે?'

પરંતુ વૈદ્યરાજને આ હાસ્યપ્રસંગ રૂચ્યો નહિં. ગુસ્સે થઈ તેમણે કઠીઆરાને કહ્યું, 'તારે પૈસા નથી આપવા અને મને ને મારા ઘરનાંને મસાણમાં મોકલવા છે! ચાલ નિકળ અહીંથી.'

'એબી ક્યા જુલમ! મેં પેસે દેતા હું ઓર કાઠી દેતા હું તોબી મેરા મોતીઆ કોઈ નિકાલતા નહિં હયે.' એમ આ અન્યાય માટે ઉદ્‌ગાર કરી કઠીઆરો ચાલ્યો ગયો.

વૈદ્યરાજ અમારી તરફ જોઈ બબડયા, 'લોકોનાં દુઃખનું નિવારણ કરીએ તેની આ સજા!'

સાહેદ અને પુરશીશ.

ખોખરા મહેમદાવાદના એક શાહુકાર અને ખેડુત વચ્ચે લેહેણા બાબત દીવાની દાવો ઘણાં વર્ષ ઉપર અમીન આગળ ચાલતો હતો, તેમાં ખેડુતે મગન ઓતમને પોતાની તરફથી સાહેદી પુરવા બોલાવ્યો. મગન ઓતમ પાંજરામાં આવીને ઉભો એટલે કોર્ટે તેના સામું તાકી તાકીને જોયું અને પછી તેને પુછ્યું,

'તું બળદ છે?'

'ના સ્યાબ, માનવી સું. ઇમ ચ્યમ પુસવું પડયુ?'

ખેડુતના વકીલ તરફ જોઈ કોર્ટે કહ્યું,

'મિ. મકનદાસ ! આ શું ?'

મકનદાસ ગુંચવાઈને થડકીને ઉભા હતા તેથી કોર્ટે શિરસ્તેદાર તરફ વળીને કહ્યું, 'મિ. મકનદાસનું આંક છપ્પનનું પુરશીશ વાંચો.'

શિરસ્તેદારે કાગળ કહાડીને વાંચ્યો, 'હું પ્રતિવાદીનો વકીલ પુરશીશ લખાવું છું કે અમારી તકરાર એટલી જ છે કે અમે વાદીને વસુલમાં બળદ આપ્યો છે અને તે બળદ સિવાય અમારે બીજો પુરાવો નથી.'

કોર્ટે ફતેહમંદ આકૃતિથી મકનદાસ તરફ વળીને કહ્યું,

'મિ. મકનદાસ, વસુલનો પુરાવો આપો છો ?'

'હા, સાહેબ !'

'ત્યારે આ પાંજરામાં ઉભા છે તે બળદ હોવો જોઈએ.'

'વાદીને બળદ આપ્યો તે વખત આ સાહેદ હાજર હતો.'

'પુરશીશમાં તમે લખ્યું છે કે બળદ સિવાય બીજો પુરાવો નથી તેથી બળદ સિવાય બીજા કોઈને તમે સાહેદીમાં બોલાવી શકતા નથી.'

વાદીના વકીલે ઉઠીને કહ્યું, 'કલકત્તાની સદર દીવાની અદાલતનો એ બાબત ચોખ્ખો ફેંસલો છે. પક્ષકારથી પોતાની હકીકત બહાર જઈ શકાતું નથી. આ સાહેદ બળદ છે એમ તે કબુલ કરતો હોય તો તેની જુબાની લેવાય તેમાં મારે વાંધા નથી'

કોર્ટના હુકમથી શિરસ્તેદારે મગન ઓતમને પુછ્યું,

'પ્રતિવાદીના વકીલે આંક છપ્પનના પુરશીશમાં તને બળદ લખ્યો છે તે તારે કબુલ છે ?'

'સ્યાબ, પુડશી કેને કહેવાય તે મારા હમજ્યામાં નથી, પણ, લખ્યાથી માનવીનો બળદ ચ્યમ થાય ? વાણીઆને રૂપીઆ અલાવવા હોય તો અલાવો ને ના અલાવવા હોય તો ના અલાવો, પણ, મેં શી ગનેગારી કરી તે મને બળદ બનાવવા માંડયો સે ?'

વાદીના વકીલે કહ્યું, 'ભાઈ, એ તો કાયદાનો સવાલ છે. પુરશીશમાં દહાડાને રાત લખી હોય તો તેનો દહાડો થઈ શકતો નથી તો બળદનો માણસ કેમ થાય ?'

કાયદાના આ પ્રકાશથી મગન ઓતમના મનનું સમાધાન થયું નહિં.

ચુનો લાગેલો ડગલો.

વરઘોડામાં વાતો કરતો હું ચાલતો હતો એવામાં વાંસામાં મને જોરથી ગડદો વાગ્યો. મેં પાછા ફરીને જોયું તો મારા મિત્ર છગનલાલને દીઠા. હું કાંઈ બોલુ તે પહેલાં તેમણે મને બીજા ચાર પાંચ પ્રહાર કર્યા. મારી જિજ્ઞાસા તૃપ્ત કરવા આખરે તેમણે કહ્યું, 'તમારે ડગલે ચુનો લાગેલો છે તે ખખેરૂં છે.'

મે કહ્યુ, 'હશે રહેવા દો. હું ઘેર જઇને ખંખેરી નાખીશ.'

છગનલાલે કટાણું મહોં કરીને કહ્યું, 'પણ બહુ ખરાબ દેખાય છે !' એમ કહી પાછા પ્રહાર કર્યા.

મે કહ્યું, 'આ તો વાગે છે. રહેવા દો. ચુનો છે તેની ફીકર નહિં.'

'પણ બહુ ખરાબ દેખાય છે.' એમ કહી છગનલાલે બહુ જ દુઃખી ને કંટાળા ભરેલી મુખાકૃતિ કરી અને પ્રહાર ચાલુ રાખ્યા

મે કહ્યું, 'બીજું કાંઈ નહિં તો જરા ધીમેથી ખખેરો.'

'હજી બહુ ચુનો છે. અહંહંહં. બહુ ખરાબ દેખાય છે.' પ્રહાર તો ચાલુ જ હતા.

આખરે નિરાશ થઈ મેં કહ્યુ, 'ખરાબ દેખાય છે તેની ફીકર નહિં. ડગલા પરનો ચુનો થોડાની નજરે પડતો હતો તેની હવે તમામ સાજનને ખબર પડી ગઈ છે અને આસપાસ ઉભેલા લોકો પણ જોઇ રહ્યા છે. તેથી હવે ખરાબ દેખાવાની ફીકર નથી. તે છતાં, તમે બહુ નારાજ થતા હો તો હું ડગલો કહાડી નાખું. પણ, ડગલે ચુનો લાગવા માટે આ સજા બહુ ભારે છે.'

૧૯.

વાવાઝોડાથી ખશી ગયેલી માત્રાઓ.

મ્હોટાં વાવાઝોડાં (Cyclones) થી જમીન પર અને દરિયા પર કેટલીક વખતે ભારે ઉત્પાત થાય છે અને જાન માલની ખુવારી થાય છે એ મશહુર છે. પરંતુ, એવા વાવાઝોડાથી એક પ્રસંગે ભાષાના પ્રદેશમાં ઉત્પાત થયેલો અને શબ્દોની ખુવારી થયેલી તે હકીકત ઇતિહાસમાં નોંધાયેલી જણાતી નથી. એ અકસ્માતનાં પરિણામ મોજુદ છે તે છતાં તેના

* "જ્ઞાનસુધા" ના સને ૧૯૧૧ ના ફેબ્રુઆરીના અંકમાં છપાયેલો લેખ.

કારણ તરફ કોઈનું ધ્યાન ખેંચાયું નથી એ નવાઈ જેવું છે. ગુજરાતમાં ચરોતરમાં એ વાવાઝોડું થયું હતું, અને, તેના ભારે વેગને લીધે ચરોતરમાં બોલાતા કેટલાક શબ્દો પરની માત્રાઓ ખશીને ઘસડાઈ ગઈ અને માત્રા વગરના બીજા શબ્દો ઉપર જઈને પડી. આ રીતે, કેટલાક શબ્દો માથેથી ખંડિત થયા અને કેટલાક શબ્દોને માથે નવાં છોગાં ચહોંટયા. આ વિપરીત બનાવથી થયેલી વિકૃતિ ચરોતરમાં હજી સુધી કાયમ છે. એ રીતે વ્યંગ અને વિરૂપ થયેલા શબ્દોચ્ચાર ત્યાં એવા સાધારણ થઈ ગયા છે કે વસ્તુસ્થિતિ ઉપર લોકોનું લક્ષ જતું નથી. એ પ્રકારે કેટલાક શબ્દોની માત્રા ખશીને જતી રહેવાથી અને કેટલાક શબ્દો પર એવા ખરી આવેલી માત્રાઓ આવી પડવાથી એ પ્રકારના કેવા કઢંગા ફેરફાર થયા છે તે દર્શાવવા કેટલાંક ઉદાહરણ નીચે આપીએ છીએ.

૧.		૨.	
માત્રાઓ ખશી જવાનું પરિણામ.		માત્રાઓ આવી પડવાનું પરિણામ.	
મૂળ રૂપ.	ખંડિત રૂપ.	મૂળ રૂપ.	છોગાવાળું રૂપ.
ખોંખારવું	ખાંખારવું	આમ	ઓમ
ધોધાટ	ધાંધાટ	કામ	કોંમ.
ચોંકવું	ચાંકવું	ગામ	ગોંમ.
ચોમાસું	ચામાસું.	ધાંટો	ધોંટો.
ઢોંગ	ઢાંગ.	છાણ	છોંણ.
દોંગાઈ	દાંગાઈ.	જાણવું	જોંણવું
નોંધ	નાંધ.	ઢાંકવું	ઢોંકવું.
નોમ (નવમી)	નાંમ	તાણવું	તોંણવું.
પોંખ (લીલું અનાજ)	પાંખ,	તાંસળું	તોંસળું.
પોંખવું	પાંખવું,	ધાન	ધોંન.
પોંચવું	પાંચવું.	નાણું	નોંણું.
પોંચી	પાંચી.	પાન	પોંન.
મોંધું	માંધું.	પાંસળાં	પોંસળાં.
મોડો	માંડો.	માન	મોંન.
સોંધું	સાંધું.	બામણ (બ્રાહ્મણ)	બોંમણ.
સોંપવું	સાંપવું.	માંડયું	મોંડયું.
સોમવાર	સામવાર.	રાંક	રોંક.
હોંસ	હાંસ.	વાંદરો	વોંન્દરો.
હોંશીઆર	હાંશીઆર.	વાંસો	વાંસો.

આ વાવાઝોડું ચરોતર ઉપર ફરી વળ્યું તે વેળા ચરોતરની નજીકના પ્રદેશ ઉપર પણ ઝપાટો થોડો ઘણો લાગેલો જણાય છે. અમદાવાદમાં 'નાંમ' (નવમી), 'હાંસ', વગેરે બોલાતા થોડા શબ્દોચ્ચાર આ વાતની સાક્ષી પુરે છે. આ વાવાઝોડું કયારે થયેલું, કયી દિશામાંથી આવેલું, અને ભવિષ્યમાં ઉલટી દિશામાંથી એવું વાવાઝોડું આવતાં આ ખશી ગયેલી માત્રાઓ પાછી પોતાને મૂળ ઠેકાણે ગોઠવાઈ જવાનો સંભવ છે કે કેમ, એ તપાસ ઇતિહાસકારો કરશે એવી આશા છે. मकरन्द.

૨૦.

વાવાઝોડાની સ્મૃતિ.*

ચર્ચાપત્રો.

૧.

મે. જ્ઞાનસુધાના તંત્રી સાહેબ,

રા. મકરંદે જે વાવાઝોડાની અસરમાં કેટલીક માત્રાઓ ખસી ગએલી જણાવી છે તે વાવાઝોડાની સ્મૃતિ મને પણ કાંઈક છે. ચરોતર અને અમદાવાદ સિવાય સુરતમાં પણ તેની થોડી ઘણી અસર જણાઈ હતી. ત્યાં ફેરફાર થએલો તે માત્રામાં નહીં પણ અજ્જુમાં હતો. એ જુજ પવનથી કેટલાંક અજ્જુ ખસી ગએલાં તેનાં થોડાંક દૃષ્ટાંત મારી જાણ પ્રમાણે મોકલું છું.

સુરતમાં પીસ્તાં, કુદીનો, ચિંતા, કીયું (which), શબ્દોનાં અજ્જુ ખસી ગલીપચી, સલેટ, રકાબી, ચમન, એ શબ્દોમાં પેસી ગયાં અને અમદાવાદમાં બિલાડી, શીપાઈ, શીંગોડાંનાં અજ્જુ ખસી જઈ કયાં ગયાં તે ખબર જ નથી. બધાં અજ્જુ કદાચ લવગમાં આવી જઈ લવિંગ કહેવાયું હશે કે કેમ ? કાઠીઆવાડ દૂર છે તોપણ ત્યાં ભાવનગરમાં તેની સહેજ અસરથી ' નથી ' શબ્દનું અજ્જુ પડી જઈ ' નથી ' થઈ ગયું. બીજા શબ્દનું આવેલું સુરતનું અજ્જુ ચમન નામમાં તો સુરતી છોગા-વાળું વરણાગીઉ લાગવાથી બીચારા કેટલાક અમદાવાદીઓ જેમનાં માબાપે ચમનલાલ નામ પાડેલાં તેઓ પોતાને ચીમનલાલ કહેવડાવવા લાગ્યા. તે જ અરસામાં વરડુ ખસી જવાથી મુંકદનું મકન, તુલસીનું તલસી, ગુલાબનું ગલાબ, ગુલાલનું ગલાલ થયુ હશે એમ અનુમાન થાય છે.

લી. સે. એક અમદાવાદી સુરતી.

---

* "જ્ઞાનસુધા"ના સને ૧૯૧૧ ના એપ્રિલ અંકમાં છપાયેલો લેખ.

૨.
વાવાઝોડાથી ખશી ગયેલા અક્ષરો.

આ પત્રના ફેબ્રુઆરી સને ૧૯૧૧ ના અંકમાં 'વાવાઝોડાથી ખશી ગયેલી માત્રાઓ' વિષે રા. મકરંદે હકીકત આપી હતી તેમાં જણાવ્યું હતું, કે "આ વાવાઝોડું ચરોતર ઉપર ફરી વળ્યું" ને તેથી **મોડો** જેવા શબ્દો ઉપરથી માત્રા ઉડીને **માંડો** જેવા થઈ ગયા. પેલી ઉડેલી માત્રાઓએ **માન** જેવા શબ્દો ઉપર ચ્હડી જઈ **મોંન** જેવા શબ્દો બનાવ્યા. અન્તમાં લેખકે સવાલ પુછ્યો છે, કે "આ વાવાઝોડું કયારે થયેલું, કઈ દિશામાંથી આવેલું" ?

આ સવાલોના ખુલાસા શોધવાનું મન થયું. ઘૈડિયા ભાયડાને પુછતાં એમ તો સમજાયું કે તે વાવાઝોડું અગનોતરા કાળ પહેલાંનું છે, પણ ચોક્કસ સાલ ના જડી.

દિશાના સમ્બન્ધમાં જડી આવ્યું કે દખ્ખણ તરફથી વાવાઝોડું આવેલું. સુરત પરગણાને વાવાઝોડાની ઝડી સખત લાગેલી, એમ તે દિશામાં તપાસ કરતાં જણાયું. પુરાવા ખોળતાં મળી આવ્યું કે ચરોતરમાં તો માત્ર માત્રાઓ જ ખશી ગઈ હતી, પણ સુરત પરગણામાં તો આખા અક્ષરના અક્ષર ખસ્યા હતા. જેમકે શ ઉડયો તે સ ઊપર પડયો ને શના વજનથી સ સરકયો તે ગયો હ ઉપર; જેમ વાવાઝોડાથી ઝાડ તારના થાંભલા ઉપર પડે ને તેથી તારનો થાંભલો નીચે ચરતા ગધેડા ઉપર પડે તેમ.

શ ખશીને	સ ઉપર પડયો.	સ સરકીને	હ ઉપર પડયો.
શંકર	સંકર	સુરતમાં	હુરતમાં
શકવું	સકવું	સવાકાનું	હવાકાનું
શનિવાર	સનિવાર	શેર	હેર*
શેઠજી	સેઠજી	શાક	હાક*

રસ્તે જતાં લોક ઝાડ વગેરેની નિશાની રાખીને જાય છે; પણ વાઝોડાથી ઝાડ ઉખડી જાય એટલે લોક ભુલા પડે. વાવાઝોડાના આ અક્ષરોત્પાતથી પણ લોકની એવી વલે શરૂઆતમાં થયેલી.

એ બનાવ બન્યા પછી દહાડે છોટાઉદેપુર તાબાના જબુગામના મનસુખરામ નામે બ્રાહ્મણ ગૃહસ્થ સુરત ગયા. મહીધરપરામાં કાશી નામે પોતાની એક સગીને ત્યાં ઉતર્યા. લોકે જાણ્યું કાહીને ત્યાં મ્હેમાન આવ્યા. કાશી પણ રાજી થઈ ને બહુ દહાડે પોતાના સગાના સારા સત્કારની

* આ બે શબ્દોમાં બન્ને ઉત્પાત સાથે થયેલા એટલે વાવાઝોડું સખત હશે.

ગોઠવણુ કરવા લાગી. એક બે દિવસ મનસુખરામ ત્યાં રહ્યા ને કાનથા પરવારી પોતાને ગામ જવાની તૈયારી કરવા લાગ્યા. સાંજ થવા આવી હતી; ત્હેમણે વિચાર્યું કે ટાઢે પહોરે પાંચ સાત ગાઉ કાપી નાંખીશું ને કોઈ ગામમાં વાસો કરીશું. પણ કાશીએ તો રાંધવા માંડયું હતું. મહારાજને જતા દેખીને કાશી બોલી ઉઠી, " તું કરે છે જાવા, હું કરૂ છું ખાવા; માણુહની હું તો એવી ભુખી કે રાખહ, રાખહ ને રાખહ. " લેખકોની પેઠે સુરતના લોકમાં પણ તું–તાંનો રિવાજ હલકા લોકોમાં ઠીક જામ્યો છે ને ત્હેનો રંગ ભારે લોકને પણ લાગ્યો છે. મનસુખ મહારાજે તો જાણ્યું કે આ તો માણુસની ભુખી છે, ને તેથી રાક્ષસ સ્વભાવની બની ગઈ છે. આપણે જ્યારે જવા નીકળ્યા ત્યારે એણે આપણો કોળીઓ કરી જવાની ઇચ્છા દેખાડી. ઠીક. મહારાજ તો મુઠીઓ વાળી નાઠા.

કાશીનો હેતુ એવો ન્હોતો; બ્રાહ્મણનો હેતુ એવો હોય જ નહિ ! કાશી તો માણુસ ઉપર એવું વ્હાલ રાખતી, કે ગમે તે આવે ત્હેને પોતાને ઘેર રાખે ને આદર સત્કાર કરે. પણ ' રાખીશ ' નો ' રાખહ ' થઈ જવાથી બિચારા મનસુખરામ ભૂલા પડયા ને નાઠા !

હવે આ વાવાઝોડાની સાલ ખોળવી જોઈએ, પણ ત્હેનો પત્તો મ્હારાથી ખાતો નથી.

વાશાસ્ત્રી.+

નોંધ.

*** અમારો પ્રયાસ સફળ થતો જોઈ અમને સંતોષ થાય છે. જે બીજને ફુટતાં વાર લાગત તે ઉપર હાસ્યરસનું સિંચન કરવાથી તરત અંકુર આવવા માંડયા છે. અમને આશા છે કે કોઈ ચર્ચાપત્રી એમ પણ કહેશે કે ' સોમવાર ' અને ' ધોાંન ' સરખા ઉચ્ચાર હવે બંધ થવા જોઈએ. સુરત તરફ થતા અશુદ્ધ વર્ણોચ્ચારને વાવાઝોડાના ઉત્પાતનું રૂપક બંધબેસતું આવવા વિશે સંદેહ રહે છે. ચરોતરમાં ' આખા અક્ષરના અક્ષર ' બદલાઈ ' ક્યાં ' ને ' ચ્યોં ' બોલાય છે તેને વાવાઝોડાની અસર કલ્પવામાં આવે તો ક્લિષ્ટતા લાગે. એવા વર્ણના ફેરફારનું કારણ કાંઈ બીજું જ કલ્પવું પડે. વળી, એ વાવાઝોડું સુરત તરફથી આવેલું હોત તો ત્યાંની વાણીનો કાંઈક ભંગાર ચરોતરની વાણીને વળગેલો હોત. પણ, એવી કાંઈ રેખાઓ જણાતી નથી. પરંતુ, અલંકાર એ આખરે

* આ ચર્ચાપત્રીનું નામ પ્રસિદ્ધ કરવા માટે તેમની સંમતિ મેળવવાનું બની શક્યું નથી.

ગૌણ છે. તોપણ, ' વાશાસ્ત્રી મહારાજ ' ને એક જુનું ઉદાહરણ યાદ દેવડાવી કહીશું કે ' ભાટ ભાટ ભાટુડી, કોટે બાંધી ચાટુડી ' ના ઉત્તરમાં કહેલી ' ચારણ ચારણ ચારણીઓ, કેડે બાંધ્યું ઘંટીનું પડ ' સરખી ઉક્તિ મોળી પડે છે અને અફળ જાય છે.

સુરત તરફ ' પુરાવા ખોળવા ' વાશાસ્ત્રી ફરીથી જાય ત્યારે વધારે બારીકીથી તપાસ કરશે તો જણાશે કે ' રાખ ' ધાતુનો ભવિષ્યકાળ દર્શાવવા ' રાખસ ' જેવું રૂપ પારસીઓ વાપરે છે પણ હિંદુઓ વાપરતા નથી. તેમનામાંથી જેઓ ' રાખીસ ' કહેતા નથી તેઓ ' રાખા ', ' રાખવાનો, ' ' રાખવાની ' એવાં રૂપથી ભવિષ્યકાળ દર્શાવે છે.

તંત્રી, જ્ઞા. સુ.

૨૧.

થોભીઆ. *

જ્યારે જ્યારે હું કોઈ માણસના ચહેરા ઉપર થોભીઆ જોઉં છું ત્યારે ત્યારે મારા મનમાં બહુ તર્કવિતર્ક થાય છે. એમ કહેવાય છે કે કુદરતમાં કોઈ વસ્તુ હેતુ વગરની હોતી નથી, અને, મનુષ્યો પણ કાંઈ કાર્ય હેતુ વગર કરતા નથી. ત્યારે થોભીઆનો શો હેતુ હશે ? થોભીઆ કુદરતી ન કહેવાય, કેમકે થોભીઆની આકૃતિ કુદરતથી થતી નથી. દાઢી અને મુછ કુદરતી રીતે ઉગે છે, પણ, થોભીઆ તો માણસની બનાવટથી થાય છે. એમ છે તો, માણસો શા હેતુથી થોભીઆ રાખતા હશે ? દાઢી અને મુછ ઉગે તેવા રહેવા દેવાં એ કુદરતનુ અનુસરણ ગણાય. દાઢી અને મુછ બન્ને કાઢી નાખવાં એ ચહેરો સ્વચ્છ દેખાય અને આકૃતિ ગંભીર દેખાય એ હેતુથી કરેલી મનુષ્યકૃતિ કહેવાય. દાઢી કાઢી નાખવી અને ફક્ત મુછ રાખવી એ ચહેરો સ્વચ્છ દેખાય અને આકૃતિ પુરુષત્વવાળી દેખાય એ હેતુથી કરેલી મનુષ્યકૃતિ કહેવાય. દાઢી રાખી ફક્ત મુછ કાઢી નાખનારા પણ કેટલાક હોય છે. તેમનો હેતુ કુદરતનું અનુસરણ કરવાનો અને રાંક દેખાવાનો હશે. પણ, થોભીઆ રાખવાનો શો હેતુ હશે તે બહુ બહુ વિચાર કરતાં પણ મારાથી કળી શકાતું નથી. એ વિશે અનેક ધારણાઓ મેં અજમાવી જોઈ પણ એકે બંધબેસતી આવી નહિં.

---

* " જ્ઞાનસુધા " ના સને ૧૯૧૧ ના ઓક્ટોબરના અંકમા છપાયેલો લેખ.

બહાદુર દેખાવાના હેતુથી માણસો થોભીઆ રાખતા હશે ? થોભીઆ-થી ચહેરો કાંઇક વિકરાળ દેખાય છે, અને, નહાનાં છોકરાં થોભીઆવાળા માણસને જોઈને બીહે છે પણ ખરાં. વાઘ વરૂ થોભીઆ જોઈ બીહે છે કે કેમ તે જાણવામાં નથી. પણ, તે બીતાં હોય તો શિકારીઓ એ ઉપાય લીધા વગર રહે નહિં. " ભેંશ ભડકે એવાં ટીલા " કહેવાય છે, પણ, થોભીઆનુ વર્ણન એ પ્રકારે થતું નથી, તેથી, થોભીઆથી ભેંશો ભડકતી હોવી ન જોઈએ. બાવાઓ અને ફકીરો વિકરાળ દેખાવાનો અને છોકરાંને બીવડાવવાનો પ્રયત્ન કરે છે ખરા, પણ, કોઈ સંસારી મનુષ્યો છોકરાંને બીવડાવવાના કે ઢોરને ભડકાવવાના હેતુથી કાંઈ કાર્ય કરે એ બનવા જોગ નથી. થોભીઆથી ચહેરા પર કાંઈ બહાદુરીની, જવાંમર્દીની, શૌર્યની, સાહસિકતાની કે પરાક્રમની રેખાઓ દેખાતી નથી. થોભીઆથી એવી રેખાઓ દેખાતી હોત તો લશ્કરમાં સિપાઈઓને અને સવારોને જેમ ફેંટા વાંકા પહેરાવવાના, છોગાં ઉડતા રખાવવાના, કમરપટા કસીકસીને બંધાવવાના, પટીઓ ચીપી ચીપીને વળાવવાના, વાંસે એક વેંત ખાડો પડે એવી રીતે છાતી કાઢીને ચલાવવાના, નિયમો હોય છે તેમ થોભીઆ રખાવવાના પણ નિયમો હોત.

ત્યારે, સુંદર દેખાવાના હેતુથી માણસો થોભીઆ રાખતા હશે ? સુંદરતાની ઘણી વ્યાખ્યાઓ હું જોઈ ગયો, પણ, તેમાંથી એકેમાં થોભીઆના દેખાવનો સમાવેશ થઈ શકે તેમ નથી. ' અવયવોના પરસ્પર પ્રમાણની સુઘટિતતા દેખાય ત્યાં સુન્દરતાનુ દર્શન થાય, ' એમ કેટલાક વ્યાખ્યા કરે છે; પણ, થોભીઆથી ચહેરાના કોઈ અવયવોનું પ્રમાણ ગોઠવાતું નથી, ઉલટુ પ્રમાણ બગડે છે. ગાલ સાધારણ હોય તોપણ થોભીઆને લીધે ફુલેલા દેખાય છે, આંખો સામાન્ય રીતે ઉઘડેલી હોય તોપણ થોભીઆને લીધે પહોળી કરેલી દેખાય છે, મુખાકૃતિ ગોળ કે લંબગોળ હોય તોપણ થોભીઆને લીધે ચોરસ દેખાય છે. ' અવયવોની રચના એવી હોય કે જો-નારનુ ચિત્ત તે અવયવોમાં આન્દોલન થતું હોવાથી કલ્પના કરે ત્યારે તે ચિત્તને સુન્દરતાનો અનુભવ થાય છે, ' એમ કેટલાક વ્યાખ્યા કરે છે; પણ, થોભીઆ જોઈ એવા આન્દોલનની કલ્પના ઉત્પન્ન થતી નથી. થોભીઆથી તો ઉલટું ચંચલ મનુષ્યના ચહેરામાં પણ જડતા અને સ્થૂલતાનો આભાસ થાય છે. ' જેના દર્શનથી રસિકતા તૃપ્ત થાય અને આનંદની પ્રાપ્તિ થાય તેને સુન્દર ગણવું, ' એમ કેટલાક વ્યાખ્યા કરે છે; પણ, રસિકતાના કોઈ ભાવનું થોભીઆથી પોષણ થતું જણાતું નથી. કોઈ કવિ-

તામાં, નાટકમાં કે નવલકથામાં સુન્દર આકૃતિના મનુષ્યના વર્ણનમાં તેને થોભીઆ હોવાનું કહેવામાં આવ્યું નથી. નાયકના ચહેરા પરના થોભીઆ જોઈ નાયિકા મોહિત થઈ ગયાનું કોઈ કવિએ વર્ણવ્યું નથી. સેતાનની લલચાવવાની શક્તિ દર્શાવવા ચિત્રકારોએ તેને બહુ જ સુન્દર આકૃતિવાળો કલ્પ્યો છે, પણ, કોઈ ચિત્રમાં તેના ચહેરા પર થોભીઆ કહાડેલા હોતા નથી. થોભીઆ જોઈ કોઈને આનંદ થયો હોય એમ પણ કોઈ વખત વાંચ્યું કે સાંભળ્યું નથી. 'એકતામાં અનેકતાનો વાસ હોય તે સુન્દરતા કહેવાય,' 'જેથી લાગણી પર અસર થાય તે સુન્દર કહેવાય,' 'જ્યાં પરિચયના સંસ્કાર જાગૃત થાય ત્યાં સુન્દરતા પ્રગટેલી કહેવાય,' ઇત્યાદિ ગમે તે વ્યાખ્યા લઈએ પણ કોઈ થોભીઆને આશ્રય આપે એમ જણાતું નથી. થોભીઆ જોતાં થોભીઆ સિવાય બીજા કશાનો ખ્યાલ આવતો જ નથી, તેથી, થોભીઆથી ચિત્તમાં અનેકતાની ભાવના શી રીતે દાખલ થઈ શકે ? અથવા, અનેક ભાવનાઓ એકઠી થાય અને તે થોભીઆથી ઉદ્‌ભવેલી મનાય એમ શી રીતે બને ? લાગણીની કસોટી પર તો ઉપર રસિકતા અને આનન્દના અંશવાળી વ્યાખ્યાના સંબંધમાં થોભીઆને મુકી જોયા, પણ, કાંઈ સાર જણાયો નહિં. થોભીઆથી જો કાંઈ પરિચયના સસ્કાર જાગૃત થતા હોય તો માત્ર હાથીની સૂંઢની કે લગ્ન વખતે કન્યાના મ્હોં પર કાઢેલી પીયળની કે ઝાડ પર થયેલાં અને ઝાડનાં પાંદડાં બહાર દેખાતાં જાળાંની સ્મૃતિ થોભીઆથી ઉદ્દીપ્ત થાય છે, પણ, સૌન્દર્યનુ ભાન કોઈ પ્રકારે થતું નથી.

માછલી પાખની (fin) ની ગરજ થોભીઆથી માણસને સરે છે એવુ મે કોઈ ઠેકાણે વાંચ્યું છે. પણ, એ ખુલાસો ખરો લાગતો નથી. પાંખથી માછલીને પાણીમાં તરવામાં મદદ થાય છે, પણ, માણસને હવામાં તરવું પડતું નથી. પવનનો સપાટો આવે તો થોભીઆ તે ઝીલી લે અને માણસ પડતો બચી જાય, એમ પણ બનતું નથી. થોભીઆવાળા માણસો પવનના ધક્કાથી ઉથલી ન પડે એમ કદી જોવામાં આવ્યું નથી થોભીઆ એ રીતે ઉપયોગી થતા હોય તો ખલાસીઓ અને વહાણવટીઓ થોભીઆ રાખ્યા વિના દરિયો ખેડવા નિકળે નહિં એવો ચાલ પડત. થોભીઆથી તરાતું હોત કે દરીયાના તોફાની પવન સામે ટક્કર ઝીલી શકાતી હોત તો તેઓ પોતે થોભીઆ રાખત, એટલું જ નહિં પણ, વહાણને પણ થોભીઆ ઉગાડત.

મ્હોંમાં પાનસોપારી ને તંબાકુના ડુચો હોય તો તે થોભીઆને લીધે દેખાય નહિં, એમ કોઈ કહેશે, પણ, એ ખુલાસો નભે તેમ નથી; કેમકે થોભીઆથી તો ડુચો ન હોય તે છતાં ડુચા જેવું દેખાય છે.

આમ એકે રીતે થોભીઆનું પ્રયોજન સાબીત થતું નથી. તેથી મને બહુ ગુંચવણુ થાય છે, અને, કદી કદી હું મુશ્કેલીમાં આવી જાઉં છું. એક વાર એક થોભીઆવાળા ગૃહસ્થ સાથે મારે મેળાપ થયો. તેમણે ઘણા વિષયો બાબત વાત કરી. પણ, મારી દષ્ટિ તો કેમે કરી તેમના થોભીઆ પરથી ખસી નહિ. આકાશથી માંડીને પાતાળ સુધીની એકેએક વસ્તુ વિશે તેમણે વાતો કરી તે મેં ધ્યાન દઈને સાંભળી, પણ, મારા મનના ઉંડાણમાં તો તેમના થોભીઆ જ ઘોળાયાં કરતા હતા. તેમણે પાતાળથી શરૂ કરીને આકાશ સુધી જઈ પહોંચી એની એ વાતો ઉલટા ક્રમમાં ફરીથી કહી તે પર મેં બહુ લક્ષ આપ્યું, પણ, થોભીઆમાં મગ્ન થયેલું મારૂં મન પરવશ-તામાંથી છુટયું નહિ. એનીએ વાતો ત્રીજીવાર તેઓ આકાશથી શરૂ કરી કહેવા જતા હતા, પણ, અંતે મારી ધીરજ રહી નહિં. હું એવો વિહ્વલ અને આકુલવ્યાકુલ થઇ ગયો હતો કે હું શું કરૂં છું તેનું મને ભાન રહ્યું નહિં, અને હું બોલી ઉઠયો, ‘ માફ કરજો, આપ અગાડી વાત કરો તે પહેલાં પુછી લઉં કે આપ આ થોભીઆ શા માટે રાખો છો ?’ તે ગૃહસ્થ તરત ઉઠીને ચાલતા થયા. તેમની જોડે તેમના થોભીઆ પણ અદશ્ય થયા ત્યારે હું ભાનમાં આવ્યો, અને, મેં કેવો અવિવેક કર્યો હતો તે મને સમ-જાયું. બેભાનપણામાં થયેલી ભૂલ માટે મેં તે ગૃહસ્થની ક્ષમા માગી છે, અને, મારે ને તેમને સમાધાન થઈ ગયું છે. પરંતુ, મારા મનની મુંઝવણુ તો એમની એમ રહી છે.

કદી કદી મને એવો વિચાર થાય છે કે થોભીઆવાળા ગૃહસ્થોની કોન્ફરન્સ બોલાવી ‘ થોભીઆ કોન્ફરન્સ ’ પાસે જ થોભીઆના હેતુનો નિર્ણય કરાવવો. પણ, દેશમાં આટલી આટલી કોન્ફરન્સો ભરાય છે તેમાં ‘ થોભીઆ કોન્ફરન્સ’ ભરવાનો વખત કયાં મળે ? અને કદાચ તે કોન્ફરન્સ ભરાય, પણ, થોભીઆવાળા માણસો થોભીઆ રાખવાનો હેતુ પોતે જ જાણતા હશે કે કેમ ? તેઓ જાણતા હોય તોપણ મન મુકીને વાત કરે કે કેમ ? એ શંકાઓને લીધે કોન્ફરન્સ મેળવવાનો વિચાર માંડી વાળ્યો છે.

‘ ભાવિનું સ્વરૂપ કેવું હશે ’ એ પ્રશ્ન રા. નરસિંહરાવને બહુ ગૂઢ લાગ્યો છે અને તેનો ઉત્તર તેમને કોઈ ઠેકાણેથી મળ્યો નથી. પરંતુ, મને તો ‘ થોભીઆ રાખવાનો હેતુ શો હશે ’ એ પ્રશ્ન એથી વધારે ગૂઢ લાગે છે. તેનો ઉત્તર આમ કોઈ રીતે મળતો નથી, માટે “ કુસુમમાળા” માંથી રા. નરસિંહરાવનાં વચન ઉતારી મારે ઉદ્ગાર કરવો પડે છે કે

' આ હૃદયમથન પ્રશ્નનો ન કો ઉત્તર વાળે;–
હા ! કોણ એહવો આંહિં સંશય મુજ ટાળે ?'

— — मकरन्द

૨૨.

થોભીઆ–ઉત્તર પક્ષ.*

થોભીઆ રાખનાર તે કેમ રાખતા હશે તે ' હૃદયમથનના પ્રશ્ન ' થી રા. મકરંદનું ચિત્ત વિચારસાગરમાં ઝોલાં ખાવા લાગ્યું છે અને તેમનો ' સંશય ' ટાળનાર કોઈની આપેક્ષા તેમણે દર્શાવી છે, તો તેમના ચિત્તની સ્વસ્થતા પ્રાપ્ત કરાવવા એક થોભીઆ રાખનાર તરફથી એ પ્રશ્નનું કાંઈક સમાધાન થવું ઇષ્ટ છે. તેમની મુલાકાતે આવેલા થોભીઆવાળા ગૃહસ્થે એ શંકાનું નિવારણ કેમ નહીં કર્યું હોય તેનું કારણ ગમે તે હશે. વિકરાળ દેખાવા હજુ સુધી સામાન્ય રીતે મનુષ્યે ઇચ્છા નથી કરી માટે તે કારણસર થોભીઆ કોઈ રાખે એમ હોય જ નહીં. પરિણામ તેવું થતું હોય તો જોનારાનો દોષ છે. બહાદુરી, જવાંમર્દી કે, સાહસિકતા અથવા પરાક્રમની રેખાઓ થોભીઆથી દેખાશે એવી ધારણાથી કોઈ થોભીઆ રાખતા પણ હશે, પણ તેમાં તેઓ નિષ્ફળ થાય છે, એમ સિદ્ધ કરવા પ્રયત્ન થયા છે. સુન્દરતાના ઝીણામાં ઝીણા અંશો અને સૌન્દર્યની વિસ્તૃતમાં વિસ્તૃત વ્યાખ્યાઓ દર્શાવી તે હેતુ પણ તેમાં સફળ થતો નથી એમ દેખાડયું છે, અને બીજી અનેક રીતિએ તેની પ્રયોજનહીનતા બતાવી છે. પરંતુ એટલું લક્ષમાં રાખવું જોઈએ કે શરીર શોભાવવાના અનેક અનેક પ્રયત્નોમાંનો એક આ છે. તે કેટલે અંશે સફળ થાય છે તે જુદો પ્રશ્ન છે. મુછના આંકડા ગોળ વાળવા, મુછ સીધી તાર જેવી રાખવી, આમળી રાખવી, એવા પ્રકારમાંનો એક થોભીઓ રાખવાનો પ્રકાર છે. હા એટલું કબુલ કરીશું કે અમે થોભીઆ રાખનાર એથી કાંઈક ગંભીરતાનું રૂપ ધારણ કરાય છે એવું માનીએ છીએ. જેમ અમુક ઉમર પછી પાઘડી પહેરવાથી અને વળી તે સાથે ખેસ રાખવાથી ' ભાર ' પડે એમ માનવામાં આવે છે તેમ નાતના પટેલ હોઈએ અથવા ગામના મુખી હોઈએ અગર કસુંબો પીવાની ટેવ પાડી રાજવંશી જેવા થયા હોઈએ તો એ સર્વના ચિહ્ન રૂપ–એ સર્વ માટે જરૂરનો ' ભાર ' પાડનાર થોભીઆ બને છે, એવો અનુભવ છે.

* " જ્ઞાનસુધા " ના સને ૧૯૧૧ના ડીસેંબરના અંકમાં છપાયેલો લેખ.

વળી એમાં અધિકારભેદના રહસ્યનું તત્ત્વ ગુઢ રૂપે અંતર્ભૂત થએલું છે. અમુક ઉમરે છોકરા બીડી પીએ પછી મોટા થતે ચલમ અને આધેડ થતાં હુક્કો પીવાનો શરૂ કરે એ પ્રકારની આધેડતા ચોભીઆથી પ્રકટાવાય છે. અને અમુક ઉમર પછી જ તે રાખવામાં આવે છે. એથી ભાર પડે છે એ સિદ્ધ થયા પછી શોભા માટે એટલુ જ કહેવાનું કે કોઈને શોભા લાગે ને કોઈને ન લાગે તેનો ઉપાય નથી. સોય જેવી મુછ રાખનારને એમાં શોભા લાગે છે, બડમુછીયાને મુછ વગર શોભા જણાય છે, તો ચોભીઆવાળાને ચોભીઆમાં શોભા દેખાય તે કાંઈ અયોગ્ય નથી. રા. મકરન્દને તેમ ન દેખાતું હોય તો તેમની રસજ્ઞતાની ખામી જ છે. ચોભીઆવાળાની કોન્ફરન્સની જોડે બડમુછીઆ કોન્ફરન્સ, દાઢીવાળાની કોન્ફરન્સ, બાબરીવાળાની કોન્ફરન્સ, ચોટલીવાળાની, એવી સર્વ ભરાવી જોઈએ એવી સૂચના કરવી અઘટિત નહીં કહેવાય.

એમ તો સંશય આણવા બેસે તેને ઘણી શંકાઓ થશે. અમદાવાદીઓ પાઘડી ડબા જેવી કેમ પસંદ કરતા હશે; સુરતીઓ છાપરા જેવી કેમ પહેરતા હશે, ભાવનગરીઓ ઘંટીના પડ જેવી કેમ ધારણ કરતા હશેઃ જામનગરી ફેંટો એક દિશામાં વાંકો ને ઝાલાવાડી ફેંટો તેથી ઉલટી દિશાના વાંકવાળો કેમ હશે; સિંધીઓ પડઘમ સરખી પાઘડી કેમ પહેરતા હશે, બંગાળીઓ ઉઘાડાં માથાં જ કેમ રાખતા હશે; મડમો સુઘરીના માળા જેવા વાળ આગળ કેમ રાખતી હશે, અને પારસણો તેની શું જોઈને નકલ કરતી હશે; મડમો મજુરણના ટોપલા જેવડી અને વરવી ટોપીઓ કેમ પહેરતી હશે; કોઈ ઉદરની પુછડી જેવી ચોટલી અને ધારી કેમ રાખતા હશે; કોઈ લાંબા ચોટલા કેમ પસંદ કરતા હશે; કોઈ વાંકી સેંથી કેમ પાડતાં હશે, કોઈ સીધી કેમ પાડતાં હશે, કોઈ પટીઆં કેમ પાડતાં હશે, કોઈ ગુચ્છા કેમ પાડતાં હશે; કોઈ કેડ સુધીના કોટ તો કોઈ ઢીંચણ સુધીના કોટ અને કોઈ પગના કાંડા સુધીના ડગલા કેમ પહેરતા હશે; કોઈ વેસ્ટ કોટના ગજવામાં. કોઈ કોટના ગજવામાં અને કોઈ પાટલુનના ગજવામાં ઘડીઆળ કેમ રાખતા હશે; વળી કોઈ હાથે ઘડીઆળ કેમ બાંધતા હશે; એવી એવી સેંકડો શંકાઓ ઉત્પન્ન થશે, પણ તે સર્વનો એક જ જવાબ કે ભાઈ જેને જેવો શોખ, જેને જેવો ' ટેસ્ટ. ' એજ પ્રમાણે ચોભીઆનું સમજવું. ' ટેસ્ટ ' એ બાબત સ્પષ્ટ કરી સમજાવાય તેમ નથી, પણ ચોભીઆ રાખનાર પોતાનો ' ટેસ્ટ ' સાચવવાના હેતુથી પણ ચોભીઆ રાખે

છે. આટલા ખુલાસાથી સંદેહના વમળમાંથી મુક્ત થઈ શકાશે. પરંતુ આ દિલસોજીને પેલા કોમ ને ઉત્તર આપ્યો હતો તેમ ભાટ ભાટ ભાટુડી જેવો ઉત્તર નહીં મળે એવી આશા છે, કારણ કે આ શંકાનિવારણાર્થ ખુલાસો છે.

૨૩.

અવેજી કારભારી *

The Karbhari's Substitute.

પ્રવેશ પહેલો.

સ્થળ: કારભારીની કચેરી.

(કારભારી વેલશીભાઈ મ્હોટે ગાદીતકીએ બેસીને ટપાલના કાગળો વાંચે છે. તલકચંદ, હિમ્મતલાલ, ઉજમશી, હંસરાજ વગેરે કારકુનો નહાના નહાના ગાદીતકીઆ પર બેસીને પોતપોતાના મેજ પર કાગળો લખે છે. સીપાઈઓ, ઉકો ફરાસ, વગેરે જમીન પર છુટા છુટા બેઠા છે.)

વેલશી (કાગળ વાંચતાં)—અરે તલકચંદ ! આ શું આવ્યું ?

તલકચંદ—કાં ' શું છે સાહેબ ?

વેલશી—પોલિટિકલ એજન્ટ સાહેબની આ યાદી આવી છે તેમાં લખે છે કે મદ્રાસ તરફના કોઈ દેશી રાજ્યના દીવાન મિ. ચિનય્યારાવ આ એજન્સીનાં જનાવરો જોવા નિકળેલા છે. (વાંચે છે) ' તમારા સંસ્થાનનાં ગધેડાં પ્રખ્યાત છે માટે તે જોવા સારૂ આવતા માસની તા. ૧ લીએ મિ. ચિનય્યારાવ તમારી તરફ આવી પહોંચશે તમારે તેમની સારી રીતે સરભરા કરવી. તમારા ઠાકોર સાહેબ હાલ જાત્રાએ ઉત્તર હિંદુસ્તાન ગયેલા છે માટે તમારે જાતે મિ. ચિનય્યારાવને કોઈ સારા ગામે લઈ જવા અને ત્યાંનાં ગધેડાં એકઠાં કરીને બતાવવાં. મિ. ચિનય્યારાવ ગુજરાતી જાણતા નથી તેમ જ હિંદી પણ જાણતા નથી, અને, ફક્ત ઈંગ્રેજી સમજી શકશે. તમે પોતે ઇંગ્રેજી જાણતા નથી માટે ઈંગ્રેજી જાણનાર કારકુનને સાથે રાખવો. મિ. ચિનય્યારાવને તાકીદે પાછા ફરવું છે માટે તેમને કોઈ પણ કારણસર ખોટી કરવા નહિં. આમાં કોઈ પણ રીતે ગફલત નહિં

---

* " જ્ઞાનસુધા " ના સને ૧૯૧૩ ના એપ્રિલ–મેના અંકમા છપાયેલો લેખ.

થાય એમ આશા રાખવામાં આવે છે.' આ સંસ્થાનનાં ગધેડાં પ્રખ્યાત છે એ વળી ક્યાંથી કાઢ્યું ?

તલકચંદ—આજથી પાંચ વર્ષ ઉપર પોલિટિકલ એજન્ટ સાહેબ તરફથી પત્રક આવ્યાં હતાં, અને, તેમાં દરેક સંસ્થાનમાં જે જે જનાવરો જાણવા લાયક હોય તે ભરી મોકલવાનું લખ્યું હતું. તે વખતે માજી કારભારી સાહેબે કહ્યું હતું કે આપણા પત્રકમાં ગધેડાં ભરો. બીજાં જનાવરોનાં નામ લખીશું તો સાહેબ લોકો વારે ઘડીએ શિકાર કરવા ઉતરી પડશે અને જંપવા નહિં દે.

વેલશી—ત્યારે આ ચિનય્યારાવ ગધેડાં જોવાના ઇન્તેજાર નિકળ્યા !

તલકચંદ—તેની શી ફિકર છે ? આપણા રાજ્યમાં જોઇએ તેટલાં ગધેડાં છે.

વેલશી—ફિકર તો એ છે કે પહેલી તારીખે મારે ગામ મારી કાકીના મામાના સાળાની વહુના સીમંતની નાત છે તે પર મારે ગયા વિના ચાલે તેમ નથી.

તલકચંદ—આવો સબબ છે તેથી નહિં અવાય એમ કાગળ લખો તો ?

વેલશી—એમ તે લખાતું હશે ? દુનિયામાં રહેવું છે તે લોકવહેવાર સાચવ્યા વિના ચાલે ? આવા નજીકના સગામાં સીમંતની નાત જેવો મ્હોટો પ્રસંગ આવે ત્યારે તો લંકામાં સોનુ મળતું હોય તેએ પડતું મુકીને ત્યાંથી આવીને હાજર થવુ પડે. ચિનય્યારાવ તો બીજી વાર પણ આવે, પણ, કાકીના મામાના સાળાની વહુનું સીમંત કંઈ બીજી વાર આવે તેમ છે ?

તલકચંદ—ચિનય્યારાવ કોઈ રીતે આવતા અટકે એવો ઉપાય નથી ?

વેલશી—માંદા પડે કે મરી જાય તે સિવાય આવતા અટકે એમ મારા મગજમાં આવતું નથી.

તલકચંદ—અને, સીમંતની નાત ખાતર ચિનય્યારાવ માંદા પડવાની કે મરી જવાની તમદી લે એવી આશા શી રીતે રખાય ?

ઉકો—બાપજી, મને એક રસ્તો સુઝે સે. હકમ હોય તો કઉં.

વેલશી—શું બાવડી પેઠે મારૂં ગામ અહીં ખેંચી લાવવાનું કહે છે ?

ઉકો—ના બાપજી, હું તો એક હેલી વાત કઉં સુ. અવેજી મેલીને જાઓને ?

તલકચંદ—ઓહો હો ! અસ્રાની ધાર સાથે તારી અક્કલ પણ પથરી પર ઘસીને ઝીણી કરી નાખી જણાય છે. તું ફરાસની નોકરી પર

અવેજી મુકીને રજા પર જાય તેમ વેલશીભાઈ કારભારીની નોકરી પર અવેજી મુકીને જાય ખરૂં !

વેલશી—અરે, સહીઓ કરવાની હોય તો મારી વતી બીજો હજાર સહીઓ કરે; અને, બંધાઈ ન જવાય ને કંઈ અર્થ ન થાય એવા હુંશીઆરીના શેરા કરવાના હોય તો હું મારે ગામથી કરીને મોકલું; પણ, આ તો મારે જાતે ચિનય્યારાવ સાથે જવું એમ પોલિટિકલ એજન્ટ સાહેબે લખ્યુ છે.

ઉકો—એ ચેણીઆરાવ કેમ કરી જાણુવાના હતા કે આ તે હાચા કારભારી સે કે અવેજી સે ? અવેજી કારભારી શાએબનો પોશાક પહેરશે ને કહેશે કે હુ વેલશીભાઈ સું. વાતું તો બધી ઇંગ્રેજીમાં તલકચંદભાઈને કરવાની સે.

વેલશી—તલકચંદ ! એ થાય એવું છે ખરૂ. ચિનય્યારાવ કયાં મને ઓળખે છે ?

તલકચંદ—કોઈ અવેજી થનાર જોઈએ.

વેલશી—રૈયતમાંના કોઈ માણસને તો એ આવડે નહિં. અણઘડપણામાં ઉલટા આપણને ફસાવી મારે. ફોજદાર સાહેબ મુસલમાન છે એટલે એમની દાઢી ચાડી ખાઈ દે કે આ હિંદુ નથી. કચેરીનો કોઈ કારકુન અવેજી થાય તો જ બને. કેમ હિમ્મતલાલ ! તમે અવેજી થશો ? હિમ્મત છે ?

હિમ્મતલાલ—મારી હિમ્મત તો છે. પોલિટિકલ એજન્ટ સાહેબને કાને વાત જાય તોએ મને શું થવાનું હતું ? પણ, મારે કાણે જવાનું છે.

વેલશી—તમે ઉજમશી !

ઉજમશી—એમાં તે શી મ્હોટી વાત ! કોઈ વાત ફોડી દે તો એ કારભારી થવું એમાં કાંઈ ફજેતી છે ! પણ, મારા ઘરમાં સુવાવડ આવવાની છે તેથી મારાથી આ ગામ મુકીને જવાનું ન બને. અહીં રહ્યા રહ્યા જે કામ કરવાનું હોય તે છાતી ઠોકીને કરૂં.

વેલશી—કેમ હંસરાજ ! તમે બીડું ઝડપશો ?

હંસરાય—હું કાંઈ આ લોકો જેવો પોચો નથી, અને, મારે બહાનાં નથી કહાડવાં. કારભારીનો વેશ લઈને અહીં રહ્યા રહ્યા કરવાનું હોય

તે પણ કરૂં, અને, ગધેડાં બતાવવા બીજે ગામ પણ જાઉં. કરવું ત્યારે પૂરૂં કરવું. પણ, મારે પગે વા આવેલો છે તેથી મારાથી ચિનય્યારાવ સાથે ફરાય એમ નથી. કચેરીમાં જ મહામહેનતે આવું છું ને.

ઉકો—બાપજી, એ બધાને રહેવા દો. એ પાણી વગરના અસ્ત્રાથી દાઢી બોડાય એમ નથી. આપની નજરમાં આવતું હોય તો એ કામ મને હુંપો.

તલકચંદ—અલ્યા ! પાડા મુડયા એટલે કારભારી થતાં આવડયું ?

ઉકો—મેં તો પાડાએ મુડયા સે ને રાજાએ મુડયા સે. મુડવાનું હેલું હોય તો લ્યો મારી કોથળીમાંથી અસ્ત્રો લઈને જુવોને આવડે સે !

તલકચંદ—તારી હોંશીઆરીની વાત થાય ? જનમથી હજામની કારીગરી શીખેલો, અને, પછી ફરાસ થયો એટલે અમલદારી શિખ્યો.

વેલશી—એની હિમ્મત હોય તો પછી આપણું શું જાય છે ! જ્યાં ત્યાં ચિનય્યારાવ જોડે કારભારી થઈને ફરનાર કોઈ જોઈએ. અલ્યા ઉકા ! તું ઠેઠ પાર ઉતારીશ કે વચમાંથી બેસી જઈશ ?

ઉકો—બાપજી, વાળંદ કોદી અડધું માથું બોડીને ઉઠી ગયો એમ સાંભળ્યું સે ? એ તો અસ્ત્રો હાથમાં લીધો તે પુરૂં કરે તાણે જ જંપે. આપ નિરાંતે જજો ને હખેથી નાત જમીને પાસા આવજો. હઈએ ધોકો ના રાખશો.

વેલશી—ત્યારે, હું કાલે સવારે નિકળીશ. તલકચંદ, પોલિટિકલ એજન્ટ સાહેબને જવાબ લખો કે આપ સાહેબના ફરમાન પ્રમાણે બધી ગોઠવણ કરવામાં આવશે અને મિ. ચિનય્યારાવ સાથે જાતે જઈ ગધેડાં બતાવવામાં આવશે. મારી સહી લઈ જવાબ આજની ટપાલમાં રવાના કરજો.

ઉકો—આપની પાઘડી, જામો, ખેશ, ધોતીયું બધું મેકલતા જજો કે ચાર દી રયા તેમાં હું પહેરતાં શિખું.

(સહુ જાય છે.)

પ્રવેશ બીજો.

સ્થળઃ—મહેમાનના ઉતારાનું દીવાનખાનું.

(ચિનય્યારાવ, કારભારીના વેશમાં ઉકો અને તલકચંદ વાતો કરતા પ્રવેશ કરે છે.)

ચિનય્યારાવ—Mr. Velshi, did you ever have a census taken of the donkeys in your state ?

તલકચંદ—પુછે છે કે તમારા રાજ્યનાં ગધેડાંનું કદી વસ્તીપત્રક કરાવ્યુ છે ?

ઉકો—આ તો હાવ મુરખ જણાય સે ' ગધાડાંનું તે વળી વહતીપત્રક થતું હશે ?

તલકચંદ—પણ નથી કર્યું એમ ના કહેવાય.

ઉકો—તાણે તમને ઠીક લાગે તેમ ઠકાડોને. આ કે દી ગણવા જવાનો સે ?

તલકચંદ—A census was taken five years ago, and, the Karbhari Saheb remembers that there were 987 males and 1043 females.

(ચિનય્યારાવ નોટબુકમાં લખી લે છે.)

ચિનય્યારાવ—Can you tell me what is the speciality of the donkeys of your state ?

તલકચંદ—એમ કહે છે કે બીજાં ગધેડાં કરતાં ફેર હોય એવું તમારા રાજ્યનાં ગધેડાંમાં શું છે ?

ઉકો—એને કહોને કે તું તારી મેળે જોઈને પારખી લે; તારે આંખો નથી ?

તલકચંદ—પણ, આપણે પત્રકમાં ગધેડાં ભર્યાં એટલે કંઈ ફેર કહેવો પડે.

ઉકો—એમ કહોને કે અહીંનાં ગધાડાં ભુંકે સે વધારે.

તલકચંદ—The donkeys of this state look cleverer than others, and, the Karbhari Saheb believes that they bray for a longer time.

(ચિનય્યારાવ નોટબુકમાં લખી લે છે.)

ચિનય્યારાવ—It would be difficult to measure the time occupied in braying; but, I should be thankful if you could tell me how your donkeys look cleverer. Is there any peculiar expression in their eyes ?

તલકચંદ—મેં કહ્યું કે અમારાં ગધેડાં વધારે હુંશીયાર છે, તો પુછે છે કે એમની આંખમાં કંઈ હુંશીઆરી દેખાય છે ?

૨૦

ઉકા—આને ગધાડાંની લેહ લાગી સે તે જાતનો કુભાર હશે? આવાને તે કેણે દીવાન કર્યો હશે! કહોને કે અમારાં ગધાડાં પુંસડાં હલાવે સે તાણે ભારે અકલવાળાં દેખાય સે.

તલકચંદ—The Karbhari Saheb is of opinion that our donkeys appear very clever when they wag their tails.

(ચિનય્યારાવ નોટબુકમાં લખી લે છે.)

ચિનય્યારાવ—Do your donkeys carry greater loads than others?

તલકચંદ—એમ પુછે છે તમારાં ગધેડાં બીજાં કરતાં કાંઈ વધારે ભાર ઉઠાવે છે?

ઉકા—એ ગમારને કહો કે ગધાડાં પર તે કાંઈ જોખીને ભાર ભરાતો હશે કે ખબર પડે કે કેણે વધારે ભાર તાણ્યો ને કેણે ઓછો તાણ્યો!

(દોડતો આવતો સીપાઈ પ્રવેશ કરે છે.)

તલકચંદ—કેમ બેચર! શું છે? આટલો હાંફે છે કેમ?

બેચર—એજન્ટ શાએબ આવ્યા તે હું હડી કાઢીને કહેવા આવ્યો સું.

ઉકા—જા, જા, માળા. બીવરાવીને મહકરી કરે સે?

બેચર—મારા પંડના હમ. મહકરી નથી. ખરી વાત સે. ગામને પાદરે શાએબ ટાંગામાં આવ્યા સે ને હુ મોર દોડયો આવું સું. આ ઉતારાની હડકે જ આવે સે. હાથે બીજો કોઈ શાએબ એ સે.

તલકચંદ—પોલિટિકલ એજન્ટ સાહેબ અહીં શું કામ આવે?

બેચર—શાએબના પટાવાળાએ કીધું કે કોઈ ઠાકોર એકદમ ગુજરી ગયા સે તે શાએબ તપાશ કરવા ને જપતી કરવા જાય સે. આ ઉતારામાં અડધા કલાક મુકામ કરીને આગળ જનાર સે.

ઉકા—(ધ્રુજે છે.) બાપજી, તાણે તો માર્યા જ તો. શાએબ તો, વેલશીભાઈને ઓળખે સે. તલકચંદભાઈ, કંઈ રસ્તો વતાડો. નહિં તો મારૂં આવી બન્યું.

તલકચંદ—માંદો થઈને સુઈ જા. જોડેના ખંડમાં ખાટલો છે.

બેચર—શાએબ પુછશે તો કહીશું કે કોગળીઉં આવ્યું સે.

ઉકા—આવ ને તને કોગળીઉં. ના ના, બાપજી, જે કહેવું હોય તે કહેજો પણ મને બસાવજો.

તલકચંદ—તાવનું કહીએ તો દિલે હાથ મેલતાં પકડાઈ જાય.

ઉકો—આ હું પડતું મેલું સું તે મને ઉભો કરીને ખાટલે લઈ જજો. અરરરર !

(આંખો મીચીને જમીન પર પડી જાય છે.)

ચિનચ્યારાવ—Oh God ! What is the matter with Mr. Velshi ?

તલકચંદ—He has suddenly become ill, and, at the same time the Political Agent has accidentally arrived.

(સહુ મળીને ઉકાને ઉઠાડીને હાથ ઝાલીને લઈ જાય છે.)

પ્રવેશ ત્રીજો.

સ્થળઃ-મહેમાનના ઉતારામાંનો સુવાનો ખંડ.

(ઉકો ખાટલા પર મહોંએ માથે ઓઢીને સુતો છે. પાસે એચર ઉભો છે.)
(પોલિટિકલ એજન્ટ, ઈંગ્રેજ ડાક્તર, ચિનચ્યારાવ અને તલકચંદ પ્રવેશ કરે છે.)

પોલિટિકલ એજન્ટ—Where is Velshi ?

ચિનચ્યારાવ—Here is the poor man. He is lying on the cot writhing in pain.

પોલિટિકલ એજન્ટ (એચરને)—ઇસકા મુહ ખોલો.

(એચર ઉકાના મહોં પરનું લુગડું કહાડે છે.)

પોલિટિકલ એજન્ટ—This is not Velshi.

ચિનચ્યારાવ—Why ! He is no other than Mr. Velshi He was with me just a while ago.

પોલિટિકલ એજન્ટ—I know Velshi very well. But we shall see to that later on. Luckily, I have with me a Doctor who has got his medicinal chest with him.

(ઉકાને) તુમકુ કયા હોતા હયે ?

ઉકો (ધીમે ધાંટે)—શાએબ પેટમાં આંકડી આવે સે ને કળસ્યો ને ઉલટી કેમે કરી અટકતાં નથી.

ચિનય્યારાવ—It seems to be a case of acute cholera. An hypodermic injection on the abomen might give him immediate relief. But, I do not know whether he would allow it.

પોલિટિકલ એજન્ટ—દાક્તર સાબ તુમારે પેટમેં છેદ પાડકે દવા ડાલેગા. તુમ કબુલ હયે ?

ઉકો—(એકદમ બેઠો થઈ જઈને) ના રે શાએબ, મારૂં પેટ કાપે તો હું મરી જાઉ. મને તો કંઈ નથી. હું તો હાજો હમો સું.
(ઉકાના પડખામાંથી ચોરસ બાંધેલી પોટલી પડી જાય છે.)

પોલિટિકલ એજન્ટ—What is that ?

ચિનય્યારાવ—Perhaps the Karbhari Saheb's Despatch Box.

પોલિટિકલ એજન્ટ—Couldn't be. (પોટલી પરનું કપડું છોડીને જુવે છે. માંહેથી હજામની કોથળી નિકળે છે.) Why! This is a barber's shaving apparatus !
(ઉકો ખાટલા પરથી ઉતરીને પોલિટિકલ એજન્ટને પગે પડે છે.)

પોલિટિકલ એજન્ટ—તુમ કોન હયે ?

ઉકો—(હાથ જોડીને) શાએબ ખરૂં કહી દઉં સું. હું તો અહીંની કચારીનો ફરાસ સું.

પોલિટિકલ એજન્ટ—You see, Mr. Chinayyarav. This man is a barber working as a menial in the Karbhari's office. Who told you that he is Velshi ?

ચિનય્યારાવ—He was introduced to me as Mr. Velshi. He conversed with me in that capacity through this clerk of his, and, he was about to go out with me in a carriage and pair.

પોલિટિકલ એજન્ટ—He has put on a fine dress too. (તલકચંદને) What is all this ?

हास्यमंदिर



"अवेजी कारभारी" पृष्ठ २३२.

उको (हाथ जोडीने)—शाएब ग्वरु कई दउ मु. हु तो अहांनो कमारांनो फराम मु'

Manoranjan Press Bombay

તલકચંદ (ધ્રુજતો)—Sir ! Sir ! Mr. Velshi gone—gone to his native place to eat—eat caste dinner, and, put this *faras* as his substitute.

પૉલિટિકલ એજન્ટ—Tell him to stay there and go on eating caste dinners. He will not be wanted here. I shall write to your Thakore to engage a better man who would not humbug people. And, I shall see how the Thakore rewards you and this wretched barber for acting this comedy.

(સર્વ જાય છે.)

૨૪.

પ્રોસ્પેક્ટસ.*

ધી ગુજરાતી સાહિત્ય મેન્યુફેક્ચરિંગ એન્ડ ઇમ્પ્રુવિંગ કંપની લીમીટેડ.

(સને ૨૮૮૧ ના ૦૦૦૬ મા આક્ટ પ્રમાણે રજીસ્ટર કરેલી.)

બોર્ડ ઑફ ડાઇરેક્ટર્સ.

પ્રસન્નમુખારવિંદરામ નીલરત્નમુખરામ.

કૈવલ્યનવનીતરાય અત્યાનંદરાય.

જનસુખલાલ આત્મસુખલાલ.

સાહિત્યસેવકલાલ દેશોન્નતિપ્રસાદ. (એક્સ ઓફીશીઓ.)

વહીવટ કરનાર—સાહિત્યસેવકલાલ એન્ડ કું.

બેન્કર્સ—ધી સ્વદેશી બેંક.

સોલીસીટર્સ—જુઠાભાઇ, વાઇલી, અને સુન.

ઓડીટરો—ગડબડદાસ એન્ડ કું. (ચારટર્ડ એક્ચ્યુઅરી.)

થાપણ રૂ. ૧૦૦૦૦૦ તે રૂ. ૧૦ ના ૧૦૦૦૦ શેરોમાં વહેંચી નાખવામાં આવેલી છે.

---

* " જ્ઞાનસુધા "ના સને ૧૯૧૩ના સપ્ટેમ્બરથી ડીસેંબર સુધીના અંકોમાં છપાયેલો લેખ.

આ કંપની બીજી સર્વ જોઇન્ટ સ્ટૉક કંપનીઓ પેઠે તેના શેરહોલ્ડરોના માત્ર ભલા માટે ઉભી કરવામાં આવી છે. તે ઉભી કરનારાઓ સ્વાર્થ અને પરમાર્થ બંને સાચવવા પ્રયત્ન કરશે.

આજ કાલ રૂ કાંતવાની—વણવાની કંપનીઓ ઘણી છે. અમારૂં એક નવીન સાહસ છે. ગાડરીઆ પ્રવાહ પેઠે સુતર વણવાની કંપની ન કાઢતાં હાલનો પવન જોઈ સમયને અનુકૂળ આવે તેવો ઉદ્યમ શરૂ કર્યો છે. આ કંપનીમાં સાહિત્યના ક્ષેત્રમાં જાણીતા થએલા, દરેક માસિક, દરેક વર્તમાનપત્રમાં દેખા દેતા, ડીગ્રીઓ ધરાવનાર જબરદસ્ત લેખકોને રોકવામાં આવેલા છે. પુસ્તકો લખી આપવાં, વર્તમાનપત્રો, માસિકો વગેરે માટે લેખ તૈયાર કરી આપવા, ભાષણો તૈયાર કરવાં, રાજ્યોના રીપોર્ટો ઘડી આપવા, એ વગેરે લખાણો સંબંધી કામ તેવા ચુનંદા કલમકસો પાસે કરાવી આપવામાં આવશે. તેને માટે તેવાં લખાણની અગત્યના પ્રમાણમાં દામ લેવામાં આવશે. વર્તમાનપત્રો તેમ જ માસિકોના ખાસ અંક જેવા કે દીવાળીના અંક, હોળીના અંક, ધુળેટીના અંક, નવરોજના અંક, નાતાલના અંક, પર્યુષણના અંક, પતેતીના અંક, વગેરે વગેરે પ્રસંગો માટે તે પત્રોના તંત્રીઓએ માગેલી મુદતમા વાયદાસર જોઈએ તેવા લેખો બનાવી આપવા માટે ખાસ કાળજી રાખવામાં આવશે. જેઓ લેખનાં ખોખાં, લેખમાં પ્રદર્શિત કરવાના વિચાર, અથવા અપૂર્ણ લેખ મોકલશે તેમને તેવાં ડોળીઆં પરથી સફાઈદાર, ચકચકીત, ઝમકદાર, આર્ટીકલો રચી આપવામાં આવશે. કોઓપરેશનના ધોરણે શેરહોલ્ડરોને સાહિત્ય બનાવી આપવામાં ખાસ લાભ મળશે. માટે સાહિત્યપ્રેમી જનોએ શેર ભરી એ લાભ લેવા ચૂકવું નહીં એવી અમારી ખાસ વિનંતિ છે. આજ કાલ લેખો લખવા માટે, લેખક ગણાવા માટેની જિજ્ઞાસા જોઈ તથા વર્તમાનપત્રોના રાફડા ફાટેલા જોઈએ પ્રવૃત્તિનો લાભ આ કંપનીના શેરહોલ્ડરોને મળે એ હેતુથી આ કંપની સ્થાપવામાં આવી છે. આગળ જતાં આ કંપની સારૂં કમાવાની આશા રાખે છે.

— —

૨૫.

વખત ગુમાવવાની કળા.*

વખત પૈસા છે, વખત ગુમાવવો એ બહુ મોટી ભૂલ છે એમ તો તમે રોજ સાંભળો છો. તથાપિ જેને વખતનો કાંઈ ઉપયોગ કરવો જ ન હોય, વખત અથવા પૈસાનો ખપ ન હોય તેને વખત કેમ ગુમાવવો તે પણ આવડવું જોઈએ છે. નવરો બેઠો નખોદ વાળે એ કહેવત ખરી છે. માટે નવરા બેસવું નહીં અને કામ પણ કરવું નહીં: એ વખત ગુમાવવાની કળાનું રહસ્ય છે. કાંઈ કામ કરવાનું ન હોય તો અયાસી પેઠે પડી રહેતાં ઇંગ્રેજીમાં કહે છે તેમ વખત આપણાપર લટકતો લાગે તે કાંઈ ઇચ્છવા જેવી સ્થિતિ નથી. ત્યારે એ કળાના વ્યવહારિક દૃષ્ટાંત રૂપે હું મારો હરરોજનો કાળક્રમ જણાવીશ, એટલે પ્રેકટીસ અને થીઅરીનું ભેગું જ્ઞાન મળી શકશે.

મારે માટે મારા વડવાઓ ગુજરાનના સાધન જોગું ધન ભેગું કરીને મૂકી ગયા છે એટલે મારે ધન કમાવાની ફીકર નથી. સવારમાં હું જેમ બને તેમ મોડો ઉઠું છું. વખત ગુમાવવા માટે એ પ્રથમ જરૂરનું છે. કારણ કે સવારના પહોરમાં વહેલા ઉઠવાથી મન ઉત્સાહથી ભરાઈ કામ કરવાની વૃત્તિ થાય છે અને સૂરજ ઉગતા પહેલાં ઉઠીએ તો વખત કેમે કર્યો ખૂટતો નથી. માટે મોડા ઉઠવાની ટેવ મેં પાડી છે. આઠ વાગતે ઉઠી અડધો કલાક પથારીમાં આળસમાં કાઢી દાતણ ધીરે ધીરે કરતાં નવ વાગે, એટલે નોકર ચ્હાનું કપ લાવી આપે તે લહેજતથી પીતાં સાડાનવ થાય છે. સાડાનવે મારૂં ટોઇલેટ એટલે માથું ઓળવા, હજામત વગેરેનું કામ શરૂ થાય છે. હજામ પાસે હજામત કરાવતાં માત્ર પાંચ મિનીટ લાગે અને હાથે કરતાં ખાસો અડધો કલાક થાય માટે તે હું પસંદ કરૂં છું. અડધો કલાક તેમાં અને અડધો કલાક સપ્રાહ્નબંધ વાળ ઓળી સેંથો પાડી વાંકાં જુલફાં શોભાયમાન કરતાં સાડાદસ થાય. સાડાદસ વાગે મારી ટપાલ આવે તે જોવી, જરા ઉપલક વર્તમાનપત્ર જોવું એટલામાં અગીયાર થાય. વર્તમાનપત્ર જોયા વના મારે ચાલે તેમ નથી, કારણ કે હું કાંઈ ધંધોધાપો નથી કરતો માટે મૂર્ખ છું એમ તમે ધારતા હો તો

* "જ્ઞાનસુધા"ના સને ૧૯૧૩ના સપ્ટેમ્બરથી ડીસેંબર સુધીના અંકોમાં છપાયેલો લેખ.

ભૂલ છે. મારી ઓળખાણ પીછાણના ગૃહસ્થો સાથે વાતચિત કરવાનું સાધન તો મારે રાખવું જ જોઈએ. અગીયાર વાગતે સ્નાન શરૂ થાય તે સાડા અગીઆર વાગતે પૂરૂ થાય. એટલામાં જમવાની વખત થાય. ભોજન કરી રહેતાં બાર તો વાગે જ. તે પછી પાનસોપારીના મુખવાસનો પ્રયોગ શરૂ થાય. કોઈની કરેલી બીડી ખાવી મને રૂચતી નથી. મારાં પત્નીના હાથની પટ્ટી પણ બનતા સુધી હું ખાતો નથી. તેનાં બે મુખ્ય કારણ છે. એક તો એ કે દરરોજ વગર કાળજીએ ધારા પ્રમાણે પત્નીએ બનાવેલા પાન કરતાં કોઈ દિવસ ખાસ ફરમાશથી બનાવેલી બીડીની લહેજત ઓર છે, અને બીજું, કોઈ પાન તૈયાર કરીને મૂકે તો ચપ દઈને મહોડામાં નાખવામાં તો મિનીટ એકનું કામ, તે મારા જેવાને કેમ પરવડે! પાન લુછવું, તેની દરેકે દરેક નસ સુડીની ધારથી છીલવી. તે પર સફાઈથી ચુનો લગાડવો, કાથો નાંખવો અને સુરીયાંની બીડું વાળવું, અને સોપારીને ઉપરથી તમામ છોલી બોડુ કરી તેની એકસરખી સફાઈદાર ભૂકી કરવી અને નિરાંતે ખાવું એમાં જે મજાહ રહેલી છે તે અનુભવનાર શોખીનો જ સમજી શકે તેમ છે. આમ કરતાં એક વાગે એટલે હિંચોળા ખાટમાં એકાદ કલાક અલ્પ નિદ્રા લેવાની મને ટેવ છે. વખત ગુમાવવો હોય તેણે બપોરે સુવાની ટેવ અવશ્ય પાડવી. એથી વખત ઝટ પસાર થઈ જાય છે અને વગર કસરતે જમેલું પાચન થાય છે. રાતે પલંગમાં અને દિવસે ખાટમાં સુવું કે એકની એક સ્થિતિનો કંટાળો ન લાગે. વળી તે ઉપરાંત હિંચકો ખાવો એ કાંઈ કાર્ય કરીએ છીએ, એવો ભાસ કરાવનાર સાધન છે. બે અઢી વાગે સુઈ ઉઠી મારી પત્ની સાથે વાર્તાલાપમાં કલાક દોઢ કલાક ક્યાં ગયો તે જણાતું નથી હું ધારૂં છું કે દરેક પરણેલા પુરુષની એ ફરજ છે કે પોતાની પત્ની સાથે સુખવાર્તામાં દિવસનો થોડોક કાળ વ્યતીત કરવો. ધંધાની દોડાદોડીમ અને બહાર ભટકવામાં દિવસ પૂરો કરનારે આ વાત ધ્યાનમાં રાખવી. ચારનો ટકોરો થયો કે મારે ચ્હા વગર ન ચાલે. ચ્હા પીને ટોઇલેટ ફરી શરૂ કરવાનું. હાથ મ્હો ધોઈ વાળ હોળી કપડાં પહેરી તૈયાર થતાં પાંચ વાગી જાય. પાંચ વાગે એટલે ફરવા જવું અને પાછા ફરતાં મારા દોસ્તદારોને ત્યાં વારા ફરતી જવું. આજ એક ભાઈબંધને ત્યાં અને કાલે બીજાને ત્યાં. વળી અઠવાડીઆમાં એકાદ દિવસ સઘળા ભાઈબંધોને મારે ઘેર તે જ વખતે તેડતા આવવું. કામ વગરના માણસોએ સારી જેવી ફેંડોની સંખ્યા રાખવી જ જોઈએ એમ મને સમજાયું છે. કેમકે તેમના

સહવાસમાં વખત સહેલાઈથી પસાર કરી શકાય છે. તેમની સાથે રમત ગમત અને ગપ્પાં હાંકવામાં જીંદગીનું વહેણુ સરળ થાય છે. રાતે નવેક વાગે ફ્રેંડો સાથેથી છૂટા થયા પછી ભોજન લઈ હું દરરોજ મારી પત્ની સાથે પાનાં રમું છું. પાનાં એ મારા જીવનને પ્રોત્સાહિત કરનાર સાધન છે. દરેક મનુષ્યને કાંઈ excitement જોઈએ, અને પાનાની રમતમાં તવું કૃત્રિમ excitement મળી શકે છે તે રમનારાંથી અજાણ્યુ નથી. અગીયાર વાગે હું નિયમિત સુનારો છુ. આ મારી નિત્યની દિનચર્યા છે. એમાંથી જણાશે કે હું કાંઈ પણુ કામ કરતો નથી છતા નવરો પણ બેસતો નથી. અરે, મને કાગળ પત્ર લખવાની પણ ઘણી વાર ફુરસદ મળતી નથી. ફુરસદ કામ કરનાર જ મેળવે છે એ મેં જોયું છે. મારાં માસી, મામી, ફોઈ, કાકીને ત્યાં પણ કોઈવાર સાંજનો જાઉં છું. તેમની સાથેની વાતચીતથી ન્યાતજાત સગાસંબંધીની ખબરો મળી શકે છે. કામકાજ વગરના પરવારતા માણુસોએ પુષ્કળ વાતોડીઓ સ્વભાવ રાખવો ખાસ જરૂરનો છે. વાતોમાં ને વાતોમાં વખત ચાલ્યો જાય ત્યારે અમુક ઠેકાણે જવાનું રહી ગયું, ચ્હા પીવાની વેળા વીતી ગઈ, જમવાને વાર થઈ, એવું એવું બને ત્યારે આપણે કાંઈ નકામા નવરા બેસી રહેનારા માણુસ નથી એવી પ્રતીતિ થઈ મનને સંતોષ થાય છે. મારે સુભાગ્યે મારી પત્ની પણ મારી પેઠે વખતનો ઉપયોગ કરનારી મળી છે. તે કામ કર્યા કરે તેમાં વાંધા જેવું મને ન લાગે, પણુ પોતે કામ કરનારી હોય તો, 'આખો દહાડો કાંઈ કામ કરતા નથી, ખાટલેથી પાટલે ને પાટલેથી ખાટલે એમ કરી દહાડો પૂરો કરો છો. પુરુષને ગમે એવો ધનવાન હોય તોપણ ઉદ્યમ જોઈએ,' એવાં એવાં મહેણાં મારે તો બૈરીના તાણા હું સાંભળી શકું નહીં. તેથી પોતે જ પાટલેથ ખાટલો ને ખાટલેથી પાટલો કરનાર મારા સ્વભાવને અનુકૂળ સ્ત્રી મને મળવાથી પરમેશ્વરનો પાડ માનું છું.

કામ વગર જીંદગી બોજા રૂપ છે એવું માનનાર, પણ, કામ કરવાને હાડકાં ન ચાલતાં હોય તેવાઓને માર્ગ દર્શાવવા મારો કાર્યક્રમ જણાવ્યો છે. હું કામ નથી કરતો માટે ખરાબ માણુસ છું એમ તો તમે કહી શકશો નહીં. અમારે સંતતિ નથી એટલે અમારી ટેવ અમારાં બાળકોને તો શીખવી શકીએ તેમ નથી તેથી વસુધૈવ કુટુંબ માની અન્ય જનોના લાભાર્થે આ પ્રકટ કરૂં છું.

"નચિંત."

૨૬.

પરોપકારી મનુષ્યો.*

અંગ્રેજીમાં કહેવત છે કે At forty a man is either a Physician or a fool. અર્થાત્ ચાળીસ વર્ષની ઉમરે માણસ કાં તો દાક્તર થાય કે મૂર્ખ રહે. મતલબ કે ચાળીસ વર્ષના અનુભવ પછી માણસ પોતાના દેહને લગતું કાંઈક ન જાણે તો તેને મૂર્ખ સમજવો. ઈંગ્લાંડમાં આયુષ્યની મર્યાદા મોટી છે, એટલે ચાળીસ વર્ષે દાક્તર બન્યે ચાલી શકે, કેમકે બીજાં ચાળીસ તો ઓછામાં ઓછાં કહાડવાનાં હોય જ. પરંતુ આપણા દેશમાં તો ચાળીસ વર્ષે બુઢાપો આવે એટલે આપણા દેશમાં દરેક મનુષ્ય, પછી તે સ્ત્રી હોય કે પુરુષ હોય, બાળકપણાની ઉમર પછી તરત જ વૈદ્ય કે દાક્તર જે કહો તે બને છે. આ પ્રમાણેનાં વગર શિખેલાં મનુષ્ય દાક્તર બનવા સાથે પણ fool રહેવાના સંભવનો અભાવ નથી. કેમકે દાક્તર અને મૂર્ખ એ અગ્રેજીમાં જેને categorical કહે છે તેવા વિભાગ—એટલે એક હોય તો બીજું ન હોઈ શકે ને બીજું હોય તો પહેલા વિભાગમાં ન આવી શકે તેવા નથી. માટે આવા અનુભવથી થએલાં વૈદ્ય દાક્તરો મૂર્ખ ન હોય એમ તો ન કહેવાય. તેમ તેઓ મૂર્ખ છે એમ કહેવાની ધૃષ્ટતા પણ હું કરી શકતો નથી. એટલુ તો સ્પષ્ટ છે કે એવાં વૈદ્ય દાક્તરો સ્વાર્થરહિત હોય છે. કેવળ પરોપકાર વૃત્તિથી—બીજાનુ દુઃખ દૂર કરવાના શુભ હેતુથી તેઓ વૈદકીય સલાહ બીજાંને આપે છે.

મને એક વાર આંજણી થઈ હતી. બે ત્રણ દિવસ મેં કાંઈ ઇલાજ કર્યો નહીં. એમ જાણ્યુ કે મટી જશે, એમાં શુ ભારે દરદ છે. પરંતુ આંજણીએ બહુ પીડા કરવા માંડી એટલે અમારા ઘરના દાકતર પાસે ગયો. તેમણે કહ્યું, ' એન પર કાંઈ લગાડવાની જરૂર નથી. પાકે એટલે મારી પાસે આવજો, હુ નસ્તરથી ફોડીશ. એક થઈ છે તેમાં કાંઈ ફીકર નહીં. ફરી થશે તો પીવાની દવા હું લખી આપીશ. બહુ પીડા થાય તો શેક કરજો. '

હું ઘેર આવ્યો ત્યારે અમારા કુટુંબના એક મિત્ર મને મળવા આવેલા હતા. તેમણે કહ્યું, ' ભાઈ ક્યાં જઈ આવ્યા ? આ આંખે શું થયું છે ? ' મેં ઉત્તર દીધો, ' આંજણી થઈ છે, માટે દાક્તર પાસે ગયો હતો,

* "જ્ઞાનસુધા"ના સને ૧૯૧૪ના જાન્યુઆરી—ફેબ્રુઆરીના અંકમાં છપાયેલો લેખ.

પણ, દાકતર કહે છે એને છેડશો નહીં. એની કાંઈ દવા નથી. બીજી થશે તો પીવાની દવા આપીશ.' આટલું સાંભળતાં અમારા એ મિત્ર ક્રોધે ભરાઈ ગયા. 'હરામખોરો ! દાક્તરોને સરકાર ગાંસડા ભરીને મફતનો પગાર ખવડાવે છે. વળી કહે છે કે એની કાંઈ દવા જ નથી ત્યારે એના ભણતરમાં શું પૂળો મૂકવાનો છે ? અને કહે છે કે બીજી થાય ત્યારે આવજો. બીજીની વાટ જુઓ, ને એ ભાઈસાહેબને ત્યાંથી પીવાની દવા લાવો, કે એમનાં ગજવાં ભરાય. એમાં દવા પીધે શું થાય ? તમે પણ ભલા માણસ છો. એક કોડીનું ખરચ નથી, તુવરની દાળ ઘસીને ચોપડી દો એટલે નરમ પડી જશે.'

મેં કહ્યું, 'દાકતર દવા આપવાની ના કહે છે ને તમે કહો છો કે એનાં ગજવાં ભરાય. દવા તો બજારની લાવવાની છે.'

અમારા મિત્ર બોલ્યા, 'તમે છેક ભોળા છો. એ તો ગાંધી વૈદનું સહીયારૂ. વિલાયતના દવાવાળાઓ દાક્તરોને પગાર આપે છે, પગાર, અને અહીંના વેચનારા કમીશન આપે છે'

મે વધારે તકરાર કરી નહીં. એટલામાં પોસ્ટમેન ટપાલ લઈ આવેલો હતો તે કહે કે, 'આ શેઠ ખરૂ કહે છે. દાળ ચોપડજો સાહેબ, પણ જરા ગરમ કરજો.'

અમારા મિત્ર કહે, 'અરે જો જો, ગરમ ન કરશો. આંજણી ગરમીથી થાય, માટે ઠંડી દવા લગાડજો.'

મેં કહ્યું, 'બહુ સારૂં.'

નોકર પાસે દાળ ઘસાવી પહેલી તો ઠંડી ચોપડી. વળી સાંજે ફરી ઘસાવી ગરમ કરી ચોપડી.

બીજે દહાડે બજારમાં કાંઈ લેવા હું ગયો તો દુકાનદાર કહે, 'સાહેબ આપને આંજણી થઈ છે તો જવ ઘસીને કાં ચોપડતા નથી. મફતની દવા છે, પણ જવ ઉભો ઘસવાનું ધ્યાનમાં રાખજો.' તેને ત્યાં કોઈ બીજો ગૃહસ્થ આવેલો હતો તે કહે કે 'ઉભો નહીં આડો, મારો તો તેવો અનુભવ છે.'

મેં ઘેર જઈ એક વાર ઉભો જવ ઘસી ને બીજી વાર આડો ઘસી ચોપડવા ધાર્યું. એમાં આપણું શું જાય, જેનાથી મટવાનું હશે તેનાથી મટશે. દુકાનમાંથી નીકળ્યા એટલામાં પાડોશની ચસ્માની દુકાનના માલિકે

અને દીઠો તે મારી પાસે આવી કહે કે 'ભાઇસાહેબ, મારૂં કહ્યું માનો તો આ તમને આંજણી થઈ છે તે માટે એક ઝાંખાં 'ગોગલ્સ' લઈ જાઓ. હું મારા સ્વાર્થ માટે નથી કહેતો. જોઈએ તો ખપ થઈ રહે એટલે એ જોડ પાછી મોકલાવજો. દુકાન આપની જ છે.' મેં ચસ્માની જોડ વેચાતી લઈ પહેરી દીધી.

ઘેર અમારા ઘરનો જુનો મુનીમ આવેલો હતો તેણે પૂછયું, 'ચસ્મા કેમ ઘાલ્યાં છે શેઠ ?' આંજણીની હકીકત જાણી તે કહે કે 'બધી વાત જવા દઈ કેસર ઘોળી ચોપડો. મારા બનેવીના બનેવીને, ભાણેજની ભાણેજને ને કુઆના કુઆને થઇ તી તે અમે તો એ ઇલાજ કર્યો હતો. રામબાણ છે. ઘડી એકમાં મટી જશે.'

કેસર મગાવી મેં લગાડયું.

હજામત કરવા હજામ આવ્યો તે કહે કે 'સાહેબ આ આંજણીપર શું લગાડો છો ? સહુ કરતાં સિંદુર મગાવી દાબી દો તો તરત જ આંજણી દબાઈ જશે.'

સિંદુર પણ મે દબાવ્યુ.

ઓફીસમાં અમારી સાથે કામ કરનારામાંના એક કહે કે 'ભાઈ હમણાં આંજણીના વાયરા છે તેથી થોડા દહાડા રહીને મટશે. અહીંથી રજા લઈ એક દહાડો ઓઢી પોઢીને ઘેર સુઈ રહો, ને તે કરતાં કાંઈકરવું જ હોય તો એક ટુચકો બતાવું. તમે કોઈ વાંઝણી સ્ત્રી જાણતા હો તો રાત પડે તેને ઘેર જઈ બારણાં ઠોકજો. તે પૂછે કે કોણ તો કહેજો કે–એ તો હું આંજણી રાણી. આજ મારે ઘેર ને કાલે તારે–એમ કહી ચાલ્યા આવજો. મારા સમ, ટુચકો અજમાવવા જેવો છે !'

પરાયે ઘેર કાંઈ કામ વગર રાતે એકલા જવાનું ઠીક ન લાગવાથી મેં ના કહી ત્યારે તેઓએ સાથે આવવા આગ્રહ કર્યો, ને તે રાતે મેં એ ઉપાય પણ અજમાવ્યો. પણ આંજણી તો જેમનો તેમ રહી.

બીજે દહાડે મારા ઓળખાણવાળા એક શેઠની મીલનો ભૈયો કાંઈ કામસર આવ્યો, તેણે કહ્યું, 'જી ઇસમેં ક્યા બડી બાત હે ! આઠ દિન એક છોટા કટોરા ભંગ પીના શુરૂ કરના. ઠંડી તો બડી યાકુતિ હૈ. આપ ઇનકા ગુન દેખ લો. ડાકટરકી દવાઈમેં ક્યા પીનેકા ?'

મેં કહ્યું, 'ભૈયાજી હું ભાંગ કે બીજો કોઈ કેફી પદાર્થ પીતો નથી'

ભૈયો કહે, ' અરે જી વો તો દવાઈ કે લીયે કહતા હું. થોડીસી જરૂર પીના ! ' પરંતુ એની સલાહનો મેં અમલ કર્યો નહિં.

મારાં વૃદ્ધ માસી પૂજાનું ચંદન ઘસતાં હતાં, તે કહે કે 'ભાઈ આ ચંદન લગાડી જો ! ' મેં તે લગાડયું. જમતી વખત રસોઈઓ કહે, 'સુંઠ ચોપડો.' મેં સુંઠ પણ ઉપર ચોપડી ખેપ લઈને ધોબી આવ્યો તે કહે કે 'લવિંગ ઘસીને ચોપડો, બળતરા તો બળશે પણ આંજણી ઉભી નહીં રહે. ' લવિંગ પણ લગાવ્યું. એટલામાં ૨ પિંજવા પિંજારો આવ્યો તેણે કહ્યું કે, ' એક બેદું લાવી તેની સફેતી લગાડો ને જુઓ કે હું ખરો છું કે ખોટો. આપ મોટા માણસ છો એટલે હું વધારે કહી શકતો નથી ' તે ઉપાય પણ અજમાવ્યો, કેમકે દુઃખથી હું કંટાળી ગયો હતો, અને કાંઈ કરતે આરામ થાય છે, એમ જાણી આ પરદુઃખભંજન મનુષ્યોની સલાહ અમલમાં એક પછી એક મૂકતો હતો.

ઘરની દળણાવાળી લોટ લઈને આવી તે કહે કે ' શેઠ સાહેબ, બધા ઉપાય કર્યા હશે, એક મારો અજમાવો આમલીનો કચુકો ઘસી તે કચુકાનો ઘસેલો છેડો આંજણીપર વળગાડી દેવો. તે મટના સુધી ત્યાં ચોંટી રહેશે. અને, મટશે એટલે એની મેળે ઉખડી જશે.'

આ ઉપાય પછી બીજું કાંઈ લગાડાય નહીં, તેથી તે છેલ્લો અજમાવવો ધારી મેં જવાબમાં 'ઠીક' એમ કહ્યું.

એટલે હું ઉભો હતો એટલે ગોળ વેચનાર મારવાડી આવ્યો તેણે કહ્યું, ' શેઠજી અમારા લોકો તો આવી આંજણી થઈ હોય તેના પર ગોળનો ચપકો દે. છરીના પાના પર ગોળ મુકી તેને તપાવી લગાડી દેવો. ગરીબ માણસનો ઉપાય છે. અમે દાકતરના પૈસા ભરીએ તો મરી જઈએ. '

ગોળનો ચપકો તે શેક જેવો જ ધારી તે દીધો પરિણામમાં દરદ વધ્યું. સાંજે અમારા ગોર કહે, 'ગોળ એકલો ગરમ, માટે, એલચીને ઘીમાં ઘસી લગાવી દો. ઘીમાં સર્વ ગુણ રહેલા છે. હું તો દીવેલ પીવાને બદલે ઘી જ પીઉં છું. '

એલચીને ઘી લગડાવતો હતો એટલામાં મારા એક પારસી દોસ્તદાર આવી ચડ્યા, તે કહે 'અરર ! મીસ્ટર આય સું ગોટાળું કરી મૂકયું છે ! આંખને ઘી ગોરના લાવરા કાંય ખવારોછ ' એક કાંદો કાપી તેનો રસ લગાડો અને તેનાથી ન મટે તો મને ચાર તમાચા મારજો '

જેમ તેમ કરી કાંદાની દુર્ગંધ વેઠી મેં એ પણ લગાડયો. હવે તો આંજણીના અંદર શા હાલ હતા તે ખબર પડે તેમ નહોતું. દવાઓનાં પડ ઉપરા ઉપરી આવી આંખની બાજુપર એક નાની ડુંગરી બની રહી હતી. તે પર છેવટે આમલીનો કચુકો પણ લટકાવી દીધો હતો. દરદ થયા કરતું હતું તેથી ખબર પડતી હતી કે આ સર્વ ઇલાજો હજી પોતાનું કાર્ય કરી રહ્યા નહોતા. વેદનાને લીધે હું સુઈ રહ્યો અને હવે કોઈ પૂછે તો કહેવું નહીં એવો નિશ્ચય કર્યો. એટલામાં મને ઠીક નથી જાણી મારાં એક વિધવા ફોઈ ખબર કાઢવા આવ્યાં. તે કહે કે, ' ભાઈ તમે ઇંગ્રેજી ભણેલા તે ગણેલા નહીં. હું તો મને કાંઈ પણ થાય ત્યારે જરા લોટ ઘીમાં શેકી ખાઈ લઉં. વાત, કફ, પિત્ત, બધું મને તો એનાથી હટે છે. જો બદામ હોય તો થોડી નાંખું. નહીં તો ઘી ખાંડ ને લોટ તો ઘરમાં હોય જ. તાવ આવે, ઉધરસ થાય કે વા આવે, માથું દુખે, કે સળેખમ થાય પણ મારો તો એક "પેટંટ" ઇલાજ છે પેટમાં દુખે તોપણ તે દહાડે નહીં પણ બીજે દહાડે એ ઉપાય કરવો કે દુખવાથી થએલી અશક્તિ મટે. ' ફોઈનું લાલ ચણોઠી જેવું શરીર જોતાં એ ઉપાયનું વાસ્તવિકપણું મારા મનમાં ઉતર્યું. વળી શીરાનો સ્વાદ પણ કોને ન ગમે ? માટે, બીજા ઉપાય કરતાં ઘણી વધારે ખુશીથી ફોઈના ઉપાય શરૂ કર્યો અને ઘણા દિવસ ચાલુ રાખ્યો. પણ આંજણી તો કશાને ગાંઠે નહીં. અંતે પાછો દાક્તરને ઘેર ગયો. તેમણે આસીસ્ટંટ પાસે દવાઓનો ડુંગર સાફ કરાવ્યો. એક કલાકે અંદરની આંજણી દેખાઈ, તે પર દાક્તરે નસ્તર મૂક્યું. મને આરામ થયો. મારાં હિતેચ્છુઓએ મારી દયા ખાઈને મારા દુઃખનો ભાર ઓછો કરવા કાળજી રાખી હતી તેમનો જાહેરમાં આભાર માનવાની આ તક લઉં છું.

ઓશિંગણ.

૨૭.

એક વિચિત્રતા.*

Fool અને દાક્તર એ categorical વિભાગ નથી એમ "જ્ઞાનસુધા"માં કોઈ લખનાર કહે છે તો વિચાર કરતાં એમ લાગે છે કે દુનીઆનાં મનુષ્યોના મોટા ભાગનો એ જ પ્રમાણે fool સાથેનો એવો વિભાગ થઈ શકે તેમ નથી. માત્ર દાક્તર એકલા જ છે એમ નથી. ધીકતા ધંધાવાળો વેપારી, કાયદામાં પ્રવીણ ધારાશાસ્ત્રી, બહુ અભ્યાસ કરેલો હોય તેવો શિક્ષક, અનેક મિલો ચલાવનાર શેઠીઓ, ન્યાય કરનાર ન્યાયાધીશ, પાર્લામેન્ટનો મેંબર, રાજ્યકારભાર ચલાવનાર કારભારી, સેનાપતિ, મહેસુલ ઉઘરાવનાર અમલદાર, ટપાલમાસ્તર, તારમાસ્તર, સ્ટેશનમાસ્તર, વર્તમાનપત્રનો તંત્રી, પોલીસ અમલદાર, ઇજિનેર, નાણાવટી, વણકર, સુથાર, લુહાર, ગોલો, ઘાંચી, મોચી, હજામ, રંગરેજ, દરજી, સોની, ધોબી, કડીઓ, માળી, કંદોઈ, ખેડુત, કુંભાર, તંબોળી, તાઈ, પિંજારો, કડીઓ, કાછીઓ, નોકર, પટાવાળો, રસોઈઓ, કલાલ, કસાઈ, ગાંધી, ભઠીઆરો, ચમાર, ઢેડ, વગેરે વગેરે અનેક પ્રકારના ઉદ્યમ કરનારા મનુષ્યો તેમના પોતાના કાર્યમાં કુશલ હોવા છતાં fool હોઈ શકે છે એ અનુભવસિદ્ધ છે. ત્યારે fool કોણ ન હોય એ પ્રશ્ન ઉભો થાય છે. જેનામાં common sense અર્થાત્ સામાન્ય સાદી સમજ હોય અને જે ચતુર હોય તે fool નહીં. એને માટે ગુજરાતી ભાષામાં જોઈએ તેવો શબ્દ નથી. મૂર્ખ એ વધારે સખત શબ્દ છે. મૂર્ખ કરતાં મૂર્ખાઈમાં કાંઇક ઓછા દરજ્જામાં fool આવે છે. અક્કલ વગરનો પણ ન કહેવાય. કેમકે ઉપર ગણાવ્યા તેવા મનુષ્યો અક્કલ વિનાના છે એમ કહેવું વાજબી નથી. મગજનો વિકાસ કોઈ અજબ વસ્તુ છે. મગજનો અમુક ભાગ અતિશય ખીલેલો હોય અને બીજો ભાગ બીલકુલ ખીલવા વગર રહી ગયો હોય એમ બને છે. કેટલાક ગણિતવેત્તાઓનું મગજ ગણિતશાસ્ત્રમાં અત્યંત ખીલ્યું હોય છે અને બીજા વિષયોમાં અથવા દુનીઆદારીની બીજી બાબતોમાં તેઓ કેવલ અજ્ઞાન હોય છે. કેટલાક વિજ્ઞાનશાસ્ત્રીઓનું મગજ તેમના પોતાના પ્રદેશમાં પરિપૂર્ણ વિકાસ પામેલું હોય છે અને તે સિવાય જુઓ તો શૂન્ય જ. કેટલાકની સ્મરણશક્તિ

* "જ્ઞાનસુધા" ના સને ૧૯૧૪ ના એપ્રિલથી જુન સુધીના અંકોમાં છપાયેલો લેખ.

અદ્ભુત વિકાસ પામેલી હોય અને બુદ્ધિપ્રભાવ નહીં જેવો હોય. આમ અપાર વિવિધતા મગજની જુદી જુદી શક્તિઓમાં રહેલી છે. ચતુરાઈનો અંશ જેનામાં ખીલવો રહી ગયો હોય તે fool કહેવાય; વિચક્ષણતાની ખામી જેનામાં હોય તે fool કહેવાય એમ નકારવાચક લક્ષણ એનું થઈ શકે છે. સાહિત્યમાં સ્ત્રીને ચતુરા કહી છે તે પરથી એમ અનુમાન થાય છે કે foolનું પ્રમાણ સ્ત્રીજાતિ કરતાં પુરુષોમાં વિશેષ હશે. પુરુષો બુદ્ધિનાં, શોધનાં, ડહાપણનાં વગેરે મહાન્ કાર્યો કરવા સમર્થ હોય છે પણ ચતુરાઈમાં સ્ત્રીઓ તેમનાથી ચઢે એમ કબુલ કર્યા વિના ચાલે તેમ નથી. જગતનો મોટો ભાગ foolsનો છે તો દાકતરને એકલાને તેમાં ગણવો વાજબી નથી. કોઈ વાંચનાર foolનું યથાયોગ્ય લક્ષણ દર્શાવશે અને તેને ઘટતો ગુજરાતી શબ્દ શોધી કહાડશે અથવા રચશે તો ભાષા અને વિચારને તેણે સહાયતા કરી ગણાશે.

જગતની સામાન્ય કોટીમાં આવનાર.

૨૮.

કોયલ વિશે હદપાર કવિતા.*

ચર્ચાપત્ર.

મે. જ્ઞાનસુધાના તંત્રી સાહેબ,

નીચે સહી કરનાર કોકિલાની એક નમ્ર વિનંતિ તરફ દષ્ટિ કરવા કૃપા કરશો. આવતી સાલ સાહિત્યપરિષદ્ ભરાવાની છે એમ સંભળાય છે. તે પરિષદ્ સાથે આપને સંબંધ છે એમ પણ સાંભળ્યું છે. તો એટલી જ મારી વિનંતિ છે કે એ સભામાં એક ઠરાવ એવો પસાર કરવો કે કવિઓ અગર કવિ કહેવડાવનારાઓ હવે પછી કોયલપર કવિતા લખવાની બંધ કરે. પ્રભાતમાં કોયલ, સવારમાં કોયલ, બપોરે કોયલ, સાંજે કોયલ, રાત્રે કોયલ, મધરાતે કોયલ, પાછલી રાતે કોયલ, મીઠી કોયલ, દિવ્ય કોયલ, મધુર કોકિલા, પ્રેમી પરભૃતિકા, અવર્ણનીય કોકિલા, શહેરમાં ટુહુકાર, અરણ્યમાં કોકિલસ્વરભણકાર, આકાશમાં કૂહુરવ, પૃથ્વીપર ટુહુટુહુ, ઝાડમાં અદૃશ્ય કોયલ, વસંતની માનીતી કોકિલ, પ્રેમીઓને પ્રિય પરભૃત, આંબાના ઝુંડમાં અદ્ભુત ટુહુકાર, બ્હેનાં કોયલડી, વગેરે વગેરે વાંચી અમે ધરાઈ

* "જ્ઞાનસુધા"ના સને ૧૯૧૪ ના જુલાઇના અંકમા છપાયેલો લેખ.

ગયાં છીએ. તમે મનુષ્યો એમ સમજતા હશો કે અમો પક્ષીઓ કાંઈ સમજતાં નથી અગર વાંચી શકતાં નથી, પરંતુ એ તમારૂં અજ્ઞાન છે. મારી એટલી જ યાચના છે કે હવે બહુ થયું. થોડાં વર્ષનો ગાળો પડવા દો. ત્યાં સુધી કોયલને છેડયા વિના ખુશીથી ચાલશે. કોયલના ટહુકાની મીઠાશની ખરી કિંમત થશે. આ તો કવિઓ કોઈને પોતાની મેળે તેનો અનુભવ કરવા દેતા જ નથી. અને, તેમને પોતાને બધાને તે દિવ્ય લાગે છે કે નહિં તે વિશે મને શંકા છે. એક કવિ લખી ગયો એટલે કવિનો પરવાનો મેળવવા એવું એવું કાંઈ લખવું જોઈએ એમ ધારી ઘણાક તો ઝુકાવે છે. તેઓ જાણુતા નહીં હોય કે જેની પ્રશંસામાં તેઓ આટલું આટલું લખે છે તે જ કોયલ તેમને મુછમાં હસે છે. (મુછમાં કારણ કે કવિઓ ગમે તેમ ખોટું ખરૂં ધારતા હોય પણ અમારામાં ટહુકાર કોયલડી નહીં પણ કોયલડો એટલે નર કરે છે અને તેને એટલે નરજાતિને તો મુછમાં હસવાનો અધિકાર છે.) એમ લાગે છે કે હજી નવીન કવિઓ ઉત્પન્ન થવાના તે કોયલપર કવિતા લખવાના. તો તેઓ ઓછામાં ઓછાં પચીસ વર્ષ સુધી એ બાબત હાથમાં ન લે તો ભવિષ્યનો કોઈ નૈસર્ગિક કવિ કોયલ સંબંધે કાંઈક અપૂર્વ કથન કહેશે. આ તો નવી કલ્પનાનો ઉદ્‌ભવ થવાનો સંભવ જ જતો રહ્યો છે. એનું એ ફરી ફરી સાંભળતાં તમને પણ કંટાળો આવ્યો હશે. માટે તમારા તેમ જ અમારા મનની શાંતિને ખાતર, કવિત્વના ઉલ્લાસને ખાતર અને ભવિષ્યની પ્રજા તરફની જવાબદારીને ખાતર ઉપર જણાવ્યો તેવો ઠરાવ અવસ્ય મૂકાવશો. અને તે અમલમાં મૂકવા માટે, સર્વ પત્રો તેવાં કાવ્યો દાખલ ન કરે એવી ગોઠવણ કરાવશો. જોઈએ તો તેમાં અનુમોદન આપવા હું જાતે આવી એક ટહુકાર કરનાર અમારામાંથી લઈ આવીશ. આની વિસ્મૃતિ ન થવા યાચના છે.

લિ. તમારૂં ભલું ઈચ્છનાર,

કોકિલા ઉર્ફે કોયલ ઉર્ફે પરભૃતિકા.

૨૯.

હિંદુસ્તાનના વીસ અધમ પુરુષો.*

ચર્ચાપત્ર.

મે. જ્ઞાનસુધાના તંત્રી સાહેબ,

સુપ્રસિદ્ધ "વસંત" માસિકમાં કેટલાક વખત ઉપર હિંદુસ્તાનના વીસ મહાપુરુષોનાં નામની ચર્ચા ચાલી હતી. સ્વ. વીલીઅમ સ્ટેડે પ્રથમ દુનીઆના મહાન વીસ પુરુષોનાં નામની ચર્ચા શરૂ કરેલી. થોડો વખત તો આ ચર્ચાની નવીનતાને લીધે સહુ કોઈને ઉત્સાહ થયો. પરંતુ એ ચેપ ફેલાયો. ગુજરાતના દસ મહાન પુરુષો, ગુજરાતી ભાષાની દશ ઉત્તમ નવલકથાઓ, વગેરે વગેરે ચર્ચાઓ ચાલી. આથી 'ઉત્તમ' અને 'મહાન' શબ્દોપર કાંઈક કંટાળો, અરુચિ ઉત્પન્ન થઈ અને તેને પરિણામે હિંદુસ્તાનના વીસ અધમ પુરુષોની યાદી માગવાની હું હિંમત કરૂં છું. મહાનપણું અને ઉત્તમતાના દૃષ્ટિબિન્દુમાં કાંઈક ભિન્નતા જોવામાં આવી છે. સહુ પોતપોતાને ગમતા મનુષ્યોને મહાન ઠોકી બેસાડે છે. પણ અધમતાનું ધોરણ એકંદરે સરખું આવશે એવી આશા રહે છે. જો અધમ મનુષ્યોનાં નામ ગણાવવાથી પણ કાંઈ ફાયદો નથી એમ કોઈને લાગતું હોય, તો ઉત્તમ મનુષ્યોનાં નામ ગણાવવાથી કાંઈ ફાયદો નથી એમ કેમ ન કહી શકાય? જેમણે દેશ પર મહાન ઉપકાર કર્યા છે તેમનાં નામ ગણાય તો જેમણે દેશની અધોગતિ કરવામાં સહાયતા કરી છે તેમનાં નામ આપણા વિદ્વાનોને મતે કયાં છે તે જાણવું જોઈએ. બીજું કાંઈ નહીં તો તમારા પત્રને એથી ખોરાક મળશે, લોકોમાં હલમલાટ થશે, મિત્રોની વાતોમાં એ ચર્ચાના વિવાદ થશે, યુવકોમાં ઉત્સાહ પ્રેરાશે, સાધારણ રીતે લેખકની ગણનામાં નહીં હોનારાને લેખક બનવાનો પ્રસંગ મળશે, દેશના છૂપા ખુણામાં પડેલાં રત્નો પોતાના અભિપ્રાય સાથે તમારા પત્રમાં જ્વલંત કીર્તિમય સ્થાન પામશે. ઉછરતી પ્રજાની નીતિરીતિ પર આવી ચર્ચાઓ પુષ્કળ અસર કરી શકે એમ મારૂં માનવું છે. અશોક, અકબર, મનુ, ભાસ્કરાચાર્ય, દાદાભાઈ નવરોજી, કરસનદાસ મૂળજી, દયાનન્દ સરસ્વતી, મહારાજા ગાયકવાડ, વગેરે નિર્વિવાદ મહાપુરુષોનાં નામ અથવા હકીકત જાણી તેમના જેવા થવા

* "જ્ઞાનસુધા"ના સને ૧૯૧૪ ના જુલાઈના અંકમાં છપાયેલો લેખ.

આપણા તરુણો યત્ન કરશે તો તે સાથે કરણરાજાનો દિવાન માધવ, કનોજ-નો રાજા જયચંદ, તાત્યાટોપી, બીજો બાજીરાવ પેશ્વા, અલાઉદ્દીન ખીલજી, વગેરે મનુષ્યોની અધમતા તજવા અને તેમના જેવા નહીં થવા કેમ પ્રયત્ન નહીં કરે ? બેશક કરશે જ. ઇતિહાસમાંના મહાન પુરુષો સિવાય બીજા ઘણા પુરુષો એવા છે કે જેમણે દેશહિતેચ્છુઓના સર્વ પ્રયાસો ઉધા વાળવાના અને અગાઉના મહાન પુરુષોએ કરેલી સેવાને નષ્ટપ્રાય કરવાના ચાલુ પ્રયાસ કર્યા છે, અને દેશને સુધારણા ધર્મ તથા નીતિમાં અવનતિ પ્રાપ્ત કરવાનો ઇજારો લીધેલો છે; તે સર્વ આ યાદીમાં આવી શકશે. એ માટે સુજ્ઞ વાચક વર્ગને વિશેષ સૂચના કરવા જેવું નથી. તેમ છતાં અધમોની યાદીની યોજના આપને ન રૂચે તો લાચારીથી મુંબાઇ શહેરના કે અમદાવાદના દસ મહાન પુરુષોની યાદી માગવા વિનંતિ કરૂં છું. કેમકે ગુજરાત પછી બીજાું બાકી રહેતું નથી.

લિ. દેશનું હિત જાણનાર.

૩૦.

નમુનેદાર પુરુષ.*

'સરસેકા તીન પાઉ" આબુ પર્વત જઈ નમુનેદાર સ્ત્રીનાં લક્ષણ જાણી આવ્યા એ જોઈ મને વિચાર થયો કે ઉડ જીવ તું પણ કંઈ અજ-માવી જો. પહેલી જ તકે હું માઉન્ટ આબુ ગઈ. ત્યાં ફરતાં એક માણસ જેટલું ઉંચું મૂળાનું ઝાડ જોઈ મેં મારી સાથે કોઈ જાણીના ગૃહસ્થ હતા તેને પૂછ્યું, ભાઈ આવડો મોટો મૂળો શો ? તેમણે કહ્યું કે, એક મહાત્મા અહીં ઉભા ઉભા મૂળા ચાવતા હતા તે ચાવતાં તે મૂળાના સ્વરૂપમાં બદલાઈ ગયા તેનું આ ઝાડ છે. એ સાંભળી મારી નિરાશાનો પાર રહ્યો નહીં એટલામાં તે જ ગૃહસ્થ બોલી ઉઠયા, લોક કહે છે કે એ મહાત્મા હાલ હિમાલય પર્વત પર વસે છે. આ સાંભળ્યુ કે મે પોટલાં બાંધી ત્યાંથી ચાલતી પકડી. અમો બૈરાં પણ ઝપાટાબંધ મુસાફરી કરી શકીએ છીએ. ત્યાંથી નીકળી તે છેક હિમાલય પર જઈ પહોંચી ત્યાં સુધી વિરામ લીધો નહીં. ત્યાં ફરતાં ફરતાં એક સાધુને મોગરીના મોટા ઢગલા પર બેસી મોગરી ચાવતા જોયા. તે પરથી મેં અનુમાન કર્યું કે મૂળાની સગી માજણી બહેન તે મોગરી અને

* "ગુલશને ઇલ્મ" ના માહે નવેંબર સને ૧૯૧૨ના અંકમાં છપાયેલો લેખ. આ માસિકના ઑક્ટોબર ૧૯૧૨ ના અંકમાં 'નમુનેદાર સ્ત્રી' એ મથાળાનો લેખ આવેલો તેના જવાબ રૂપે આ લેખ લખાયેલો છે.

અહીં મૂળા નહીં થતા હોય તેથી મોગરી ચાવતા બેઠેલા તે પેલા જ મહાત્મા હોવા જોઈએ. મારો તર્ક ખરો પડયો; કેમકે તેમણે જ મને જોઈ પ્રશ્ન કર્યો કે, 'બાઈ તું "સસ્સેકા તીન પાઉં" તરફથી આવી છે ?' મેં કહ્યું, 'ના મહારાજ.' મહાત્મા બોલ્યા, 'સસ્સેકા તીન પાઉં' મારી પાસેથી સ્ત્રીનાં લક્ષણ લખી ગયા તેવા જ 'સસ્સેકા તીન પાંઉ' કરી ગયા. પછી મને ખબર પડી કે ઓરત જાતને ચાહનાર તેમાં ખાસ કરીને પારસી સ્ત્રીઓની દાઝ જાણનાર તો કોઈ "ગુલફામ" છે. તારૂં નામ તો ગુલફામ નથી ?' મે કહ્યું, 'ના મહારાજ, મારૂ નામ "ગુલફામ" કે "બેફામ" કાંઈ નથી. ગુલફામ તો પુરુષ છે અને તેથી જ સ્ત્રીજાતિના આટલા મોટા ખેરખાહ છે.'

'ત્યારે તું કોઈ પેલી વિલાયતની સફ્રેજેટ છે ?'

'ના મુરબ્બી, હું તો આપણા હિંદુસ્તાનની છું, અને, સફ્રેજેટનું કાંઇ સમજતી નથી.'

'તો અહીં કેમ આવી છે ? તારે ત્યાં મોગરીનો દુકાળ તો નથી પડયો ને ? મારી પાસેથી તે મળવાની આશા રાખીશ નહીં.'

મેં ઉત્તર દીધો, 'ગુરુજી, હું નમુનેદાર પુરુષ કોને કહેવો તે જાણવા આપની પાસે આવી છું.'

મહાત્મા કહે, 'પણ પુરુષવર્ગનું હિત ચાહનારી તું છે એમ શા પરથી મારે જાણવું ?'

'મહારાજ ! પુરુષો પ્રત્યક્ષ રીતે તેમ જ આડકતરી રીતે વ્યવહારમાં તથા મજાકરૂપે સ્ત્રીઓને હલકું પદ આપે છે તે માટે બનતા સુધી કાંઈ ન બોલતાં "નહીં બોલ્યાના નવ ગુણ" ગણી સ્ત્રીજાતિ, પુરુષો તરફ ખરા અંતઃકરણથી માનની લાગણી ધરાવે છે એ આપથી અજાણ્યું નથી. પુરુષોનું હિત ચહાવું એ તો અમારો ધર્મ જ છે. પુરુષવર્ગનું હિત ન ચહાય તેવી કઈ સ્ત્રી હોય ?'

'તો સાંભળ નમુનેદાર પુરુષ કેવો હોય તે તને ગણાવું એટલે કોઈને અન્યાય ન થાય, અને બંને કાટલાં સમતોલ થાય.'

કપટી. કપટીપણું એ દુનીઆ સરજાઈ ત્યારનો પુરુષોનો કાયમનો ગુણ છે. સ્ત્રીઓને કપટજાળમાં ફસાવતાં ન આવડે તે મરદ કહેવાય જ નહીં.

ખોડખાંપણ વિનાનો પોતાને માનનાર. ખામીઓ બધી પરમેશ્વરે સ્ત્રીઓમાં જ રાખી છે એમ દૃઢતાથી માનનાર.

ગડબડખોર. અરે ગડબડખોરી સ્ત્રી તો સારી. કૉલરમાં બટન ન પરોવાતું હોય અગર ઑફીસ જતે શૂ હોર્ન કે છત્રી ન જડતી હોય તે વખતનું ધાંધલ કયાં કોઈને અજાણ્યું છે ?

ઘધેડા જેવા વરને વેઠનાર ગાય જેવી સ્ત્રીને ન વેઠી શકનાર અને તેને હાડમાર કરનાર પુરુષોનો તોટો નથી. ઘધેડા એ ઇશ્કાબના પુરુષો એકલા હકદાર છે.

ચલણી નોટો પેઠે જાતને વટાવી રૂપીઆ કરનાર. પારસી અને બીજી કોમમાં આવા પુરુષો પરણી કુટુંબમાં ચલણી નોટો પેઠે રૂપીઆ ઘસડી લાવી શકે છે.

છાકટો. છાકટા બનવુ એ મરદાઈનું લક્ષણ છે. છાકટો ન બને તે મરદ શાનો ? કોઈક સ્ત્રી છાકટી થતી હશે, પણ, છાકટા બનવાની મોનોપોલી તો ઈશ્વરે મરદોને જ આપેલી છે.

જરા જરામાં છેડાઈ પડનાર. આજ રસોઈમાં મીઠું ઓછું છે, કાલ બહારથી મોડી કેમ આવી, ફલાણાના સામું કેમ જોયુ, વગેરે વગેરે રીતે ડગલે ડગલે બૈરી સાથે છેડાવું એ પુરુષનુ સામાન્ય લક્ષણ છે.

ઝેરીલો. આમાં વેર અને અદેખાઈ બે ગુણનો સમાવેશ થાય છે

ટેક વગરના હોય તે જ પુરુષ સમજવા. સ્ત્રીઓ ટેકવાળી હોય છે.

ઠગારા. આહા ! આ દુનીઆમાં ઠગારા પુરુષો ન હોત તો દુનીઆ સ્વર્ગ બનત.

ડોળઘાલુ. ઢમઢોલ માંહે પોલ હોવા છતાં પૈસા, વિદ્વત્તા, હોંશીઆરી વગેરેનો ડોળ રાખતાં ન આવડે તો ખરો મરદ બચ્ચો ન સમજવો.

ઢઠ્ઠો. ઢઠ્ઠા જેવા હોવાનો અધિકાર ફક્ત પુરુષોનો જ છે, સ્ત્રીઓ ઢઠ્ઠા જેવી હોઈ શકતી નથી.

ણ અક્ષરથી મરદોની લાયકાત દેખાડનાર શબ્દ નથી, પણ, દુનીઆમાં દુર્ગુણ છે તે સઘળા પુરુષવર્ગમાં એટલા બધા ભારે પ્રમાણમાં છે કે તેના પુરાવામાં તરંગો જોવાની તને ભલામણ કરૂ છું.

તામસી. તામસીપણું એ પુરુષો પર ઈશ્વરની ખાસ બક્ષીસ છે. મીજાજ જવો, ગુસ્સે થવું એ જેમનામાં ન હોય તે બાયલા જાણવા.

થથરાવવું. આ મરદોનો હક છે. રાંક અસીલ બૈરી પર ડોળા કહાડવાનો કરાર—વગર લખેલો—પરણતી વખત મરદોએ કરેલો છે એ જાણવું.

દમ ભરાવવો. એ પણ ઉપરના કરારમાં સામેલ થએલો છે.

ધણીઆણીને તરણાને તોલે ગણનાર. ધણીઆણી તે શી ગણતરીમાં. એક મરે તો બીજી, બીજી મરે તો ત્રીજી, ત્રીજી મરે તો ચોથી, ચોથી જાય તો પાંચમી ad infinitum.

નગુણા. રાત દહાડો તાબેદારી ઉઠાવતી, ઘરનું વૈતરૂ કરી તાળકી ઘસી નાંખનારી, ધણી કે બચ્ચાંને રખે કાંઈ અગવડ પડશે એ ખ્યાલથી સુખે સુઈ પણ ન રહેનારી બૈરીથી કાંઈ જરા ઓછું થયું કે જોઈ લો.

પઇસા માટે તમામ યુક્તિઓ પ્રમાણિક, અપ્રમાણિક–કામે લગાડનાર. પૈસા માટે ખુશામત કરનાર, પૈસાને સલામ કરનાર પુરુષો દુનીઆના કયા ભાગમાં નથી ?

ફરતો. ફરવું હરવું એ તો જન્મ્યા ત્યારથીજ પુરુષો પોતાને માટે લખાવી લાવ્યા છે. રખડવું એમાં મરદોની મરદાઈ તથા ઇજ્જત છે.

બેવચની. આ ગુણથી હજારો સ્ત્રીઓનાં હૈયાં પુરુષોએ કચરી નાંખ્યાં છે.

ભોળપણનો લાભ લેનાર. સ્ત્રીજાતિના ભોળપણનો લાભ લેવામાં એક્કા.

મૂછાળા મૂર્ખ. 'મૂછાળા મૂર્ખ' એ કવિ દલપતરામના વચનના એકલા હકદાર.

યકીન વગરના. બૈરાં ભોળાં તથા યકીનવાળાં હોય છે. મરદ તેથી ઉલટા.

રમતાપંચી. આ અધિકારમાંથી બૈરાંને બાતલ કરવામાં આવેલાં છે.

લાત મારવામાં બહાદુર. મારફાડ કરવામાં પુરુષોની બરોબરી કોઇથી થાય તેમ નથી.

વેરવિખેર કરનાર. આ કામ પુરુષોનું જ છે. ગમે તેવાં ગોઠવેલાં કપડાં, ચોપડીઓ, ઘર એક મિનીટમાં વિખેરી નાંખવાનો કન્ટ્રાક્ટ પુરુષોએ હંમેશને માટે લીધેલો છે.

શરમ વગરનો. નફટાઈ તે મરદાઇનું ભૂષણ છે.

સખત હૈયાનો. સખતાઈ તે મરદાઈનું બીજું નામ છે.

હુંપદમાં ભરી રહેલા. આખું જગત્ જાણે પુરુષો એટલા ચલાવતા હોય નહીં !

ગાળ મોમાં ભરેલા. સ્ત્રીઓ તો 'ળંકાર' વાપરે છે પણ પુરુષોને વાપરવા માટે ગાળ રાખેલી છે.

ક્ષમા કરવામાં પછાત–ઘણાજ પછાત. જે જે વાંક સ્ત્રીજાતિ પુરુષજાતિના

સહેલાઇથી માફ કરે છે તે જ ગુનાહ માટે સ્ત્રીને કદી નહીં માફ કરનાર. જ્ઞાનમાં પોતાના સમાન કોઈ નહીં એમ માનનાર. 'સ્ત્રીની બુદ્ધિ પાની'એ એ કહેવત જોડનાર.

મહાત્માએ ગણાવેલા નમુનેદાર પુરુષના ગુણોની માળા 'સસ્સેકા તીન પાવ'ની એપોલોજી માગી પુરુષવર્ગને અર્પણ કરૂંછું.

નહીં બોલ્યાના નવ ગુણ.

૩૧.

ચકરડાં ભમરડો.*

દીલ્હીના બાદશાહની સ્વારી ગુજરાતમાં હતી તે વખતે એક વેળા બાદશાહ શિકારે નિકળ્યા હતા. હરણ પાછળ ઘોડો દોડાવતાં બાદશાહ બહુ આગળ નિકળી ગયા, અને, પોતાના સાથીઓથી છુટા પડી ગયા. મધ્યાહ્નનો વખત થયો હતો. મુકામ બહુ દૂર રહી ગયો હતો. નજીકમાં કોઈ ગામ જણાતું નહોતું. ભુખ જોર કરવા લાગી, અને, તરસથી ગળું સુકાવા લાગ્યું. આગળ વધતાં અને આસપાસ નજર કરતાં આઘે એક ખેતરમાં કોસ ફરતો જણાયો. બાદશાહ ઘોડો ચલાવીને કોસ પાસે ગયા. ખેતરમાં બે પાટીદારો હતા તેમને બાદશાહે પોતાની ભુખતરસની હકીકત કહી. પાટીદારોએ બાલવામાં તોછડાઈ ઘણી કરી, પણ, રોટલો આપ્યો તે બાદશાહે ઝાડ તળે બેસીને ખાધો, અને, પાણી આપ્યું તે બાદશાહે પીધું. જતી વખતે બાદશાહે પોતાની આંગળી પરથી રત્નજડિત વિંટી કાઢીને આપી, અને, પોતે દીલ્હીનો બાદશાહ છે તે પ્રકટ કર્યું, તથા, પાટીદારોને કોઈ વખત દીલ્હી આવી મહેલમાં મળવાનું નિમંત્રણ કર્યું.

પાટીદારો કાકો ભત્રીજો હતા કેટલોક સમય ગયા પછી બન્ને દીલ્હી ગયા. હાથમાંના હુક્કા ગગડાવતા મહેલના દરવાજામાં પેસવા જતા હતા ત્યાં દરવાને રોકયા. ભત્રીજો ગુસ્સે થઈ બોલ્યો, 'બાદસ્યાને કહે કે ગુજરાતથી તારા બનેવી આયા સે.' દરવાનના ધક્કા ખાઈ બન્નેને પાછા જવું પડત, પણ, કાકાએ પોતાની આંગળી પરની વિંટી બતાવી તે જોઈ દરવાન સ્તબ્ધ થઈ ગયો. પાટીદારોને ઉભા રાખી દરવાન પાદશાહ પાસે ગયો અને કુરનસ કરી બોલ્યો, 'જહાંપનાહ! ગુજરાતસે દો આદમી આયે

---

* આ અને આ પછીની ચાર વાર્તાઓ બીજાઓને મ્હોડે સાંભળેલી તે અહીં લેખની શૈલીમાં ગોઠવી પ્રકટ કરી છે.

હુયે વો અંદર આનેકુ ઇંતેઝાર હૈ; બડી બેઅદબ જુબાન બોલ રહે હયે, મગર બાદશાહ સલામતકી અંગુશ્તરી એ લોગકે પાસ હયે. '

બાદશાહે બધી એંધાણીથી બાપા ભાવડાને ઓળખ્યા. અને, તેમને અંદર આવવા દેવા દરવાનને હુકમ કર્યો કાકો ભત્રીજો મહેલમાં દાખલ થયા. દીવાનખાનામાં આવ્યા ત્યાં બાદશાહની સમક્ષ ગુણકાનો નાચ ચાલી રહ્યો હતો. દરબારીઓનાં ટોળાં બે બાજુ ઉભા રહેલાં હતાં. ગાયન અને નૃત્ય ઉપર ફિદા થઈ દરબારીઓ ડોકાં ધુણાવતા હતા, અને, ' વાહવાહ, ' ' કયા બાત હયે, ' ' શાબાશ ' વગેરે હર્ષોદ્‌ગાર કાઢતા હતા.

પાટીદારોએ કોઈ દિવસ નાચ જોયો નહોતો; અને, આ શું ચાલે છે તે તેમને સમજણ પડી નહિ. અંતે તર્ક દોડાવી ભત્રીજાએ કાકાના કાન આગળ જઈ કહ્યું, ' કાકા ! '

કાકાએ કહ્યું, ' હાંહુઆં ! '

' આ બધાં માણહાં ગાંડાં ભેગાં થ્યાં સે ! '

' ચ્યમ વારૂ ? '

' આ બાઇડાને ચકરડી ભમરડી થઇ સે ને મારા બેટા કોઈ હમજતા નથી. પણ હમણાં ભુહ દઈ ને હેઠે પડેસે ! '

' તાણે ચ્યમ કરીશું ? '

' ચ્યમ તે મારા બળધ્યાને એવું થ્યું તું. પણ ડામ્યો કે ને તે ચટ લઇને હારૂ થઈ જ્યું. '

' તે આને ચ્યમ કરીશું ? '

' આને એ એમ જ તો. આ એ ફુદડી ફરતી આણી પા આવે તાણે તમે એનો ટાંટીઓ ઝાલજો ને હું આ મારા હોકાની ચલમ ચોંપી દઇશ. '

કાકાએ પોતાનો હુકકો આઘો મુકયો, અને, બન્ને જણ સજ્જ થઇને ઉભા. ગુણકા નાચતી નાચતી અને ગાતી ગાતી પાસે આવી એટલે કાકો ભત્રીજો ' અલ્યા, ઝાલો ઝાલો ! ' કહી આગળ ધસ્યા. ચકિત થયેલા દરબારીઓને વિસ્મયકારણ સમજાયું તે પહેલાં કાકાએ ગુણકાનો પગ ઝાલ્યો, અને, ભત્રીજાએ તે પર હુકકાની ઉની ઉની ચલમ ચાંપી દીધી.

અલબત્ત, ચકરડી ભમરડી બંધ થઈ ગઈ.

૭૨.

' જમ્યો ' કોણ કહેવાય ?

જાગનાથ મહાદેવમાં ત્રીસ મણ લાડુ થયો અને બ્રાહ્મણ જમ્યા. જમીને પાછા આવતા ભૂદેવો મને રસ્તામાં મળ્યા. મિષ્ટાન્નના ભારથી ભરપુર થયેલી વેદમૂર્તિઓ ગજગામિની થઈ ચાલતી હતી. ત્યાં એક ભૂદેવને બે માણસોએ પાંગોઠેથી ઝાલેલા હતા. તેમણે ડોકું એક તરફ ખભે નાખેલું હતું. મહા મહેનતે પગ ઉપાડી આગળ નાખતા હતા, અને. પાંગોઠેથી ઝાલનાર ધકેલતા તથા ઘસડતા હતા ત્યારે થોડું આગળ વધાતું હતું. મેં પાસે જઈ પુછ્યું, ' કેમ, મયાશંકરભાઈ ! જમ્યા ? ' મયાશંકરભાઈએ ડોકાની સ્થિતિ કાયમ રાખી આંખો સહેજ મારી તરફ ફેરવી. પછી ઝીણો ઘાંટો કાઢો અને હાથ પહોળો કરી બોલ્યા,

' હું સું જમ્યો ! જમ્યા તો દયાસંકરભાઈ, કે ખાટલે ઘલાઈને આવે છે '

હું આગળ ગયો તો ખાટલો આવતો દીઠો. એક ઓટલા પર ચઢી મેં નજર કરી તો ખાટલો ચાર માણસોએ ઉપાડેલો હતો અને, તે ઉપર દયાશંકરભાઈ ચત્તા પાટ પડેલા હતા. હાથ પગ લાંબા અને પહોળા કરી નાખેલા હતા. શ્વાસ બહુ મુસ્કેલીથી લેવાતો હતો, અને તેથી પેટ સહેજ ઉંચું નીચુ હાલતું હતું એટલુ જ ચૈતન્યનું ચિહ્ન દેખાતું હતું. ઓટલા પાસે ખાટલો આવ્યો એટલે મેં પુછ્યું, ' કેમ, દયાશંકરભાઈ જમ્યા ? '

દયાશંકરભાઈ ડોકું કે આંખો મારી તરફ ફેરવી શકયા નહિં. પણ, થોડી વાર પ્રયત્ન કરી ગળામાંથી ઘણો મંદ ઘાંટો કાઢી બોલ્યા,

' અરે હું સું જમ્યો ? જમ્યા તો જયાસંકરભાઈ કે ઠામે જ રહ્યા. '

આગળ ચાલતો હું જાગનાથ મહાદેવમાં ગયો. મંદિરની પડાળીમાં બ્રાહ્મણ જમ્યા હતા ત્યાં જઈ જોયું તો જયાશંકરભાઈ ઠામ પર ફસાઈ ગયેલા હતા. તેમનાથી ઉભા થવાય તેમ નહોતું, અને, તેમને ઉભા કરાય તેમ નહોતું. પાતળા લુગડાના પોટલામાં ઠાંસી ઠાંસીને ભરેલા ગોળ ઉપર પાણી પડયા પછી પોટલું ઉંચું કરવા જતાં તે ફસકી જવાની ધાસ્તી લાગે તેવી ધાસ્તી જયાશંકરભાઈને ઉંચા કરવા જતાં લાગતી હતી. તેમનાથી હલાતું નહોતું અને શ્વાસ લેવાતો નહોતો તેથી તે રૂંધાઈ ગયેલા હતા અને બહેબાકળા થઈ ગયેલા હતા. મેં પાસે જઈ પુછ્યું, ' કેમ, જયાશંકરભાઈ ! જમ્યા? '

ઉત્તર દેવાની જયાશંકરભાઇની ઇચ્છા હતી, પણ, તે ઇચ્છા પાર પાડી શકાય તેમ નહોતું. પાસેની ઓરડીમાં નવેણુમ રસોઈ હતી તે તરફ આંગળી સહેજ વાળી, અને પછી, હોઠ ફફડાવ્યા. પણ, એટલા જ શબ્દ સંભળાયા કે 'હજી બહુ બાકી રહ્યું.'

૭૩.
બડા દાદાની હોંશીઆરી.

જમાલ, કમાલ, બન્નુ, અહમદ વગેરે નદીકિનારે રમતા હતા. એવામાં નદીમાં લાકડું તણાતું આવ્યું. લાકડાની આકૃતિ વિચિત્ર હતી, અને, ઘણા દહાડા પાણીમાં રહેલુ હોવાથી તે ઉપર લીલ બાઝેલી હતી. છોકરાઓએ લાકડું ઉચકીને બહાર કાઢ્યું, પણ, તે શું છે તે કોઈને સમજાયું નહિં. જમાલ કહે, 'યે પોપટ હયે.'

કમાલ બોલ્યો, 'તેરેકું દીખતા હયે કે નહિં! યે તો મોર હયે!'

અહમદે કહ્યું, 'તુ બી અંધા ઓર જમાલ બી અંધા. યે તો કાકાકૌઆ હયે.'

બન્નુ કહે, 'તુમ સબ હેમક હો. યે તો બીલ્લી હયે.'

લઢાઈ ચલાની આખરે બધાએ ઠરાવ કર્યો કે, 'ઇસિકુ બડે દાદેકે પાસ લે ચલો.'

છોકરાઓ લાકડું ઉપાડીને બડા દાદા પાસે લઈ ગયા. બડા દાદા લાકડું જોઈ ચકિત થયા, પણ, કાંઈ બોલે તે પહેલાં અહમદે ફરિયાદ કરી, 'દેખો, બડે દાદે, મેં કહેતા હું કે યે કાકાકૌઆ હયે. મગર યે લોગ નહિં માનતે.'

કમાલે કહ્યું, 'યે પોપટ હયે ઇસિકું કાકાકૌઆ કૈસા માને?'

જમાલે અને બન્નુએ એજ પ્રમાણે 'મોર' અને 'બીલ્લી'નો પક્ષ પ્રતિપાદન કર્યો.

બધાની તકરારો સાંભળી બડા દાદા બોલ્યા, 'તુમ સબ કૈસે બેવકુફ હો? તુમારે મેં ઇતનીબી અક્કલ નહિં? મેં મર જાઉંગા પીછે તુમારા કયા હોયગા? ઇસકુ પિછાનના યે તો સહેલા હયે! લાવ, થોડે ચોખે લાવ.'

ચોખા આવ્યા તે બડા દાદાએ હથેલીમાં લીધા, અને, હથેલી પહોળી કરી તે ઉપરના ચોખા લાકડા આગળ ધર્યા, હોઠથી 'ચુચ ચુચ' બોલાવી ચોખા ખાવાની લાકડાને સૂચના કરી, અને, છોકરાઓ તરફ હોંશીઆરી ભરેલી આંખ કરી બડા દાદા બોલ્યા, 'દેખો, અબ ચુંગેગા તો મોર, નહિં તો પોપટ તો હેઈ!'

૩૪.
સવાલ તેવો જવાબ.

મુંબાઈમાં ઉંચા મકાનને સાતમે માળે છજામાં સુરજમલ શેઠ ઉભા હતા. નીચે રસ્તા પર નજર કરતાં કોઈ માણસ ભોંય ઉપર ઉભો ઉભો હાથ ઉંચા કરી કાંઈ નિશાની કરતો હતો તથા ઉચ્ચાર કરતો હતો. તેના શબ્દ સંભળાતા નહોતા, અને, તેનો હેતુ સમજાતો નહોતો, તેથી, શેઠે ભૈયાને નીચે મોકલ્યો. ભૈયાએ નીચે જઈ આવી કહ્યું, ' કોઈ સાધુ હયે તો કહતા હયે કે સેઠકુ નીચુ ભેજો, બહોત જરૂર કામ હયે. કયા કામ હયે વો નહિ બોલતા. બસ, સેઠકુ ભેજો ઇતના કહત હયે. '

કાંઈ ખાસ કારણ હોવું જોઈએ એમ ધારી શેઠ છ દાદર ઉતરી નીચે ગયા. બાવાએ શેઠને છેક પાસે બોલાવી કાનમાં કહ્યું, ' મેરેકુ એક પેસા દે ! '

શેઠ બાવા સામુ જોઈ રહ્યા, પણ, તરત વિચાર આવતાં કહ્યું, ' ઉપર આઓ ! ' શેઠ છ દાદર ચઢી પાછા ઉપર ગયા, અને, તેમની પાછળ પાછળ બાવો પણ ઉપર ગયો. સાતમે માળ પહોંચ્યા પછી શેઠે બાવાને પાસે બોલાવી કાનમાં કહ્યું, ' મેરે પાસ અભી છુટા પેસા નહિં હયે. '

બાવો મહાત થઈ ગયો અને નીચે ઉતરી ગયો.

૩૫.
ધોળી દાઢીનું મહત્વ.

પાણી ભરેલા મહોટા વાસણ પાસે ઉભો ઉભો ગુલાબ પતાસાં ખાતો હતો. તેવામાં તેના હાથમાંથી એક પતાસું વાસણમાં પડી ગયું. પતાસું પાણીમાં ઓગળી ગયુ તેથી ગુલાબને જડયું નહિં; પણ, પોતાનું પ્રતિબિંબ દેખાયું તેથી વાસણમાં કોઈ છે એમ તેણે ધાર્યું. રોતો રોતો તે પોતાના ઘરડા કાકા પાસે ગયો, અને, રાવ ખાધી કે ' પાનીકે બરતનમેં કોઇ હયે તો મેરા બતાસા ખા ગયા. ' કાકા એકદમ ઉઠયા અને પોતાની ધોળી દાઢી પર હાથ ફેરવતા ફેરવતા પાણીના વાસણ પાસે આવી બોલ્યા, ' કાં હયે ? બતાવ ! '

ગુલાબે આંગળી કરી કહ્યું, ' દેખો અંદર હયે. '

કાકાએ અંદર નજર કરી તો ધોળી દાઢીવાળો માણસ દેખાયો. ક્રોધથી લાલચોળ થઈ જઈ કાકા તે માણસ તરફ હાથ કરી બોલ્યા, ' તેરી સફેત દાઢીમેં ધૂલ પડી ! તું બચ્ચેકા બતાસા ખા ગયા ! '

સમાપ્ત.

રા. રા. ન્હાનાલાલ દલપતરામ કવિ કૃત.

(૧) ભગવદ્‌ગીતાનું ભાષાંતરઃ—
(મૂળ સાથે; સમશ્લોકી.)
કીમતઃ- } સસ્તી આવૃત્તિ—બાર આના. / પુસ્તકાલય આવૃત્તિ—દોઢ રૂપીઓ.

(૨) ઇન્દુકુમાર નાટક
અંક ૧ લોઃ લગ્ન. કીમત બાર આના.

(૩) " જયા અને જયન્ત "—
ત્રણ અંકી સંપૂર્ણ નવું નાટક. કીમત સવા રૂપીઓ.

(૪) કેટલાંક કાવ્યો ભાગ ૧ }
(૫) કેટલાંક કાવ્યો ભાગ ૨ } દરેકના આઠ આના.

(૬) વસન્તોત્સવ (એક લાંબું ભાવપૂર્ણ કાવ્ય.) આઠ આના.

(૭) ન્હાના ન્હાના રાસ—૫૦ રાસ,
ગરબા વગેરેનો સંગ્રહ. કીં. ચાર આના.

(૮) રાજરાજેન્દ્રને (સચિત્ર આર્ટ
પેપર ઉપર છાપેલું કાવ્ય.) કીમત રૂ. એક.

(આમાંનાં નં. ૪-૬ નાં પુસ્તકો હાલ મળતાં નથી.)

રા. રા. કેશવલાલ હર્ષદરાય ધ્રુવ બી. એ. કૃત

પરાક્રમની પ્રસાદી (અથવા
વિક્રમોર્વશીય નાટક-સચિત્ર) કી. રૂ. પોણો.

મુદ્રારાક્ષસ નાટક. કી. રૂ. સવા.

ગીત ગોવિંદ. (સચિત્ર) કી. રૂ. એક.

અમરૂશતક (,,) કી. રૂ. એક.

જીવનલાલ અમરશી મહેતા,
ઠે. પીરમશાહ રોડ; અમદાવાદ.

રવિકાન્ત, ભાગ ૧ લો.

સન્માર્ગ દર્શક સુબોધમય રસમય ગ્રંથ. સુપરરોયલ બાર પેજી પૃષ્ઠ ૪૨૦ સોનેરી નામવાળું પાકું પુઠું. કિંમત રૂ. ૨-૦-૦

આ વિશે રા. બા. કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદીનો અભિપ્રાય-પુસ્તક ઉત્તમ પ્રકારના સદ્બોધને આપવાવાળું છે. ગ્રંથકારે "ચંદ્રકાન્ત" ના લેખકની શૈલી આદરી છે. દાન-ભક્તિ-પરોપકાર - કર્મ-કામ-ક્રોધ-લોભ મોહ-મદ-મત્સર ઇત્યાદિ વિષયોનું વિવેચન ઘણુંજ રસિક અને અસરકારક રીતે કર્યું છે. જીવનયાત્રા સફળ કરવાનો ઉત્તમ માર્ગ કયો છે તે આમાં બહુ સારી રીતે પ્રતિપાદન કર્યું છે. કર્મ, જ્ઞાન તથા ભક્તિ અન્યોન્ય સાથે કેવો સબંધ ધરાવે છે તે આ ગ્રંથમાં સ્પષ્ટ કર્યું છે. દરેક પાનામાં જીવન સુખમય અને સાધુ કરવાનો માર્ગ જોવામાં આવશે.

પાપ અને પશ્ચાત્તાપ. (નવલકથા)

ભાગ ૧ લો—પાપનું સ્વરૂપ. મૂલ્ય ૦-૮-૦
ભાગ ૨ જો—પશ્ચાત્તાપનો માર્ગ. મૂલ્ય ૧-૦-૦

કર્તા ઉદ્ધવજી તુલસીદાસ ઠક્કર. આ નવલકથાના પુસ્તકની ઉપયોગીતા અને ઉત્તમતા માટે સા શ્રી રણછોડભાઇ ઉદયરામ, સા. શ્રી કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી, રા. રા. મુરારજી આણંદજી તન્ના, મુંબઇના એડવોકેટ રા. રા. પીતાંબરદાસ લવજી ઠક્કર, વગેરે ગૃહસ્થોના અભિપ્રાયો સરસ છે. પહેલો ભાગ ખલાસ થવાથી બીજી આવૃત્તિ થઈ છે.

આ નવલકથામાં માણસ પોતાની રહેણી કરણી ઉપર કાબુ ન રાખે તો તે અજાણતામાં પણ પાપના ખાડામાં કેવી રીતે ઉતરતો જાય છે, અને તેનું કેવું ભયંકર પરિણામ આવે છે તે તેમજ તેનું ભાન તેને થતાં કેવો પશ્ચાત્તાપ કરવાનો પ્રસંગ આવે છે, અને અંતરના સાચા પશ્ચાત્તાપથી બગડેલી બાજી ઇશ્વિર કેવી રીતે સુધારે છે, વગેરે બહુ સરસ રીતે દર્શાવેલું છે. ગ્રન્થરચના એવી ઉત્તમ થયેલી છે કે પહેલો ભાગ વાંચ્યા પછી બીજો ભાગ વાંચ્યા વગર મનને સંતોષ વળતો નથી, ને બીજા ભાગમાં પણ છેવટનો કેટલોક ભાગ એવો ઉત્તમ છે કે તે વાંચતાં "સરસ્વતીચંદ્ર"ના ચોથા ભાગમાંના સરસ્વતીચંદ્રના સ્વપ્નદર્શનનો ખ્યાલ આવે છે.

જીવનલાલ અમરશી મહેતા,—ઠે. પીરમશાહ રોડ; **અમદાવાદ.**